# સુખ
# તમારી રાહ જોઈ રહ્યું છે

વિશ્વવત્સલ ગુરુદેવશ્રી હેમચન્દ્રસૂરિ-શિશુ
આચાર્ય વિજય કલ્યાણબોધિસૂરિ

❊ સ્વર્ણીય સહયોગ : **પ.પૂ. મુનિરાજશ્રી ધર્મપ્રેમવિજયજી મ.સા.**

❊ સ્મરણીય સહયોગ : શ્રી વિમલભાઈ બી. પટેલ (શ્રીપાર્શ્વ કોમ્પ્યુટર્સ)

2015, 1st Edition

1000 copies

Rs. 40.00/-

પ્રાપ્તિસ્થાન :-

- **અક્ષય શાહ**
  (ઘર) ૫૦૬, પદ્મ એપાર્ટમેન્ટ, જૈન મંદિર કે પાસ,
  સર્વોદય નગર, મુલુંડ (વે). મુંબઈ-૪૦૦ ૦૮૦,
  (ઓ) અર્હમ્ એન્ટરપ્રાઈઝ, ૨૦-૪૮, જય મહાલ એસ્ટેટ,
  ૭-૯, દુસરા માલા, બાદશાહ કોલ્ડ્રીંગ કે પાસ,
  લોહાર ચાલ, મુંબઈ-૪૦૦ ૦૦૨ મો. ૮૬૫૨૫૫૫૫૫૪.
- **જૈમિન જૈન**
  પ્રેમકુંજ, એપોલો હોસ્પિટલ સિટી સેન્ટર પાસે, તુલસી બાગ
  સોસાયટી, હીરાબાગ ક્રોસિંગ, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
  (મો.) ૯૮૭૯૦૨૮૭૦૨

સુખનું

આ સ્વામિવાત્સલ્ય

હૃદયના વાત્સલ્ય સાથે

સપ્રેમ.

લાભાર્થી.... ... ..

અલકાબેન પંકજભાઈ ગાંધી

(રાધનપુર-ઈર્લા)

શ્વેતા આલાપભાઈ - વીર

# MOST
## Welcome

એ દરવાજે છે

અને આપણે ક્યાંક દોડધામ કરી રહ્યા છીએ

એ હાથમાં છે

અને આપણે ક્યાંક ખાખાખોળા કરી રહ્યા છીએ

એ આપણી રાહ જોઈ રહ્યું છે

અને આપણે મોડું - ખૂબ મોડું કરી રહ્યા છીએ

ચાલો,

જન્મોજનમની ભૂલને આજે સુધારી લઈએ

અને એને રિસિવ કરીએ,

એનું સ્વાગત કરીએ.

- હેમશિશુ

આ. કલ્યાણબોધિસૂરિ

# ❖ અનુક્રમણિકા ❖


કર્મ નચાવે તિમ હી નાચત ........ ૧
કઠોરતાના કાળામીંઢ પત્થરો ........ ૬
મન સુધરે તો મોત સુધરે ........ ૧૨
પથ દર્શક હો પ્રભુ જેહના તેહને કોણ ભમાવે ? ........ ૧૫
સૌથી ખતરનાક ગ્રહ - પરિગ્રહ ........ ૧૮
શ્રવણયાત્રા ........ ૨૧
રાજેશ્વરી નરકેશ્વરી ........ ૨૪
ખાઈ અદેખાઈની ........ ૨૭
પૂર્ણતાનુ પરિપ્રેક્ષ્ય ........ ૩૪
આત્મજ્ઞાની શ્રમણ કહાવે ........ ૩૯
યૌવનનું માધુર્ય ........ ૪૫
ક્યો ધર્મ કતલ કરવાનુ કહે છે ? ........ ૫૧
જે જાગૃત છે તે જૈન છે. ........ ૫૮
રાગ-વિરાગના ખેલ ........ ૬૪
સંસ્કૃતિની સુવાસ ........ ૬૭
સાધના અને સુખશીલતાની શતરંજ ........ ૭૭
કર્મની અકળ કરામત ........ ૮૪
સુખમે સબ સાથી, દુઃખમે ન કોઈ ........ ૯૨
ભોગવાદનો ભોરિંગ ........ ૧૦૧
ક્રોધના બજારમાં જ ક્ષમાનો વેપાર થાય છે ........ ૧૧૦
મંજીલ કરતા માર્ગ મજાનો ........ ૧૧૩
વીરનો પંથ વિરલાનો પંથ ........ ૧૧૮
તું તારૂ સંભાળ... ........ ૧૨૪

*Man is a Rational Animal.* ........................................ ૧૨૭
એમાં મારે શું ? ........................................................ ૧૩૦
ધર્મી અને ધાર્મિકતા ........................................................ ૧૩૩
સાધનાના બજારમાં ગુણોની મૂડી ઉપર વેપાર થાય છે .......... ૧૩૭
વ્યસની-સ્વર્ગનો શહેનશાહ નથી એ તો
ગુલામીની ગટરનો કીડો ? .................................... ૧૪૨
જૈન દર્શનનો બુદ્ધિવાદ........................................................ ૧૪૭
બુદ્ધિ આશીર્વાદરૂપ કે અભિશાપરૂપ ક્યારે બને ? ................ ૧૫૫
માં તુજ ખાતર ફના થઈ જાશું........................................... ૧૫૯
જ્યા સીતાનુ સૌંદર્ય છે ત્યાં જ રાવણનો ભય છે................. ૧૬૧
સાચી ભાવનાની શક્તિ કલ્પના બહારની છે........................... ૧૬૫
ઈર્ષ્યાની ઉધઈઓ ગુણોના સૌંદર્યને ફોલી ખાય છે ................ ૧૭૦

# કર્મ નચાવે તિમ હી નાચત

જે સમયે આપણી જેવી પ્રવૃત્તિ હોય તેવા કર્મનો બંધ આત્મામાં થાય છે. શુભ પ્રવૃત્તિ વખતે શુભ કર્મ બંધ અને અશુભ પ્રવૃત્તિ વખતે અશુભ કર્મ બંધ, સમય પાકતા આ કર્મો ઉદયમાં આવે છે, ત્યારે સારા-નરસા ફળો ભોગવવા પડે છે.

ક્રિયા અને ફળ વચ્ચેનું માધ્યમ કર્મ છે. ક્રિયા આજે કરી અને ફળ વર્ષો પછી મળશે તો વચ્ચે ફળજનક તત્વ જે માન્યું તે જ કર્મ.

**ક્રિયાનો આધાર કર્મ છે તો ફળનો આધાર પણ કર્મ છે.** ભલે તે અદૃશ્ય હોય પણ તેને માન્યા વિના છુટકારો નથી.

**દેવ દાનવ તીર્થંકર ગણધર હરીહર નરવર સબળા,**
**કર્મસંયોગે સુખ દુઃખ પામ્યા સબળા હુઆ મહાનબળા**
**કર્મ સમો નહી કોઈ રે પ્રાણી ! કર્મ સમો નહી કોઈ.**

કર્મની અસ્તિતાનું ભાન થયા પછી સવાલ થાય કે આપણે કર્મના ગુલામ કે કર્મો આપણા ગુલામ ? આપણે તેના ઈશારે ચાલવાનું કે તે આપણા ઈશારે ચાલે ?

કર્મ એક unknown તત્વ છે. તેની તાકાત પ્રચંડ છે, વિશ્વના ખૂણેખાંચરે તેનુ સામ્રાજ્ય ફેલાએલું છે, આ કર્મની સત્તા આગળ મોટા ચક્રવર્તીઓ અને તીર્થંકરોની સત્તાનો પનો પણ ટૂંકો પડે છે. તેથી જ કહેવાયુ છે કે -

- ❑ તીર્થંકરોને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા બાદ ઉપસર્ગો ના આવે આવો ત્રિકાળાબાધિત નિયમ હોવા છતાં પ્રભુ મહાવીરને તીર્થંકર થયા બાદ પણ ઘોર ઉપસર્ગ આવ્યો, પોતાના જ શિષ્ય ગોશાળાએ પ્રભુ ઉપર દ્વેષથી તેજોલેશ્યા છોડી, ગામના ગામ બાળી નાખવાની તાકાતવાળી અગનજ્વાળા ઓકતી આ તેજોલેશ્યાથી પ્રભુ મહાવીરને છ-છ મહિના

સુધી લોહીના ઝાડા ઉલ્ટી થયા, પ્રભુનું શરીર કૃશ થઈ ગયુ, કુદરતના કાયદાઓ તોડીને કર્મો પરમાત્મા ઉપર તુટી પડ્યા, ક્યાં ગયા હતા તે સમયે હજારો દેવતાઓ ? કહેવું જ પડશે કે કર્મસત્તા આગળ દેવતાઈ શક્તિ વામણી છે.

- ❑ ઈંદ્રએ જ્યારે પ્રભુ મહાવીરને વિનંતિ કરી કે બે ક્ષણ આપનુ આયુષ્ય વધારો જેથી આપની જન્મરાશીમાં ભસ્મ ગ્રહનો પ્રવેશ થઈ જાય તો તે ગ્રહ પોતાનો દુષ્પ્રભાવ બતાડી ના શકે, તે સમયે પ્રભુએ કહ્યું : ''એક ક્ષણનું પણ આયુષ્ય વધારવાની તાકાત ખુદ તીર્થંકરોની પણ નથી, માટે તે શક્ય નથી, આ છે કર્મની સર્વોપરીતાનો પુરાવો.
- ❑ છ ખંડના સમ્રાટ બ્રહ્મદત્ત નામના ચક્રવર્તીની બે આંખ એક બ્રાહ્મણ ફોડી નાખે છે, બિચારો ચક્રી ! આખી જીંદગી અંધપણે પસાર કરે છે.
- ❑ સગર નામનો ચક્રવર્તી લવણસમુદ્ર ઉપરથી પસાર થતો હોય છે. સોળ હજાર દેવતાઓએ તેની પાલખી ઉપાડી છે, તે બધાજ દેવતાઓને એકજ સમયે એક સરખો વિચાર આવ્યો કે, ''એક ક્ષણ માટે પાલખી છોડી દઉ બીજા બધાએ તો ઉચકી છે ને !'' વિચારનો તાત્કાલિક અમલ થઈ ગયો, બધાએ એક સાથે પાલખી છોડી દીધી, અને હજારો દેવતાઓથી સેવાતો સગરચક્રી સમુદ્રના તળીયે પહોંચીને મોતને ભેટ્યો, જો કે અહીં કોઈ Pre-plan ન હતો. કુદરતી બીના હતી. કર્મની મેલી રમત જ અહીં કામ કરી ગઈ.
- ❑ રામને બાર વર્ષ વનમાં અગણિત કષ્ટો વેઠવા પડ્યા, સીતાનું અપહરણ થયું.
- ❑ પાંડવો જુગારમાં દ્રોપદીને હારી ગયા. ભરસભામાં ભિષ્મ

પિતામહ જેવા સત્યવાદી ન્યાયપ્રિય અને નૈષ્ઠિક બ્રહ્મચારીની હાજરી હોવા છતા દ્રોપદીના ચીર ખેંચાણા.

- ❑ પ્રભુ ઋષભદેવને એક વર્ષ સુધી ભિક્ષા પ્રાપ્તિ ન થવાથી ભુખ્યા રહેવુ પડ્યું.
- ❑ પ્રભુ વીરને સાડા બાર વર્ષ સુધી ઘોરાતિઘોર આપત્તિઓનો સામનો કરવો પડ્યો, છ-છ મહિના સુધી ખોરાકનો દાણો ન મળ્યો, સંગમે એક રાત્રીમાં રાડ પડાવી દે તેવા વીશ-વીશ મરણાંત ઉપસર્ગો કર્યા.

આવા તો હજારો દ્રષ્ટાંતો છે- જે કર્મની પ્રચંડ તાકાતનો પરચો કરાવે છે.

કરમને કોઈની શરમ નથી. તેના કોઈ ભાઈ ભાંડુ નથી, કર્મના રાજમાં લાંચ રૂશ્વતને સ્થાન નથી, કર્મની ભેદી ચાલમાંથી છટકવાની કોઈની તાકાત નથી.

સુખ-દુઃખ કર્માધિન છે, શરીર અને સ્વાસ્થ્ય કર્માધિન છે, જન્મ-મરણ કર્માધિન છે, અનુકૂળ અને પ્રતિકૂળ વ્યક્તિ કે વસ્તુની પ્રાપ્તિ પણ કર્માધિન છે, તો ધર્મ-અધર્મની પ્રાપ્તિ પણ કર્માધિન છે.

**કર્મની રહેમનજર થઈ તો લીલા લહેર અને કર્મે લાલ આંખ કરી તો જીવન ઝેર.**

વ્યક્તિ ઉપર કર્મની સત્તા છે તેમ સૃષ્ટિ ઉપર પણ કર્મની સત્તા જ છે. તેની આંખના ઈશારે જ બધાએ ચાલવું પડે છે, માટે જ કર્મની ચુંગાલમાંથી ફસાયેલ ભક્ત પ્રભુને વિનવે છે કે-

**કર્મ નચાવે તિમ હી નાચત માયા વશ નટ ચેરી,**

**ક્યું કર ભક્તિ કરું પ્રભુ તેરી ?**

કર્મો નચાવે તેમ મારે કથપુતળીની જેમ નાચવુ પડે છે હે પ્રભુ ! તારી ભક્તિ મારે કેવી રીતે કરવી ?

કર્મનુ આવું એક છત્રીય સામ્રાજ્ય જાણી પરસેવો છુટી જાય તે સહજ છે, પણ ગભરાવાની જરૂર નથી.

બીજા એંગલથી થોડો વિચાર કરીએ.

બધા કર્મના ગુલામ છે એ વાત સો ટકા સાચી, પણ આ કર્મો આવ્યા ક્યાંથી ? કોણે બાંધ્યા ? ક્યારે બાંધ્યા ? કેવી રીતે બાંધ્યા ? તેનો જવાબ પૂ.ધર્મદાસગણિજી ઉપદેશમાલા ગ્રંથમાં આપે છે -

**જં જં સમયે જીવો આવિસઈ જેણ જેણ ભાવેણ**
**સો તંમિ તંમિ સમયે સુહાસુહં બંધએ કમ્મં.**

આ કર્મના બંધનું મુખ્ય કારણ છે અધ્યવસાય, વિચાર-ભાવ, **જે સમયે જેવી વિચારધારા તે સમયે તેવો કર્મબંધ.** સદ્‌વિચારોથી શુભ કર્મબંધ, અસદ્ વિચારોથી અશુભ કર્મબંધ, જેવા કર્મ બાંધ્યા હોય તેવા જ ઉદયમાં આવે. જે જીવ જેવા કર્મ બાંધે તેને તે કર્મોના ફળ ભોગવવા પડે, આજ રાજમાર્ગ હોય તો બાજી આપણા હાથમાં જ છે. ખરાબ વિચાર કરીએ તો ખરાબ કર્મબંધ થતા તેના ખૂંખાર પરચાઓ ભોગવવા પડે. આપણા વિચારોની લગામ જો આપણા હાથમાં હોય તો એનો અર્થ એટલો જ થયો કે આપણા કર્મોની લગામ પણ આપણા હાથમાં જ છે. કર્મ ભલે ભાવને આધિન હોય, પણ આપણા ભાવોના માલિક તો આપણે પોતે જ છીએ.

હા, એકવાર વિચાર કરી લીધો એટલે કર્મબંધ થઈ ગયો, તીર છુટી ગયું તે પાછુ ના આવે, પછી તેના સારા નરસા પરિણામની પ્રતિક્ષા કરવી જ રહી, પણ તીર ક્યારે છોડવું ? ક્યાં છોડવું ? તે આપણા હાથની વાત છે.

તાત્વિક ભાષામાં આજ વાત ઊંડાણથી વિચારીએ તો કહી શકાય કે કર્મનો બંધ આપણા હાથમાં છે, કર્મનો ઉદય નહી.

પરિક્ષા આપી નથી ત્યાં સુધી મહેનત કરી બાજી સુધારવાનો ચાન્સ છે, પરિક્ષા આપ્યા પછી તો પરિણામની જ રાહ જોવી રહી, પછી તેમાં કશું જ ના થઈ શકે, તેમ કર્મો બાંધતા પૂર્વે કર્મો આપણા ગુલામ છે,

અને કર્મબંધ પછી આપણે કર્મના ગુલામ.

**કેવા કર્મો બાંધવા તે આપણે જોવાનું છે, તો તેના કેવા ફળ આપવા તે કર્મસત્તાએ જોવાનું છે,** માટે જ કહેવાયુ છે કે-

**બંધ સમયે ચિત્ત ચેતીએ રે, ઉદયે શો સંતાપ ?** કર્મ બાંધતા પહેલા વિચાર કર, ઉદયમાં આવ્યા પછી પોક મુકી રડવાનો શો અર્થ ? ચોરને ઘરમાં આવવાનું આમંત્રણ આપી આવકાર્યા પછી તો તેઓ પોતાની જાત બતાવવાના જ.

કર્મના કટુ વિપાકોના શિકાર ના બનવુ હોય તો કર્મ બાંધતી વખતે જ સાવધાની રાખવી જરૂરી છે. તે માટે પળે પળે આપણે આપણા વિચારો-ભાવો ઉપર Control રાખવો જરૂરી છે.

અંતે-

**दिन डुबने से पहले मंजिल पर पहुंच जाय**
**एसा चतुर मुसाफिर धोका कभी न खाय**

* * * * *

# કઠોરતાના કાળામીંઢ પત્થરો

ખૂંખાર યુદ્ધની શરૂઆત નાનકડા માનવ મનમાં થાય છે. પછી ધીમે ધીમે તે વિચાર વિસ્તાર પામે છે, અને અંતે રૌદ્રસ્વરૂપ ધારણ કરે છે. માટે જ વિશ્વશાંતીના ધ્યેય સાથે સ્થપાયેલ યુનોના ઓપનીંગ વખતે સોનાની પ્લેટમાં આ વાક્ય કોતરવામાં આવ્યું હતું કે "war begins in the mind of man first and it should be eredicated there from." અણુ જેવડા મનમાં બિંદુ જેવડો હિંસક વિચાર ઉદ્‌ભવતાની સાથે જ જો તેને દાબી દેવામાં આવે તો મોટાભાગની હોનારતોનો અભાવ થઈ જાય.

કાળજાની કઠોરતા હિંસકભાવોને પેદા કરે છે. અને કાળજાની કોમળતા સર્વ જીવ પ્રત્યે મૈત્રીભાવને પેદા કરે છે. માટે જ જે આત્માઓ આ કરૂણાના શિખર ઉપર પહોંચે છે, તે સ્વયં તીર્થંકર બની જાય છે.

જૈન દર્શનમાં ઈશ્વર બનવાની કોઈ એક વ્યક્તિની મોનોપોલી નથી. ઈશ્વર અનેક છે અને જેઓ ધારે તેઓ ઈશ્વર-પરમેશ્વર બની શકે છે. શરત માત્ર એટલી જ છે કે તમારા હૈયાને સરળ અને કરૂણાસભર બનાવો. પર્યુષણા પર્વનો હાર્દ પણ આજ છે. તપ-જપ અને સાધનાનું કેન્દ્રબિંદુ પણ આજ છે.

**વક્ર માણસ શું સાધના કરવાનો ? કઠોર માણસ શું ઉપાસના કરવાનો ?** સર્વ જીવ પ્રત્યે જેને વાત્સલ્યતાનો ભાવ હોય, જેના મનમાં સદા ‘‘વસુધૈવ કુટુમ્બકં’’ ની ભાવના રમતી હોય. **આ મારા અને આ પારકાની ભેદરેખા જેની ભૂંસાઈ ગઈ હોય તેને જ સાધક કહેવાય.** આવા સાધકો જ તીર્થંકર બનવાનું નિયત કરે છે, અને તીર્થંકર બન્યા પછી પણ નાત જાતના ભેદભાવ વગર સૌ કોઈને સુખી કરવાની પ્રવૃત્તિ જીવનના છેલ્લા શ્વાસ સુધી કરતાં રહે છે.

રામકૃષ્ણ પરમહંસ ગાડામાં જતા હતા. ગાડાવાળાને ઉતાવળ હોઈ બળદોને હંટર પર હંટર લગાવતો હતો. રામકૃષ્ણ : ભાઈ, શા માટે તેમને પીટે છે ? પાંચ મિનિટ મોડા પહોંચશુ એટલું જ ને ? ગાડાવાળો : બળદ

મારા છે, મને ઠીક લાગે તેમ કરૂં, તને શું થાય છે ? રામકૃષ્ણ: તું હંટર તેને લગાવે છે તેની પીડા મને થાય છે. જોઈ લે મારો વાંસો, જાકીટ કાઢ્યું, પીઠમા કોરડાં વિઝાંતા હતા. લોહીની શેરો છૂટતી હતી. આને કહેવાય જીવ સાથેનો એકાત્મભાવ.

**બીજાના પ્રાણની રક્ષા કરવા માટે જાન કુરબાન કરનારને જ મહામાનવ તરીકે નવાજી શકાય.** જેને પોતાની જાતની કંઈજ પડી નથી. બીજાની ભલાઈમાંજ જેને આનંદ છે, પરમાર્થ એજ જેનો સ્વાર્થ છે, અંગ્રેજીમાં જેને "self-denial" કહી શકાય.

એક સાધુ મહાત્મા દૂધીનું શાક ભિક્ષામાં લઈ આવ્યા. દૂધી કડવી અને ઝેરી હતી. ગુરૂએ કહ્યું : જંગલમાં મુકી આવ, ખાવામાં જોખમ છે. જંગલમાં મુકવા ગયા. એક ટીપું નીચે પડ્યું. હજારો કીડીઓ ગંધથી ખેંચાઈ આવી. ટપોટપ મરવા લાગી. મુનીનું હૃદય કંપી ઉઠ્યું. એક ટીપામાં આટલી હિંસા ? તો બધું નીચે મુકીશ તો લાખો કીડીઓના જાન જશે. એના કરતાં હું જ ખાઈ લઉં ! આમ વિચારી કડવુ તુબડું પોતે ખાઈ લીધુ. બીજાના જાન બચાવવા પોતાની જાતને સામે ચઢીને મોતના મુખમાં ધકેલી દીધી. પરમાત્માને યાદ કરી હસતા હસતા પ્રાણ છોડી દીધા, અને સ્વર્ગલોકમાં ગયા.

જૈનશાસ્ત્રની અહિંસા અતિ સૂક્ષ્મ અને ગહન છે. બીજાને મારી નાખવા તે તો દેખીતી હિંસા જ છે, પણ બીજાને હેરાન કરવા, તેના મર્મનો ઘાત કરવો, તેને કઠોર વચન કહેવા, અરે તેના માટે ખરાબ વિચાર કરવો તે પણ તેની હિંસા છે. સ્વેચ્છાએ આપઘાત કરવો તે પણ આત્મહિંસા છે, નવરા બેઠા બેઠા કુવિકલ્પો કરતા રહેવા તે પણ આત્માની કતલ છે.

પર્યુષણાપર્વમાં તપત્યાગની પાછળ પણ આજ ઉદ્દેશ રહેલો છે. સામાયિક પૌષધ અને પ્રતિક્રમણનો ગર્ભીતાર્થ આજ છે કે આ બધા અનુષ્ઠાનો દ્વારા રોજીંદી હિંસામાંથી સહજ મુક્તિ થઈ જાય. આઠ દિવસ માટે તો યથાશક્ય અભયદાન આપી શકાય. મોટા મોટા કરોડપતિ ઘરના નબીરાઓ

પણ જાહોજલાલી પૂર્વક સંસારને છોડી દીક્ષિત બને છે, તેની પાછળનું રહસ્ય આજ છે કે સમસ્ત વિશ્વના નાના મોટા જીવોની હિંસામાંથી મુક્તિ મળો. મારા નિમિત્તે બધાને અભયદાન મળો.

આજે બાહ્ય વિશ્વ હિંસાના તાંડવમાં રાચી રહ્યું છે. અણુબોંબ અને જેટવિમાનની શોધ થયા પછી સમસ્ત વિશ્વ એક બીજાના ભયથી ધ્રુજી રહ્યું છે. એકબાજુ નિઃશસ્ત્રીકરણના કરારો થાય છે, તો બીજી બાજુ શસ્ત્રોના ખડકલાઓ ઉભા થાય છે. સત્તાની આંધળી લાલસા તૃપ્ત કરવા છોડાતા અણુબોંબો, તોપમારાઓ, યુદ્ધની નોબતો દ્વારા વૈશ્વિક હિંસામાં પ્રગતિ થઈ છે.

રાષ્ટ્રિયહિંસાનો વિચાર કરતાંય તમ્મર આવી જાય તેમ છે. આઝાદી સમયે લાહોરમાં એક અદ્યતન કતલખાનું ખૂલવાનું હતું. જે જવાહરલાલ નહેરૂએ બંધ કરાવેલ. તેમના મુખમાંથી ઉદ્ગાર સરી પડ્યા કે – ‘‘આ કતલખાનાની બાજુમાંથી જઉં છું અને ત્યારે આ જાનવરોની ચીચીયારીઓ અને દુર્ગંધથી મારો જીવ ગભરાય છે’’, એજ નહેરૂના ભારતમાં આજે બિલાડાની ટોપની જેમ કતલખાનાઓ ઉભરાયા છે. મોગલબાદશાના કાળમા જે હિંસા નહી થતી હોય તેનાથી અનેકગણી ક્રૂર કતલો થઈ રહી છે. વિકાસના નામે અને વિદેશી હુંડિયામણના પ્રલોભને દેશમાં ૪૦૦૦ નવા અને આધુનિક યાંત્રિક કતલખાનાઓ ઉભા થવાની અણી ઉપર છે. એકલા દેવનારમાં જ વર્ષે દોઢલાખ જેટલા મોટા ઢોરો અને ૨૫ લાખ જેટલા નાના ઢોરો કસાઈઓની નિર્દયતાનો ભોગ બની રહ્યા છે. ભારત જેવા કૃષિપ્રધાન દેશમાં રોજના ૬૦ થી ૭૦ હજારની કતલ એ કેટલી શરમજનક ગણાય ? પ્રયોગો કરવા માટે વિશ્વભરમાં દર વર્ષે ૧૦ કરોડ પ્રાણીઓને મોતને ઘાટ ઉતારવામાં આવે છે. ક્યાં મરી પરવારી છે દયા ? શું રાજકારણીઓ પાસે કાળજા જ નહીં હોય ? માંસાહાર કરનારાઓ પણ જો એકવાર કતલખાનાની મુલાકાત લઈ આવે તો કાયમ માટે માંસ છોડ્યા વિના ન રહે.

- ક્યાં એ કુમારપાળ મહારાજા ! કે જેણે મંકાડોને બચાવવા ખાતર પોતાની ચામડી ચીરી નાંખી, અને એક જૂ મારનારને ‘યુકા વિહાર’ નામનું મંદિર બનાવવાની શિક્ષા કરી.

- ક્યાં એ મેઘરથરાજા ! જેણે એક કબૂતર બચાવવા ખાતર પોતાની જાતને ત્રાજવામાં ગોઠવી દીધી.
- ક્યાં એ નેમીકુમાર ! જેણે પોતાના ઈસ્લામરાજમાં અહિંસાનો ડંકો બજાવ્યો.
- ક્યાં એ શીશોદીયા વંશના રાજા ! કે જેણે અજાણતા કબૂતર મારવાના પ્રાયશ્ચિત રૂપે ધગધગતું શીશુ આંખમાં રેડી દીધું.

શું એ કરૂણ કાળજાના સ્વામિ રાજા-મહારાજાઓ ! અને શું એમનું અહિંસાથી ધબકતુ રાષ્ટ્ર ! આજે આખું રાષ્ટ્ર હિંસાના રંગે રંજીત થઈ રહ્યું છે. આ થઈ **રાષ્ટ્રીય હિંસાની** વાત.

**સામાજીક હિંસા** પણ હવે સહજ અને સરળ બની ગઈ છે. હોટલમાં જવું, બીયરબારોની મુલાકાત લેવામાં હોંશિયારી માનવી, ઉચ્છ્રંખલ નાટકો અને અશ્લીલ પીક્ચરો અનેકની વચમાં મજેથી જોવા. કેબ્રે-ક્લબો અને જુગારના અડ્ડામાં બેશરમ બની મોજ કરવી, હિલસ્ટેશનો-હોટેલ-મોટેલો-રેસ્ટોરાં અને રીસોટર્સની સફર ખેડવામાં પોતાની શ્રીમંતાઈનું પ્રદર્શન કરવું. આ છે - સામાજીક હિંસા. બધાજ ચોર હોય ત્યાં કોણ કોને સમજાવે ? આ બધાને પાપ માનનારા કેટલા ? સમાજ જ જ્યારે આ બધી પ્રવૃત્તિઓને પાપને બદલે સમૃદ્ધિનું સ્ટેટસ સિંબોલ માનતો હોય અને ધર્માત્માઓ પણ જ્યારે એમ માનતા હોય કે સમાજમાં રહેવું હોય તો ઓછે વત્તે અંશે આ બધું કરવું જ પડે. ત્યારે ધર્મી-અધર્મીનો ભેદ પારખવો મુશ્કેલ બની જાય છે.

**કૌટુમ્બીક હિંસાઓ** પણ બધા સીમાડા વટાવી ચુકી છે. પૈસા માટે બે સગાભાઈઓ જ્યારે સામસામા આવી જાય છે, કોર્ટના પગથીયાઓ ઘસે છે, ગુંડાઓ રોકી એક-બીજાના ખૂન કરાવવાના હિચકારી કૃત્યો કરતાં પણ ખચકાતાં નથી. ત્યારે આંખમાં આંસુ ઉભરાઈ આવે છે. ક્યાં એ રામલક્ષ્મણની બંધુતાના ઉચ્ચ આદર્શો. ક્યાં આ દુશ્મનાવટભરી બંધુતા.

મોટાભાગના ઘરો આજે સંઘર્ષના અખાડા બની ગયા છે. ઉઠતાંની સાથે જ લોહીના સંબંધથી બંધાયેલા કુટુમ્બીઓ એકબીજાને ગાળો ભાંડતા

હોય છે. રાતદિવસ ક્લેશ કંકાસની હોળીઓ સળગતી હોય છે. પ્રેમ સદ્ભાવના, પરાર્થ અને વાત્સલ્યભાવની નદીઓ સાવ સૂકી ભઠ થઈ ગઈ છે. સ્વાર્થની ચૂંગાલમાં ઢસડાયેલ પ્રત્યેક કુટુંબીઓ એકબીજા માટે પ્રાણ આપવાને બદલે એકબીજાનું લોહી ચુસવાના હિચકારી કૃત્યો કરી રહ્યાં છે. 'હું ને મારૂં' ની ધારદાર કાતરે સ્નેહ-સંબંધોના બધા તાંતણાઓ વેરણ છેરણ કરી નાંખ્યા છે. સગી માની આંતરડી કકળાવી મંદિરમાં ભગવાનની ભક્તિ કરનારને ભક્ત શે કહેવાય ? સગી બેનની દુ:ખી અવસ્થાની ઉપેક્ષા કરનાર લાખોની ઉછામણી બોલે તોય શો લાભ ? સગી પત્નીને ઢોર માર મારનાર ઘોર તપ કરે તોય વ્યર્થ છે. ટૂંકમાં કુટુંબક્લેશ એ પણ **કૌટુંબીક હિંસા.** કુટુંબમાં પ્રેમસંપથી રહેવું, એક બીજા માટે કરી છૂટવાની ભાવના કેળવવી તે પણ એક ઔચિત્યપૂર્ણ ધર્મસાધના છે. છેલ્લે આવે છે **આત્મિક હિંસા.**

આત્માની ઉત્ક્રાંતિ માટે સદા સજાગ રહેવું તે આત્મિક અહિંસા છે. શાસ્ત્રોમાં જેને ઉપયોગ-જાગૃતિ-અપ્રમાદ-સજાગતા-જયણા વિગેરે શબ્દો દ્વારા નવાજવામાં આવી છે.

ત્રિભુવન પિતા મહાવીરદેવ દીક્ષા ગ્રહણ કરી પિતાના મિત્રની એક ઝૂંપડીમાં ધ્યાનસ્થ હતા. ઢોર ઢાંકર આવી ઝુંપડીનું ઘાસ ચાવવા લાગ્યા. કોક ઈર્ષ્યાળુએ ઝુપડીના માલીકને ફરીયાદ કરી કે - ''ક્યા બાવરાને સ્થાન આપ્યું છે ? જે પોતાના ઘરની પણ રક્ષા કરતો નથી.'' માલીકે આવીને મહાવીરને ઠપકો આપ્યો. અને પ્રભુ એકપણ શબ્દ ઉચ્ચાર્યા વિના ત્યાંથી રવાના થઈ ગયા. કારણ ? મારા નિમિત્તે બીજાને અપ્રીતિ થવી ન જોઈએ. તેના ભાવની હિંસામાં મારે કારણરૂપ બનવું ન જોઈએ. મારા નિમિત્તે તે કર્મબાંધે તેમાં મારે ભાગીદાર ન થવાય. ''મારા નિમિત્તે કોઈને પણ જરા દુ:ખ ન થવું જોઈએ.'' પ્રભુનો આ ઉચ્ચ આદર્શ કહેવાતા મહાવીરના અનુયાયીઓ અપનાવી ના શકે ?

બીજાના દુ:ખમાં જ જેને સ્વર્ગીય આનંદની અનુભૂતિ થતી હોય, પ્રાણીઓને હેરાન પરેશાન કરી રમત ગમતના નામે તેઓને મરણાંત કષ્ટ પહોંચાડી તામસી આનંદ લૂંટવામાંજ જેને રસ હોય તેને જૈન શેં કહેવાશે ?

જૈન એટલે જિનનો અનુયાયી નહીં પણ અનુચર-જે વૈશ્વિક-રાષ્ટ્રીય-સામાજીક-કૌટુંબીક અને આત્મીક હિંસાથી સદા ફફડતો હોય.

તો ચાલો, હવે આ લેખનો ઉપસંહાર કરીએ. પર્યુષણ મહાપર્વના પ્રત્યે અહિંસાત્મક કર્તવ્યની ભાવનાથી આરાધના કરવી હોય તો સ્પુટનીક યુગના પ્રક્ષેપાસ્ત્રો વિજ્ઞાનની મહાન સિદ્ધિઓ, અણુબોંબથી માંડીને જેટવિમાનો, અને દેશ-દેશ વચ્ચે થતા ખુંખાર યુદ્ધો, આ બધા વિષયોમાં આપણે આંધળા-બહેરા-મુંગા અને Thoughtless થવું જવું પડશે.

પ્રાણીઓની ક્રૂર કત્લ દ્વારા બનતા સૌંદર્યના સાધનો વાપરવાની ઘેલછા ખતમ કરીએ. હિંસક શેરોના ધંધાથી દૂર રહીએ. જીવોથી ખદબદતા ખાન-પાનો બંધ કરીએ. સૌ પ્રતિ પ્રેમાળ ભાવના રાખી દુશ્મનાવટને નાબૂદ કરીએ. આત્માને અશુભ વિકલ્પોમાં જતો અટકાવી શુભ ભાવમાં રાખવાનો પ્રયત્ન કરીએ. સંસારમાં રહેવા છતાં ઓછામાં ઓછી હિંસા થાય તે રીતે જીવતા શિખીએ. પરલોકને નજર સામે આત્મામાં પાપનો ભયંકર ભય ઉભો કરીએ.

વિશ્વ પ્રત્યે મૈત્રી,
રાષ્ટ્ર પ્રત્યે ભક્તિ,
સમાજમાં શિષ્ટાચાર,
કુટુંબમાં સંપ અને પ્રેમ અને

આત્મામાં શુભ ભાવ ઉભો કરીએ, અને આ રીતે અહિંસાદેવીની આરાધના કરીએ.

**विना दया कोई इन्सान नहीं होता,**
**विना तंतु कोई परिधान नहीं होता ।**
**आदर्शवादिताका नारा लगानेवालो,**
**विना परोपकार कोई महान नहीं होता ॥**

* * * * *

# મન સુધરે તો મોત સુધરે

**શ્વાસે શ્વાસે મોતને મળવાની આશ**
**જીંદગી જાણે કે એક જીવંત લાશ...**

જન્મેલો પ્રત્યેક જીવ પ્રતિપળ મોતના મુખ તરફ ઢસડાય છે. મૃત્યુ એ સૌ કોઈનું Final resting place છે. જીંદગીભર ભારે ઉથલપાથલ કરનાર માનવીઓ પોતાના બીછાના પર કેટલા શાંતિથી સૂતા હોય છે.

એકવીસમી સદીના સ્પુટનીક યુગનો માનવી ચંદ્રલોકમાં સફર કરવાની વાતો કરે છે. દરીયાના પેટાળમાંથી મોતીઓ લાવી શકે છે. અણુબોમ્બથી સમસ્ત વિશ્વનો વિનાશ પળવારમાં સર્જી શકે છે. કદાચ દેવતાઓ પણ માનવીય વૈજ્ઞાનિક સિદ્ધિની પ્રશંસા કરતા હશે. પણ આજ સુધી મોતને મારવાની જડીબુટ્ટીના સર્જન માનવ કરી શક્યો નથી. અમર બનવાની અણમોલ ભેટ તો ધર્મ જ આપી શકે. મોતને મારવાનું છે ન મરે ત્યાં સુધી સુધારવાનું. તે સુધારવાના ઉપાયો પણ ધર્મ જ બતાવે છે.

મોત ક્યારે અને કેવું આવશે ? તેનો પ્લાન કરવો આપણા હાથની વાત નથી. પણ મોત વખતે આપણે કેવા હશું ? કેવા રહેશું ? તેની ભૂમિકા આજથી કરી શકીએ છીએ. આત્માના વિકાસમાં અને વિનાશમાં સૌથી અગત્યની ભૂમિકા ભજવનાર આ મન જ છે. ભલે તે અણુ હોય પણ આખી દુનિયાના કચરા સંઘરવા તે સમર્થ છે. તેની શક્તિનો તાગ કાઢવો મુશ્કેલ છે. માટે જ મહાપુરૂષોના મૂખારવિંદમાંથી ઉક્તિઓ ઝરતી થઈ છે કે **'મન સાધ્યું તેણે સઘળુ સાધ્યું.' મન હોય તો માળવે જવાય. Where there is will there is way..**

- મન અણુ છે છતાં સર્વવ્યાપી છે.
- મન મિત્ર જેવું છે છતાં પણ દુશ્મનનું કામ કરે છે.
- મનનું સ્થાન સ્થિર છે છતાં સ્વસ્થાને તેની હાજરી હોવી મુશ્કેલ છે.

કહેવાય છે કે લગ્ન તો બધાયના સ્વર્ગમાં થાય છે. પણ મોતને સ્વર્ગમાં માણવું હોય તો મનને મનાવ્યા વિના છૂટકારો નથી.

મોત આકસ્મિક છે છતાં અવશ્ય છે. તેથી સદા જાગૃત રહેવું જરૂરી છે. વય અને તારીખ ખબર પડી જાય તો હજી નિશ્ચિત રહી શકાય પણ તે શક્ય નથી. મૃત્યુ મંગલમય તેનું જ બની શકે છે જેનું જીવન પવિત્ર હોય. મૃત્યુ વખતે શાંતિ અને સ્વસ્થતા તેને જ હોય જેણે ડગલેને પગલે સમતાની સાધના કરી હોય. મૃત્યુ વખતે સમાધિ તેને જ મળે જીવતા જેણે બીજાની સમાધિ આપવાના સત્કૃત્યો કર્યા હોય. મરતા મરતા પરમાત્મા અને ગુરૂદેવો તેને જ યાદ આવે જેણે દેવગુરૂને શ્રદ્ધાથી આત્મસમર્પણ કર્યુ હોય.

**મોત સરળ છે સમાધિ મુશ્કેલ છે,**
**મોત નિશ્ચિંત છે. સમાધિમાં શંકા છે.**

આજે જ એક ભાઈ આવ્યા, કહે–મારા ભાઈ બિમાર છે. સંભળાવવા પધારો. હું ગયો. દરવાજામાં પગ મુક્યો, અને સમાચાર મળ્યા. સાહેબજી ! માત્ર બે મિનિટ પહેલાં જ ભાઈનુ પ્રાણ પંખેરૂ ઉડી ગયું. અંત સમયે સાધુના દર્શન કેટલા દૂર્લભ !

એક ભાઈને ત્યાં ગયો. સીર્યસ હતા. પેરાલિસીસનો જોરદાર હુમલો હતો. થોડું સંભળાવ્યા પછી પૂછ્યુ. તમારી શું ઈચ્છા છે ? કાંઈ સુકૃત વિ. કરવાની હોય તો જણાવી દો. ભાઈ કહે - બીજી તો કોઈ ઈચ્છા નથી, એક જ ઈચ્છા છે, છોકરાના છોકરાને પરણાવવાની. જોયુ, અંત સમયે પણ અધ્યવસાયની કેવી અશુદ્ધિ ? આ લેશ્યામાં મરે તો ક્યાં જાય ?

એક ભાઈ, જેમણે પોતાના ૬૦ વર્ષ ધર્મસાધનામાં વિતાવ્યા. પાંચ તિથિ પૌષધોપવાસ, કોઈ'દિ છૂટુ મોઢું નહિ. તપ ત્યાગથી આખુ જીવન રંગાએલું. અને અંત સમયે હોસ્પીટલમાં લઈ જવાયા. ત્યાં ચોવીસ કલાક એક જ વાત - મને ખાવાનું આપો. રાતના બાર વાગ્યા હોય કે બે વાગ્યા હોય, એક માત્ર ખાવાની જ લેશ્યા.

આ બધા પ્રસંગો પૂરવાર કરે છે કે અંત સમયે મનને સ્વસ્થ રાખવું

– સમાધિ મળવી એ લોઢાના ચણા ચાવવા જેવું કપરૂ કામ છે.

- ❑ આખી જિંદગી જેણે સંઘર્ષોમાં જ વિતાવી હોય તેને અંતે મિચ્છામિદુક્કડમ્ શેં યાદ આવે ?
- ❑ જીવનભર ક્રોધની આગમાં બળનારને અંતે ક્ષમાપનાની શીતળતા શે મળે ?
- ❑ જીવનભર ગાળો ભાંડનારને અંતે નવકાર શે યાદ આવશે ?
- ❑ જીવતા દેવ-ગુરૂની નિંદા કરનારને અંતે દેવગુરૂના દર્શન શે મળે ?
- ❑ જીવનભર ક્લેશ-સંકલેશની હોળીમાં જાતને હોમનારાઓને ઉથલ-પાથલો, મેલી રાજરમતો અને માયા પ્રપંચોમાં રાચનારાઓને સ્વપ્નમાં પણ સમાધિના દર્શન દુર્લભ છે.

શું તમારૂં મન સંકલિષ્ટ રહ્યા કરે છે ? શુ તમારૂ જીવન સંઘર્ષપૂર્ણ રહ્યા કરે છે ? શું અંતકાળે તમારે સમાધિની જરૂર છે ? તો મનને દમન નહિ પણ શમન કરવાનો પ્રયત્ન કરવો જ રહ્યો. છેલ્લે શૂન્યની કડીઓ પણ વાંચી લો.

**જીવનના અનિષ્ટોની સામે પડકાર બનીને રહેવું છે.**
**આ મોતની શીતળ ભૂમિ પર અંગાર બનીને રહેવું છે.**
**પીવા છે ઝેર કટોરાઓ, કરવો છે અમીરસનો સંચય,**
**જીવનથી રીબાતા રોગીનો ઉપચાર બનીને રહેવું છે.**

* * * * *

## પથ દર્શક હો પ્રભુ જેહના તેહને કોણ ભમાવે ?

દરેક જીવનું સંસારપરિભ્રમણ અવિરતપણે ચાલુ જ છે. કારણ કે **ગતિઓ બદલાય છે પણ મતિ દરેક ગતિમાં એક સરખી રહે છે, તન બદલાતા રહે છે મન એવું ને એવું રહે છે. સંસાર બદલાતો રહે છે. પણ સંસ્કારો એવાને એવા રહે છે.**

ક્યાં સુધી અંદરના ભાવોના ઉર્ધ્વીકરણ ન થાય ?

જ્યાં સુધી મતિ વિશુદ્ધ થાય નહી, જ્યાં સુધી દુષ્ટ સંસ્કારોનું શુદ્ધિકરણ થાય નહી, જ્યાં સુધી મન મલિનતાથી મુક્ત થાય નહી ત્યાં સુધી ગમે તેટલા ઉંચા સ્થાનો મળશે તોય ઉદ્ધાર થવો અશક્ય છે.

એક ઉંદર ભયથી કાંપતો હતો, કેમકે સામે બિલાડી હતી. બિલાડીમાં તેને સાક્ષાત્ યમરાજના દર્શન થતા હતા. બિલાડીએ તરાપ મારી નથી ને મોત આવ્યું નથી. પણ જોગાનુજોગ એક જાદુગર ત્યાં આવે છે. ઉંદરની આ ભયભીત દશા જોઈ તેને દયા આવે છે. તેને ભયમુક્ત કરવાનો વિચાર આવે છે. પોતે જાદુગર છે. તેને થયું આ ઉંદરને બિલાડી બનાવી દઉં જેથી બિલાડીથી ડરે નહી. તેને બિલાડી બનાવી, છતાં ભય ન ગયો. ધ્રૂજારી એવી જ રહી. જાદુગરને આશ્ચર્ય થયું. આમ કેમ ? પણ સામે કૂતરો હતો. તેનાથી તે ડરતી હતી. હવે તેને કૂતરો બનાવ્યો. હવે કોનાથી ડરશે ? પણ સામે જોયું તો વાઘ મોઢું ફાડીને ઉભો હતો. શરીરો જેમ જેમ મોટા થતા જાય છે તેમ તેમ ભય પણ વધતો જાય છે. જાદુગરને થયુ ડર ક્યાં સુધી રહેશે ? કૂતરાને વાઘ બનાવ્યો તો સામે નિશાન તાકીને ઉભેલા શિકારીને જોઈ તે થથર્યો. આખરે જાદુગર થાક્યો. તેને થયું ખોળીયું ભલે વાઘનું હોય પણ હૃદય તો ઉંદરનું જ છે. જ્યાં સુધી આના હૃદયમાંથી ભય નહીં જાય ત્યાં સુધી આને ગમે તેવું ઉંચું સ્થાન આપો છતાં તે ભયમુક્ત થશે નહી.

આપણું ખોળીયું પણ માત્ર નરનું છે. વૃત્તિ જાનવરની છે. તેથી જ

દેવલોક જેવા ઉચ્ચ સ્થાનમાં જવા છતાં આ જાનવર વૃત્તિઓ સાથે જ આવે છે અને ત્યાં પણ પશુતા તરફ જ જીવને પ્રેરે છે. માટે જ તનના પરિવર્તન સાથે મનનું પરિવર્તન જરૂરી છે. તે માટે પરમાત્માને જીવન અર્પણ કરીશું. તેમના ચરણે જાતનું અને સર્વસ્વનું સમર્પણ કરી આપણા અહંકારને ઓગાળીશુ તો જ સારી ને સાચી દિશામાં પ્રયાણ કરી શકીશું.

અહંકારની દિવાલ આપણને આગળ વધવા દેતી નથી. **કાર્યમાત્રમાં કર્તાપણાની બુદ્ધિ આપણા અહંને આસમાને ચઢાવે છે.**

**હું કરૂ હું કરૂ એજ અજ્ઞાનતા, શકટનો ભાર જિમ શ્વાન તાણે.**

ગાડા નીચે ચાલતું કૂતરૂં માને છે કે ગાડાનો ભાર હું જ વહન કરૂં છું. હું છું તો જ આ ગાડુ ચાલે છે. તેમ ઘણાને એમ હોય છે કે હું છું તો જ દુનિયા ચાલે છે.

મારા વગર દેશનું રાષ્ટ્રનું - સમાજનું-કુટુંબનું શું થશે ? મિથ્યાઅભિમાનમાં રાચતા આવા અહંકારીઓ ઈશાનુગ્રહમાં માનતા નથી. સારુ થયાનો બધો યશ પોતાને માથે સ્વયં વહોરી લે છે. પણ તેમને ક્યાં ખબર છે કે પરમાત્માના ઈશારા વિના પાંદડું પણ હલતુ નથી. ઈશ્વરકૃપાની અમીધારા જ બધી સમૃદ્ધિ અને સફળતાનું બીજ છે. ઈશ્વર માથે છે માટે જ તું મસ્ત છે.

**પથ દર્શક હો પ્રભુ જેહનો તેને કોણ ભમાવે ?**

એક દેશમાં ગધેડો શુકનવંતો મનાય છે. પ્રતિષ્ઠા વખતે પરમાત્માની પ્રતિમાને ગધેડાની પીઠ પર પધરાવવામાં આવે છે. આવી જ એક મંદિરની પ્રતિષ્ઠાનો પ્રસંગ હતો. પ્રતિમાજી ગધેડા પર સ્થાપિત કરવામાં આવી છે. વરઘોડારૂપે મંદિર સુધી પહોંચવાનું છે. લોકો આવી આવીને રાસડા લે છે, ફૂલોના હાર ચઢાવે છે. જયજયકાર કરે છે.

ગધેડાને એમ કે આજે શું ચમત્કાર થયો ? રોજ ડચ્ ડચ્ કહી મને ધિક્કારનારા અને લાકડીઓના માર મારનારા આજે મને ફૂલે પૂજે છે. આજે આ લોકોને મારી કદર થઈ લાગે છે. આવા વિચારોમાં ગધેડો તાનમાં આવી

જાય છે. ઝૂલતો ઝૂલતો ચાલે છે. માથું હલાવી લોકોના નમસ્કાર ઝીલે છે. તાનમાં ને ગેલમાં છે.

જોતજોતામાં મંદિર આવે છે. પ્રતિમા તેની પીઠ ઉપરથી ઉતારવામાં આવે છે. માલિકને તેની મજુરી ચૂકવવામાં આવે છે. અને તુરત જ માલિકે ડચકારી બે-ચાર લાકડીઓ લગાવી ગધેડાને આગળ ધપાવે છે.

ગધેડાને આવા આકસ્મિક પરાવર્તનથી આશ્ચર્ય થયું. બે મિનિટ પહેલા કંકૂના ચાંદલા, ફૂલોના હાર, જયજયકાર, સાષ્ટાંગ પ્રણામ અને અક્ષતોના વધામણાથી હું નવાજાતો હતો, અને બેજ મિનિટમાં પાછા લાકડીઓના માર ? આમ વિચાર કરતાં ગધેડાને સમજાયુ કે આ મારૂં નહી પણ મારી પીઠ ઉપર રહેલા પ્રભુનું સન્માન હતું. 'મહાદેવ ભેગો પોઠીયો પૂજાય' એ ન્યાયે તેમના પ્રભાવથી જ મારી પૂજા થતી હતી. તેમની કૃપાથી જ મારી વાહ વાહ હતી. તેઓ મારા માથે હતા તેથી જ લોકો મને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા હતા. મેં તેમને માથે સ્થાપન કર્યા તેના પ્રભાવે જ મને ફૂલહારના ગોટા મળ્યા. તેમની કૃપાદષ્ટિમાં જ મારી સમૃદ્ધિ હતી. આ ગધેડાને આટલું તો સમજાઈ ગયું. આપણને આટલું સમજાશે ખરૂં ? કે હું જે કંઈ છું, મારી પાસે જે કંઈ છે તેમાં ઈશાનુગ્રહ જ કામ કરે છે. આટલું સમજાઈ જાય તો કામ થઈ જાય.

અંતે-

**मोको कहा ढुंढे बंदे मे तो तेरे पासमे**
**खोजी होय तो तुरंत मीली हो पलभरकी तलाश मे**
**कहत कबीर सुनो भाई साधो**
**सब श्वासोके श्वासमे**

* * * * *

# સૌથી ખતરનાક ગ્રહ - પરિગ્રહ

વિશ્વના મોટાભાગના માનવો આજે અશાંતિની આગમાં સેકાઈ રહ્યા છે. સુખશાંતિ માટેના તેના તનતોડ પ્રયત્નો હોવા છતાં તે બાબતમાં સરીયામ નિષ્ફળ ગયા છે. તેઓ અશાંત છે, કારણ અતૃપ્ત છે. ગમે તેટલું મળે છતાં તેની ઈચ્છા બે ડગલા આગળ જ હોય છે. મારી પાસે શું છે તેના કરતા મારી પાસે શું નથી ? શું મેળવવાનું બાકી છે ? તેનું મોટું list સદા તેની સામે જ છે. મારા કરતા આજુબાજુવાળા પાસે ઘણું છે, આ જ ચિંતામાં સદા બળ્યા કરે છે.

તત્ત્વવેત્તાઓની દૃષ્ટિમાં આ બધા આત્માઓ દયાપાત્ર બને છે. તેઓ પ્રેમાળ પ્રેરણાનો ધોધ વરસાવે છે. ભાઈ ! જે મળ્યું તે પરમાત્માની પ્રસાદી સમજી આનંદ માણ, તારી યોગ્યતા જોઈને જ કુદરતે તને આપ્યું છે. તારી લલાટની રેખાને મોટી કરવા કોઈ સમર્થ નથી. જે મળ્યું તેમાં સંતોષ માન, નથી મળ્યું તેનો હૈયાબળાપો છોડી દે. આખી દુનિયાની બધી જ સંપત્તી તારા ચરણોની સેવીકા બનીને રહેશે, કે વિશ્વના શ્રેષ્ઠ સ્થાન પર આરૂઢ થઈ જઈશ તો પણ તૃપ્તિ શક્ય નથી.

પેથડશાનું નામ જગમશહુર છે. પણ તેની પૂર્વાવસ્થા જુઓ, ખાવા ટુકડો નથી, બેસવા ઓટલો નથી. પહેરેલા કપડામાં અગણિત બાકોરા છે. આભનું છત્ર અને ધરતી શૈયા છે. આવી કંગાળ અવસ્થામાં સદ્ગુરૂનો સમાગમ થયો. સંપત્તિનો સંગ્રહ કરવાની વૃત્તિ કેટલી ખતરનાક છે તે ઉપદેશ દ્વારા સમજાવ્યું. પરિગ્રહના ગ્રહમાંથી છૂટવાનો ઉપાય બતાવ્યો, કે કંઈક મર્યાદા બાંધો. ઈચ્છાને સિમિત કરો. એક પછી એક શ્રેષ્ઠિવર્યોએ પરિગ્રહના પરિમાણ કર્યા. કંગાળ પેથડ શરમનો માર્યો છેલ્લે ગુરૂદેવશ્રી પાસે આવે છે. મને પણ નિયમ આપો.

ગુરૂદેવશ્રી : કેટલો લેવો છે ?

પેથડ : હજાર દ્રમ્મનો આપો.

આખી જિંદગી મજુરી કરીને મરી જઈશ તો પણ હજાર દ્રમ્મ ક્યાં ભેગા થવાના છે ?

પિતાએ મરતા મરતા સુવર્ણસિદ્ધિનો મંત્ર આપેલો, તે પણ અજમાવી જોયો, સરીયામ નિષ્ફળતા મળી. પુન્ય જોર કરે તો જ મંત્ર તંત્ર સિદ્ધિઓ સિદ્ધ થાય ને ? ગુરૂદેવશ્રીએ તેના લલાટની રેખાઓ વાંચી લીધી. અને કહ્યું - વધુ ધારી લે, ૧૦,૦૦૦ ? હજી વધુ.. લાખ ? હજી વધુ... પણ મારા જેવા દુર્ભાગી માટે આ અશક્ય છે. ગુરૂદેવ : હું કહું છુ ને, વધુ ધાર, તો ૫ લાખ દ્રમ્મ નો નિયમ આપો.

નિયમના પ્રભાવે પ્રારબ્ધનું પાનું ફર્યુ. ફરી એકવાર સુવર્ણસિદ્ધિનો પ્રયોગ શરૂ કરવાની ભાવના થઈ. જંગલમાં ગયો. ઝાડો કાપી કાપીને ઔષધિઓ ભેગી કરી. રસો બનાવ્યા. મિશ્રણો કર્યા અને એક સુવર્ણરસ તૈયાર કર્યો. લોઢા ઉપર રસ રેડ્યો. સોનુ થઈ ગયું. પેથડના આનંદનો પાર ન રહ્યો. હવે ભૂતકાળમાં લીધેલો નિયમ ભૂલાઈ ગયો.

સાંઢણીઓ ભરી ભરીને લોઢુ મંગાવ્યું, રાતદિવસ જોયા વગર સોનુ બનાવવાની સાધનામાં લાગી પડ્યો. સાત-સાત સાંઢણીઓ ભરી માંડવગઢ તરફ આવતા હતા. રસ્તામાં આબુ દેલવાડાના મંદિર આવ્યા. આદિનાથ પરમાત્માના દર્શન કર્યા. ''आदिमं पृथ्वीनाथ मादिमं निष्परिग्रहं'' આ સ્તુતિથી પરમાત્માની સ્તવના કરે છે. ''निष्परिग्रहं'' બોલતાં જ તેના અંતરમાં ઝટકો લાગે છે !

ક્યાં આદીશ્વર પરમાત્મા અને ક્યાં હું ? જેમણે સમસ્ત રાજપાટ છોડ્યા, દોમ દોમ સાહ્યબી છોડી, હિરણ્ય-સુવર્ણના ઢેરના ઢેરને લાત મારી સન્યસ્ત થયા, અને હું એ સુવર્ણની પાછળ પાગલ બન્યો ! રાતદિ' ન જોયા, કાળી મજુરી કરી કેટલા ઝાડો કપાવ્યા ? કેટલી હિંસાઓ કરી ? કેટલા આરંભ-સમારંભો કર્યા ? ગુરૂદેવશ્રીએ આપેલો નિયમ પણ માળીએ ચઢાવ્યો, અરર, ધિક્કાર છે મારી જાતને ! ક્યાં પરમાત્માનો અદ્‌ભૂત ત્યાગ ! ને ક્યા મારી સંગ્રહવૃત્તિ !

પશ્ચાતાપના પાવકમાં પરિગ્રહની મૂર્છા બળીને ભસ્મીભૂત થઈ, આ બધુ સોનુ પરમાત્માના ચરણે સોંપી હવે પછી આ સુવર્ણસિદ્ધિનો પ્રયોગ કદાપી નહી કરવાનો દૃઢ સંકલ્પ કર્યો. આ સંકલ્પના પ્રભાવે પેથડ પ્રચંડ પૂન્યનો સ્વામિ બન્યો. અઢળક સંપત્તિનો સ્વામિ બન્યો. યાવત્ માંડવગઢનો મહામંત્રી બન્યો. ભેગુ કરવાની ભૂતાવળ હિંસાના પાપ કરતા વધુ કાતિલ છે. કારણ કોઈ જીવની હિંસા થતા અરેરાટી થાય છે. પશ્ચાતાપ થાય છે. પાપ લાગ્યાનો બળાપો થાય છે. પણ સંપત્તિ વધતા આવી અરેરાટી કે પશ્ચાતાપ થતા નથી. ઉપરથી આનંદ થાય છે.

માટે જ જીવનમાં ખરેખર શાંતિ જોઈતી હોય તો જે મળે - જેવું મળે તેમાં સંતોષ માણવો રહ્યો. સંપત્તિની લક્ષ્મણરેખા બાંધવી જ રહી.

અંતે -

**રણમાં ફર્યા કરવાનું પરિણામ જોઈ લો**
**આખર પડી ગયા અમે મૃગજળના પ્યારમાં.**

* * * * *

# શ્રવણયાત્રા

ભારતની ભૂમિ આર્યવત્ કહેવાય છે. જ્યાં અનેક સજ્જનો, સંતો, મહંતોનો જન્મ થાય તે ભૂમિ ભારતની.

હા આ ધરતી પર પાપીઓ, દૂષ્ટો અને દુર્જનોનો પણ તોટો નથી. છતાં કાળે કાળે અગણિત સંતો આ પૃથ્વી પર અવતરતા જ હોય છે.

પાપીષ્ટોની સાથે જો સંતોના સર્જન થતા હોત તો આ ધરતી ક્યારની રસાતળ થઈ ગઈ હોત.

શેતાનો અને સંતોની સમતુલાથી જ પૃથ્વી સ્થિર છે.

તો સવાલ થાય છે કે દરેક ધર્મના આટઆટલા સંતો હોવા છતાં દૂર્જનો સુધરે કેમ નહીં ? સંતવાણીની અનરાધાર વર્ષા દુષ્ટોને પીગાળે કેમ નહીં ?

શું સંતોની પવિત્રતામાં ખામી છે ?

શું સંતોની વાણીમાં કચાશ છે ? ના, ના,

**સંત તો તેને જ કહેવાય જેના વિચારો સ્વચ્છ હોય, જેના ઉચ્ચારો સત્ય હોય અને જેના આચારો શુદ્ધ હોય.** જેના વિચાર-વાણી, વર્તનની એકવાક્યતા હોય. જેના પ્રત્યેક વિચારે પવિત્રતાની છોળો ઉછળતી હોય. જેના પ્રત્યેક વચને કરૂણાનો ધોધ વહેતો હોય. અને જેના એક એક આચારો આદર્શરૂપ બનતા હોય. જેના જીવનની પ્રત્યેક પળ ઈતિહાસના સર્જન કરતી હોય અને જે હરપળ ઈશ્વરની સમીપ-વધુ સમીપ સરકતો હોય.

આવા સંતોનો આ ભારતવર્ષમાં તોટો નથી, છતાં દુર્જનો કેમ આટલા છલકાય છે ?

તેનો જવાબ છે આપણી અયોગ્યતા. સંતોના આશીર્વાદ ઝીલવાની આપણી અક્ષમતા. તેમના વચનોને પચાવવાની આપણી અપરિપક્વતા.

મેહુલો તો મન મુકીને વરસે પણ ઉખર ભૂમિમાં તેનો શો ફાયદો ?

અકબરના દરબારમાં એક પરદેશી ત્રણ મૂર્તિઓ લઈને આવ્યો. કહે : ''આ મૂર્તિઓની સાત દિવસમાં કિંમત કરી આપો, ન કરી શકો તો સાત લાખનું ઈનામ મને આપો.'' વાત મંજુર થઈ, પ્રધાનો, મંત્રીઓ, પ્રજાજનો, બુદ્ધિના બાદશાહો બધાજ મૂર્તિઓનું એકીટસે નિરીક્ષણ કરવા લાગ્યા. પણ પરિક્ષણ કરી તેની કિંમત કરવામાં સૌ નિષ્ફળ ગયા. ત્રણે મૂર્તિઓ એક જ રૂપની અને એકજ ઢંગની, શે ઓળખાય ? દિવસો વીતે છે તેમ દરબારીઓના દિલની ધડકન પણ વધતી જાય છે. અકબરના ભવાં ઉચા ચઢતા જાય છે. આટ આટલા દરબારી-બુદ્ધિનિધાનો મારા રાજમાં વસે છે છતાં આટલી નાની બાબત કોઈ ઉકેલી ન શકે ?

બિરબલ જેવા ય એકવાર મુંઝાઈ ગયા. છઠ્ઠા દિવસે સાંજે ચિંતા મગ્ન બિરબલ સરોવરને કાંઠે ગયો. મૂર્તિ સહિત સ્નાન કરે છે. તેમાં એક બનાવ બન્યો. મૂર્તિઓમાંથી પરપોટા બહાર આવતા હતા. બારીકાઈથી નિરિક્ષણ કરતાં ખ્યાલ આવ્યો કે પ્રથમ મૂર્તિના બન્ને કાનમાંથી પરપોટા છૂટતા હતાં, બીજી મૂર્તિના એક કાનમાંથી અને મોઢામાંથી અને ત્રીજી મૂર્તિના એક કાનમાંથી જ બહાર આવ્યા. ઘરે ગયો, ઉંડા ચિંતનમાં ગરકાવ થયો. અને મૂર્તિની કિંમતનું રહસ્ય શોધી કાઢ્યું.

સાતમો દિવસ છે. દરબાર પૂર બહારમાં ખીલ્યો છે. સૌના મોઢા નીચા છે. અકબરે બિરબલ તરફ દૃષ્ટિપાત કર્યો.

બિરબલ : જહાપનાહ ! એક મૂર્તિની કિંમત કોડીની છે. બીજાની કિંમત લાખની છે. અને ત્રીજી અમૂલ્ય છે. અકબરે પરદેશી સામે જોયું. તેણે કહ્યું : જહાપનાહ ! બિરબલની વાત બરાબર છે. આખો દરબાર તાળીઓના ગડગડાટથી ગાજી ઉઠ્યો. સૌને થયું ત્રણે મૂર્તિ સમાન છતા આટલો ભેદ કેમ ?

બિરબલે ભેદ ફોડ્યો કે એકના બે કાનમાં કાણાં છે, બીજીના એક કાનમાં ને મોઢામાં, અને ત્રીજીના માત્ર એક કાનમાં જ. એટલે કે કેટલાક લોકો એવા હોય છે કે સંતોની વાણી એક કાને સાંભળી બીજા કાનેથી

કાઢી નાંખે છે. કેટલાક એક કાનેથી બરાબર સાંભળી મોઢા દ્વારા બહાર કાઢે છે. અર્થાત્ પોતાના આત્માના ઉત્થાન માટે નહી પણ બીજાને ઉપદેશ આપવા માટે જ જે સંતવાણીનું પાન કરતા હોય છે. અને કેટલાક કાનેથી સાંભળી હૃદયમાં ઉતારે, એક અક્ષર પણ બહાર ગળવા ન દે.

આ વાત સાંભળી સૌ સ્તબ્ધ થઈ ગયા. આ વાત ઉપરથી ફલિત થાય છે કે સંતોની પવિત્રતામાં ખામી નથી. વાંક આપણી અયોગ્યતાનો અને અવળચંડાઈનો છે.

સંતો તો આપણને ખાડામાંથી બહાર કાઢવા હાથ આપી રહ્યા છે. પણ આપણે ય તેમને સામો હાથ આપવો પડે.

માટે જ સંત જીવનની મહાનતા સમજી તેમના એક એક બોલની અમૂલ્યતા પીછાણી તેના વચનને હૃદયમાં ઉતારી આત્મોત્થાન પ્રતિ પા પા પગલીએ આગળ વધીએ.

અંતે–

**જાગશે જ્યા તમન્ના પીવાની**
**ત્યા સુરાલય ખડુ કરી લેશુ**

* * * * *

# રાજેશ્વરી નરકેશ્વરી

સત્તાનો કેફ સંપત્તિના કેફ કરતા ય ચઢીયાતો છે. સત્તારૂઢ માનવ ગાંડો હોય તો ય ડાહ્યો થઈ જાય છે. બુદ્ધુ હોય તો બુદ્ધિશાળી થઈ જાય છે. આજ સુધી તેને તિરસ્કાર કરનારા પણ સલામ ભરતા થઈ જાય છે. આ પ્રભાવ છે વ્યક્તિનો નહી ખુરશીનો. પણ જ્યારે ચારિત્ર્યહિન વ્યક્તિને તેની યોગ્યતા કરતા ઉંચુ સ્થાન મળી જાય ત્યારે તેને સત્તાનુ અજીરણ થાય છે.

સ્થાન કે સત્તા ખરાબ નથી. તેના પર બેસનાર વ્યક્તિની અયોગ્યતા સ્થાનને કલંકિત કરે છે. યોગ્ય સ્થાનમાં યોગ્ય વ્યક્તિનો સમાગમ થાય તો તે સત્તા વધુ દીપી ઉઠે છે. ખરેખર તો જેને સત્તાનો મોહ નથી જેને સત્તા જોઈતી જ નથી તે જ સત્તાનો અધિકારી છે.

માયા પ્રપંચો કરીને બળાત્કારો અને બળજબરી કરીને ન કરવાના કામો કરીને મેળવેલી સત્તા કેફનું કારણ બને છે. પછી સત્તાની ફરજો ભૂલાઈ જાય છે. સત્તાની મહત્તા ભૂલાઈ જાય છે. સ્થાનને અનુરૂપ કાર્ય કરવાની બુદ્ધિ ભ્રષ્ટ થાય છે. અને તે સ્થાન દ્વારા શાસન કરવાની-જોહુકમી ચલાવવાની અને પોતાનું મહત્ત્વ વધારવાની જ વૃત્તિ રહે છે. પછી 'વર મરો કે કન્યા મરો, પણ ગોરના ખીસા ભરો' ના ન્યાયે પ્રજા મરો કે જીવો ની પરવા કર્યા વગર યેન કેન પ્રકારેણ પોતાની તિજોરી તરબતર કરવાની જ ભૂતાવળ રહે છે. તે માટે ગમે તેટલી હિંસાઓ થાય તેનો વાંધો નહીં. ગમે તેટલા કાવાદાવાઓ કરવા પડે તેનો ય ખચકાટ નહીં. માટે જ આવા રાજાઓની રાજેશ્વરીને નરકેશ્વરી કહી છે.

મગધ સમ્રાટ શ્રેણિકનો પુત્ર કોણીક સત્તાના મદમાં અંધ બન્યો છે. મગધના બિંદુ જેવડા રાજથી જાતને જગતનો સમ્રાટ માને છે. એક્વાર તે પરમાત્માને પૂછે છે કે - મહાવીર પ્રભુ ! ચક્રી મરીને ક્યાં જાય ?

પ્રભુ : જો ચારિત્ર અંગીકાર ન કરે તો સાતમી નરકે જાય.

કોણિક : તો હું મરીને ક્યાં જઈશ ?

પ્રભુ : તું છઠ્ઠી નરકમાં જઈશ.

કોણિક : સાતમી નરકમાં કેમ નહીં ?

પ્રભુ : કેમકે તું ચક્રી નથી.

કોણિક : હું ચક્રી જ છું. શું ખુટે છે મારી પાસે ? કોની તાકાત છે મારી સામે પડવાની ?

પ્રભુ : તારી પાસે સ્ત્રીરત્ન નથી. ૧૪ રત્ન નથી, ૯ નિધાન નથી, છ ખંડ નથી. ઘણું ઘણું નથી.

કોણિક : એ બધુ ભેગુ કરવુ એ મારા માટે ડાબા હાથનો ખેલ છે. એમ કહી પરમાત્માની પાસેથી ગર્વસહિત નિકળે છે.

છ ખંડના સમ્રાટ ચક્રી બનવાના પેંતરા રચે છે. પદ્માવતીને સ્ત્રીરત્ન બનાવે છે. કૃત્રિમ રત્નો અને નિધાનો તૈયાર કરાવડાવે છે. અને છ ખંડ સાધવા નિકળે છે. તમિસ્રા નામની ગુફાને ખોલવાના પ્રયત્ન કરે છે. બનાવેલા બનાવટી વજરત્નથી ગુફાને ત્રણવાર ઠોકે છે પણ ગુફા ખુલતી નથી. ગુફાનો અધિષ્ઠાયક દેવ કૃતમાલ ત્યાં આવે છે. કૃતમાલ : તું કોણ છે ? કોણિક : હું ચક્રવર્તી. કૃતમાલ : પણ ચક્રી તો બાર થઈ ગયા. હવે આ અવસર્પિણીમાં કોઈ ચક્રી પેદા થવાનો નથી. કોણિક : હું તેરમો ચક્રી છું.

ઉદ્ધતાઈભર્યા વચનોથી કૃતમાલ દેવ ઉકળી જાય છે. અને ત્યાં ને ત્યાં કોણિકને બાળીને ભસ્મીભૂત કરી નાંખે છે. કોણિક મરીને છઠ્ઠી નરકે જાય છે. કેવી સત્તાની કાતિલ લાલસા ? એક તો પિતા શ્રેણિક પાસેથી મગધનું સામ્રાજ્ય છીનવી લીધું. ઉપકારી પિતાને સત્તાના લોભમાં જેલમાં નાંખ્યા. એટલાથી સંતોષ ન થયો. ચક્રી ન હોવા છતાં ચક્રી બનવાના કોડ થયા અને કમોતે મર્યો.

છઠ્ઠી નરક જાણે ઓછી પડતી હોય તેમ મહાવીરને કહ્યું સાતમીમાં કેમ નહી જાઉં ? એજ બતાવે છે કે તેને નરકના કાતિલ દુઃખોનીય પડી

નથી, જો ચક્રવર્તી બનવાનું મળતું હોય તો.

આવા સત્તાભૂખ્યાઓ શું પ્રજાનું પાલન કરવાના ? ''राजा प्रकृतिरञ्जनात्'' જે પ્રકૃતિને અર્થાત્ પ્રજાને રિઝવે, રંજન કરાવે તે રાજા કહેવાય, રંજાડે તે નહી, અને ખરેખર જેને સમાજની, સંઘની, રાષ્ટ્રની સેવા જ કરવી છે એવા મહાનુભાવો સત્તા માટે દોટ મુકતા જ નથી. **સત્તાની સાઠમારી જ સ્વાર્થાંધતાનું પ્રતિક છે.** 'મને ચૂંટો' કહેનારા નિર્લજ્જ છે. યોગ્યતા હશે તો પ્રજા સામેથી ચૂંટશે.

**પવિત્ર આત્માને પ્રસિદ્ધિની જરૂર નથી.**

આજના કાળે આવા સદાચારી અને સિદ્ધાંતનિષ્ઠ સેવકોનો દુકાળ પડ્યો છે. માટે જ બધી ખુરસીઓ ભ્રષ્ટાચારથી ખદબદે છે. પર સેવાના નામે જેઓ મિજબાનીઓ ઉડાવે છે. અને પરસેવો પાડીને પેદા કરેલી પ્રજાની સંપત્તિને ચૂસવામાં જ જેને આનંદ આવે છે. એવા આત્માઓને થોડો સમય માટે પ્રાપ્ત થયેલી રાજેશ્વરી ખરેખર નરકેશ્વરી છે.

અંતે–

**માનવી પુજી નથી શકતો નિરાકારી સ્વરૂપ**
**નામને આક્ષરની પણ હાય કેવી કેદ છે ?**

* * * * *

# ખાઈ અદેખાઈની

કુતરામાં એવા ઘણા ગુણો છે જે તેને માનવ કરતા પણ ઉંચી ભૂમિકામાં ગોઠવી દે, જેવા કે - અલ્પ આહાર, અલ્પનિદ્રા, ચતુરાઈ, વફાદારી વિ.

આહારની બાબતમાં આ પ્રાણી ખૂબ જ પંક્ચ્યુઅલ છે. થોડા ખોરાકમાં પેટ ભરાઈ જાય, મળે તેમાં ચલાવી લે, ચાર દિવસ ખોરાક ન મળે તો પણ કોઈ ફરીયાદ નહી, જ્યારે માણસને ટાઈમે ટાઈમ અને ટનાટન ખોરાક જોઈએ છે.

'શ્વાન निद्रा' સંતોને પણ કહેવામાં આવ્યું છે કે તમારી નિદ્રા કુતરા જેવી રાખજો, કુતરો ઉંઘે પણ ઘસઘસાટ કદાપિ નહિ, સ્હેજ અવાજ આવ્યો નથી ને ઉઠ્યો નથી, જ્યારે માનવને નિદ્રા માટે કોઈ limit, કાળ કે અકાળ નથી.

માનવ રૂપે સમાન હોવા છતા માલિકના મિત્ર અને શત્રુને સુંઘવા માત્રથી ઓળખી લેનાર કુતરાની ચતુરાઈ શિખવા માટે માનવે ઘણા ભવો કરવા પડશે એમ લાગે છે.

'વફાદારી' ના ગુણને બુટો લગાડી કલંકીત થનાર કોઈ કુતરો વર્ષોના ઈતિહાસમાં આજ સુધી પાક્યો હોય એવું જાણવા મળ્યુ નથી. એકવાર પણ જે સ્વામીનું દુધ પીધું તેને જીંદગીના છેલ્લા શ્વાસ સુધી વફાદાર રહી સેવા કરવાનું વરદાન તેને જન્મથી જ મળતું હોય છે. પછી ભલેને માલિક તેને ઢોર માર મારે છતા તે તો માલિકના પગ જ ચાટવાનો, આખી રાત જાગતો રહી ખડે પગે સેવા જ કરવાનો, ક્યાં જોવા મળે છે માનવમાં આવી કૃતજ્ઞતા ?

બીજી બધી વાત જવા દો પણ જે મા-બાપનું ધાન ખાઈને છોકરો મોટો થાય છે તે જ માબાપની સામે બોલનાર-ગાળો દેનાર કે તેમને તમાચો લગાવી દેવા સુધીનું દુઃસાહસ કરનાર કપુતોએ કુતરા પાસેથી ઘણું શિખવાની જરૂર છે.

આટઆટલા ગુણોના સ્વામી હોવા છતા આ કુતરાઓ યત્ર તત્ર સર્વત્ર હડધુત થતા જ જોવા મળે છે, તેનું કારણ છે તેનામાં રહેલી ઈર્ષ્યા, તે પણ પોતાના જાતભાઈઓ પ્રત્યે જ, ભુલે ચુકે પોતાની Boundry માં કોઈ જાતભાઈ ઘુસી ગયો તો તેનું આવી બન્યુ સમજો, તે વખતનો તેનો ક્રોધ-ઈર્ષ્યા, દ્વેષભાવ અને પ્રતિસ્પર્ધિને પરાસ્ત કરવાનું ખુન્નસ જોયુ હોય તો લાગે કે જાણે કોણ જાણે કેટલા જનમનાં વૈરભાવનો આવિર્ભાવ થઈ રહ્યો હશે ?

એક વખત જીવનના કેંદ્રબિંદુમાં આ ઈર્ષ્યાવૃત્તિ ગોઠવાઈ જાય છે ત્યારે પરિધિમાં રહેલા હજારો ગુણો અકિંચિત્કર સાબિત થતા હોય છે. અંગ્રેજમાં સુંદર કહેવાત છે - One wrong step may give you a great fault.

ઈર્ષ્યા એટલે અદેખાઈ, આ અદેખાઈ એક એવી ખાઈ છે જેને પુરવા કોઈ સમર્થ નથી.

ઈર્ષ્યા એટલે સામી વ્યક્તિની આબાદી જોઈ શકવાનું અસામર્થ્ય, પછી ભલેને તે આબાદિ ભૌતિકક્ષેત્રની હોય કે આધ્યાત્મિક ક્ષેત્રની.

ઈર્ષ્યાને અનેક ધર્મશાસ્ત્રોમાં આગની ઉપમા આપવામાં આવી છે, એવી વિચિત્ર આગ કે જે પોતાની જાતને જ બાળીને ખાક કરી નાખે, સામી વ્યક્તિને તેની કોઈ અસર થાય નહી.

ક્રોધ અને ઈર્ષ્યામાં આ જ તફાવત છે કે ક્રોધ બાહ્ય છે- ઈર્ષ્યા આભ્યંતર. ક્રોધ દેખાય છે ઈર્ષ્યા અદશ્ય છે. ક્રોધ સ્વ-પર ઉભયને હાનીકર્તા છે ઈર્ષ્યા માત્ર સ્વને જ.

ક્રોધ કર્યા પછી પશ્ચાતાપ થવાની હજી સંભાવના છે ઈર્ષ્યા પાછળ પશ્ચાતાપની સંભાવના લગભગ નથી.

ક્રોધી માણસ હજી કદાચ બીજાને દબાવી શકે (જો સામી વ્યક્તિ આશ્રીત કે નબળી હોય તો) ઈર્ષ્યાળુએ સ્વયં જ દબાવુ પડે છે.

બાળકને સુધારવા વડીલોએ કે શિષ્યને આગળ વધારવા ગુરૂએ હિતબુદ્ધિથી ક્રોધ કરવા પડે તે શાસ્ત્રમાં પ્રશસ્ત- અર્થાત્ સારો ક્રોધ કહ્યો છે પણ ઈર્ષ્યા કોઈ કાળે કે ગમે તેવા સંયોગોમાં અપ્રશસ્ત અર્થાત્ ખરાબ જ છે.

સામી વ્યક્તિની આબાદિ-ઉન્નતિ-સિદ્ધિ કે પ્રસિદ્ધિ જોઈને-જાણીને ઈર્ષ્યાળુનું અંતર સળગી ઉઠતુ હોય છે. નથી ઈર્ષ્યાળુ તે સ્થાનને જોઈ શકતો કે નથી તે સ્થાને પહોંચી શકતો, તેના નશીબમાં માત્ર જોઈ જોઈને બળવાનું અને શરીર શોષવાનું જ લખાયુ હોય છે.

વ્યક્તિની ભૂમિકા અને સંબંધને અનુસારે ઈર્ષ્યાની ત્રણ ભૂમિકા સમજવા જેવી છે. કેટલીક વ્યક્તિ આપણાથી મોટી હોય છે. (મોટી એટલે બધી રીતે-વયમાં, જ્ઞાનમાં, સંપત્તિમાં, સત્તામાં, સમાજમાં- જેનું સ્થાન ઉંચુ છે) કેટલીક વ્યક્તિ આપણી સમાન હોય છે. અને કેટલીક વ્યક્તિ આપણાથી નાની હોય છે.

તેવી જ રીતે કેટલીક વ્યક્તિ સાથેના આપણા સંબંધો દૂરના હોય છે કેટલીક વ્યક્તિ સાથેના મધ્યમ અને કેટલીક વ્યક્તિ સાથેના નિકટના,

જાણી લો હવે ઈર્ષ્યાની ખૂબીઓને -

આપણાથી મોટી અને ચઢીયાતી વ્યક્તિ પ્રત્યે ઈર્ષ્યા થશે તો પણ પ્રમાણમાં ઓછી, કારણ - અંદરથી જાણીએ છીએ કે તે ઉંચો છે અને ઉંચો જ રહેવાનો છે, તેની કાંકરી ખેરવવાની મારી કોઈ હેસીયત નથી.

તેના કરતા આપણી સમાન વ્યક્તિ પ્રત્યે ઈર્ષ્યા પ્રમાણમાં વિશેષ થશે. સમાન વય, સમાન શક્તિ, સમાન સત્તા, સમાન સ્ટેટસ, આ બધું ઈર્ષ્યાની આગમાં બળતણનું કામ કરે છે, કોઈપણ ક્ષેત્રમાં રહેલા આપણા પ્રતિસ્પર્ધિને, હંફાવવામાં આપણે નિષ્ફળ ગયા- તેની બરાબરી ન કરી શક્યા એટલે ખલાસ, ઈર્ષ્યાની ડાકણ ચોટવાની જ, પછી ભલેને સામે સગા ભાઈ-બહેન કેમ ના હોય.

આગળ વિચારતા ખ્યાલ આવશે કે - આપણાથી નાના પ્રત્યેની ઈર્ષ્યા સૌથી ખતરનાક છે, વય-પર્યાય-સ્થાન-સત્તા સંપત્તિ ગમે તે રીતે

આપણાથી નીચે રહેલ Counterpart નું નસીબ એકાએક ખીલી ઉઠે ને આપણાથી આગળ નિકળી જાય ત્યારે તેના પ્રત્યેની અદેખાઈ સૌથી ઉત્કટ હોય છે. આ ઈર્ષ્યાનો જન્મ થાય છે ઝડપથી અને ટકે છે પણ લાંબો સમય.

દૂર વસતા કે દૂરના-પરંપરાવાળા સંબંધી પ્રત્યે ઈર્ષ્યાભાવ જલ્દી પેદા થતો નથી અને થાય તો તે લાંબો ટકતો નથી.

આમ આખી વાતનો નિષ્કર્ષ એ નિકળ્યો કે ઈર્ષ્યાનો પ્રાદુર્ભાવ અને પ્રાબલ્ય મોટે ભાગે આપણાથી નાની અને નિકટ સંબંધ ધરાવતી વ્યક્તિ પ્રત્યે વિશેષ રહે છે.

કાલ સુધી તો ઠોઠ હતો અને આજે આટલો પંડિત થઈ ગયો ? કાલ સુધી તો રેકડી ફેરવતો હતો અને આજે મોટો મિલમાલિક થઈ ગયો ? કાલ સુધી ઉછીના પાન ખાતો હતો અને આજે પાંચ લાખનું દાન કર્યું ? કાલ સુધી પરાની ઝુંપડીમાં રહેનાર આજે વાલકેશ્વર કે જુહુ ગલીમાં રહેવા ગયો ? આ છે ઈર્ષ્યાળુનો વિચાર ખજાનો.

ઈર્ષ્યાળુની આછી ઓળખ આપવી હોય તો કહી શકાય કે ''આ મારાથી આગળ કેવી રીતે ગયો ? અને હું તેનાથી આગળ કેવી રીતે છલાંગ મારૂં ?'' આ બે પદના ચિંતનની આગમાં જાતને હોમી આત્મબલિદાનનું દુસ્સાહસ કરનાર.

ઈર્ષ્યાની ભયાનકતાથી આપણે અજાણ તો નથી જ. તેના બીજ નાના હોય છે પણ ફળ-પરિણામ ખૂંખાર હોય છે. એક વ્યક્તિના મનમાં પેદા થએલી નાની ઈર્ષ્યા ખૂબ મોટી હોનારત સર્જી શકે છે.

- કૈકેયીની ઈર્ષ્યાના કારણે જ રામાયણનું સર્જન થયુ છે.
- મહાભારતના યુદ્ધની પાછળ ગંધારીની ઈર્ષ્યા જ કારણભૂત હતી.
- કોણિકની પત્નિ પદ્માવતીની ઈર્ષ્યાએ એવા ખૂંખાર યુદ્ધના સર્જન

કર્યા કે જેમા એક કરોડ ને એંસી લાખ નિર્દોષ માથા વધેરાઈ ગયા. શાસ્ત્રોમાં જેને આ અવસર્પિણીનું સૌથી ભયંકર યુદ્ધ કહેવામાં આવ્યું.

કુંતલા નામની રાજાની રાણી હતી, પરમાત્માની ઉપાસીકા હતી. રોજ બે-ત્રણ કલાક પ્રભુ ભક્તિમાં ગાળતી. ગામેગામ તેની ભક્તિની પ્રશંસાઓ થતી. બીજી શૌક્ય રાણીઓને પણ ભક્તિમાં જોડતી. તેમને પણ ભક્તિમાં ઘણો આનંદ આવતો, કુંતલાને તેઓ ધર્મગુરૂણી માનતા.

ધીમે ધીમે શૌક્ય રાણીઓએ પણ ભક્તિમાર્ગમાં ખૂબજ વિકાસ સાધ્યો, દિવસ રાત જોયા વિના ભક્તિમાં ડુબવા લાગ્યા. લોકોમાં કુંતલાની સાથે તેમની ખ્યાતિ પણ વધવા લાગી. તેમની પ્રસિદ્ધિ અને પ્રશંસાના શબ્દો સાંભળી કુંતલા અંદરથી બળવા લાગી, મે આ લોકોને ભક્તિમાર્ગમાં જોડ્યા અને મારા કરતા આગળ વધી ગયા ! મારા કરતા વધુ ભક્તિ કરે ! મારા કરતા તેમની પ્રશંસા વધુ થાય !

ભક્ત કુંતલાના મનમાં ઈર્ષ્યાએ અડ્ડો જમાવ્યો, કેવી કર્મની વિચિત્રતા ? પરમાત્માના દરબારમાં પણ ઈર્ષ્યાનુ કેવું તાંડવ ? હવે કુંતલા ભક્તિ કરે છે પણ શૌક્યોથી આગળ આવવાની અને વધુ પ્રશંસા પામવાની કામનાથી જ, બહારથી શોક્યો સાથે સારો વ્યવહાર રાખે છે. અંદરથી સળગી જાય છે. શૌક્યો માટેના સારા બે શબ્દો સોયાની જેમ તેના કાનમાં ભોંકાય છે. જો કે શૌક્ય રાણીઓને આ વાતની ગંધ શુદ્ધા આવતી નથી. તેઓ તો ધર્મમાતાનો ઉપકાર હરપળ યાદ કરે છે.

ઈર્ષ્યાની આગમાં સળગતી કુંતલાનું શરીર કૃશ થતુ જાય છે અને એક દિવસ અચાનક મરણને શરણ થાય છે, શૌક્ય રાણીઓને ગુરૂમાતા ગુમાવ્યાનો સખત આઘાત લાગે છે.

એકવાર જ્ઞાની મહાત્મા પધારતા શૌક્ય રાણીઓ પુછે છે કે અમારા ધર્મમાતા મરીને કયા દેવલોકમાં ગયા ? જ્ઞાનીએ બાજુમાં રહેલી તાજી જન્મેલી કુતરી તરફ અંગુલી નિર્દેશ કરી કહ્યું - આ તમારા ગુરૂમાતા, દેવલોકની વાત ક્યા કરો ? કુતરીના અવતાર પામ્યા છે.

શૌક્યોના આશ્ચર્ય અને આઘાતનો પાર ના રહ્યો, આ અમારા મહારાણી ! પ્રભુના ભક્ત ! અમને ભક્તિમાર્ગનો રાહ ચિંધનાર ! નિર્મળ જીવન જીવનાર ! કુતરીની યોનીમાં ?

જ્ઞાનીએ કહ્યું, હા - આ એ જ તમારા ધર્મગુરૂ છે, ઈર્ષ્યાના આ વણકલ્પ્યા તોફાન છે, તમારી ભક્તિની ઈર્ષ્યા કરીને જ આ કુંતલા કુતરી બની મંદિર પાસે આટા મારે છે. મોટા મોટા સમર્થ પુરૂષો પણ ગોથા ખાઈ જાય એ રીતે પોતાના સ્વરૂપને ગુઢ અને ગુપ્ત રાખવાની ઈર્ષ્યાની કરામત ગજબની છે. જ્ઞાનની વાતો સાંભળી શૌક્ય રાણીઓને સંસારથી વૈરાગ્ય થઈ ગયો.

કેટલુ સચોટ દૃષ્ટાંત છે ?

જેવી મુડી હોય તેવો માલ મળે, કુતરાની યોનીમાં ઈર્ષ્યાની બહુલતા હોય છે તેથી જ જેમની પાસે ઈર્ષ્યાની મુડી છે તેઓ આ કુતરાની યોનીમાં સહજતાથી સ્થાન પામી શકે છે.

માનવ જીવનમાં ઈર્ષ્યા ન જ હોય કે લેશ માત્ર ન જ હોવી જોઈએ એમ તો કેમ કહેવાય ? તો તો ઈન્સાન અને ભગવાન સમાન જ થઈ જાય. છતા પણ આ દોષોનું મર્યાદા-પ્રમાણ સ્થાનોચિત્ત ન હોય તો તે અક્ષમ્ય જ ગણાય.

માનવના ખોળીયે પણ કુતરા જેટલી જ ને કુતરા જેવી જ- અરે કદાચ તેના કરતા પણ વધારે (જાતભાઈઓ પ્રત્યેની) ઈર્ષ્યાવૃત્તિ અડ્ડો જમાવીને બેઠી હોય તો માનવ અને જાનવરમાં ભેદ શું ?

ઈર્ષ્યાની ભયાનકતા સમજી જીવનમાંથી તેનો હ્રાસ અને નાશ કરવા માટે ધર્મશાસ્ત્રો તેના વિકલ્પ તરીકે અદ્‌ભુત ઉપાય બતાડે છે. તે છે પ્રમોદભાવના.

પ્રમોદભાવના એટલે બીજાની સમૃદ્ધિ જોઈને આનંદ. બીજાના સદ્‌ગુણો જોઈને અનુમોદના.

**ભૌતિક જગતમાં સમૃદ્ધિની ઈર્ષ્યા હોય છે અને અધ્યાત્મિક જગતમાં સદ્ગુણોની ઈર્ષ્યા હોય છે.**

બીજાની આબાદીને જોઈને થાય કે - ''કેટલું પુન્ય કરીને આવેલો આ આત્મા છે કે આટલી આબાદી ભોગવી રહ્યો છે. સારૂ સારૂ, હજી વધુ સુખી થાવ એવી પ્રભુને પ્રાર્થના.''

બીજાના સદ્ગુણોને જોઈને થાય કે ''તપ ત્યાગની સાધના દ્વારા આ આત્મા જીવનને સાર્થક કરી રહ્યો છે, હું પણ આવા ગુણોનો સ્વામી ક્યારે થઈશ ? ધન્ય છે આ સાધક પુન્યાત્માને !

**ઈર્ષ્યાનું કાર્ય છે દૂર ધકેલવાનું જ્યારે પ્રમોદભાવનાનુ કાર્ય છે નિકટ લાવવાનું,** સમૃદ્ધિની ઈર્ષ્યા સમૃદ્ધિથી અને સદ્ગુણોની ઈર્ષ્યા સદ્ગુણોથી દૂર ધકેલે છે.

એટલુ જ નહી ઈર્ષ્યા હયાત એવી સમૃદ્ધિ અને સદ્ગુણોનો સર્વનાશ પણ વેરે છે, જ્યારે સમૃદ્ધિનો આનંદ અને સદ્ગુણોની અનુમોદના દ્વારા તે તે વસ્તુનો નિકટ આવે છે.

આત્માને મોતના ખપ્પરમાં ધકેલતી ઈર્ષ્યાની નાગણથી દૂર ભાગવાનો સંકલ્પ આજથી જ કરીએ અને જીવન બાગમાં પ્રમોદ ભાવનાના પુષ્પોને ખીલવીએ તો જ મળેલુ જીવન સાર્થક થશે.

અંતે -

**અજબ છે આ ક્રૂરતા જમાનાની ચાલ**
**ભલા લોક પર નાંખે છે માતમની જાળ**

* * * * *

# પૂર્ણતાનુ પરિપ્રેક્ષ્ય

એકવીશમી સદીના માનવો એક જ ભ્રમણામાં રાચે છે કે થાય તેટલુ ભેગુ કરો અને ભોગવાય તેટલુ ભોગવી લો. ભોગ માટેની સામગ્રીઓના ખડકલા કરવામાં જ તેઓ જીવન પાયમાલ કરે છે. ત્યારે પ્રભુ મહાવીર લાલબત્તિ ધરે છે, ભાઈ ! તારી ભોગની ભુતાવળ કદી પૂર્ણ થવાની નથી. તારે પૂર્ણતા જોઈએ છે ? તૃપ્તિ અનુભવવી છે ? તો ખાલી થા, ગામના કચરા ઘરમાં ઘાલવા કરતા એમાંથી ઓછું કરવાની સાધનામાં લાગી જા. પેલા શાલિભદ્રને નજર સામે લાવ.

દોમ દોમ સાહેબી, રોજની ૯૯/૯૯ પેટીઓ, અપ્સરાને ટક્કર મારે તેવી બત્રીસ પત્નીઓ, સાત માળનો આલીશાન મહેલ, ગુલાબના ગોટા જેવી ગુલાબી અને માખણ જેવી મુલાયામ કાયા, દોગુંદક દેવ જેવા ભોગો, છતા ''મારા માથે પણ રાજા ?'' આ એક વાક્ય કાને પડતા જ તેના મોહ પડલો ભેદાઈ ગયા. દેશનાનું પાન કરી દીક્ષા લેવા સજ્જ થયો.

માતા કહે છે- હે લાડલા ! તું કોમળ છે. સાધનાનો માર્ગ કઠોર છે. તું સુકુમાર છે. ત્યાં તો ઉપસર્ગોની વણજાર છે, ફુલની પાંખડી પણ તને કાંટાની જેમ ખૂંચે છે. ત્યાં તો ડગલે ને પગલે કાંટાઓ છે, શે સહન થશે તારાથી એ પરિષહોની વણઝાર ? હે શાલી ! આ અઢળક ભોગ સામગ્રીનો એક ઝાટકે ત્યાગ તારા માટે શક્ય નથી. હું તારા માર્ગમાં ખીલો બનવા નથી માંગતી છતા એટલું તો જરૂર કહીશ કે સાધનાનો અભ્યાસ કર, સહન કરવાની ટેવ પાડ, ધીરે ધીરે ભોગનો ત્યાગ કર. માતાની હેતાળ હિતશિક્ષા શાલીના હૃદયમાં સોસરી ઉતરી ગઈ, રોજ એક/એક પત્નિનો ત્યાગ કરે છે.

શાલીભદ્રની નાની બહેનને ખબર પડી કે ભઈલો હવે સાધનાના માર્ગે પ્રયાણ કરે છે. પતિ ધન્નાને સ્નાન કરાવતા ઉના ઉના બોર જેવડા આસું સારે છે.

ધન્નો પૂછે છે - શા માટે અકાળે શ્રાવણ-ભાદરવો ? પત્ની : ભઈલો જાય છે કાયમ માટે અમને બધાને છોડીને, રોજ એક/એક પત્નિ છોડે છે. વાત સાંભળી ધન્નો ચમક્યો. તારો ભાઈ કાયર છે કાયર. સંસાર છોડવો જ છે પછી ધીમે ધીમે શા માટે ? એક ધડાકે ન છુટે ? તેના વૈરાગ્યમાં કચાશ છે.

પત્નિ અકળાઈ ગઈ. આશ્વાસન ભર્યા શબ્દોની આશા હતી ત્યાં આક્ષેપ અને કટાક્ષ વચનોથી ચીડાઈ ગઈ. ગર્જના કરી, ''તો જાવ ને તમારામાં હિંમત હોય તો. ગામને ઉપદેશ દેવા બેઠા છો. છોડી બતાવો એક ધડાકે આખો સંસાર, ખબર પડે કેમ છુટે છે. પત્નિના આ એક જ વાક્બાણે ધન્નાના કર્મપડલ ભેદી નાખ્યા. તે સ્નાનઘરમાંથી સીધો જ સંયમ લેવા નીકળી પડ્યો. હવે પત્નિ બુમરાણ મચાવે છે. ''મને આમ તરછોડીને ક્યાં ચાલ્યા ? મેં તો મશકરીમાં કહ્યું હતું તમે સાચુ કાં માની લીધું ? તમારા વગર મારૂં શું થશે ?'' પણ હવે પાછળ જુએ કે પાછા જાય તે બકરીના બચ્ચા.

બનેવીનું પરાક્રમ સાંભળી શાલીભદ્રે પણ એક સાથે સમસ્ત સંસારને લાત મારી પ્રવજ્યાના પુનિત પંથે પ્રયાણ કર્યું.

સાધનાનો યજ્ઞ આરંભ્યો. આજ સુધી જે કાયાને તુષ્ટ પુષ્ટ કરી હતી તેને કૃશ કરવાની સાધના શરૂ કરી. કંચન વરણી કાયા કાળી કોલશા જેવી કરી. તપ-ત્યાગની ભળભળતી આગમાં ઝંપલાવી આત્માને શુદ્ધ કરવા લાગ્યા. વર્ષોના વ્હાણા વીતી ગયા. કાળક્રમે પ્રભુ વીર પુનઃ રાજગૃહિમાં પધાર્યા.

પ્રભુ કહે-આજે તમારી માતા તમને વ્હોરાવશે. ધન્ના-શાલી તો તહત્તિ કરી ઉપડ્યા.

પ્રભુ પધાર્યાની વધામણી ભદ્રા માતા તથા પરિવારને મળી. સૌના હૈયામાં હર્ષનો મહાસાગર હિલોળે ચઢ્યો હતો. બત્રીસ પત્નિઓ પણ હરખઘેલી થઈ હતી.

બન્ને મહાત્માઓ ઘરના બારણે આવી ઉભા છે પણ કૃશ અને કાળીમેષ

કાયાને જોઈ કોઈ તેમને ઓળખી ના શક્યું. એક બાજુ પુત્રમુનિને વંદનાર્થે જવાની તડામાર તૈયારીઓ ચાલે છે તો બીજી બાજુ આંગણીએ આવેલા પુત્રને આવકારો આપનાર કોઈ નથી. મુનિ રાહ જોઈને પાછા વળ્યા.

રસ્તામાં એક ભરવાડણ મળી. મુનિને જોઈ તેના અંતરમાં સ્નેહ ઉભરાયો. મુનિને દહી વ્હોરાવ્યું. ધન્ય બની ગઈ. મુનિ પ્રભુ પાસે આવ્યા અને કહે, આપે કહ્યું હતુ કે તારી માતાના હાથે વ્હોરશો પણ માતાનો તો ભેટો પણ ન થયો. શુ સર્વજ્ઞ વચન અન્યથા થઈ શકે ? પ્રભુ કહે- શાલી ! તે ભરવાડણ જ તારી પૂર્વભવની માતા હતી. પૂર્વે બાંધેલ સ્નેહ તંતુઓ જનમ જનમ સાથે આવે છે. માટે જ તમારા દર્શને તે ગાંડીઘેલી થઈ ગઈ અને તમને દહીં વ્હોરાવી કૃતકૃત્ય થઈ ગઈ.

હે પ્રભુ ! હવે આ શરીરમાં રસ-કસ નથી. આયુષ્યની દોરી પણ પૂર્ણતાને પગથારે આવી પહોંચી લાગે છે. તેથી જો આપની અનુજ્ઞા હોય તો વૈભારગિરિ ઉપર અણસણ કરી આત્મહિત સાધી લઈએ.

પ્રભુએ સહર્ષ અનુમતિ આપી. જનમ જનમનો કર્મનો ભાર ઉતારવા ગયા વૈભારગિરિ ઉપર, પત્થરની ખરબચડી શીલા ઉપર સાધનાની ધુણી ધખાવી. આજીવન આહાર-પાણીના ત્યાગની ઘોર પ્રતિજ્ઞા કરી. ઉપર આભ અને નીચે ધરતી, ઉપરથી સૂરજ તપે-નીચેથી શીલા તપે. મીણ જેમ આગમાં પીગળે તેમ કાળજાળ ગરમીમાં કાયપિંડ પીગળવા લાગ્યું. શરીર કૃશ થતુ હતુ. મન મક્કમ થતુ હતું. શુભ અધ્યવસાયોની ધારા કુદકે ને ભુસકે વધતી હતી. તન શીલા ઉપર હતું. મન આત્મામાં હતું. આત્મા સમાધિમાં હતો.

આ બાજુ ભદ્રા માતા મહાવીરપ્રભુના ચરણને વંદી કહે - ક્યાં છે અમારા લાડલા મુનિવર ? આપ રાજગૃહીમાં ઘર આંગણે પધારવા છતા તેમને વ્હોરવા કેમ ના મોકલ્યા ? તેમણે સ્વજનધૂનન કર્યું છે. અમે નથી કર્યું.

પ્રભુ કહે- તેઓ તમારે ત્યાં આવી ગયા. તમે વ્યસ્ત હતા. તેથી

પાછા વળી વૈભારગિરિ ઉપર અંતિમ આરાધના કરવા ગયા છે. કેવી ભવિતવ્યતા ! રાજગૃહીમા ઘર આંગણે આવ્યા છતા મેળાપ ન થયો. પેલી ભાગ્યશાળી ભરવાડણ લાભ ખાટી ગઈ. ભદ્રાને ધ્રાસકો પડ્યો. ધરતી ધ્રુજતી લાગી. દુનિયા ગોળફરતી લાગી. અને છાતી કુટતી નિષ્ચેષ્ટ થઈ. પત્નિઓને પણ કારમો આઘાત લાગ્યો. ચેતના આવતા હે શાલી ! હે મારા શાલી ! કરતી માતા દોડી વૈભારગિરિ ઉપર.

બંને મુનિ ધ્યાનમાં છે, શીલા ઉપર શીલા જેવા જ અડગ અને અચલ છે. કુમળી કાયા કઠોર સાધનામાં મસ્ત છે. રોતી કકળતી મા ત્યાં પહોંચે છે. ગગનભેદી ચીચીયારીઓ અને હૈયાફાટ રૂદન પત્થરદિલને પણ પીગાળી દે તેવા હતા.

શાલી ! હો શાલી ! બેટા શાલી ! જો જરા ઉંચુ તો જો. આ તારી માવડી રોતી કકળતી તારા દર્શને આવી છે ! આ તારી બત્રીસ પત્નિઓ તારા દરસનીયા કાજે ઝુરી રહી છે. બેટા ! એકવાર તો આંખ ઉંચી કર. અમે તારા ઉપકારી છીએ. કેટકેટલા અરમાનો અને કોડો લઈ તારી પાસે આવ્યા છીએ. તું આંગણીએ આવીને પાછો ગયો. જરા સમાચાર તો આપવા હતા.

બેટા ! તારી ઘોર સાધના જોઈ કંપારી છુટી જાય છે. ક્યાં તે ફુલની કોમળ શય્યા ! ને ક્યાં આ પત્થરની કઠોર શીલા ! ક્યાં તારી ગુલાબી કાયા ! ને ક્યાં આ ચીમળાયેલા પુષ્પ જેવી કાયા ! ક્યાં એ તારા દિવ્ય ભોગો ! ને ક્યાં આ કઠીન સાધના ! ક્યાં તે હજારો નોકર ચાકરો ! ક્યાં આ તારી અસહાય દશા ! કલ્પના કરતા ધ્રુજી જવાય છે. બેટા ! તું સાધના કર પણ એકવાર અમારી સામે નહી જુએ ? આખી જીંદગી તારી યાદમાં અમારે આસું સારતા રહેવું પડશે.

માતાનો હૈયાફાટ વિલાપ મુનિઓને ચલિત ન કરી શક્યો. તેઓ તો સમાધિની અગોચર દુનિયામાં ખોવાઈ ગયા હતા. કો'ક અજ્ઞાત તત્વમાં લીન-

વિલીન થઈ ચુક્યા હતા. અમરત્વની ભેટ ધરતું મરણ પામી અનુત્તરવાસી બની ગયા.

શાલીભદ્રના જીવનનું પોસ્ટમોર્ટમ કરતા ખ્યાલ આવશે કે તેમણે અઢળક ભોગ સામગ્રી છોડી, સાધના કરી, તો ગતિ પામી સિદ્ધ થયા. જે છોડે છે તે જ પામે છે. જે ખાલી થાય છે તે જ પામે છે. જે ખાલી થાય છે તે જ ભરાય છે.

**''અપૂર્ણો પૂર્ણતામેતિ પૂર્યમાણસ્તુ હીયતે''** (ઉપા.યશો.વિ.મ.)

અંતે–

**દ્રષ્ટિ ભ્રમરની હોય તો પામી શકો મધુ**
**એવુ કયુ છે ફૂલ જે રસથી સભર નથી.**

* * * * *

# આત્મજ્ઞાની શ્રમણ કહાવે

ડૉક્ટર બનવા માટે અમુક અભ્યાસ કરવો જ પડે. વકીલ બનવા માટે ડીગ્રીઓ લેવી જ પડે. M.B.A. થવા માટે રાતદિવસના ઉજાગરા કરવા પડે, અને I.A.S. ઓફિસર થવા માટે પણ આકાશ પાતાળ એક કરવા પડે, ત્યારે સવાલ થાય કે મુક્ત થવા માટે કેટલુ જ્ઞાન આ જનમમાં મેળવવું પડે ?

કેટલા શાસ્ત્રો વાંચવા પડે ? કેટલા આગમો આત્મસાત્ કરવા પડે ? કેટલી વેદ-ઉપનિષદ્ કે ગીતાની પંક્તિઓ - અધ્યાયો-રૂચાઓ કંઠસ્થ કરવી પડે ? કેટલો અભ્યાસ - કઈ ડીગ્રી મુક્ત થવા માટેનું માપદંડ છે ?

આ જટીલ પ્રશ્નનો સરળ જવાબ મહોપાધ્યાય યશોવિજયજી મ.જ્ઞાનસાર અષ્ટકમાં આપે છે.

**નિર્વાણપદમપ્યેકં ભાવ્યતે યન્મુહુર્મુહુઃ**
**તદેવ જ્ઞાનમુત્કૃષ્ટં નિર્બંધો નાસ્તિ ભૂયસા,**

મોક્ષ કે એના જેવા કોઈપણ એકાદ પદનું પૌનઃપુન્યેન આત્મસ્પર્શી ભાવન કરવામાં આવે તો તે એક પદનું જ્ઞાન પણ સર્વોત્કૃષ્ટ જ્ઞાન છે અને તે મુક્તિ આપવા સમર્થ છે.

વ્યવહારથી ચૌદ પૂર્વનુજ્ઞાન તે ઉત્કૃષ્ટ જ્ઞાન છે પણ મુક્ત થવા માટે તે હોવું જ જોઈએ એવો કોઈ નિયમ નથી.

અનંતા ચૌદપૂર્વીઓ આજે પ્રમાદાદિના કારણે સંસારના કારાવાસમાં સબડી રહ્યા છે. જેમના અસ્તિત્વની નોંધ પણ કોઈ લેતુ નથી. એક દિવસ જેઓ કેવળજ્ઞાની જેવી દેશના દેવા સમર્થ હતા, અનેક જીવોના અનેક ભવોના સંશયો ફેડવા સક્ષમ હતા, જ્યારે આજે તેમનુ જીવન જ્ઞાનના શુન્યાવકાશથી ઘેરાયેલુ છે !

બીજી બાજુ એવા ઢગલાબંધ દ્રષ્ટાંતો છે કે માત્ર એકાદ પદના પરિભાવનથી જેઓ સિદ્ધ થઈ ગયા હોય.

ચૌદ પૂર્વધર નિગોદમાં ! અને એકાદ પદના Knowledge વાળા મોક્ષમાં ! કેવો વિરોધાભાસ ! આનો અર્થ એવો નથી કે ‘‘વધુ-વધુ ભણવુ વ્યર્થ છે ?’’

કેવળજ્ઞાન પામવાનો રાજમાર્ગ તો આ જ છે કે રોજ વધારેમાં વધારે અપૂર્વ-અપૂર્વ જ્ઞાનાર્જન કરવું. અને ઉપા. મ. નો આશય છે કે - પોપટીયા જ્ઞાનના ઢેર ઊભા કરવા કરતા એક પદ ભણો પણ તેને આત્માના પ્રદેશે પ્રદેશ સાથે પ્લાવીત કરી દો, ભાવિત કરી દો, બંને વચન સત્ય-સાપેક્ષ છે.

એવા રૂપિયાના ઢેરને શું કરવાના ? કે જે કમાતા જીંદગી પૂરી થઈ જાય અને ભોગવવાનો સમય જ ના મળે ?

એવા જ્ઞાનના ખડકલાને પણ શુ કરવાનું ? જેના ચિંતન-મનન દ્વારા જીવનને સુસંકૃત કરવાનો અવસર જ ના મળતો હોય ?

ટુંકમાં-તમારી પાસે જ્ઞાન કેટલું છે એના કરતા એ જ્ઞાન કેવુ છે એના ઉપર મુક્તિની નિકટતા અને દૂરતાનો આધાર છે.

જ્ઞાનને વધારવા કરતા તેને સુધારવા તરફ લક્ષ્ય કેન્દ્રિત કરવાનું છે. Quantity-Oriented નહીં Quality-Oriented થવાનું છે. જ્ઞાનનો વ્યાપ નહી ડેપ્થ વધારવાની જરૂર છે. મે આટલા આગમો વાંચ્યા, વેદ-કુરાન અને ગીતા તો મારી જીભે રમે છે ! આટલી રૂચાઓ-ગાથાઓ by heart છે. કોઈપણ શાસ્ત્ર મારી બુદ્ધિનો અવિષય નથી.

બસ, આમાં જ આપણને રસ છે, કોઈ પુછે કે- કેટલુ ભણ્યા ? ત્યારે તે સાંભળતા થાકી જાય એટલા ગ્રંથોના નામો ગણાવતા રહેવામાં જ જીવનની ઈતિશ્રી માની લીધી છે તેમાં જ અવર્ણનીય આનંદની અનુભૂતિ થાય છે.

બુદ્ધિ-વિદ્વત્તા અને વાક્પટુતા દ્વારા સામી વ્યક્તિને આંજી તેના દ્વારા થતી આપણી આત્મપ્રશંસામાં મહાલવામાં જ્ઞાનની સાર્થકતા માની લીધી છે. પણ આ આપણી અજ્ઞાનતા છે, કાં તેને જ્ઞાનનું અજીરણ કહી શકાય અને કાં તો જ્ઞાનનો અહંકાર.

● ચંડકૌશીક નાગ કેટલો ખુંખાર હતો, તેના ડંખ તો દૂર રહો પણ દ્રષ્ટિમાં જ એવો વિષાગ્નિ હતો કે તેની દ્રષ્ટિ પડતા જ સજીવ-નિર્જીવ સૃષ્ટિ બળીને ખાખ થઈ જતી. આ દ્રષ્ટિવિષની આભામાં આકાશમાં ઉંચે ઉડતા પક્ષીઓ પણ બળીને ભડતુ થઈ જતા, ક્રોધની ચરમસિમાએ પહોંચેલા આ આસિવિષને પ્રભુ મહાવીરનો ભેટો થયો, માત્ર ત્રણ પદ જ પ્રભુ બોલ્યા, **''બુજ્જ બુજ્જ ચંડકોશીયા.''**

આ વચને તેને વિચાર કરતો કરી દીધો, વારંવાર આ ત્રિપદીને સ્મૃતિપથ પર લાવી ઘુંટતો ગયો, ઘુંટતો ગયો. તેના પ્રભાવે તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. અંતરાત્મા જાગૃત થયો. જીવનમાં દિવ્ય પ્રકાશ થયો, ક્રોધની સાથે આહારનો પણ ત્યાગ કરી આઠમાં દેવલોકમાં પહોંચી ગયો. માત્ર ત્રણ પદના પ્રભાવે.

● ચિલાતિપુત્ર નામનો ખુંખાર બહારવટિયો, કો'ક શેઠને ત્યાં ધાડ પાડી, પૈસાની સાથે શેઠની પુત્રી સુસિમાને ઘોડા ઉપર લઈ ભાગ્યો. શેઠ તેની પાછળ સૈનિકો લઈ દોડ્યા, પકડાઈ જવાના સંભવિત ભયથી તેણે તલવારના એક ઝાટકે સુસિમાનું ધડ-માથુ અલગ કરી નાખ્યા, હતાશ વદને શેઠ પાછા ફર્યા.

રસ્તામાં ચિલાતીને સાધનામગ્ન સાધુના દર્શન થયા, તલવારના જોરે સાધુને પૂછે છે - એ સાધુ ! તત્વ શું છે ? મહાત્મા ધ્યાનમુક્ત બને છે. ક્રોધાંધતાના કારણે વિવેક ચુકેલા ચિલાતીનો દેદાર જોઈ મુનિ પરિસ્થિતિ પામી જાય છે. મધુરકંઠે- કરૂણાર્દ્ર હૃદયે કહે છે - તત્વ ત્રણ છે. **ઉપશમ-વિવેક અને સંવર.**

ઉપશમ એટલે ક્રોધને છોડી ક્ષમાનો સ્વીકાર કર.
વિવેક એટલે આત્માના હિતાહિતનો વિચાર કર.
સંવર એટલે આત્મામાં આવતા નવા કર્મોને Stop કર.

ચૌદપૂર્વના સાર સ્વરૂપ આ ત્રિપદીના ચિંતન-સાગરમાં ચિલાતી ડુબતો ગયો, માત્ર ત્રણ પદને ઘુંટી ઘુંટીને તેમાથી એવો અમૃતાર્ક કાઢ્યો કે તેના

અંતરમાં રહેલા કષાયના ઝેરી તાંડવો સહજ શાંત થઈ ગયા, ખૂની ચિલાતી મુનિ બન્યો, ઘોર સાધનાના અમીપાન દ્વારા આત્માને અમર બનાવ્યો, જોયો ત્રણ પદનો પ્રભાવ !

● એક મુનિ હતા, બુદ્ધિ અત્યંત મંદ, મહિનાઓ સુધી રોજ કલાકોના કલાકો મહેનત કરવા છતા એક ગાથા પણ ગોખી ન શકે, નિષ્ફળતાથી હતાશ થએલા મુનિને ગુરૂએ કહ્યુ - નિરાશ ન થા, બીજુ બધુ બાજુએ મૂકી હું બે પદ આપુ છુ તેનુ પારાયણ કર, 'મા રૂષ, મા તુષ', (નિષ્ફળતામાં રોષ ના કર, સફળતામાં તોષ ન કર). મુનિ હર્ષિત થઈ પુનઃ મંત્રોચ્ચારની સાધનામાં લાગી ગયા. 'મા રૂષ, માસ્તુષ' 'મા રૂષ મા તુષ' ની અસ્ખલીત રટણામાં વચ્ચે વચ્ચે 'માસ્તુષ-માસ્તુષ' બોલાઈ જતુ, આ ભૂલના પ્રતિકરૂપે તેમનુ ઉપનામ પડી ગયુ માસ્તુષમુનિ. સાધુઓ ભૂલ તરફ ધ્યાન ખેંચતા, મુનિ 'મિચ્છામિદુક્કડમ્' દઈ ભૂલ સુધારતા. ફરી ફરી રટણા, ફરી ફરી ભુલ, ફરી ફરી પ્રેરણા, ફરી ફરી સુધારણા.

ક્ષાયોપશમની મંદતાના કારણે બે પદ પણ સાચા નહી રટી શકવા છતા મુનિ હતાશ ન થયા, કારણ ગુરૂ ઉપર અટલ શ્રદ્ધા હતી, મંત્ર ઉપર અચલ વિશ્વાસ હતો, મંત્રને આમને આમ સાચી-ખોટી રીતે પણ શ્રદ્ધાથી રટતા આ મુનિના બધા જ કર્મ પડલો ભેદાઈ ગયા, મુનિ કેવળજ્ઞાની બન્યા, સંસારના સર્વદુઃખોથી મુક્ત થયા.

● કલકત્તાના એ બાબુ હતા, પત્નિ દિવંગત થઈ હતી. બાર વર્ષની એકની એક દિકરી હતી. તેને જરાપણ ઓછુ ના આવે એ હેતુથી પિતા તેની ખૂબ જ કાળજી કરતા. એક દિવસ બાળકી સાંજે સ્કૂલેથી ઘેર આવી. ઘરમાં અંધારૂ હતુ. બાળકી અચાનક બોલી ઉઠી - 'पिताजी ! संध्या हो गई, सूरज ढल ने जा रहा है, अंधेरा छा गया है, फिर भी अब तक दिया नही जलाया ?' બાળકીના આ ચાર નિર્દોષ વચન બાબુના હૃદયમાં સોંસરા ઉતરી ગયા. આ ચાર કડીઓને પકડી વિચારની અલગ દુનિયામાં ખોવાઈ ગયા.

મારે ૪૫ વર્ષ થયા એટલે જીવનનો સંધ્યાકાળ થવા આવ્યો, આયુષ્યનો સૂરજ ક્યારે અસ્ત થઈ જાય તે કહેવાય નહી. મારા જીવનમાં હજી ઘોર અંધકાર જ છે. હવે મારે આત્મ સાધનાનો દિપક પ્રગટાવવો જ રહ્યો.

આ વાક્યો દ્વારા એવી ગેબી ચોટ લાગી કે તેના ઉપર ખૂબ જ ઊંડા અને ઉમદા મનોમંથન દ્વારા બાબુનો આત્મા વૈરાગ્યવાસિત થઈ ગયો. સંસાર ઉપરથી મન ઉઠી ગયુ. સાધના દ્વારા આત્મકલ્યાણ કરવાનો દૃઢ સંકલ્પ કરી લીધો.

આ બધા દ્રષ્ટાંતો પૂરવાર કરે છે કે - આત્માની સુસુપ્ત ચેતના શક્તિને જાગૃત કરવામાં ક્યારેક એકાદ પદ પણ નિમિત્ત બની જાય છે. પછી ભલેને એ પદ શાસ્ત્રગર્ભિત હોય. ગુરૂના મુખારવિંદનું ફળ હોય, કોઈ નાદાન બાળકની દેન હોય, કવિતાની કડી હોય, છાપા કે મેગેઝીનની ધ્રુવ પંક્તિ હોય, મહત્વ છે ઘુંટવાનું.

રસ કાઢવા શેરડીને પુનઃ પુનઃ પીલવી પડે છે.

પીપરમાં રહેલુ આંતર સત્ત્વ પ્રગટ કરવા તેને ચોસઠ પ્રહર સુધી ઘસવી પડે છે.

બુદ્ધિ-શક્તિ વધારવા માટે ૨૫/૫૦ બદામના ડુચા મારવા કરતાં પાંચ બદામને દાંત દુખી જાય ત્યા સુધી ચાવ ચાવ કરી રસ ઉતારવામાં ડહાપણ છે.

આ બધી વાતનો સાર એટલો નિકળે છે કે - સંસારના બંધનોથી મુક્ત થવા જીવનમાં રોજ અપૂર્વ સમ્યગ્જ્ઞાનની વૃદ્ધિ કરવી જ જોઈએ. અને તે જ્ઞાનવૃદ્ધિ શુદ્ધિ પૂર્વકની હોવી જોઈએ, શુદ્ધિ વગરની વૃદ્ધિ ગધેડાની પીઠ ઉપર રહેલા ચંદનના લાકડાની જેમ માત્ર ભાર-બોજા રૂપ જ છે.

જ્ઞાનવૃદ્ધિ કરવાની બુદ્ધિ અચૂક સારી પણ શુદ્ધિના લક્ષ વિનાની વિદ્વત્તાના શિખરો સર કરવા અનાત્મસ્પર્શી જ્ઞાનાર્જન કરવાનુ ગાંડપણ તો ખોટું જ. ચૌદપૂર્વનુ જ્ઞાન પણ બચાવી ન શકે એવુ ય બને અને એક પદથી જીવનમુક્તિ થઈ જાય એવુ પણ બની શકે, સવાલ છે જ્ઞાનને ઘુંટવાનો, જ્ઞાન દ્વારા આત્માને ભાવિત કરવાનો.

'ઈક્કોવિ નમુક્કારો તારેઈ નરં વ નારિં વા', તારવાની તાકાત એક નમસ્કારમાં છે. પણ એ નમસ્કાર કેવો હોય ? સામર્થ્યયોગનો, સર્વોત્કૃષ્ટ ભાવોની છોળો ઉછાળતો, પછી બીજા નમસ્કારની પણ જરૂર નથી.

પાંચ નહી એક નવકારવાળી ગણો પણ પરિપૂર્ણ ઉપયોગથી.

પચ્ચીસ નહી પાંચ ગાથા કરો પણ એ ગાથાને આત્મા સાથે ગણો, કેટલા શાસ્ત્રો વાંચ્યા ? એના આંકડાઓ યાદ રાખવા કરતા એક નાના શાસ્ત્રને આત્મસાત્ કરો.

તો ઉપાધ્યાયજી મ.ના આશય મુજબ આવુ એકાદ પદનુ જ્ઞાન આપણુ ઉત્કૃષ્ટજ્ઞાન બની રહેશે, તે જ આપણા આત્માની મુક્તિમાં પરમસહાયક બની રહેશે !

અંતે–

**मान लीया की अंधकार घना है ।**

**मगर दिया जलानेकी कहा मना है ?**

* * * * *

# યૌવનનું માધુર્ય

જીવન પ્રાપ્ત કરવું સરળ છે પણ તેને સફળ કરવું ઘણું જ કઠીન છે. બાળક જન્મે છે ત્યારથી જ તે કોમ્પ્યુટરની જેમ ગતજન્મની જાતજાતની મેમરીઓ સાથે લાવે છે કે જે અવસર મળતા જ પ્રગટ થતી રહે છે. ''ખોળિયું માનવનું - જીવન પશુનું અને મોત નારકીના.'' આ જ આપણી અનેક જીવનયાત્રાનો ચીલો છે.

બાળપણમાં રમકડા, યુવાનીમાં રામા (સ્ત્રી) અને રમા(સંપત્તિ), અને ઘડપણમાં આરામને જ કેંદ્રબિંદુ બનાવી બેઠેલા એકવીસમી સદીના બુદ્ધિજીવી(?) માનવને પ્રભુરટણનો સમય જ ક્યાં છે ?

દૈહિક સુખની પાછળ પાગલ બનેલી સગી જનેતા પોતાના પેટના માસુમ છોડવાના રાઈ રાઈ જેટલા ટુકડા કરી 'હાશ' નો અનુભવ કરે એનાથી વધારે હુંડા અવસર્પિણીનો પુરાવો શો હોઈ શકે ? શાસ્ત્રોએ અને સંતોએ કહેલી માનવ ખોળીયાની દુર્લભતામાં શ્રદ્ધા ન કરનારા નાસ્તિકોને પણ હવે જનમ પામવાની કિંમત સમજાઈ ગઈ છે.

જન્મ મળવા છતાં યુવાની આવતા પૂર્વે જ આજનો નવયુવાન સ્ટાર-કેબલ ટી.વી. અને અશ્લિલ પિક્ચરો પાછળ પાગલ બને છે. માદક દ્રવ્યોમાં મોહિત થઈ શારીરિક ફેકલ્ટીનો શેરડીના સાંઠાની જેમ રસ કાઢી તનને ખોખરૂ કરી નાખે છે. 'શરીરમાદ્યં ખલુ ધર્મસાધનં' ધર્મ કરવા માટેનું સૌપ્રથમ સાધન શરીર જ છે. આ શાસ્ત્રકડીઓને ઘોળીને પી જનારાઓએ હવે ધમની સુરક્ષિત રાખવા માટે પણ તન-મનને પવિત્ર રાખવા જ પડશે. આત્મસંયમના સિદ્ધાંતો સ્વીકારે જ છૂટકો છે.

ઘડપણ આવતા પૂર્વે જ 'ઘરડા ઘરો' માં ઘુસવુ પડશે એની કલ્પનાથી થરથરતો અર્ધવૃદ્ધ માનવ 'વાર્ધક્યે મુનિવૃત્તિનાં' ઘડપણ આવતાની સાથે જ મુનિ જેવા જીવન જીવવાના આદર્શને ભલે માથાને બદલે માળીયે ચઢાવતો હોય પણ પોતાના પશ્ચાતકાળમાં કાતીલ યાતનાઓ વેઠવી ન પડે

તે માટે પણ 'આરામ હરામ હૈ' ના સૂત્રને આત્મસાત્ કરી પ્રભુરટણની ધુન જગાડવી જ પડશે !

બાળપણમાં અજ્ઞાનદશા, યૌવનકાળમાં મોહદશા, અને ઘડપણમાં કષ્ટદશાના ત્રિપાખીયા જંગમાં જીવવુ એટલે જીવનશુન્યતા, માત્ર શુન્યાવકાશ, પરપોટામાં હોય તેવો, જ્યા ગતિ છે પ્રગતિ નથી પણ અધોગતિ નિશ્ચિત છે. જ્યા પ્રાણવાયુ છે, પણ પ્રાણ નથી, જ્યા હાડકા-ફેફસા આંતરડાનો ઢગલો અને માંસ લોહિના ખાબોચિયા એજ શરીરની વ્યાખ્યા છે, જે ચેતનામય કહેવાય છે પણ ચેતના નથી, જ્યા મન છે પણ રોબોટ જેવું.

તેનાથી વિપરીત વિચારીએ -

**'જીવનને તુ જીવી જાણ'** આ કડીમાં અધુરાશ ભાસતી હોય તેમ લાગે છે. સજ્જનો-સદાચારો અને પરોપકારાદિ દ્વારા, વિદ્વાનો પોતાના પાંડિત્ય દ્વારા, શૂરવીરો પોતાના શૌર્ય દ્વારા, દેશપ્રેમી-રાષ્ટ્રપ્રેમીઓ રાજનેતાઓ અને કહેવાતા ધર્મનેતાઓ અનેકવિધ કાર્યો દ્વારા દિગંતવ્યાપિ-યશ-કીર્તિ મેળવી ઈતિહાસના પાને અમર થઈ જીવનને જીવી જાણતા હોય છે. આટલા માત્રથી પૂર્ણવિરામ આવી જાય ? એમ તો વારાંગનાના નામોને પણ લોકો ક્યા ભુલવા તૈયાર છે ? માટે જ કહેવુ પડશે કે **'જીવનને તુ જીતી જાણ'** જીવન જીતવાનુ છે. ફરી જીતવુ ન પડે તે રીતે, તેના માટે શૂરવીર-પંડિત કે સિકંદર જેવા શાસક બનવાની જરૂર નથી, બે અક્ષરનો સંત જ તે કામ કરી શકે છે. સોફેસ્ટીકેટેડ વેપન્સની જરૂર નથી. પ્રેમ-કરૂણાનો મુલાયમ ધોધ જ તે કામ કરી શકે છે. ખૂંખાર નહી, પ્રેમાળ બનવુ પડશે, દુશ્મનો સાથે નહી, જાત સાથે જ લડવાનું છે, જીવન જીતવા જાગૃત બનવુ પડશે.

બાળપણમાં સૌમ્યતા-સરળતા અને વિદ્યાભ્યાસ હોવો જરૂરી છે. પશ્ચિમી સંસ્કૃતિને શીરોમાન્ય કરી સર્વિસ કરતા માતા પિતાની હુંફ વિના Children Houses માં ઉછેરાતા-બાળકોમાં સૌમ્યતાની કલ્પના કરવી.... 'તારી વસ્તુ કોઈને બતાવીશ નહી. નાસ્તો ખૂણામાં બેસીને એકલો ખાઈ લેજે, કોઈની નજર ના લાગી જાય, કોઈનો માર ખાતો નહી. સામે ચોપડી દેજે.' વિગેરે

વિગેરે સ્વાર્થવૃત્તિના પાન કરાવતી માતાના ભુલકા પાસે સરળતાની કલ્પના કરવી અને પશ્ચિમી મોડેલના માળખામાં પૂરાએલા બાળક પાસે આત્મલક્ષી અભ્યાસની કલ્પના કરવી અસ્થાને જ છે.

**યુવાનીમાં શૌર્ય અને સંયમ જોઈએ જ,** બાળપણમાં સૌમ્યાત અને સરળતા હશે તો જ મધ્યમ વયે શૌર્ય આવશે, યુવાશક્તિનો સદવ્યય એનુ જ નામ છે યુવાનીનો થનગનાટ.

આજે કુવાંચન કુશ્રવણ અને કુદર્શનનો કાળોકેર વર્ત્યો છે. સંતોની 'Self control' (આત્મસંયમ) ની વાતો વાહીયાત લાગે છે. તેનુ પાલન કરનારા વેદીયામાં ખપે છે.

● ધન્ના શાલીભદ્રએ પ્રભુની એક જ દેશના સાંભળી ૩૨/૩૨ અપ્સરાઓ જેવી કન્યા છોડી આત્મકલ્યાણ કર્યું, ● જંબુ એ લગ્નના બીજે જ દિવસે ૮/૮ કોટ્યાધિપતિ કન્યાઓની સાથે સંન્યાસ સ્વીકાર્યો. ● પેથડની શાલમાં સર્વ રોગ દૂર કરવાની શક્તિ હતી, વિ. વાતો કાલ્પનિક હોય કે અશક્ય હોય તેમ લાગે છે. કારણ કે ડગલેને પગલે પથરાએલા અદૃશ્ય-અશ્રાવ્ય અને અવાચ્ય એવા કુનિમિત્તોની ચુંગલમાં આજનો યુવાન ગળાડુબ ફસાએલો છે.

● સતત સંપર્કમાં રહેલા ધાર્મિક અને ખાનદાન કુટુંબના, S.S.C. સુધી ખુબ સંસ્કારી રહેલા એક યુવાનને ચાર વર્ષ બાદ હાડપિંજર અવસ્થામાં અને શ્વાસ લેવામાં પણ શ્રમ પડતો હોય તેવી કંગાલ હાલતમાં જોયો. જોકે શર્ટ ખાસો ખુલતો હતો. હાડકાનું પ્રદર્શન ના થાય તે હેતુથી જ સ્તો, આત્મિયતાથી કારણ પુછ્યુ, નિઃસંકોચ તેની કહાણી સંભળાવી, કોલેજમાં ચાલતા કૌભાંડો અને કારસ્તાનો તથા રાત દિવસ ચાલતી ટી.વી. ચેનલોએ તેના તન-મનને ભરડી લીધા હતા, માત્ર ૧૮ વર્ષની વયમાં તેનુ જીવન નિઃસત્વ, તન નિસ્તેજ અને મન ભ્રષ્ટ થઈ ચૂક્યુ હતુ. અનેક રોગો ડેરો ઘાલીને બેઠા હતા. કોઈ કામ કરવાની શક્તિ કે ઉત્સાહ ન હતો.

મને કહે- મોત કે બ્લુ પ્રિન્ટનો ત્યાગ આ બેની પસંદગીમાં મોત જ પસંદ કરૂ એવી મારી સ્થિતિ છે. કોણ બચાવે આવા વાસનાના ગુલામોને ?

બીજો યુવાન પરિચયમાં આવ્યો. ગુરૂદેવશ્રીના વ્યાખ્યાનથી ખૂબ પ્રભાવિત થયો. વૈરાગ્યભાવ ઉત્કટ થયો. કહે સાહેબ ! છ મહિના પૂર્વે મળ્યા હોત તો આજે નિશ્ચિત તમારી સાથે હોત. મે કહ્યું પણ હજી તો સગાઈ પણ થઈ નથી. જીવનદિશા બદલાવાની પૂરી તક છે. સાહેબ ! સમાગમ એવો થઈ ગયો છે કે છુટી શકાય એવી કોઈ શક્યતા નથી.

યૌવનની કળી ફુટતા પૂર્વે જ તેને ચીમળી નાખનારની દશા-તેના ધુંધળા ભાવીની કલ્પના પણ ધ્રુજારી પેદા કરે એવી હોય છે. યુવાનીને ચુંથી નાંખતી મુખ્ય બે જ ચીજ છે, Wine and Woman, આ બેમાંથી એકનાં ફંદામાં પણ ફસાયા એટલે અહીં આપણી જાતે જ નરકનું સર્જન કર્યુ સમજો.

યુવાનીને સતેજ રાખવા શૌર્ય જોઈએ, આપણા કુસંસ્કારોને ભડકાવે તેવા કુનિમિત્તો સાથે ઝઝુમવાનું શૌર્ય જોઈએ. આવુ શૌર્ય પ્રગટે છે આત્મસંયમની જ્વાળમાંથી, શુભ વિચારધારા દ્વારા જે સરળ બને છે. **આપણા વિચારો જ આપણા જીવન સર્જક છે.**

Toughts are force, subtle, vital, creative, continuty building and shaping our lives according their nature, that means life always and inevitably follows the thought.

આજે 'ગૌતમબુદ્ધ' બ્રાન્ડ દારૂ વેચાય છે. ઉત્પાદકોનું કહેવુ છે કે આની મજા માણો અને ગૌતમબુદ્ધ જેવી સમાધિનો અનુભવ કરો. છે ને ! દારૂ પીને સમાધિ લગાવો. શાંતિ મેળવો ! ક્યાય તાળ-મેળ મળે છે ?

આજે ભારતમાં જ બત્રીસ લાખ ટીબીના દર્દીઓ છે (કે જેટલા બીજા કોઈ દેશમાં નથી) અને ટુંક સમયમાં કરોડના લક્ષ્યાંક સિદ્ધ કરવાના તનતોડ પ્રયત્ન ચાલે છે.

આર્યાવર્તના સંસ્કૃત યુવાનોના જીવન સાથે ચેડા કરનારાઓને પુરસ્કારો અપાય એ જ શુ કલિકાલનો સચોટ પુરાવો નથી ?

ગ્રીક ઈતિહાસકાર એક વખત ભારતની મુલાકાતે, આવેલ ઘણો સમય અવલોકન કરી ગ્રીક જઈ ભારત વિશેની અવનવી વાતો પુછતા ગ્રીકોને તેણે એક જ વાક્યમાં સાર કહી દીધો કે-

No Hindu was ever known to tell an untruth and no Hindu woman was ever known to be unchest.

● આખા હિંદુસ્તાનમાં અસત્ય બોલતો માનવ અને અપવિત્ર સ્ત્રી તેને ગોતી ન જડી. કેટલો ગૌરવવંતો આ આપણો આદર્શ, એ જ હિસ્ટોરીયન કદાચ આજે પાછો આવે તો બરાબર આનાથી ઉંધુ સ્ટેટમેંટ આપવું પડે એટલી હલકી ભૂમિકા ઉપર આ દેશ આજે પહોંચી ગયો હોય એવુ નથી લાગતુ ? ક્યાં આર્યાવર્તના ઉચ્ચ આદર્શો અને કયા આજની અવદશા ?

● ૯૫ વર્ષના વૃદ્ધને એક યુવાને પુછ્યુ - ઘણા દાયકાઓ અને દિવાળીઓ તમે જોઈ છે, તમારા જુના જમાનામાં અને આજના નવા જમાનામાં કેટલો ફેર લાગે છે ? બે ઘડી વિચારી વૃદ્ધે કહ્યું, ૫૦ વર્ષ પહેલાની વાત છે. એક્વાર ઝુંપડીમાં બેઠો હતો. ધોધમાર વરસાદ વરસતો હતો. એક બહેન પલડતી-પલડતી ધ્રુજતી ધ્રુજતી રક્ષણ માટે મારી પાસે આવી, આખી રાત રક્ષણ આપ્યું, તે વખતે અજાણ્યા અતિથિને આવકારો આપવાનો ક્યારેય ન અનુભવ્યો હોય તેવો અનેરો આનંદ અંતરમાં માણ્યો હતો અને આજે તે દ્રશ્ય નજર સામે આવતા જ પશ્ચાતાપ થાય છે કે હાથમાં આવેલો લાભ જતો કર્યો, આજ ફરક છે તમારા જમાનામાં અને અમારા જમાનામાં.

વિકૃતિઓએ માઝા મુકી છે તે વાત નિશ્ચિત છે, પણ માથુ કુટ્યે કામ નહી ચાલે, ઉત્ક્રાંતિનો પ્રારંભ જાતથી જ કરવો પડશે, મધ્યમવયમાં સંયમ કેળવ્યે જ છુટકો છે. તો જ જીવનના છેવાડે શાંતિ અને સમાધિ મળશે ! અન્યથા અતૃપ્તિ અને આર્તધ્યાનથી અગનજ્વાળાઓ એવી ભડકશે

કે ચિતામાં બળતા પૂર્વે જ ખાખ થઈ જવાશે. Turn your searchlight inwards.

દીવો લઈ બહાર પ્રકાશ કરવાની જરૂર નથી, અંતરમાં નજર કરો, આંખ ઉઘડી જશે. આપણી દશા દેખાશે અને દિશા પણ મળી જશે !

**राष्ट्र की रक्षा शस्त्र सरंजाम से नही होती**
**शरीर की रक्षा खान पान से नही होती**
**वासना मे हि सुख समझने वाले लोग !**
**जीवनकी रक्षा भोग विलास से नही होती !**

* * * * *

# ક્યો ધર્મ કતલ કરવાનુ કહે છે ?

કુદરતનું તંત્ર ખૂબજ વ્યવસ્થિત ચાલી રહ્યું છે પ્રકૃતિની સમતુલા સદા જળવાઈ રહી છે. એક પ્રાણી જ્યારે સૃષ્ટિમાંથી વિદાય લે છે ત્યારે બીજાનો અચુક જન્મ થાય છે, અને કુદરતના ત્રાજવાના પલ્લાની સમાનતા અકબંધ રહે છે. પણ જ્યારે કોઈ પ્રાણીને જાણી જોઈને મારી નાખવામાં આવે છે ત્યારે સૃષ્ટિની સમતુલામાં ભંગાણ પડે છે, કુદરત કોપાયમાન થાય છે. કુદરત કહો, સૃષ્ટિ કહો, પ્રકૃતિ કહો, સમતુલા કહો કે આજના શબ્દમાં પર્યાવરણ કહો. બધાનો અર્થ એક જ છે. ટૂંકમાં જ્યારે કોઈ પણ જીવંત સૃષ્ટિને રીબાવી રીબાવીને પરાણે-કમોતે-જાણી જોઈને ખલાસ કરવામાં આવે છે ત્યારે પર્યાવરણની જાળવણીમાં તેમનો ફાળો ઓછો થવાને કારણે જ પર્યાવરણ વાસ્તવિક દુષિત બને છે.

શું પર્યાવરણનો સાચો અર્થ આપણે જાણીએ છીએ ? શું ઔદ્યોગીકરણથી જ માત્ર પર્યાવરણ દુષિત બને છે ? પહેલા પર્યાવરણને હાથે કરીને દુષિત કરી, પછી આંતરાષ્ટ્રિય કોન્ફરન્સોમાં તેને સુધારવા માટેની માત્ર સુફીયાણી ચર્ચાઓ કરી, વિશ્વના દેશોની વાહવાહ મેળવવાનો કોઈ અર્થ ખરો ? સમજી લો કે - '**સૃષ્ટિના સંહારથી પર્યાવરણ દુષિત બને છે.**' એટલે કે પશુસૃષ્ટિનો નાશ = પર્યાવરણનો નાશ.

બીજી વાત-પ્રાણી સૃષ્ટિનો માનવજાત પર અગણ્ય ઉપકાર છે. જ્યારે માનવ જાનવર માટે રાતી પાઈ જેટલો ય ઉપકાર કરી શકતો નથી, જ્યારે એ પશુસૃષ્ટિના ઉપકાર વિના માનવ એક ક્ષણ પણ જીવી શકતો નથી.

થોડુંક વિચારતા ખ્યાલ આવશે કે - પશુસૃષ્ટિ માનવજાત સાથે અતિનિકટનો સંબંધ ધરાવે છે, છતાં આ કૃતઘ્ની માનવ (દાનવ !) દીર્ઘદ્રષ્ટિના અભાવે તેના સંહાર દ્વારા પોતાના પગ પર જ કુઠારાઘાત કરી રહ્યો છે.

એક સુંદર રૂપક છે. દેવે પ્રસન્ન થઈ એક માણસને વરદાન આપ્યું કે તારી કુકડી રોજ એક સોનાનું ઈંડુ આપશે, ભાઈ ખુશ થઈ ગયો. રોજ

સવાર પડતા સોનાનું ઈંડુ મળવા લાગ્યું. ઘણા દિવસો વિત્યા, ભાઈને થયું, રોજ સવારના આ ખટપટ ક્યાં કરવી ? લાવને બધા ઈંડા એક સાથે જ કાઢી લઉં. સેંકડો ઈંડાઓની આશામાં પેટ કાપ્યું મરઘીનું ! મળી અશુચિ અને વિષ્ટા, દેવતા કુપિત થયો. હતું તે પણ ગુમાવ્યું.

રૂપક સ્પષ્ટ સમજાવે છે કે જીવંત પશુસૃષ્ટિ પાસેથી ધીમે ધીમે છતા કાયમ મળી રહેતા અગણિત લાભોથી અસંતુષ્ટ અને અતૃપ્ત બુદ્ધિજીવી ગણાતો આજનો માનવ બધા જ લાભોને એક સાથે મેળવી લેવાની ભ્રમણામાં સગા માબાપ જેટલી જ ઉપકારક પશુસૃષ્ટિનો સંહાર કરી હાથે કરીને ભિખારી બનવાના ધંધા કરી રહ્યો છે. ઉઘાડી આંખે કુવામાં પડી રહ્યો છે.

ટૂંકમાં- પશુસૃષ્ટિનો નાશ = માનવસૃષ્ટિનો નાશ

'ઓ દયાળ ! બચાવો-બચાવો અમને બચાવો !'

જાણો છો કોના છે આ બોલ ?

- પોલ્ટ્રી ફાર્મમાં ગરદન મરડીને કપાતા કુકડાઓના આ અંતિમ ઉદ્‌ગાર છે.
- જાયન્ટ કતલખાનામાં ધારદાર છરા નીચે કપાતી ગાયભેંસોની આ હૃદય ભેદી બુમરાણ છે.
- ગળામાં ફાંસો ખાઈ કસાઈની પાછળ જતા ઘેટાબકરાઓની આંખમાંથી સરતા આંસુઓથી આલેખાયેલા આ અક્ષરો છે.
- નીચે રહેલી ભડભડતી આગ ઉપર સેકાઈને ચામડીનું બલિદાન દેતા ડુક્કરોની આ ચીચીયારી છે.
- માછીમારની જાળમાં ફસાએલા માછલાઓની અંતિમ ઈચ્છા છે.
- વિદેશીઓના મોઢામાં ચવાતા ભારતીય દેડકાઓની આ કરૂણ કહાની છે.

હવે સસલાઓનો વારો આવ્યો છે. કારણ કે સસલા સિવાય આ સરકારે કોને બાકી રાખ્યા છે ? રાજનિતિનો ઝેરી પંજો તેમના પર પડી રહ્યો છે. વર્ષના અબજો સસલાઓની ક્રૂર કત્લેઆમ કરી હજારો ટન માંસની નિકાસ કરી પરદેશીઓને ખુશ રાખવાની યોજના છે. સફેદ દૂધ જેવી

રૂવાંટીઓથી લોકોની સાહજિક આકર્ષણ પેદા કરતા એ બિચારા નિર્દોષ બાલુડાઓનું શું થતુ હશે ? જંગલના ખૂણેખૂણામાંથી કાન પકડીને તેમને બહાર કાઢવામાં આવે છે. તેમના પર ક્રૂર અત્યાચારો ગુજારવામાં આવે છે. તેમની રૂવાંટીઓ ઉખેડી નાખવામાં આવે છે. ચામડીઓ ચીરી નાખવામાં આવે છે. ઘડી બે ઘડી પૂર્વે આનંદ કિલ્લોલ કરતા એ કુદરતના બાલુડાઓને સદા માટે શાંત કરી દેવામાં આવે છે.

યમરાજ આયુષ્ય પૂર્ણ થાય ત્યારે જ કોઈને હડપ કરે છે. વાઘ અને સિંહ ભુખ્યા હોય ત્યારે જ તરાપ મારે છે. સાપને છંછેડવાથી જ ડંખના પ્રહાર કરે છે. જ્યારે આજની રાજનિતિ યમરાજ કરતા પણ નિર્દય છે, કારણ પશુસૃષ્ટિને કમોતે ખલાસ કરે છે, વાઘસિંહ કરતા ય વધુ ક્રૂર છે, કારણ કે તેનું પેટ ભરાતું જ નથી, અને હલાહલ સાપ કરતા વધુ ઝેરી છે. કારણ પશુસૃષ્ટિ તેમનું કંઈ બગાડતી નથી છતા તેમને ઝેરી ડંખો માર્યા કરે છે.

પશુસૃષ્ટિમાંથી તો કોઈ જ બચી શક્યું નથી. પણ કાલે ઉઠીને કદાચ છાપાઓમાં ‘માનવ ઉછેર કેન્દ્રો’ ના હેડિંગ વાચવા મળે તો પણ આ એકવીસમી સદીમાં આશ્ચર્ય પામવા જેવું નથી. માટે જ તે દિવસ આવે તે પહેલા તમે ચેતી જાવ. શું રાજનિતિ સર્વધર્મ માન્ય સામાન્ય નિયમથી પણ અજાણ છે કે ? As you sow, so shall you reap. મારવાની સંમતિ આપશું તો મરવું પડશે !

કયો ધર્મ કત્લેઆમ કરવાનું ફરમાન કરે છે !

- ખ્રિસ્તીધર્મના પ્રવર્તક ઈશુ ખ્રિસ્ત કહે છે કે ‘તલવાર ચલાવશે તેનું મૃત્યુ થશે.’
- ચાઈનીઝ ધર્મપિતા કોન્ફ્યુશ્યસ કહે છે, ‘સદાચાર અને નિતિ એ જ પરમ ધર્મ છે.’
- ઈસ્લામનો અર્થ જ ‘શાંતિ’ થાય છે. બે મુસલમાન ભેગા થાય

ત્યારે એકબીજા પરસ્પર કહે છે, 'તમને શાંતિ મળો.' કોઈને અશાંતિ આપવામાં આ ધર્મ માનતો નથી.

કુરાનના ૧૪૪ પ્રકરણ છે. દરેકનો પ્રારંભ 'બિસ્મીલ્લા હીર રહમાની રહીમ' (કૃપાળુ-દયાળુ) જેવા મંત્રથી જ થાય છે.

કયામતના દિવસે સારા કર્મ કરનારને સ્વર્ગ અને ક્રૂર-ખોટા કર્મ કરનારને જહન્નમ (નર્ક) મળશે.

અલ્લાને તમારી પરહેજગારી (સદાચાર) જ માન્ય છે.

- હિંદુ ધર્મના 'યતો ધર્મ તતો જયઃ' 'વિનાશાય ચ દુષ્કૃતામ્' વિગેરે ટંકશાળી વચનો આજે બે ચાર વર્ષના બાબલાના મોઢે ય રમતા થઈ ગયા છે. જે જીવે છે તેને રીબાવવામાં, હેરાન કરવામાં, ધર્મ ક્યાં રહ્યો ? માટે કૃષ્ણ ભગવાનને આ અવની પર આવવું પડે તે પહેલા જ આપણા દુષ્ટ કૃત્યો બંધ કરી દેવામાં જ ડાહપણ છે.
- બુદ્ધ ધર્મ અહિંસા-સદાચાર અને સમાનતાપ્રધાન મનાય છે.

  વિશ્વશાંતિ, વિશ્વપ્રેમ ને અહિંસા જ તેમના ઉપદેશનું હાર્દ છે.

  તેમના પંચશીલના સિદ્ધાંતોમાંય અહિંસા ઉપર ભારપૂર્વક ઉપદેશ અને કડક પાલનનો આદેશ છે જ.

  ઈશ્વર તત્ત્વનો નિરાસ કરી કર્મના સિદ્ધાંતને જ માનવામાં આવે છે, કે 'વાવશો તેવું લણશો ને કરશો તેવું પામશો.'
- તાઓ ધર્મ એ ચીની ધર્મ છે, જે પ્રેમ-ત્યાગ, અપરિગ્રહ, નિવૃત્તિ, વિ. સાથે સૌ પ્રથમ અહિંસાનો જ ઉપદેશક છે.

  અહંકારનો નાશ, નમ્રતા-નિવૃત્તિપરાયણતા વિ. તેના મુખ્ય સિદ્ધાંતો છે.

  કોઈના પર વેર ના કરો. કોઈને વેર થાય તેવું ન કરો. એ મહાત્મા લાઓત્ઝેનો મહામંત્ર હતો, પ્રાણી માત્ર પર પ્રેમ કરો. તેમનો મહત્ત્વનો ગ્રંથ 'તા ઈશાંગ કાંગ ચિગ પિયેન' પણ કર્મ અને તેના ફળો પર જ વિશદ પ્રકાશ પાથરે છે.

- જાપાનનો 'શિન્તો ધર્મ' દેવતાઈ માર્ગ મનાય છે. તેમાં પણ કમી(ઈશ્વર) અને સત્કર્મ ઉપર જ ભાર મુકવામાં આવ્યો છે. રાજનિતિમાં આચારશુદ્ધિને વિશેષ માને છે. ધર્મ દ્વારા અદ્વિતીય રાજકીય સંગઠન અને પ્રજાની એકતા એ જ આ ધર્મનું લક્ષણ છે.
- યહુદી ધર્મ :- જહોવાદે (ઈશ્વરે) મોઝીઝને દશ ફરમાનો આપ્યા. કડક પાલન કરવા-કરાવવાના કરાર થયા. તેમાં ય સત્ય આચરણ અને પવિત્ર જીવનને આગવી વિશિષ્ટતા આપવામાં આવી છે. તેમના Ten Commandments માંય કહ્યું છે કે - અઠવાડિયામાં છ દિવસ જ કામ કરવું, તેથી એક દિવસ ઢોરઢાંકરોને પણ વિશ્રામ મળે. કોઈ પણ પ્રાણીનું ખૂન કરવું નહીં વિ. હિબ્રુ ભાષામાં લખાએલ તેમના અનેક ગ્રંથો પ્રજાપ્રેમ-પશુપ્રેમ-વિ. પર ભાર આપે છે.

  યહુદીઓ તાલમદ નામના ગ્રંથમાં ફરમાવેલ આવા પવિત્ર કરારોને કડકપણે પાળવામાં માનતા હોય છે. પિતૃપૂજાની સાથે પ્રાણીપૂજા કરવાની તેમની માન્યતા છે.
- શીખધર્મ :- હિંદુ-મુસલમાન વચ્ચે ઉગ્ર વિખવાદ અને સંઘર્ષનાં કાળમાં ઐક્યનો ઉપદેશ આપી મહાન સિદ્ધિ પ્રાપ્ત કરનાર ધર્મગુરૂ નાનકે પણ આખા હિંદુસ્તાનમાં ઈશ્વરીય ભક્તિપ્રધાન ઉપદેશોની ધારા વહાવી હતી.
- જૈન ધર્મ :- આ ધર્મ તો અહિંસા, સંયમ, તપની ઈમારત ઉપર જ ઉભો છે.

  જીવો અને જીવવા દો, બધાનો આત્મા એક સરખો છે.

  બધા જીવોને સુખ પ્રિય છે, દુઃખ અપ્રિય છે.

  મરવું કોઈને (નાના કીડાને પણ) ગમતું નથી.

  કોઈને હેરાન કરવા, પીડવા, મારવા એ આપણા આત્માની જ કતલ છે.

બધાને પ્રેમ આપો, બધાની રક્ષા કરો. વિ. જૈન ધર્મના સિદ્ધાંતો જગત્પ્રસિદ્ધ જ છે.

ડગલે ને પગલે કર્મના સિદ્ધાંતને આગળ કરે છે.

દરેકને પોતાની સારી-નરસી પ્રવૃત્તિઓનું Result અવશ્ય મળે જ છે. માટે જ મરવું ન હોય તો કોઈને મારશો નહીં.

નાનામાં નાના જીવની પણ આ ધર્મમાં ખૂબ જ જતનપૂર્વક રક્ષા કરવામાં આવે છે.

- જરથોસ્તી ધર્મના અહુરમજદ (ઈશ્વર) ને પણ સર્વ જીવના રક્ષણહાર મનાય છે. જરથોસ્ત રચિત 'અવસ્થા' માં પણ પ્રાણી પ્રત્યે દયા-કરૂણાની વાત આવે જ છે. આ અહુરમજદના છ દૂતો (શક્તિઓ) મનાય છે. આ જુદા જુદા અમસાસ્પન્દોથી જ જરથોસ્તને પરમેશ્વરનું જ્ઞાન કરાવ્યું. સાથે પશુ-અગ્નિ-જળ-વનસ્પતિ, હથિયાર-પૃથ્વી વિગેરેનું રક્ષણ કરવાનું પણ ફરમાન કર્યું.

અહુરમજદના પક્ષમાં રહેનારને સ્વર્ગ અને અહ્રિમાનના પક્ષમાં રહેનારને નરક મળે છે.

માત્ર પ્રભુ પ્રાર્થના કે ભક્તિમાં જ ધર્મની સમાપ્તિ નથી, પણ ગૌસેવા, સમાજ ઉપયોગી કાર્યો પણ આવશ્યક છે.

સંસારત્યાગ અને તપશ્ચર્યાને બદલે કરકસરથી ખેતી વિ. કરવી.

નિતિપૂર્વક આજીવિકા ચલાવવાને જ ધર્મ મનાય છે.

અધર્મી પ્રત્યે શારીરિક બળ વાપરીને પણ લડી લેવાની કડક આજ્ઞા છે.

મૃત્યુ બાદ ચિન્વત નામનો પૂલ પસાર કરતા ધર્મીઓ બેહસ્ત (સ્વર્ગ) માં જાય છે, ને પાપીઓ દોજખ (નરક) માં જાય છે.

પાપ અને બુરાઈ સામે લડવાની દરેક જરથોસ્તની ફરજ છે.

નેકીના કાર્ય કરતા રહો, તેનાથી જ મોક્ષ મળશે.

દુષ્ટ અને આક્રમણકારીઓને હથીયારના બળે પણ મારી હટાવો. આ બધાં તે ધર્મના મુખ્ય સિદ્ધાંતો છે.

- ઝોરાસ્ટ્રિયનો કહે છે કે આપણે શુભ કાર્યો દ્વારા જ ઈશ્વરને પામી શકીશું.
- જ્યુડેઈઝમ કહે છે, મનુષ્યના કર્મ પ્રમાણે ઈશ્વર તેને ન્યાય આપશે.

ટુંકમાં- દુનિયાનો કોઈપણ ધર્મ નિર્દય રીતે પ્રાણીઓની કત્લેઆમ કરવાનું ફરમાન કરતો જ નથી પણ આ કૃત્યોને પોતાના ધર્મથી વિરૂદ્ધ જ માને છે.

માટે જ સરકારને બે હાથ જોડી દર્દભરી હાર્દિક પ્રાર્થના કરીએ કે આ નિર્દોષ પશુઓની કત્લેઆમ કરતી યોજનાઓ સત્વરે બંધ કરે અને પ્રજાની ધાર્મિક લાગણી પર કુઠારાઘાત થતો અટકાવે.

અંતે -

**इसि दुनियामे सब आये है जिन के लिये**
**अमर वो हि बनते है जो जिते है औरो के लिये**

* * * * *

# જે જાગૃત છે તે જૈન છે.

જૈન કોને કહેવાય ? 'દેવ તરીકે જિનને માને તે જૈન' આ તો પ્રાથમિક પરિભાષા છે. જિનને માનવાથી કે જૈન કુળમાં જન્મ પામવાથી જૈન બની જવાતુ નથી. જિનેશ્વરની આજ્ઞાને અંતરથી શિરોમાન્ય કરે અને તદનુરૂપ જીવન જીવવાનો પ્રયત્ન કરે તેને જ સાચા અર્થમાં જૈન કહી શકાય.

'જન' અને 'જૈન' માં ફરક માત્ર બે માત્રાનો જ છે. તેમાં એક માત્રા છે આચારની અને બીજી માત્રા છે વિચારની.

- જેના આચારમાં અહિંસા હોય અને વિચારમાં 'અનેકાંત' હોય.
- જેનું તન 'સાદચારી' હોય અને મન 'પવિત્ર' હોય.
- જેના જીવનમાં 'અપરિગ્રહતા' અને હૃદયમાં 'કર્મવાદ' વણાએલો હોય તે જ સાચો જૈન.

**આચારમાં અહિંસા** : સંસાર એટલે સૂક્ષ્મ-બાદર જીવોનો ખાત્મો બોલાવતું કતલખાનું. પ્રત્યેક પળે પ્રત્યેક ક્રિયામાં છકાયના જીવોને રહેંસી નાખવાના અને પાપ કર્મો બાંધવાના, ઉઠ્યા ત્યારથી એક મિનિટ પણ હિંસા વગર જીવી શકાય જ નહીં. ખાવામાં-પીવામાં-બોલવામાં-રસોઈમાં કે ધંધામાં સર્વત્ર હિંસા વ્યાપ્ત છે. છતાં 'જૈન' તેને કહેવાય કે આ હિંસાઓમાં તેનુ દિલ દુભાતુ હોય, તેનો આત્મા ડંખતો હોય, તેથી જ સંસાર કે હિંસાઓ સર્વથા છોડી ના શકવા છતા ઓછામાં ઓછા હિંસાથી જીવવામાં જે પ્રયત્નશીલ હોય, શાસ્ત્રીય પરિભાષામાં જેને 'જયણા' કહેવાય છે. (જયણા એટલે શક્ય એટલા ઓછા પાપકર્મોથી જીવન જીવવાનો પ્રયત્ન)

જૈન તે જેના જીવનની પ્રત્યેક નાની-મોટી ક્રિયામાં જયણા વણાએલી હોય.

- સવારે ઝાડુ વાળે તો ય જીવોને બચાવવાના આશયથી.
- પાણી તો ગાળીને જ પીએ.

- ગેસ/ચુલા સળગાવે તો ય બર્નરને પુંજણી દ્વારા પ્રમાર્જીને જ (સાફ કરીને)
- કપડા ધોવા નાખે તો ય ખૂણે ખૂણા બરાબર જોઈને લે, રખેને ખૂણામાં ભરાએલો જીવ ધોકાનો ભોગ ના બની જાય.
- પર્વતિથિએ લીલોતરી ન જ ખાય, તેની પાછળ પણ હિંસા નિવૃત્તિનો જ ભાવ છે.
- ન્હાવામાં પણ શક્ય એટલા ઓછા પાણીનો ઉપયોગ કરે.
- વગર કારણે લાઈટ-પંખાની સ્વીચ ઓન કરવામાં પણ ફફળતો હોય.
- આત્માના ભાવપ્રાણની કતલ કરતા નિમિત્તોનો (ટીવી. ચલચિત્રો વિ.) ત્યાગી હોય.
- સ્વ-પર ઉભયના સંકલેશમાં કારણભુત સંઘર્ષોથી દૂર રહી સમતાને આત્મસાત્ કરી સૌ જીવો પ્રત્યે મૈત્રીભાવને ધારણ કરનારો હોય.
- બાદર તો ઠીક પણ સૂક્ષ્મ જીવોની રક્ષા કરવામાં પણ જે ઉત્સુક હોય.

એક ડોશીમાં મરતા પૂર્વે છોકરાઓને કહેતા ગયા કે મારા મર્યા બાદ ચિતાના લાકડા પુંજી-પ્રમાર્જીને પછી જ ચિતા સળગાવજો, કોઈ ભુલા પડેલા કંથવા જેવા નાના જીવજંતુઓ મારી ભેગા બળી ના જાય તેની કાળજી રાખજો, આ જ મારી અંતિમ ઈચ્છા છે.

બીજા એક ડોશીમા મૃત્યુની જાણ થઈ જતા મોતના આગલા દિવસે માથુ સાફ કરાવી વાળના બધા જુ-લીખ વિ. કઢાવી નાખ્યા.

એક કન્યાને સાસરે કંદમૂળ સમારવાનો આગ્રહ થતા જીવનની પરવા કર્યા વિના પિયરે આવી ગઈ. આખી જિંદગી દઢશીલનું પાલન કર્યું પણ કંદમૂળ હાથમાં ન લીધા.

આ બધા દ્રષ્ટાંતો બતાવે છે કે જૈન તો તેને જ કહેવાય જેના અંતરમાં અને જીવન વ્યવહારમાં અહિંસા આત્મસાત્ થઈ ગઈ હોય.

**વિચારમાં અનેકાંત - અનેકાંત એટલે કોઈપણ વસ્તુને કે વ્યક્તિને અનેક પાસાઓથી જોવાનો દ્રષ્ટિકોણ,** એક પાક્ષિક દર્શન જ સંઘર્ષનું મૂળ છે. દુનિયાની કોઈપણ વસ્તુ-વ્યક્તિ કે પદાર્થ સાચા નથી - ખોટા પણ નથી. સારા નથી કે ખરાબ પણ નથી, આપણો દ્રષ્ટિકોણ-અભિગમ જ તેમા સાચા-ખોટાપણાનો આભાસ ઉભો કરે છે.

એક જ વ્યક્તિ કોકનો પિતા છે. કોકનો પતિ છે, કોકનો ભાઈ છે, કોકનો દિકરો છે, કોકનો કાકો છે, મામો છે. કોકનો દુશ્મન છે કોકનો જીગરી મિત્ર પણ છે. પ્રભુ મહાવીરની અણમોલ દેન છે આ અનેકાંત.

માત્ર શાસ્ત્રીય પદાર્થની ગહનતા પામવા જ નહી પરંતુ જીવનના પ્રત્યેક પ્રસંગે-પ્રત્યેક પળે આ અનેકાંત ઉપયોગી જ નહીં અતિ આવશ્યક પણ છે.

**વિચારો અનેકાંત દ્રષ્ટિથી ભાવીત થયા પછી જીવનમાં સંઘર્ષો અને સંકલેશોનું ઉત્થાન થવું અશક્ય છે.**

• એક મુલ્લાને પનીર ખાવાની ઈચ્છા થઈ, પત્નિને કહે- પનીર લાવ, તે ભૂખ વધારે છે. પત્નિ કહે - ઘરમાં પનીર નથી. કાલે લાવી રાખીશ. મુલ્લો કહે, સારૂ થયુ નથી કારણ કે પનીર દાંતોની જડને ઢીલી કરી નાખે છે. પત્નિ કહે - બે મિનિટ પહેલા પનીરના ગુણ ગાતા હતા અને હવે દોષાનુવાદ ! બંનેમાં સાચુ શું ? મુલ્લાજી કહે, પનીર હોત તો પ્રથમ વાક્ય સાચુ હોત, નથી તેથી બીજુ વાક્ય સાચુ. જોયોને અનેકાંતદ્રષ્ટિનો જાદુઈ પ્રભાવ., આ દ્રષ્ટિ ન હોત તો પત્નીનું આવી બન્યું હોત.

• વડોદરાના એક જૈન ડેપ્યુટી કલેક્ટર પર્યુષણમાં અઠ્ઠમ કરી પૌષધ લઈને બેઠા હતા. ત્રીજો ઉપવાસ હતો, અને તેજ વખતે સમાચાર આવ્યા કે અમુક ઠેકાણે ૪/૬ કલાકમાં પુર આવવાના છે. તમે જલ્દી આવો, સમાચાર મળતા તુરત જ મહારાજશ્રીની અનુજ્ઞા લઈ પૌષધ પાળી ઉપવાસ પણ પારી લીધો. ખાધા વિના આ મોટું કાર્ય પાર પડે તેમ ન હતું.

પુર આવવાનું હતું ત્યાં દોડી ગયા. કિનારેથી એક હજાર ઝુપડપટ્ટીઓ

ખાલી કરાવી, હજારો માણસોને બીજે ખસેડ્યા. તેમની ભોજન વ્યવસ્થા કરાવી. બરાબર છ કલાકે ધસમસતા પૂર આવ્યા. બધા ઝૂપડા તણાઈ ગયા. હજારોના જાન બચી ગયા. આ છે અનેકાંતવિચારધારા.

મારો પૌષધ, મારો અઠ્ઠમ, મારૂ પ્રતિક્રમણ, મારૂ પચ્ચક્ખાણ, મારી આરાધના કરીને ત્યાં જ બેસી રહ્યા હોત તો કેટલી મોટી હોનારત સર્જાઈ જાત ?

**મનથી પવિત્ર-તનથી સદાચારી** :- સાચો જૈન પોતાના મનનો માલિક હોય, ગુલામ નહી. અશુભ અને પાપિષ્ઠ વિચારોથી તે પ્રાણાંતે પણ પોતાના મનને ખરડવા ન દે. કારણ, મન દુષ્ટ બન્યું એટલે તન દુરાચારી બન્યું જ સમજો. મનને સદ્વિચારોમાં સ્થિર રાખો અને તનને સત્પ્રવૃત્તિમાં, આમ તન મનની શુદ્ધિ દ્વારા જીવન ઉદાત્ત બનતુ જાય છે.

**જીવનમાં અપરિગ્રહ** :- આખા જગતને જ્યારે, થાય એટલુ ભેગુ કરી લેવાનું અને ભોગવી લેવાનું ભૂત વળગ્યું છે ત્યારે સાચો જૈન આમાંથી આબાદ બચી ગયો હોય.

પ્રભુ મહાવીરે રાજપાટ-સુખ સમૃદ્ધિ-વિલાસ વૈભવને લાત મારીને ''સુખ ભોગ્ય નહી પણ ત્યાજ્ય છે'' એ સિદ્ધ કરી આપ્યું.

દીક્ષિત બન્યા પછી શરીર ઉપર રહેલુ દિવ્ય વસ્ત્ર પણ માંગતા એવા યાચકને આપી અપરિગ્રહતાનો દિવ્યસંદેશ જગત સમક્ષ વહેતો મુક્યો.

ભોગ કરતા ત્યાગનો આનંદ અનેરો છે. ''इच्छा हु आगाससमा अणंतया'' ઈચ્છાનો આકાશની જેમ છેડો નથી. ભેગુ કરી ભારે થવા માટે નહી પણ છોડીને હળવા થવા માટે આ કિંમતિ જીવન મળ્યું છે. છોડી ને કોઈ દુઃખી થયુ નથી. જ્યારે ભોગવીને કોઈ દુઃખી થયા વિના રહ્યું નથી.

અકિંચનતાનો આવો ઉચ્ચ આદર્શ મહાવીર સિવાય કોણ આપી શકે ?

સાચો જૈન સદા સંતુષ્ટ હોય, પૈસા પાછળ પાગલ ન જ હોય, સંપત્તિની

મહત્તા તેને મન ગુમડા ઉપર લગાવાતા મલમથી અધિક ન જ હોય, પેટનો ખાડો પૂરવા કે કુટુંબને પોષવા કમાવા જાય પણ જે મળે-જેટલુ મળે-જે રીતે મળે તે રીતે ઘરભેગુ કરવાની રાક્ષસીવૃત્તિનો ભોગ તો તે ન જ બને, ધાર્યા કરતા વધુ મળી જાય તેનો આનંદ ન હોય કે ન મળે તેનો અજંપો ન હોય. દરેક પ્રકારની સ્થિતિ/પરિસ્થિતિમાં સમાધિસ્થ અને સ્થિતપ્રજ્ઞ રહી શકવાની ક્ષમતાનો તે આસામી હોય.

પુણીયા શ્રાવક પાસે બે રૂપિયાની પણ મુડી ન હતી, સાધર્મિકની ભક્તિ કરવા માટે આંતરેદહાડે ઉપવાસ કરવો પડતો હતો, છતા તે મહાવીરના અંતરમાં વસી ગયો હતો. કારણ ? તે મનનો અમીર હતો. અકિંચનતા એજ તેની અમુલ્ય મૂડી હતી, સંપત્તિ કે સમૃદ્ધિના સોનાના પાંજરામાં પુરાવા કરતા નિષ્પરિગ્રહતાના મુક્ત ગગનમાં વિહરવામાં જ સાચી બાદશાહી અનુભવતો હતો. માટે જ ખરેખર તે મગધસમ્રાટ શ્રેણિક કરતા વધુ સુખી હતો.

**હૃદયમાં કર્મવાદ** :- કર્મવાદ પ્રભુવીરની અનોખી દેન છે. સુખદુઃખનો કર્તા ઈશ્વર નહી આપણા કર્મ જ છે. જે આત્મા જેવા કર્મ બાંધે છે. તેને તેના સારા નરસા ફળ ભોગવવા જ પડે છે.

❑ આદીશ્વર પ્રભુને એક વર્ષ સુધી આહાર ન મળ્યો.

❑ મહારવીરપ્રભુને છ/છ મહિના સુધી ભુખ-તરસ વેઠવા પડ્યા, સાડા બાર વર્ષ ઘોરાતિઘોર પરિષહો અને ઉપસર્ગોની વણઝાર સહન કરવી પડી.

❑ છ ખંડના સમ્રાટ ઢગલાબંધ ચક્રવર્તીઓ સાતમી નરકમાં સબડી રહ્યા છે.

❑ અનંતા ચૌદપૂર્વીઓ નિગોદની ચીરનિદ્રામાં પોઢી રહ્યા છે.

કયું ભેદી તત્વ અહીં કામ કરી રહ્યું છે ? કહેવુ જ પડશે કે કર્મસત્તાની જ આ કરામત છે.

સાચો જૈન તે છે જે દુઃખમાં રડતો ન હોય અને સુખમાં હસતો ન હોય, બંનેને કર્મની ભેટ સમજી સહજભાવે સ્વીકારતો હોય. દુઃખમાં સામી વ્યક્તિને દોષ દેવાના બદલે પોતાના કર્મને જ દોષીત માનતો હોય, દુઃખ દૂર કરવા કરતા દુઃખને લાવનારા કર્મ દૂર કરવામાં જ જે પ્રયત્નશીલ હોય.

કર્મની સર્વોપરી સત્તા અને તેનુ અખંડ સામ્રાજ્ય જાણી-પીછાણી 'આ મે કર્યું, હું કરૂ છું. - મારા વિના આ શક્ય જ નથી.' એવો મારાપણાનો કર્તાભાવ જેનો ઓગળી ગયો હોય.

બીજાને દુઃખી કરી-બીજાના દુઃખો જોઈ-તામસી આનંદ લુટવામાં તો તે ન જ માને પણ પુન્યના ઉદયથી મળેલા સુખનો ભોગવટો કરવામાં પણ તેને ફફડાટ થતો હોય.

આ રીતે અનેક પાસાઓથી સાચા જૈનત્વનો ટુંકમાં વિચાર કર્યો. હવે સંક્ષિપ્તમાં તેનું ફળ પણ જોઈ લઈએ.

- ❑ અહિંસાનું ફળ છે સમાધિ.
- ❑ અનેકાંતનું ફળ છે સમાધાન.
- ❑ સદાચારનું ફળ છે સ્વસ્થતા.
- ❑ પવિત્રતાનું ફળ છે શુદ્ધિ.
- ❑ અપરિગ્રહનું ફળ છે સંતોષ.
- ❑ કર્મવાદનું ફળ છે સમતા.

આમ જૈનત્વના લક્ષણોને આત્મસાત્ કરવા દ્વારા સાચા અર્થમાં જૈન બનીએ. સકારાત્મક ષડ્ગુણોને સિદ્ધ કરીએ.

અંતે-

**કરણી-ક્રોડગણી કરી શિખ્યો અવર અપાર**
**સમજ્યાનું સમજ્યો નહી પામ્યો નહિ ભવપાર.**

* * * * *

# રાગ-વિરાગના ખેલ

દશવૈકાલિક સૂત્રના ટીકાકાર **સ્વયંભવસૂરિ** મ.

રાગ-વિરાગના મોજાઓની ઉથલ પાથલ ખૂલ્લી કરે છે.

એક યુવાન હતો. સાંસારિક સુખના મોહક સમણા સાકાર કરવા તે પરણ્યો. પત્નિ સુશીલને રૂપાળી હતી. સોળ શણગાર સજી નવોઢા ઘરમાં આવતા તે ખૂબ ખુશ હતો. મન દૈહિક કામનાઓ પૂરવા તલપાપડ હતું.

**ભાવીના ભિતરને કોણ ભેદી શક્યું છે ?**
**પરિસ્થિતિના પલ્ટાને કોણ રોકી શક્યું છે ?**
**વિચારોના પરાવર્તનને કોણ પામી શક્યું છે ?**

ગામમાં એક તેજપુંજ ઓજસ્વી મુનિ પધાર્યા. તેમની વેધક વાણીની સરિતામાં આખુ ગામ પ્લાવિત થવા લાગ્યું. જોગાનુજોગ યુવાન પણ ત્યાં જઈ ચઢ્યો.

યુવા મુનિની ઓજસ્વીતા અને દેહલાલિત્ય જોઈ તે દંગ થઈ ગયો. મુનિની વૈરાગ્યસભર દેશનાનું અમૃત ગટગટાવ્યું. તેજોમય મુદ્રા, આચારની ચુસ્તતા અને વેધકવાણીએ ગજબનું કામણ કર્યું.

ભોગનું વિષ ઉતરી ગયું. કુવાસના શાંત પ્રશાંત થઈ ગઈ. રાગનું સ્થાન વિરાગે લીધું.

કાચિંડાના રંગની જેમ જીવનનો રંગ બદલાઈ ગયો. સાપ કાંચળી છોડે તેમ એક મિનિટમાં સંસાર છોડીને તે દીક્ષિત બની ગયો.

**સંધ્યાના રંગની જેમ ભાવો બદલાતા હોય છે.**

દીક્ષિત થયા પછી થોડો સમય તો સાધના કરી. ઉપાસના કરી. થોડા વર્ષો થયા. વૈરાગ્યનો રંગ ઉડવા લાગ્યો. ઘર યાદ આવ્યું. પત્નિનું સ્મરણ તીવ્ર બન્યું. નવોઢાની મુખમુદ્રા હૃદયપટ ઉપર વજની જેમ અંકિત થવા લાગી.

હવે સાધના ત્રાસ રૂપ બની. વ્રતો-અનુષ્ઠાનો ભારબોજ બન્યા. સંયમ કાંટાળું લાગ્યું. ક્ષણે ક્ષણ સતાવતી પત્નિની યાદે ઊંઘ હરામ કરી નાખી.

મેં ક્યાં ઉતાવળ કરીને સાધનાના અગ્નિકુંડમાં ઝંપલાવ્યું ? બિચારી નવોઢાનો વિચારશુદ્ધા ના કર્યો. તેનું શું થતું હશે ? શું કરતી હશે ? કેવી રૂપાળી હતી ? તેને નિઃસહાય છોડી હું કેવો નિર્દય બન્યો ?

વિચારોની ગીચ જાળીમાં મન ફસાતુ ગયું.

રાગ પ્રબળ બનતા એકવાર ગુરૂને પૂછ્યા વિના દોટ મુકી ગામ તરફ, પત્નિના મિલનની આતુરતાએ રાત-દિવસનું ખાવા પિવાનું ભાન ભૂલાવ્યું. બાવરાની જેમ-ગાંડાની જેમ દોડ્યા.

ગામના છેડે કુવાને કાંઠે આવી પાણી કાઢતી પણીહારીને પુછ્યું - ફલાણી સ્ત્રી ક્યાં રહે છે ?

પણીહારી બીજી કોઈ નહી પણ તેની જ પત્ની હતી. વર્ષોના વહાણાએ વિસ્મરણનું થર જમાવી દીધેલું, સાધુ સ્ત્રીને ઓળખી ના શક્યા પણ પત્નિએ પતિદેવને તો ઓળખી લીધા સાથે એના પતિત ભાવને પણ પારખી લીધા, ગંભીર પરિસ્થિતિનો તાગ પામી ગઈ. પતિના પતિત પરિણામો જાણી એકવાર તો અંતરમાં અસહ્ય આઘાત અને ધ્રાસકો અનુભવ્યો પણ પુરા શાણપણથી બાજી સંભાળી લેવાનો પ્રયત્ન કર્યો.

આર્ય નારી હતી, પતિને દૈહિક સુખ આપી પ્રસન્ન કરવા કરતા ચારિત્રપતન દ્વારા પરલોક અને જન્મોની પરંપરા ન બગડે તે માટે પ્રયત્ન કરવા કૃતનિશ્ચયી હતી. પતિના દીક્ષિત થયા બાદ અણીશુદ્ધ શીલપાલન કરતી આ પાણીદાર પણીહારીએ વાક્‌બાણોની ધારા છોડી.

‘‘તે સ્ત્રીની તો વાત કરવા જેવી નથી, નવોઢા બનીને આવતાની સાથે જ અભાગણીનો પતિ સાધુ થઈ ગયો. પછી તો તે ય લાજ શરમ નેવે મુકી કુલ્ટા બની ગઈ. બીજો રાખી લીધો છે. તેની સાથે મજેથી લીલા કરે છે... તેનું તો મોઢું જોવામાં ય મહાપાપ છે.’’

આ શબ્દો સાંભળતા સાધુના કાનમાં કાંટા ભોકાંતા હોય તેવો અનુભવ થયો. પગ નીચેથી ધરતી સરકતી લાગી. મનમાં ધિક્કાર અને તિરસ્કારની અગનવર્ષા વરસવા લાગી...

મારી પત્ની !... જેના માટે મે કુવિકલ્પો કર્યા, સાધનાજીવનને રગદોળી નાખ્યું. ભાવપ્રાણની કતલ કરી, તે કુલ્ટા નીકળી !... ધિક્.. ધિક્... આ સ્ત્રી જાતને.

ફરી રાગ વિરાગમાં પલટાયો. પણ હવે હળદરીયો નહી ચલિમજીઠીઓ વૈરાગ્યરંગ આત્મસાત્ થઈ ગયો,

ત્યાંથી જ ગામને અલવિદા કરી નિકળી પડ્યા. નિર્મળ હૃદય અને દૃઢ મનોબળથી સાધનાની ધુણી ધખાવી, આત્માનું કલ્યાણ સાધી લીધું.

માર્ગભ્રષ્ટ પતિને પુનઃ સન્માર્ગે સ્થાપન કરી પત્નિએ આર્યભૂમિના સન્નારીત્વને દિપાવ્યું. પતિની વિદાય વેળાએ તેના મનમાં આત્મસંતોષ હતો. આંખમાં હર્ષના અશ્રુબિંદુ ટપકતા હતા.

મનના ભાવો મેઘધનુષ્ય જેવા ક્ષણિક છે.

સમંદરમાં ભરતી ઓટની જેમ રાગ વિરાગની ઉથલ પાથલો મનમાં ચાલુ જ છે.

જીવનને ધન્ય બનાવે એવી સાધનાની તકો ઝડપી આત્મશ્રેય કરવામાં જ બુદ્ધિમત્તા છે.

અંતે –

**વાત જળની હોય અને મૃગજળ મળે**
**બારણુ ખોલો ને સામે છળ મળે**
**જ્યાં ગુલાબો હોય ત્યાં કાંટા મળે**
**ને થોરમાંથી મ્હેંકતા છાંટા મળે....**

* * * * *

# સંસ્કૃતિની સુવાસ

હવામાં ઓક્સીજનનું પ્રમાણ સવિશેષ હોય છે ત્યાં સુધી જીવસૃષ્ટિમાં સ્ફૂર્તિ-તાજગીનો અનુભવ થાય છે. આરોગ્ય સદા બહાર ખીલતું રહે છે. પણ ઓક્સીજન ઘટે અને કાર્બનડાયોકસાઈડ જ્યારે વધી જાય ત્યારે ઉથલપાથલ થઈ જાય છે. સ્વાસ્થ્ય બગડે છે. ગુંગળામણ વધે છે, જીવનના અસ્તિત્વ સામે ચેલેંજીગ ખતરો ઉભો થાય છે. અને લાશોના ખડકલા પણ ઉભા થઈ જાય છે.

અસંખ્ય વર્ષ પૂર્વે પ્રભુ ઋષભદેવે સ્થાપેલી 'સંસ્કૃતિ' ઓક્સીજનના સ્થાને છે. કાર્બન ડાયોક્સાઈડના સ્થાને છે 'વિકૃતિ', **સંસ્કૃતિ એટલે જીવનને ઉર્ધ્વગામી બનાવતી આચાર સંહિતા. સંસ્કૃતિ એટલે ઓછામાં ઓછા પાપો અને હિંસા દ્વારા જીવન જીવવાની કળા. સંસ્કૃતિ એટલે અધ્યાત્મિક અને ભૌતિક સમૃદ્ધિનો મૂલાધાર. સંસ્કૃતિ એટલે વ્યક્તિગત કે સમષ્ટિગત સડાઓને કંટ્રોલમાં રાખતુ કે દૂર કરતું કેમીકલ. સંસ્કૃતિ એટલે મનને ભ્રષ્ટ કરી જીવનને પાયમાલ કરતા કુસંસ્કારોના કીડાઓને ડેમોલીસ કરતી એન્ટીબાયોટીક.**

વ્યક્તિથી માંડી વૈશ્વિક સ્તર સુધી આ સંસ્કૃતિના તાણાવાણા ગુંથાએલા છે, તેથી જ એક વાક્યમાં સંસ્કૃતિને નવાજવી હોય તો કહી શકાય કે સમસ્ત ચેતનાસૃષ્ટિના યોગ-ક્ષેમ કરવા દ્વારા સુખ શાંતિ અને પ્રસન્નતાને અર્પતી એક દિવ્યમાલા.

ચેતનત્વની ઈકોલોજીમાં જ્યારે સંસ્કૃતિનો પ્રાણવાયુ ઘટવા માંડે છે, ત્યારે જીવસૃષ્ટિમાં વણકલ્પી ગુંગળામણ ઉભી થાય છે. છતે શ્વાસે પ્રજાને મૃતપ્રાયઃ જાહેર કરવાનો ગોઝારો સમય આવે છે.

આ અવસર્પિણીમાં અસંખ્ય વર્ષ પૂર્વે ઋષભદેવે હજારો કળાઓ પ્રદર્શીત કરી. લાખો પ્રજાજનોને આત્મનિર્ભર કર્યા. વિકૃત્તિ દ્વારા બેફામ બનતા જીવનના ઘોડાને સંસ્કૃતિની લગામ ધરવા દ્વારા કંટ્રોલમાં રાખવા માટે સજીવન

કરેલી સંસ્કૃતિના ફેલાવા પાછળ પ્રભુ ઋષભદેવના ત્રણ શુભ આશયો હતા.

(૧) વૈશ્વિક સ્તરે સંસ્કૃતિના અભાવે પ્રજામાં અંધાધુંધી–અરાજકતા ન ફેલાય, (૨) વ્યક્તિગત સ્તરે જીવનમાં સંઘર્ષો પેદા ના થાય, (૩) ઓછામાં ઓછા પાપ અને હિંસા દ્વારા આજીવિકા મેળવી જીવન ટકાવી શકાય.

સંપૂર્ણ નિરારંભ અને નિષ્પરિગ્રહી બનવા સજ્જ થતા પરમાત્માના દીક્ષાપૂર્વે અપાતા સાવદ્ય ઉપદેશોમાં પણ દીર્ઘદ્રષ્ટિભરી અનેકાંતિક શુભ ભાવના કાર્યાન્વિત હતી. માટે તે ઉપદેશ પણ પ્રશસ્ય હતો. શુભ હતો. કર્મનિર્જરા કરનારો હતો.

માનવ અને જાનવરની ભેદરેખા આ જ છે. **જીવનના તમામ ક્ષેત્રમાં સંસ્કૃત હોય - સમજુ હોય - વિવેકી હોય તે માનવ. અને વિકૃત–બેફામ અવેવકી હોય તે જાનવર, ''પશ્યતિ ઈતિ પશુ'' ''મનુતે ઈતિ મનુષ્ય'', માત્ર બાહ્ય ચક્ષુથી જુએ તે જાનવર, જોએલા વિષયને મનથી મનન કરે તે મનુષ્ય.**

સંસ્કૃતિ દોરાના સ્થાને છે. અન્ય તમામ ગુણવૈભવ કે ધનવૈભવ મણકાના સ્થાને છે. સંસ્કૃતિનો દોરો મજબૂત–સલામત હોય ત્યાં સુધી જ અન્ય ગુણ કે સમૃદ્ધિ સલામત છે.

• ઋષભદેવનો કાળ યુગલિક કાળ હતો. કપલ સાથે જન્મે, સાથે જીવે અને સાથે જ મરે. એકવાર એક કપલમાંથી પુરૂષનું અકાળમૃત્યુ થયું. સ્ત્રી એકલી રહી. સમાજ ભેગો થયો, હવે શું કરવું ? એકલી સ્ત્રીને હજાર જોખમ, તેણીને પત્ની તરીકે સ્વીકારી એક સ્ત્રીની રક્ષા કરવા બધાએ ઋષભને વિનંતી કરી, ઋષભ કહે– પિતાજી નાભિકુલકરને વાત કરો. તેઓ મારા માથે છે. આવુ કાર્ય તેમની આજ્ઞા વિના મારાથી ન થાય. ભવિષ્યમાં મારો ખોટો દાખલો લેવાય અને અનર્થની પરંપરા સર્જાય.

સમાજે નાભિરાજાને વાત કરી. નાભિરાજાએ ઋષભને પત્નિ કરવાની અનુમતિ આપ્યા બાદ તેઓનો વિવાહ થયો.

નાના પ્રસંગમાં સંસ્કૃતિનો પ્રાણ કેવો ધબકતો દેખાય છે ? પિતાજીની આજ્ઞાનું પાલન અને એકાકી સ્ત્રીનું શીલ ચુંથાઈ ના જાય આ ઉદ્દેશથી

જ ઋષભે સમાજના અતિ આગ્રહથી બીજી પત્નીનો નાછુટકે સ્વીકાર કર્યો હતો.

**અસંખ્ય વર્ષથી અવિચ્છિન્નપણે ચાલી આવતી સંસ્કૃતિ ઉપર નિર્દય કુઠારાઘાત કરીને માનવ પોતાની જાતને મોતના ખપ્પરમાં હોમી રહ્યો છે.**

વર્ણ-આશ્રમ-ખેતી-વેપાર-શિલ્પ-કળા-નૃત્ય વ્યવહાર-રાજનિતિ-નગરની વ્યવસ્થા-વિદ્યાઓ ક્રિયાઓ-સાધનામાર્ગ-ચાર મહાઆર્યવેદ આ બધુ ઋષભે પ્રકાશિત કર્યું. ભરતે ધારણ કર્યું. છેક સુવિધિનાથ પરમાત્મા સુધી આ સંસ્કૃતિની સરિતા ખડખડ વહેતી રહી. પછી ઉથલ પાથલો આવી પણ કાળે કાળે થતા મહાપુન્યાત્માઓ દ્વારા સંસ્કૃતિ પુનઃ સજીવન થતી રહી.

અર્હન્નિતિ જેવા દિવ્ય સંસ્કૃતિનો ઉઘાડ કરતા મહાકાય ગ્રંથોના સર્જન સંતોએ કર્યા. એક બાજુ આવા ગ્રંથોમાં બતાડેલી જીવનશૈલીનો વિચાર કરીએ, ૫૦૦ કે ૧૦૦/૧૫૦ વર્ષ પૂર્વેની જાજરમાન સંસ્કૃતિના દર્શન કરીએ, અને બીજી બાજુ આજની વેસ્ટનાઈઝ વિકૃતિ જોઈએ ત્યારે ખળભળી જવાય છે.

**અજાણ્યા માણસને ય આદર આપવાનું શિખવે છે સંસ્કૃતિ અને જાણીતા માણસની ય ઉપેક્ષા કરવાનું શિખવે છે વિકૃતિ.**

• ગામને પાદરે રહેલા કુવેથી માથા ઉપર ત્રણ ઘડા અને કેડે એક ઘડો પાણી ભરી લાવતું સખીવૃંદ. • કૂતરાને રોટલા-કબુતરને ચણ અને ગાયને નીર ધરતી ગ્રામ્ય લલના. • ઘંટીમાં જોઈ જોઈને ધાન્ય દળતી અને દુજણા ઢોરોને હિંમતપૂર્વક દોહી ધારોષ્ણ દૂધ કાઢતી વનીતાઓ • પગથી માથા સુધી સ્વાંગ સજી ઘરમાં પણ વડીલોની પૂર્ણ મર્યાદા અને પોતાના અખંડશીલને પાળતી કુલવધૂઓ • ઘરમાં રહી અઢાર કલાક સખત પરિશ્રમ કરતી, મંદિરમાં પ્રભુના ભજનો ગાતી, અને ખોળીએ આવેલા સંતાનોનું અદ્‌ભુત સંસ્કરણ કરતી કુલાંગનાઓ.

• ગાર લિંપણના ઘરમાં લિંમડા નીચે ખાટલો ઢાળી પ્રકૃતિની ગોદમાં

રોટલા અને છાંસનું ભોજન કરી સુખનિદ્રા માણતો એ ગ્રામ્યમાનવ. • માથે ફાળીયું-હાથમાં લાકડી-પગમાં એડીવાલા દેશી બુટ પહેરી મ્હાલતો અને મુંછોના વળ વાળી મા-બેનની રક્ષા કરવાનો કોલ આપતો એ નવયુવાન. • સુર્યોદય થતા જ કદાવર બળદ જોડી કુટુંબ સાથે ગાડા સવારી કરી ખેતરમાં મહેનત કરતો ગ્રામ્યખેડુત • નાના ગામડાના લત્તે લત્તે જાત જાતના કામ કરતી અઢારે આલમો • વૃદ્ધ વડીલોની સેવા કરતા ગ્રામ્યશ્રવણો.

આ બધું શું છે ? આ જીવંત સંસ્કૃતિ દર્શન છે.શહેરોમાં આ દર્શન દુર્લભ છે માટે જ 'મારૂ ગામડું' એ વિષય ઉપર પ્રદર્શન ગોઠવવા પડે છે.

આ જીવન સુખી હતુ કારણ સંસ્કૃત હતું. પ્રમાણિકતાના પુંજ ગણાતા દરેક મહામાનવોના ધંધામાં પૂર્ણ નિતિ જળવાતી હતી. માટે જ જીવન સત્વશીલ રહેતું.

**લજ્જા** અને **મર્યાદા** આ બે સહજગુણોની સુવાસથી બહેનોના જીવન મહેંકતા હતા. સખત પરિશ્રમ અને સ્વાસ્થ્યની સાથે તુષ્ટિ-પુષ્ટિ આપનાર આહારથી નેવુ વર્ષનો વૃદ્ધ પણ ઘોડા જેવો નવયુવાન દેખાતો.

આજે શિર્ષાસન થઈ ગયુ છે. કલ્પી ના શકાય તેવી 'વિકૃતિ' ચોમેર વ્યાપી ગઈ છે.

અણમોલ રતન ગણાતી અને ઘરની તિજોરીમાં જ રહેવા સર્જાએલ સ્ત્રી ચણા મમરા જેવી બજારૂ બની ગઈ છે. સરકારી સત્તાસ્થાનોમાં ૩૩% સ્ત્રીઓને ગોઠવવા પાછળ વ્યભિચારને પણ દારૂની જેમ official (સરકાર માન્ય દારૂ વેચાય તેમ સરકાર માન્ય વ્યભિચાર) બનાવવાનું જ ષડયંત્ર છે.

માણસનું કામ યંત્રએ સંભાળી લેતા શ્રમના અભાવે હાડકા હરામ થતા જાય છે. કામના અભાવે કામાગ્નિમાં ભડભડ બળતી સ્ત્રીઓ બિભત્સ પાર્ટીઓના આસરા ગોતવા લાગી છે, પેટે જન્મેલું બાળક તેને ભોગમાર્ગમાં કાંટાની જેમ ખુંચે છે, શરીર ઢાંકવા માટે નહી પણ પ્રદર્શિત કરવા માટે જ કપડાંનો ઉપયોગ થાય છે.

Women & Wine નો ક્રેઝ બાર વર્ષના બાળકને ભરખી રહ્યો છે, નિતિ-મર્યાદા-લજ્જા-ભય વિ. મહાગુણોની દુષ્ટ રાવણની જેમ હોળીઓ સળગાવાય છે. વ્યસન અને વાસનાથી ભડકે બળતા મા-બાપોને દિકરા ખૂંચે છે અને દિકરાઓને મા-બાપ ખૂંચે છે. પત્નિમાં સંતોષ નથી, બાવરો બનીને ભોગની શોધમાં હવામાં હવાતીયા મારે છે.

કોણ સમજાવે કે ભાઈ ! પશ્ચિમનું આંધળુ અનુકરણ એ મરણનો જ પર્યાય છે. **સંસ્કૃતિ એ અમૃત છે. જીવન છે. સંજીવની ઔષધ છે. જ્યારે વિકૃતિ ઝેર છે, મોત છે.**

પૂર્વકાળમાં લગ્નના ઈન્ટરવ્યુમાં સસરાઓ પુત્રવધુને (ખ્યાલ રહે પતિ પત્નીને નહી) પ્રથમ પ્રશ્ન પૂછતા, ''बेटा ! धार्मिक अभ्यास कीतना है ?...'' પુત્રવધુ કહે : ''नव स्मरण, चार प्रकरण, तीन भाष्य, छे कर्मग्रंथ...'' વહુ બોલતી જાય અને ભાવી સસરાની છાતી ગજગજ ફુલતી જાય.

બીજા પ્રશ્નમાં, ''बेटा ! भक्तामरकी चोवीसवी गाथा सुनाओ.'' અને પુત્રવધુ કડકડાટ બોલી જતી. અને આ ધાર્મિકતાના ક્રાઈટેરીયા ઉપર તે જ ક્ષણે વિવાહ નક્કી થઈ જતો.

આજે, પરણવાના બહાને ઈન્ટરવ્યુના માધ્યમે એક નહી ૫૦-૫૦ છોકરીઓની ઉલટ તપાસ દ્વારા કુવાસનાને સંતોષી મોજ માણતા વાસનાગ્રસ્ત યુવાનના ભવાડાનો વિચાર પણ ત્રાસ પેદા કરે છે.

લગ્નપૂર્વે જ શરીરને સાફ કરી નાંખતા અને મનને પાયમાલ કરી નાખતા યુવાનનું શું થશે ? ચાર ગણા ખૂલતા કપડા પહેરીને હાડપિંજર શી કાયા છુપાવતા એ યુવાનની ભાવી માટે શું કલ્પના થઈ શકે ?

- રામ જેવા આજ્ઞાંકિત પુત્રો Out of date થઈ ગયા છે.
- ભરત જેવા નિસ્પૃહિ બંધુઓનો છપ્પનીયો દુકાળ જણાય છે.
- સુમિત્રા જેવી હિતેચ્છુ માતાઓ દિવાસ્વપ્ન જેવી વાત છે.
- લક્ષ્મણ જેવા સમર્પિત ભાઈઓ લાખોમાં એક ગોત્યા જડે એમ નથી.

- સીતા જેવી સતીઓની કલ્પના પણ શક્ય નથી.
- પિતાની આજ્ઞા સમજી ધગધગતા સળીયાથી આંખ ફોડી નાખતા કુણાલ જેવા પુત્રો આજે હોય તો મુરખમાં જ ખપે.
- જગડુશા જેવા દાનવીરોને આજના કાળાબજારીયાઓ જીવતો ન રાખે.
- મયણા જેવી તત્વજ્ઞ પુત્રીઓ પછાત રૂઢીચુસ્તની જાતમાં જ ખપી જાય.

યત્ર તત્ર એક જ શબ્દ સાંભળવા મળે છે. ''કાળ ખરાબ છે'' ''કાળ ખરાબ છે'' મને કહેવાનુ મન થાય છે, કાળ તો છે એ જ છે, ઋષભદેવના સમયમાં-મહાવીરના સમયમાં અને આજે પણ એ જ સૂર્ય ચંદ્ર છે, એજ સૂર્યોદય-સૂર્યાસ્ત છે અને એ જ દિવસ રાત છે. માટે કાળ નહી કાળજા ખરાબ છે. એમ કહેવું જ ઉચિત છે.

- પૂર્વે ઉદ્યમપતિઓની બોલબાલા હતી, આજે ઉદ્યોગપતિઓની,
- પૂર્વે બે જણ મળતા ''જયશ્રી કૃષ્ણ'' કે ''જયશ્રી રામ'' ના નારા ગુંજતા, આજે હલ્લો હલ્લો સંભળાય છે.
- પૂર્વે સંધ્યા સમયે ગામડે-ગામડે, મંદિરે-મંદિરે, ઘરે-ઘરે ભજનો-કાવ્યો-પદો-ભક્તિગીતો દ્વારા વાતાવરણમાં પવિત્રતા પ્રસરી જતી, આજે પોપ સંગીતની બોલબાલા છે, અર્થહીન-ઢંગઢડા વગરના હાહાહીહીના બરાડાઓથી (આને 'સંગીત' એવું નામ આપવામાં પણ અપરાધ છે) વાતાવરણ દુષિત થઈ જાય છે.
- પૂર્વે રાત્રીના સમયે થતી ઘરસભાઓથી કૌટુંબિક નિકટતા-પ્રેમ-સંપ ઝળહળી ઉઠતા, આજે દિકરા-દિકરી સ્કુલેથી આવતા, મમ્મી જોબેથી આવતા, પપ્પા ધંધેથી આવતા બધા T.V.ની સભામાં ગોઠવાઈ જાય છે. એક બીજાનું મોઢું જોવાનો પણ સમય મળતો નથી, તો પ્રેમાળ હુંફાળી વાતો કરવાની તો વાતજ ક્યાં ?

એક ભાઈએ એના મિત્રને પુછ્યું - તારો દિકરો કેટલો મોટો થયો ?

ભાઈ કહે- કેટલો મોટો થયો તે ખબર નથી પણ કેટલો લાંબો થયો તે ખબર છે. કારણ કે, સવારે તે સુતો હોય તે પહેલાં મારે ધંધે જવાનુ હોય. રાત્રે હું આવું તે પહેલા બાબો સુઈ ગયો હોય. તેની લંબાઈ જ મને જોવા-જાણવા મળે, ઉંચાઈ નહી.

પૂર્વની માન્યતા હતી, બ્રહ્માંડના ખૂણે ખૂણે ઈશ્વર વ્યાપ્ત છે, આજની માન્યતા છે ઈશ્વર છે જ નહી. પૂર્વે આચારભંગની વાત તો દૂર રહી પણ મર્યાદાભંગમાં જીવન ઝેર જેવુ લાગતુ હતું. આજે આચાર સંહિતાના ચિથરે ચિથરા ઉડાવનારની પણ વાહવાહ થાય છે.

સરદાર પટેલના અવસાન બાદ તેમના ભાઈ વલ્લભભાઈ પટેલને પત્રકારોએ લીધેલા ઈન્ટરવ્યુમાં જણાવેલ કે ''ભાઈ અને ભાભીનાં સોળ વર્ષના સંસારકાળ દરમ્યાન બંનેને કોઈ દિવસ આપસમાં વાત કરતા મારી નજરે મેં જોયા નથી.'' ભાઈની હાજરીમાં પતિ પત્નિ વાર્તાલાપ પણ મર્યાદાભંગનું સૂચક ગણાતું. શું મર્યાદા ! શું સંસ્કૃતિ ! શું આચાર નિષ્ઠતા !

આજે ઉઘાડે માથે તો ઠીક પણ ગાઉન, નાઈટી કે બરમુડા જેવા વસ્ત્રો પહેરીને સસરાની સામે ફરતા પુત્રવધુને લેશમાત્ર ક્ષોભ નથી. ભલુ હોય તો તે સસરાને પણ અંદરખાને આ જ ઈષ્ટ હશે, નિવૃત્તિ બાદ દિવસ તો પસાર કરવો પડે ને, બેટા ! બેટા ! કહીને સગી પુત્રવધુના માધ્યમે પોતાની કુવૃત્તિઓને પોસતા સસરાઓના આજે તોટા નથી.

હાય જમાનો ! હાય સ્વચ્છંદતા ! હાય ઉચ્છૃંખલતા ! ઉદ્‌ભટવેશ પહેરતી ચાલીસ વર્ષની માતાઓ આ ભૂમિનું કલંક છે. પશ્ચિમના મોહક અને મારક ઝપાટામાં આ માતાઓએ શાન-ભાન ગુમાવ્યા છે.

**આ આર્યદેશની તમામ પરિણતા મા-બહેનોએ સમજી લેવું જરૂરી છે કે માથુ ઉઘાડુ કરવાથી કે શરીરના મુખ્ય અંગોપાંગોની ખર્ચાળ સર્જરી કરાવવાથી નથી તમે તમારી સાચી ઉંમર ઘટાડી શકવાના કે નથી વૃદ્ધાવસ્થાને લેશમાત્ર હડસેલી શકવાના, નથી વહેતી યુવાનીને અટકાવી શકવાના કે નથી મોતથી બચી શકવાના.**

જીવનભર સ્વમુખથી પતિનુ નામોચ્ચાર શુદ્ધા નહી કરનારી એ પતિવ્રતા આર્યાઓ ક્યાં ! (આવી સુક્ષ્મ બાબત પ્રત્યે પણ જે સન્નારીઓ સાવધ હોય તેઓ પતિદેવ પ્રત્યે અનાદર-અવજ્ઞા-મર્યાદાભંગ કરે એ કોઈ કાળે શક્ય જ નથી) અને આજે પતિને નાનો ભાઈ કે રમકડું સમજી 'તુ તા' જેવા તુચ્છ તુકારથી બોલાવતી અલ્ટ્રા મોર્ડન સ્ત્રી ક્યાં !

યાદ રહે કે- **"સંસ્કૃતિ એજ પ્રાણ છે, વિકૃતિ એજ મોત છે. શુદ્ધ હવા કે પાણીની જેટલી આવશ્યકતા છે તેટલી જ સંસ્કૃતિની આવશ્યકતા છે. અવકાશીય પ્રદુષણ નાકમાં ગુંગળામણ પેદા કરી Heart Fail કરી નાખે છે. વિકૃતિનું પ્રદુષણ જીવનમાં ગુંગળામણ પેદા કરી જન્મોજનમ Fail કરી નાખે છે.**

હસતા હસતા ટાટા સુમો કે કોન્ટેસા ખરીદનારને બિચારાને ક્યાં ખબર છે કે આ કાર બીજા જ દિવસે મારા શરીરના ફુરચેફુરચા બોલાવી જીવનને હતુ ન હતુ કરી દેશે !

હસતા હસતા વિકૃતિઓને અપનાવનાર આજના અંધસમાજને ક્યાં ખબર છે કે આ મોહક ડાકણ સાથે છેડાછેડી તો બાંધી પણ આ વિકૃતિની મોહક રાક્ષસીના વિકરાળ જડબામાં જ મારા ચૂરેચૂરા થઈ જશે, અમેરીકાનું કો'ક અલ્લડ Half Mad કપલ નિર્વસ્ત્ર બની ફરવાની ફેશન T.V. દ્વારા પ્રદર્શીત કરશે તો બીજા જ દિવસથી કપડાના દુકાનદારો ઘર ભેગા થઈ જશે, ભલભલા બુદ્ધિશાળીઓ પણ વગર વિચાર્યે કપડા પહેરવાની માથાફોડમાંથી મુક્ત થઈ જશે. આવી સહજ શક્યતાને સ્વીકારી કહેવાનું મન થાય કે પશ્ચિમના આંધળુકીયા અનુકરણ ના હોય.

Western જીવનશૈલી (જેને સંસ્કૃતિનું નામ કદાપિ આપી શકાય નહી) પ્રકાશમાંથી અંધકાર તરફ જઈ રહી છે. જાજ્વલ્યમાન સળગતી મિણબત્તીને હસતા હસતા બુઝાવવા દ્વારા નવા વર્ષ કે જન્મ દિવસને ઉજવવાની તેમની પ્રથા જ આ વાતને પૂરવાર કરે છે.

પૂર્વની સંસ્કૃતિમાં તો નવા વર્ષે કે જન્મ દિવસે દીપક પ્રગટાવવાની

પ્રથા છે. એ જ બતાવે છે આ સંસ્કૃતિ અંધકારથી પ્રકાશ તરફ લઈ જાય છે.

સાંતાકુઝના એક મોટા ડોક્ટર હતા. ડોક્ટર હોવા છતા પોતાના પુત્રને અંગ્રેજી મીડીયમમાં ભણાવવાની ભાવના ન હતી. છતાં પત્નિના આગ્રહથી અંગ્રેજીમાં એડમીશન લીધું.

બાળમાનસ ઉપર અતિબોજ • ખર્ચાળ શિક્ષણશૈલી • પારકી ભાષાથી વિકૃત અને ચીડીયું થતુ મગજ • રોજ નવી નવી ઉભી થતી ડીમાન્ડો • મેકોલે દ્વારા થતા સંસ્કરણના કચ્ચરઘાણ • ગુજરાતી ભાષાનો નાશ • એક સેકંડનો પણ ટાઈમ નહી, આવી બધી શૈક્ષણિક વિકૃતિઓના કારણે રોજ માથુ દુઃખે, રોજ તાવ આવે. તમામ પ્રયત્ન કરવા છતા કોઈ દવા કામ ન આવે.

આ બધા ખૂંખાર માઈનસ પોઈન્ટોથી ત્રાસી જઈને માત્ર છ મહિનામાં જ બાળકને અંગ્રેજી મીડીયમમાંથી ઉઠાડી ગુજરાતી શાળામાં ભરતી કરી ડોક્ટરે રાહતનો દમ ખેંચ્યો. અઠવાડીયામાં જ બાળકનો માનસિક બોજ ઘટી ગયો. શરીરનું વજન વધી ગયું, માથું હળવુ ફુલ થઈ ગયું. તાવ ગાયબ થઈ ગયો, ઉગતા કમળનો ખીલખીલાટ ફરી તરવરતો માતા-પિતાએ જોયો, જાણે નવ ચેતનાનો સંચાર થયો.

આ એક સત્ય ઘટના છે. ભાષામાં ઘુસી ગએલી વિકૃતિ પણ પરિણામે ગોઝારી સાબિત થાય છે. મારી મચડીને તુટી-ફુટી અંગ્રેજી બોલતા બાળકને જોઈ છાતી ફુલાવતી ભારતીય માતાને આવા દુષ્પરિણામોનો જલ્દી ખ્યાલ આવે તો સારૂ. અન્યથા આ જ છોકરો મા-બાપને કહેવાનો છે. "You bastered set up. Don't disturb our life, Get out." ત્યારે મનમાં ભૂતકાળ સરકતો હશે, આંખેથી આંસુઓની ધારા વહેતી હશે અને પગ નીચેથી ધરતી સરકતી હશે.

ખાવા-પીવામાં, બોલવા-ચાલવામાં, પહેરવાં-ઓઢવામાં, રહેણી-કરણીમાં, પ્રભુ ઋષભદેવે બતાવેલ મર્યાદાઓનું પાલન થશે તો જ બચવાની શક્યતા

છે. અન્યથા અકાળે મોતના ખડકલાઓથી આ ભારતભૂમિ અભડાયા વિના રહેવાની નથી.

અંતે–

**જમાનાના ઝેરી પવને અમ યૌવન કરમાઈ ગયા,**
**પશ્ચિમની અવળી વાતોમાં મુરખ અમે ભરમાઈ ગયા**
**અનાચારના ગંદા રસ્તે અમ જીવન ખરડાઈ ગયા,**
**કૃત્યો અમારા જોઈને પેલા પશુઓ પણ શરમાઈ ગયા.**

* * * * *

# સાધના અને સુખશીલતાની શતરંજ

હૃદય મુક્તિમંદિરમાં સંચરવા તલસે છે. જ્યારે મન એષણાઓ-કામનાઓ દ્વારા બંધનમાં જકડી રાખે છે. હૃદય-મનનો આ ઝઘડો જુગજુગ જુનો છે. આ બેના ઘર્ષણમાં આત્મતત્ત્વનો ખત્મો બોલાય છે. મનની જીત દ્વારા સંસારની પરંપરા જારી રહે છે.

**કામનાઓને જીતનારો સાધક છે. કામનાથી જય પામનાર પામર છે.** મનના જંગલમાં પેદા થતા એષણાઓના દાવાનલની એ ખાસીયત છે કે તેને જેમ જેમ ખોરાક આપો તેમ તેમ ભૂખ વધતી જાય. **ઈચ્છાના Bowl ને જેમ જેમ ભરવા જઈએ તેમ તે વધુ ખાલી થતુ જાય છે.** તેથી જ તત્ત્વવેત્તાઓ કામનાપૂર્તિઓ નહીં કામનાજયનો રાહ ચિંધી રહ્યા છે.

**દુનિયાની તમામ સામગ્રી મળી જાય તો પણ ઈચ્છાપૂર્તિ કોઈ કાળે શક્ય નથી. જ્યારે એક દોકડાના અભાવમાં પણ કામનાજય શક્ય છે.**

**આત્મિક આનંદની અનુભૂતિ કરવી હોય તો એષણાઓના અશ્વને સંયમની લગામ દ્વારા કંટ્રોલમાં રાખવા જ પડે,** બે-લગામ અને વંઠેલ અશ્વો સવારી કરનારાના હાલહવાલ કરી નાખે છે.

દશવૈકાલિક સૂત્રમાં **હરિભદ્રસૂરિ મ.** આ વાતને પુરવાર કરતું એક ચોટદાર દ્રષ્ટાંત બતાવે છે.

કોંકણ દેશના બાપ-દિકરાએ સાથે દીક્ષા લીધી. બાપને દિકરા ઉપર અનહદ પ્રેમ, આખો સંસાર છોડ્યો પણ પુત્રની મમતા ન છુટી. રાગાંધતાના અતિરેકમાં પુત્રનું પરમાર્થિક હિત વિસરાઈ ગયું. સાધનાના યુદ્ધ મેદાનમાં એષણાપૂર્તિનો યજ્ઞ મંડાયો.

પુત્ર કહે - મારાથી ઉઘાડે પગે ચલાતુ નથી. પગ સુકોમળ છે. કાંકરાઓની પીડા અસહ્ય છે. જોડા લાવી દો. સ્નેહતંતુના બંધનમાં જકડાએલા પિતાએ જોડા લાવી આપ્યા.

પુત્ર કહે - લોચ નહી થાય. એક એક વાળ ખેંચાતા તમ્મર આવી જાય છે. હજામત કરાવી લેવી પડશે. મમતાના લપસણા માર્ગે વિવેકભ્રષ્ટ

થએલા પિતામુનિ કહે - O.K. No Problem, તું ખુશ રહે... હજામને બોલાવી મુંડન કરાવીશું. આ ગુલાબી કાયા લોચના કષ્ટ કેમ સહી શકે ? દિકરો ખુશખુશાલ.

એક'દિ કહે - લુખ્ખી સુખી ગોચરી મોઢામાં જતી નથી. ઘીથી લચપચ મીઠાઈઓ, ફરસાણ, ફળ-ફ્રુટ, ડ્રાયફ્રુટ, મુખવાસ વિ. લાવી આપો. પિતાજીએ તરત અમલ કરી દીધો.

એક'દિ કહે - હું ગોચરી-પાણી નહી લાવું. થાકી જવાય છે. ઘર ઘરમાં ભિક્ષા માંગતા શરમ લાગે છે.

પિતામુનિ કહે - હું છું ત્યાં સુધી જલસા કર. જે જોઈએ જેવી જોઈએ તેવી ટનાટન ગોચરી લાવી આપીશ, Don't worry.

એક'દિ કહે :- પિતાજી ! વિહાર નહી થાય, ગોટલા ચઢી જાય છે, પરસેવો છુટી જાય છે. એક સ્થાનમાં રહી સાધના કરીશ.

પિતા મુનિ કહે - તહત્તિ, જેવી તારી ભાવના, હજી નાનો છે, વિહારના કષ્ટ ઘણા કઠણ છે, કાયા તારી કરમાઈ જશે.

એક'દિ કહે - આ જાડાલટ્ટ કપડા ફાવતા નથી, શરીરને કરડે છે, ઘસાય છે અને પીડા થાય છે આચાર્યો પહેરે એવા જીણા-મુલાયમ કપડા લાવી આપોને.

મમત્વના મહાસાગરમાં ગળાડુબ ડુબેલા પિતાજીએ ઘાતક પરિણામનો વિચાર કર્યા વિના ઝીણા કપડાનો સેટ પુત્રમુનિને ભેટ ધરી દીધો. જે જે માંગણી પુત્ર મુકતો ગયો, લાગણીવશ પિતાજી તેને તેને પૂરતા ગયા.

લાડકોડમાં ઉછરેલ છોકરો છટકેલ બન્યો. કામનાઓનો ગુલામ બન્યો. તમામ અનુકૂળતાઓના ભોગવટાથી મન ઉચ્છૃંખલ બન્યું. શરીર શિથિલ બન્યું. એક દિવસ એવો આવ્યો કે લાજ શરમને નેવે મુકી પિતાને કહે - હવે તો મારે છોકરી જોઈએ, તેના વગર રહેવાય એવુ નથી.

આ શબ્દો સાંભળતા જ પિતાને તમ્મર આવી ગયા. પગ નીચેથી ધરતી સરકતી લાગી. કારમા વજ્રાઘાતથી વ્યથિત થઈ ગયા. હવે પિતાની

આંખ ઉઘડી, હવે તેમને ખ્યાલ આવ્યો કે ‘‘દિકરો આટલી હદ સુધી નીચે ઉતરી ગયો તેમા તેનો નહી મારી મોહગર્ભિત વિવેકહીનતાનો જ દોષ છે.’’

મેં દિકરાના સંયમ સામે નહી, તેના શરીર સામે જોયું. પરલોક સામે નહી, આલોક સામે જોયું. તેની સાધના સામે નહી સુખાકારીતા સામે જોયું. તેનું જ આ દુષ્પરિણામ છે. હવે આ પુત્ર ચારિત્ર માટે અપાત્ર છે. ચારિત્રના વાઘામાં વ્યભિચારી બની શાસનની અપભ્રાજના કરે તો અનંત સંસાર વધારી બેસે, બોધિદુર્લભ બની બેશે. એના કરતા સંયમ છોડી દે તે જ બહેતર છે.

પિતામુનિએ પૂછ્યું - સ્ત્રી જોઈએ કે સંયમની સાધના ? સ્ત્રી મારક છે. સંયમ તારક છે. સ્ત્રી જનમ જનમ મળી છે, સંયમ ભવો પછી આ ભવમાં મળ્યું છે.

સમજાવવાના અંતિમ ઘડી સુધીના લાખો પ્રયત્ન કરવા છતાં પુત્રની પસંદગી સ્ત્રી ઉપર ઉતરી.

ભવિતવ્યતાને બળવાન માની, મમત્વના બંધનો તોડી, હૃદય ઉપર વ્રજ રાખી પિતાએ પુત્રના વાઘા લઈ લીધા.

એક સાધુ સંસારી બન્યો.

ફુલની શય્યામાં ઉછર્યો છે, શળી પણ આઘી પાછી કરી નથી. ‘‘ખાટલેથી પાટલે અને પાટલેથી ખાટલે’’ જેવી બાદશાહી ભોગવી છે, પણ, હવે કોણ ભાવ પુછે ? કોઈપણ કામ કરવાની આવડત નથી. પેટનો ખાડો પુરવાના ય સાસા છે.

ભિખારીની જેમ ગામેગામ ભટકે છે. પુષ્ટિદાયક ખાન-પાનનું તેલ ના મળતાં વાસનાની આગ Automatically શાંત પડે છે. શરીર હાડપીંજર જેવું થઈ ગયું છે. ન મળે કામ કે ન મળે ખાવાનો દાણો. પેટની આગને ઠારવી તો પડે.

ક્યાયં ઠેકાણુ ના પડતા કચરાપેટીના શરણે ગયો. કચરાપેટીમાં પડેલા આખા ગામના ગંધાતા એઠવાડ અને ઉતારમાંથી ધાન્યના દાણા શોધી શોધી

પેટનો ખાડો પુરવા લાગ્યો. અહો ! અહો ! કેવી દુર્દશા !

એક દિવસનો સાધુ આજે ભિખારી બન્યો છે. એક દિવસ બત્રીશ પક્વાન આરોગનાર આજે દાણા દાણા માટે કણસે છે. એક દિવસનો વિશ્વવંદનીય આજે કેવો દયનીય-શોચનીય બની ગયો ? ઓ કર્મ ! તને લાખ લાખ પ્રણામ.

ગુલાબના ગોટા જેવી કોમળ કાયા ઉકરડાનો એઠવાડ શે ખમી શકે ? થોડા જ દિવસમાં શરીર કૃશ બન્યું. કાળુમેશ બન્યું. અનેક રોગોનું ભોગ બન્યું. ન કોઈનો સાથ, ન કોઈ પાસ, ખાધા વગર ચાલે નહી અને ખાધેલુ પચે નહી. કમળ જેવી હોજરી વજ્રના કુઠારાઘાત કેટલા દિવસ સહી શકે ?

ખાધેલુ બધુ અજીર્ણ થતાં આર્તધ્યાનમાં મૃત્યુ થયું. મરીને પાડા તરીકેનો અવતાર મળ્યો, હવે ઉકરડાની એ જ વિષ્ટાઓ હોંશે હોંશે ચાટવાની ને ચુંથવાની. તેમાં જ આળોટવાનું અને તે જ આરોગવાની. છે ને કર્મસતાની કમાલ !

આ બાજુ પુત્રના પતન બાદ પિતાને પારાવાર પશ્ચાત્તાપ થાય છે પોતાની મૂર્ખામી ભરેલી ભુલો પાછળ બોર બોર જેવડા આંસુ સારે છે. ભૂતકાળની સ્મૃતિઓની સરિતા માનસપટ ઉપરથી ખડખડ વહી જતા કલાકોના કલાકો પસાર થઈ જાય છે. પણ, હવે ઘોડો તબેલામાંથી ભાગી છુટ્યો છે. રાંડ્યા પછીનું ડાહપણ નકામુ છે.

ભવિતવ્યતાને મહાન માની પિતાએ મન વાળી લીધું. સાધનામાં મન પરોવી લીધું. ભૂતકાળ ભુલવા લાગ્યા. પુત્રની યાદ વિસારી આત્મસાધનામાં લીન બની ગયા.

કાળક્રમે આયુષ્ય પૂર્ણ કરી દેવલોકમાં ગયા. અવધિજ્ઞાનનો ઉપયોગ મુક્યો, જોયુ તો પુત્ર પાડા તરીકે જન્મ્યો છે. કસાઈઓના સકંજામાં છે. ઘડી બે ઘડીમાં રામ રમાઈ જવાના છે.

બીજુ રૂપ કર્યું. પાડાને કસાઈઓના વાડામાંથી રૂપિયા આપી છોડાવ્યો, પ્રતિબોધ કરવા માટે ગાડામાં જોડ્યો, તેના ઉપર અસહ્ય ભાર લાદ્યો.

અશ્રુધારાને વહાવતો પાડો કહે - બચાવો ! બચાવો ! મરી ગયો ! આટલો ભાર મારાથી સહેવાતો નથી. લાગ જોઈ દેવતા પૂર્વભવનો સંવાદ પુનર્જીવિત કરે છે. કેમ, ભાર સહેવાતો નથી ને ? લોચ થતો નથી ને ? જાડા કપડા પહેરાતા નથી ને ? લુખુસુખુ ભાવતુ નથી ને ! ઉઘાડે પગે ચલાતુ નથી ને ! મજા કર હવે.

આ શબ્દો સાંભળતા જ પાડાને પૂર્વભવનું સ્મરણ થયું. સંયમના દેદારમાં સેવેલા શિથિલાચારોના સ્મરણથી તે ફફડી ગયો. મહામુશ્કેલીએ મળેલા રત્નકંબલને પગ ધોઈ ઉકરડામાં ફેંકી દેવા જેવી પોતાની બાલિશતા ઉપર ફિટકાર છુટી ગયો, ઓહ ! સંયમના રાજમહેલમાં પણ ભોગની વિષ્ટા પાછળ પાગલ બન્યો, સંયમ રગદોળી નાખ્યું. જીવન વેડફી નાંખ્યું. કેટલું ગાંડપણ ! કેવી અજ્ઞાનતા ! કેવી ભોગરસિકતા ! અને તેના કેવા ગોઝારા કટુવિપાકો !

હવે ભુલોનું પરાવર્તન કરવુ નથી. માનવભવમાં સાધના ચુકી દુઃખી થયો, હવે પાડાના ભવમાં આરાધના કરી લઉ એમ વિચારી અણસણ કરી લીધું. ત્યાંથી મરી દેવલોકમાં ગયો.

સાધુ મટી પાડો થયો, અને પાડો મટી દેવ થયો. છે ને સંસારની વિચિત્રતા !

આ દ્રષ્ટાંત સુચવે છે કે - દિકરાઓ વંઠી જાય, હાડકા હરામ થઈ જાય, ઉલ્લંઠ થઈ જાય, ભાવિમાં કડવા દુષ્પરિણામો ભોગવવા પડે, સુકી સળી ય ન ભાંગી શકે, એટલી હદે લાડ લડાવવા ના જોઈએ. મા બાપનો આ મોહ નથી પણ દ્રોહ છે. **દિકરાને વધુ પડતા લાડ કોડ દ્વારા પાંગળા-ગુલામ-પરાધીન-શુષ્ક બનાવનાર મા-બાપો ખરા અર્થમાં સંતાનોના હિતેચ્છુ નહી પણ વૈરી છે.**

બીજી વાત- મનમાં ઉભી થતી કામનાઓની આગને પદાર્થોના ઈંધણ આપવાના બંધ કરો, ઉભી થતી કામનાને પોષવા કરતા કામનાઓ ઉભી જ ના થાય એ રીતે તેને શોષવામાં ડહાપણ છે.

**ઈચ્છાઓ કોઈ કાળે પૂરી થતી નથી અને ઈચ્છાઓને પૂરનાર દુઃખી થયા વિના રહેતો નથી.**

● એન્ડ્રુ કારનેગી દસ અબજ ડોલરનો માલિક હતો. અમેરીકાના First રેંકના શ્રીમંતોમાં તેની ગણના થતી હતી. તે જ્યારે મોતના બિછાના ઉપર બેઠેલો ત્યારે કો'કે પુછ્યું, દુનિયાના તમે શ્રેષ્ઠ શ્રીમંત છો એટલે પૈસાના જોરે બધી ઈચ્છાઓ પૂરી કરી લીધી હશે ને ? હવે તમારી કોઈ ઈચ્છા અધુરી રહે છે ? કોઈ વસવસો ખરો ?

કારનેગી કહે - આજે દસ અબજ ડોલર છે, જીંદગીમાં ૧૦૦ અબજ ડોલર કમાવાની ભાવના હતી. આયુષ્ય ટુંકુ પડતા આ ભાવના અધુરી રહી જાય છે તેનો અસહ્ય આઘાત છે.

બિચ્ચારો એન્ડ્રુ ! મળ્યુ તે ભોગવી ના શક્યો અને નવુ મેળવવાની મથામણમાં જ મર્યો.

● પેલા ધનવાન છતા કડકા મમ્મણની પણ એ જ હાલત હતી. ઝગારા મારતા રત્નોના દોઢ બળદીયા બનાવ્યા, એક શિંગડું પુરૂ કરવાની મહેચ્છામાં રાતોની રાતો કાળી મજુરી કરતો જ રહ્યો. માત્ર તેલ ચણાથી પેટ પૂરતો જ રહ્યો. માત્ર પોતડીથી પંડને ઢાંકતો રહ્યો. સેંકડો કાણાવાળી ઝુંપડીમાં જીવનભર રહ્યો. અંતે અધુરી ઈચ્છા મુકીને આ દુનિયામાંથી રવાના થઈ ગયો.

**કામનાનું કેવુ કમાલનું કામણ છે કે પૂરાય પણ નહી અને દૂર પણ થાય નહી.**

**ઈચ્છા એટલે ઉધઈની જમાત, એકમાંથી અનેક થતા વાર ના લાગે, આખાને આખા જીવનફલકને ફોલીને ફોકલું કરી નાખવામાં ય વાર ના લાગે.** એ તો બે/ચાર ઉધઈઓ આવવાની શરૂઆત થતાની સાથે જ સજાગ થઈ ઉપાય અજમાવાય તો બચી જવાય. અન્યથા રાફડો થતા આખા ઘરનો ખાત્મો બોલાઈ જાય.

**ઈચ્છાઓને પણ ઉગતી જ ડામવી જરૂરી છે. તેને પોષવાના બાલિશ**

**પ્રયત્ન કર્યા કે મર્યા જ સમજો,** દારૂ-બીડી વિ.ની જેમ ઈચ્છા પણ એક Adiction જ છે. તેમાંથી વહેલી તકે મુક્ત થવુ જરૂરી છે. પરમાત્મા મહાવીરે ''ઈચ્છાનિરોધ'' એ જ મોટો તપ છે'' એવું જણાવીને દુનિયાને એક દિવ્યજ્ઞાનની ભેટ ધરી છે.

**કામનાઓને કાબુમાં રાખે તે જ સાચો તપસ્વી, નહી કે ઉપવાસ કરીને ખાવાના વિચારોમાં રાચતો હોય તે.**

આહારની સાથે આસક્તિ છોડવાની છે, સંસારની સાથે તેનો સ્નેહ છોડવાનો છે. ભોગ સામગ્રીની સાથે ભોગવાસના છોડવાની છે. પદાર્થોની સાથે તેનો પ્રેમ છોડવાનો છે. મંદિરો અને મહેલતોની સાથે મોહમમત્વ છોડવાના છે. આ જ સાચો ત્યાગ છે. **વસ્તુનો ત્યાગ કરી આસક્તિ ઉભી રાખવી એ તો ડબલ મુર્ખામી છે. ત્યાગ એટલે મનમાંથી જ ત્યાજ્ય વસ્તુની હકાલપટ્ટી.**

ટુંકમાં લેખનો સાર એટલો જ છે કે સુખી થવાનો રાજમાર્ગ છે 'ઈચ્છનિરોધ' દુઃખી થવાનો રાજમાર્ગ છે. 'ઈચ્છાપૂર્તિ'.

અંતે-

**बस इतनी ही कहानी है मेरे जीवनकी**
**नाव कागजकी है और नदी आगकी**

* * * * *

# કર્મની અકળ કરામત

કહેવાય છે કે બ્રિટનના સામ્રાજ્યનો સૂર્યાસ્ત દુનિયામા કદાપિ થતો ન હતો, સામ્રાજ્ય એટલું વ્યાપક હતું કે એના અનુશાસિત એક દેશમાં સૂર્યાસ્ત થાય તે પૂર્વે જ બીજા અનુશાસિત દેશમાં સૂર્યોદય થઈ જતો.

જગત ઉપર બ્રિટનના શાસન કરતા પણ કર્મનું શાસન વિશેષપણે વ્યાપક છે.

**સમસ્ત જીવ રાશિ ઉપર કર્મનું એકછત્રીય આધિપત્ય છે.** ચાહે તે ત્રસ હોય કે સ્થાવર, સુક્ષ્મ હોય કે બાદર.

આ સામ્રાજ્ય પણ આજ કાલનું નથી, અનાદિનું છે. જીવ અને કર્મનું Co-Existance જુગ જુગ જુનું છે. Twince ની જેમ સદા સંગાથી છે, એક ક્ષણ પણ વિખુટા ન પડે એવી આત્મા-કર્મની અતુટ મૈત્રી છે.

કર્મનું જીવ સાથેનું Connection મધથી લેપાયેલી તલવાર જેવુ છે. બહારથી મીઠુ અંદરથી ઘાતક. ભોળો જીવ કર્મની ભેદી ચાલને ન પારખી શક્યો, તેથી જ તેના તરફથી મળતા દુઃખોને પણ સ્વીકારતો રહ્યો.

કર્મનું એક વિશાળ સામ્રાજ્ય છે. આ સામ્રાજ્ય અબાધિત છે, તેનો પ્રતિસ્પર્ધી ન ભુતો ન ભવિષ્યતિ, તેના કાર્યક્ષેત્રમાં પથરા ફેંકનાર ન કોડપિ, તેની સામે પડકાર ફેંકવાની હિંમત કોઈની નહી, ખૂબ સરળતાને સહજતાથી તે શાસન ચલાવે છે.

**કર્મનું સામ્રાજ્ય અવિચ્છિન્ન છે,** તેને પદભ્રષ્ટ કરી એક ક્ષણ માટે પણ તેના સત્તાસ્થાને બેસવાની ક્ષમતા ઈશ્વરમાં પણ નથી.

**કર્મનું સામ્રાજ્ય ત્રૈકાલિક છે,** ભૂત-ભાવી કે વર્તમાનની ભેદરેખા તેના માટે છે જ નહીં.

**કર્મનું સામ્રાજ્ય ત્રિલૌકિક છે,** અધોલોક, મધ્યલોક કે ઉર્ધ્વલોકના સીમાડા તેને બાધક નથી, ચાતુરંત ચક્રવર્તીને હદ-મર્યાદા કે સિમાડા ક્યાંથી ?

જૈનદર્શન કહે છે - કર્મ તો ઈશ્વરને-તીર્થંકરને પણ રમાડે-ભમાડે છે, કર્મની આજ્ઞા તેમને પણ શિરસાવંદ્ય કરવી પડે છે. કર્મે આપેલી પ્રતિકુળતા કે સંકટોના ભેટણાને તેઓ પણ ઠુકરાવી શકતા નથી.

પરમાત્મા મહાવીરદેવ ઉપર સાડાબાર વર્ષ સુધી ઉપસર્ગોની ઝડી વરસી, સંગમ ખૂંખાર બનીને ત્રાટક્યો. છ-છ મહિના અન્નનો એક દાણો કે પાણીનુ ટીપું ન મળ્યું, કોનો આ દુષ્પ્રભાવ છે ? કર્મની ખૂજલીનું જ આ દુષ્પરિણામ છે.

**કર્મને ખૂજલી ઉપડે એટલે જીવનો ખોડો કાઢી નાખે,** કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી-તીર્થંકરપણાનું સર્વોત્કૃષ્ટ વૈભવી સત્તાસ્થાન પ્રાપ્ત થયા પછી પણ પ્રભુ વીરને કર્મે ના છોડ્યા.

હજારો ગામોને બાળીને ભસ્મીભૂત કરી દે એવી આગ ઓકતી તેજોલેશ્યા ગોશાળાએ પરમાત્મા ઉપર છોડી, પ્રભુને લોહીના ઝાડા ઉલ્ટી થઈ ગયા, છ-છ મહિના સુધી આગના લપકારાની કારમી વેદના વેઠવી પડી, કોણ કારણ છે ? ગોશાળો ? ના, ગોશાળો તો નિમિત્ત કારણ છે.

કર્મના સર્વોપરી સામ્રાજ્યનો આ અનુપમ પૂરાવો હતો, તીર્થંકરો ઉપર પણ પોતાની હકુમત પ્રસ્થાપિત કરવાનો કર્મનો આ અહંકાર હતો.

જીવનના સૂર્યાસ્ત સમયે ભસ્મગ્રહ સંક્રાંત થવાનો હતો, ત્યારે ઈંદ્ર મહારાજાએ પ્રભુને વિનંતી કરી, ''પ્રભુ ! બે મિનિટ તમારૂ આયુષ્ય લંબાવી દો. તમારા પુન્યપ્રભાવથી ભસ્મગ્રહનો ફ્યુસ ઉડી જશે. બે હજાર વર્ષ સુધી ચાલનારા તેના દુષ્પ્રભાવમાંથી જીવો મુક્ત થઈ જશે. આપ તો પ્રભુ છો. વિભુ છો. સમર્થ છો. ગ્રહો તો આપના ચરણના ચાકર છે !

પ્રભુ કહે - ''હું ગ્રહોનો સ્વામિ સાચો પણ મારા કર્મનો દાસ છું. ગ્રહોને ઉપશાંત કરવાનુ મારું સામર્થ્ય ખરૂ, કર્મોને રોકવાનું નહી, હું ભસ્મગ્રહના પ્રભાવને તોડી શકું, પણ મારા આયુષ્યની દોરી એક ક્ષણ માટે પણ લંબાવી શકું નહી, જન્મ્યો ત્યારથી જ કર્મે મારેલી આયુષ્યની મોરછાપ મિથ્યા કરવા હું અસમર્થ છું. અઘાતિ કર્મોની હકુમત હજી મારે

પણ સ્વીકારવી પડે છે.'' જોઈને તીર્થંકરોને પણ ઝુકાવતી કર્મની જોહુકમી !

**સંસારના નાટકીય રંગમંડપમાં ભજવાતી વિચિત્ર લીલાઓ પાછળ કર્મનું જ Master Mind કાર્યરત છે.**

- કો'કને પાઈ પાઈ માટે ફાંફા મારવા પડે છે તો કો'કને વગર મહેનતે છપ્પર ફાડકે સમૃદ્ધિ આવે છે.
- કો'ક ભિખારીનું શરીર તગડા જેવુ છે અને કો'ક શ્રીમંતના શરીરમાં સેંકડો નળીઓ ગોઠવાએલી છે.
- કો'ક કણ કણ માટે કણસે છે તો કો'ક આકંઠ ખાઈને લેટ્રીનના આટાફેરા મારી થાકી ગયો છે.
- કો'કને ત્યાં જાન તો કો'કને ત્યાં કાણ, કો'કને ત્યા મરસીયા તો કો'કને ત્યા મંગલ મહોત્સવ.
- કો'ક રોગી દવાના અભાવે મરે છે. તો કો'ક દવા ખાવાના કારણે મરે છે.
- કો'ક શ્રીમંત ફેમીલીનો ટાટા સુમો ખટારા સાથે અથડાતા અંદર બેઠેલાનો છુંદો થઈ જાય છે.
- કો'ક ફેમીલી બેસુમાર વરસાદમાં ઘર છોડી દોડી રહ્યું છે, પોતાના ઝુપડા અને ઘરવખરીને તણાતી જોઈ ઉના ઉના આંસુ સારી રહ્યું છે.
- કો'ક ખોરાકની શોધમાં છે, કો'ક ભુખની.
- કો'ક સ્ત્રીની શોધમાં છે તો કો'ક સત્તાભ્રષ્ટ.

જેના માટે લાલ જાજમો પથરાતી હતી. તેઓના ભાવ પુછનાર આજે કોઈ નથી. જે રાજરજવાડાઓના સમ્રાટ હતા તેઓ આજે કાળી મજુરી કરે છે.

છાપુ ખોલતા જ કરૂણાન્તિકાઓ નજરે ચઢે છે. બસ પૂલ ઉપરથી પલ્ટી ખાઈ નીચે નદીમાં પડી. પચાસ લાશો પાણી ઉપર તરતી હતી.

વિમાનમાં આગ લાગી બસો માણસ ભડથુ થઈ ગયા. વાવાઝોડા અને મુસળધાર વરસાદમાં અસંખ્ય લોકો બેઘર. ભુકંપની તારાજીમાં દશ હજાર જીવતા દટાઈ ગયા.

સામુદાયિક હારાકીરીના નાટક જોઈ કર્મરાજા ખડખડાટ હસતો હશે.

ઈશ્વર તો નિત્ય નિર્દોષ છે, તે તો મુક પ્રેક્ષક બની સંસારના ચલચિત્રો જોઈ રહ્યો છે. નથી તે નિમિત્ત, નથી તે કર્તા કે નથી તે રક્ષક, નથી તે કોઈના મિત્ર કે નથી કોઈનો દુશ્મન, નથી કોઈનો પ્રેમી કે નથી કોઈનો દ્વેષી.

અનાસક્ત ભાવે બધુ જોયા કરવાનો તેનો શાશ્વત સ્વભાવ છે. ન કોઈ પ્રતિક્રિયા કે ન કોઈ પ્રત્યાખ્યાત. ન કોઈ આઘાત કે ન કોઈ આવેશ. સબ કર્મોકી બાજી, બધી જ કર્મની બલીહારી છે, ઈશ્વરને દોષ દેવો વ્યર્થ છે.

આશ્ચર્ય તો એ વાતનું છે કે કર્મ આકાશમાંથી ટપકતા નથી. દુકાનમાંથી Sale થતા નથી.

જીવ સ્વયં કર્મ બાંધે છે,
જે જીવ કર્મો બાંધે છે તે જ ભોગવે છે,
જે જીવ જેવા બાંધે છે તેવા જ ભોગવે છે,
જેટલા બાંધે છે એટલા જ ભોગવે છે.

**દૂધ પીધા પછી ડંખ મારવાનો છે એવું નિશ્ચિત જાણવા છતા સાપને દૂધ પીવડાવનાર કેટલો દયાપાત્ર કહેવાય ?**

**બહાર કાઢ્યા પછી નિશ્ચિત સામે પડવાનો છે એવુ જાણવા છતા દુર્જન આશ્રિતને Support કરનાર કેટલો હાંસીપાત્ર કહેવાય ? ચુંટીને મોકલ્યા પછી નિશ્ચિત ચુસી લેવાનો છે એવુ જાણવા છતા દુષ્ટ રાજનેતાને ચુંટનાર કેટલો ઠપકાપાત્ર કહેવાય ?**

**આપ્યા પછી પાછા આવવાના નથી એવુ નિશ્ચિત જાણ્યા પછી પણ વિશ્વાસઘાતીને નાણા ધીરનાર કેટલો ઉપેક્ષાપાત્ર કહેવાય ?**

**તો પછી રીબાવી રીબાવીને નરકની વેદના આપે, આંખોમાંથી આંસુઓની**

**ધાર વહી જાય એવી જાનવરની વેદના આપે, દારૂણ દુઃખોના દાવાનલમાં શેકી રાખે, દરીયામાં ડુબાડી દે, આગમાં ભસ્મીભુત કરી દે, ધરતીમાં જીવતા ઘરબાવી દે, આવી તો અનેકજાતની યાતનાઓના ખડકલા નિશ્ચિત પેદા કરશે એવુ જાણવા છતા હસતા હસતા કર્મ બાંધનાર કેટલો દયાપાત્ર ? કેટલો શોચનીય ? કેટલો હાંસીપાત્ર ? કેટલો ઠપકાપાત્ર ? કેટલો ઉપેક્ષાપાત્ર ?... કેટલો મુરખનો સરદાર ?**

ભલભલા ચમરબંધીઓ કર્મ સામે મીયાફુસ થઈ ગયા. ધરતીને રક્તરંજીત કરનારા કર્મના રક્તરોષમાં રાખ થઈ ગયા, ઈતિહાસને સુવર્ણઅંકિત કરનારા પણ કર્મથી ફફડી ગયા. એકલપંડે હજારોને ધ્રુજાવનારાઓના પોલાદી ફેફસા કર્મના મામુલી તણખામાં ઓગળી ગયા.

- દેવતાઓ જેના રૂપની પ્રશંસા કરતા હતા તે સનત્કુમારના શરીરમાં સોળ-સોળ મહારોગો ઘર કરી ગયા.
- અયોધ્યાના સમ્રાટ રામ લક્ષ્મણ સીતાને બાર-બાર વર્ષ નિર્જન વનમાં ભટકવું પડ્યું. તળાવના પાણી અને ફળના આહારથી નિર્વાહ કરવો પડ્યો.
- પ્રથમ તીર્થપતિ આદીશ્વર પરમાત્માને એક વર્ષ સુધી અને મહાવીસ્વામીને છ મહિના સુધી ભુખ્યા-તરસ્યા રહેવું પડ્યું.
- સગર ચક્રવર્તીના સાઈઠ હજાર પુત્રો એક સાથે યમરાજના જડબામાં ચવાઈ ગયા.
- સોળ હજાર દેવતાઓએ સુભુમ ચક્રવર્તીની પાલખી ઉપાડી હતી, બધાથી એક સાથે પાલખી છુટી ગઈ, છ ખંડનો સમ્રાટ સુભુમ ચક્રવર્તી લવણસમુદ્રના તળીએ ૐ સ્વાહા થઈ ગયો.
- બ્રહ્મદત્ત નામના ચક્રવર્તીની બે બદામના માણસે બેચકી મારીને આંખ ફોડી નાખી. કાયમ માટે બિચારો અંધ બની ગયો, ધોઈ પિવાના હવે છ ખંડની ભોગ સામગ્રીના ખડકલાને.
- છપ્પન કરોડ યાદવના સ્વામી, ત્રણ ખંડના અધિપતિ કૃષ્ણ મહારાજાને

અંતિમ સમયે એક ગ્લાસ પાણી ના મળ્યુ. જલના અભાવે તૃષાથી તરફડી તરફડીને મરણ પામ્યા.

- દ્રોપદીને જુગારમાં હારી પાંચ પાંડવોને બાર-બાર વર્ષનો વનવાસ વેઠવો પડ્યો. ભિખારીની જેમ ભટકવું પડ્યું.
- રાજા હરિશ્ચંદ્રને પત્નિ તારામતી વેચવી પડી, દોમ દોમ સાહેબીમાં ઉછરેલી તારામતી મહારાણીના એવા બુરા હાલ થયા કે પેટનો ખાડો પૂરવા બાર-બાર વર્ષ માથે બેડા મુકી ગામના પાણી ભરવા પડ્યા.
- દધિવાહન નામના રાજાની દીકરી ચંદનબાળાને શાકભાજીની જેમ ચોરેને ચૌટે વેચાવુ પડ્યું.
- પ્રભુ વીરના અનન્ય ઉપાશક મગધ સમ્રાટ શ્રેણિકને સગા દિકરા કોણીકે અંધારી કોટડીમાં પુર્યો. મીઠાના પાણીમાં ઝબોળેલા હંટરના રોજના સો-સો ચાબકાઓ મરાવતો. ચાબકા ખાતા શ્રેણિકથી જે ચીસ-રાડ પડતી તેનાથી આખુ મગધ ધ્રુજી ઉઠતુ.
- જુગારમાં ગાંડા બનેલા નળ રાજા પાયમાલ થઈ ગયા. બાર-બાર વર્ષ વનમાં ભુખ્યાને તરસ્યા ભટકવું પડ્યું.
- ગજસુકુમાલ મુનિના માથે સસરાએ સગડી બનાવી. અંગારા ભર્યા. આગ પેટાવીને જીવતા સળગાવી નાખ્યા.
- પાલક પાપીએ ખંધકસૂરિના પાંચસો શિષ્યોને શેરડીના સાંઠાની જેમ ઘાણીમાં પીલી નાખ્યા.
- ઢંઢણનામના ઋષિને છ-છ મહિના સુધી ભિક્ષામાં અન્નનો દાણો કે પાણીનું ટીપું ન મળ્યું.
- કેવળજ્ઞાની જેવી દેશના દેતા, એક બે નહી પણ અનંતા ચૌદ પૂર્વધરો આજે જ્ઞાનશૂન્ય બની નિગોદમાં કુટાઈ રહ્યા છે. સુષુપ્ત અવસ્થામાં સમય પસાર કરી રહ્યા છે.
- જાન બચાવવા જંગલમાં નાશભાગ કરતા રાણા પ્રતાપને ભિખારીએ

રોટલાનો ટુકડો આપ્યો, હોંશે હોંશે મોઢામાં મુકવા જાય તે પહેલા જ કાગડાએ તરાપ મારી ટુકડો ઝુટવી લીધો, પ્રતાપની આંખો આંસુઓથી છલકાઈ ગઈ.

- દેશના સર્વોચ્ચ સ્થાને બેઠેલા મહાત્મા ગાંધી, ઈંદિરા ગાંધી, રાજીવ ગાંધી જેવા ટોચના રાજનેતાઓ સ્ટેનગનની ગોળીનો ભોગ બન્યા.. તેઓના શરીરના ફુરચે ફુરચા ઊડી ગયા.
- પંજાબના C.M. બિયંતસિંહના Bomb-Blast માં ફુરચે ફુરચા ઉડી ગયા.
- હજારો કતલખાનાઓમાં રોજના લાખો કરોડો જાનવરોની બેરહમ હત્યા થાય છે. લોહીની નદીઓ અને હાડકાના ખડકલાઓ થાય છે. આંસુઓના મહાસાગર છલકાય છે.
- ડુક્કરોને ભડભડતા અગ્નિકુંડ ઉપર શેકી જીવતે જીવતા ચામડી ઉતારવામાં આવે છે. રોજના કરોડો કુકડાઓ હોટલોમાં વધેરાઈ જતા હોય છે.

અગણિત કુતરાઓ Shoot થઈ જાય છે. બકરાઓની ગરદન કપાઈ જાય છે. ઘેટાઓની Fur નીકળી જાય છે, વાંદરાઓની નિકાસ થઈ જાય છે. ઉંદરોના કચુંબર બની જાય છે, ચકલીઓની ચટણી થઈ જાય છે, સસલાઓના શરીરમાં ગરમાગરમ સળીયા ભોંકાઈ જાય છે.

આ બધી કર્મની લીલા છે, કર્મનું ઝનુન છે, કર્મની જ રમત છે. માટે જ કવિઓને કહેવું પડ્યું.

- દેવ દાવન તીર્થંકર ગણધર હરિહર નરવર સબળા,
  કર્મ સંયોગે સુખ દુઃખ પામ્યા સબળા હુઆ મહા નબળા,
  પ્રાણી ! કર્મ સમો નહી કોઈ,
- નમો નમો કર્મ મહારાજા.
- કૃતકર્મક્ષયો નાસ્તિ કલ્પકોટી શતૈરેપિ,

**પોતે ચુંટેલા પ્રતિનિધિ જેમ પોતાના ઉપર જ શાસન ચલાવે તેમ આત્માએ બાંધેલા કર્મ આત્મા જ ઉપર શાસન ચલાવે છે,** બાંધવાના બંધ થઈ જાય તો તેનું અનુશાસન Automaticaly cut off થઈ જાય.

કર્મની ભયાનકતા જુલમને જોહુકમી જાણી ગભરાવાની જરૂર નથી.

**કર્મ કરતા આત્માની શક્તિ ઓછી નથી. કર્મ કરતા આત્મા અનેકગણો બળવાન છે.** આ શક્તિ કુંઠિત હોય ત્યાં સુધી જ કર્મની ગુલામી છે. આત્મિક શક્તિનો વિસ્ફોટ થતા કર્મો કહ્યાગરા નોકર જેવા થઈ જાય છે. તેનો પાવર પીગળી જાય છે. તેનો અહંકાર ઓગળી જાય છે. **આત્મા જ્યારે બળવાન બને છે, કર્મ સામે લાલ આંખ કરે છે ત્યારે દુનિયાની કોઈ શક્તિ-દુનિયાનું કોઈ તત્ત્વ તેની સામે બાથ ભીડી શકતુ નથી.**

આત્માના પ્રદેશે પ્રદેશે વિરાટ શક્તિના મહાસાગરો વહી રહ્યા છે. દિવ્યતાનું સંગીત રેલાઈ રહ્યુ છે, જ્ઞાનના અફાટ પ્રકાશસાગરો હિલોળે ચઢ્યા છે. આત્માની તાકાત અમાપ છે. તેને ઓળખવાની જરૂર છે તેના પ્રાગટ્યના પ્રયત્નની જરૂર છે, તો ઉક્તિ સાર્થક થશે. **આત્મા જાગે કરમ ભય ભાગે,** આત્મિક શક્તિના ઉત્થાનનો સૂર્યોદય થતા કર્મના સામ્રાજ્યનો સૂર્યાસ્ત થઈ જાય છે.

સત્તાપલટો થતા કર્મના સત્તા સિંહાસને આત્મા આરૂઢ થઈ જાય તો જ બંધનમાંથી મુક્તિ થાય. દુઃખ-પરાધીનતા ગુલામીમાંથી છુટકારો થાય. સુખના સ્વર્ગાલયમાં મહાલવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય.

અંતે-

**કુબેરો શુ સિકંદરો ગર્વ સૌના તૂટશે**
**હો ગમે તેવો ખજાનો બેજ દિનમાં ખૂટશે**
**કર્મની કરડી નજરથી કોઈ જ બચવાનું નથી**
**આ જો ફૂટી છે પ્યાલી કાલ કુંજો ફૂટશે**

* * * * *

## સુખમે સબ સાથી, દુઃખમે ન કોઈ

દુઃખોની ઘટમાળ સંસારની વાસ્તવિકતા છે. દુઃખથી દૂર ભાગવાના અને સુખની નિકટ જવાના તનતોડ પ્રયત્નો સૌ કોઈ કરે છે, છતાં આ લક્ષ કોઈ સિદ્ધ કરી શકતું નથી.

બીજી બાજુ સ્વાર્થનો એવો અંધાપો છે કે પોતાનું જ દુઃખ દેખાય છે. બીજાનું દુઃખ દેખાતું જ નથી.

વળી કર્મની પણ એવી ઘટમાળ છે કે દુઃખના સમયમાં ઈચ્છા હોવા છતાં કોઈ સહાયક ના થઈ શકે એવો તેનો ચોકીફેરો છે.

**દુઃખ જાગૃતિનું પ્રતિક છે.**

**આત્મિક ઉત્થાનનું બીજ છે.**

**આત્મજ્ઞાન માટે પરમ શાસ્ત્ર છે.**

એક મુનિ હતા. યુવાન વયમાં જંગલમાં સાધનાની ધૂણી ધખાવી હતી. મગધસમ્રાટ શ્રેણિક જોગાનુજોગ આ જ જંગલમાં ક્રિડા કરવા રાજવી રસાલા સાથે આવ્યા.

મુનિના દર્શન થતા જ ઘોડા ઉપરથી છલાંગ મારી ઉતરી ગયા. એકી ટસે મુનિને જોઈ રહ્યા. યુવાન વય હતી. ગલગોટા જેવું શરીર હતું. મોઢા ઉપર તેજ જગારાઓ ઝળકી રહ્યા હતા. વદન ઉપર પ્રસન્નતાના ફુવારાઓ ઉછળી રહ્યા હતા. ચંદ્ર જેવી શીતળતા રેલાતી હતી, તો સૂર્ય જેવો પ્રકાશ ચોતરફ ફેલાતો હતો.

આવા મુનિનું દર્શન થતા શ્રેણિકને આનંદ સાથે આશ્ચર્ય થયું. યૌવનવયમાં દીક્ષિત કેમ થયા હશે ? શું દુઃખના ડુંગરો તુટી પડ્યા હશે ? ઉગતી ઉંમરે ઝળહળતો વૈરાગ્ય શે થયો હશે ?

મુખ ઉપરના તેજ લીસોટા અને શરીરનું સૌકુમાર્ય જોતા તો જરૂર લાગે છે કે આ રાજવી શરીર છે, રાજકુળની ખૂમારીનો સાક્ષાત્કાર સાધના

જીવનમાં પણ થાય છે. દેદાર તો રાજકુમારનો છે, રાજકુમારને વળી કમીના ક્યાંથી ?

વિચારોના વમળમાં આગળ વધતા જતા શ્રેણિકે સહજ પૂછી લીધું.

આપની ઓળખ ?

આપના વૈરાગ્યનું કારણ ?

ભોગાયતન કાયાને યોગાયતન કેમ બનાવી ?

કામણગારી કામીનીઓ અને ભોગસમૃદ્ધિની ભરમાળને લાત મારી સાધનાના કષ્ટાનુષ્ઠાનો સ્વીકારવાનું પ્રબળ નિમિત્ત શું મળ્યુ ? અનેક શંકાઓનો જવાબ મુનિએ ત્રણ પદમાં આપી દીધો.

''નરનાથ ! હું અનાથ છું.''

''મારો કોઈ નાથ નથી.''

જવાબ સાંભળી શ્રેણિક ચોંકી ગયો, શરીર રાજવી લાગે છે. કુળ ખાનદાન લાગે છે. કપાળની રેખાઓમાં સમૃદ્ધિનાં મહાસાગરો છલકી રહ્યા લાગે છે. છતાં તમે અનાથ !

જો વાત સાચી જ હોય તો તમારો નાથ થવા હું તૈયાર છું. ચાલો મારી સાથે, ઉતારો સાધકપણાના વાઘા. સાર્થક કરો યુવાની, તમારો વાળ વાંકો નહી થવા દઉં. ઊંની આંચ નહી આવવા દઉ. દુઃખ નામનો શબ્દ પણ સાંભળવા નહી મળે તો સહન કરવાની વાત જ ક્યા ?

તપ કરીને ગુલાબ જેવી કાયાને કાં કસો છો ? રંગરાગની વસંતમાં વૈરાગ્યની પાનખર કાં ઉજવો ? જીવનના સંધ્યાકાળે સાધના ક્યાં નથી થવાની ? પિતા તુલ્ય વિશ્વાસ રાખી મને 'નાથ' તરીકે સ્વીકારી લો, યોગક્ષેમ કરવાની તમામ જવાબદારી મારી.

ભૌતિકતાની પાયા વિનાની ઈમારત ઉપર રાચતા શ્રેણિકના હાર્દને મુનિ પામી ગયા. ઓછા છતા વેધક શબ્દોમાં વળતો ઘા કર્યો. હે રાજન ! મને સનાથ કરવાની તારી ભાવના ઉમદા છે પણ...પણ...

“તું પોતે અનાથ છે !

તું પોતે નિઃસહાય છે !”

**સ્વયં અસ્થિર હોય તે બીજાને આધાર શે આપવાના ?**

**સ્વયં ભિખારી હોય તે બીજાને દાન શું કરવાના ?**

**સ્વયં પડું પડું થતા હોય તે બીજાનો હાથ શું ઝાલવાના ?**

**સ્વયં ડુબતા હોય તે બીજાને શું તારવાના ?**

**તું સ્વયં અનાથ છે, મારો નાથ તુ શું થવાનો ?**

**“હરખ જોડી કહે હાથ, હું થાઉ તમારો નાથ,**

**નરનાથ તુ છે અનાથ, શું મુજને કરે તુ સનાથ.”**

શબ્દો સાંભળતા કાનમાં કાંટા ભોકાતા હોય, પગ નીચેથી ધરતી સરકતી હોય, હૃદય ઉપર વજ્રાઘાત પડતા હોય, તેવો અનુભવ થયો.

દોમદોમ સાહેબી વચ્ચે હું અનાથ કેવી રીતે ? પણ, મુનિશ્રી મૃષા તો ન જ બોલે. દ્વિધાના ઝુલે ઝુલતા શ્રેણિકે કહ્યું -

હું મગધનો સમ્રાટ છું. સેંકડો ખાંડિયા રાજાઓનો સ્વામિ છું. હજારો નોકર ચાકરો સેવા માટે તૈનાત છે. દોમ દોમ સાહેબી છે. રિદ્ધિ-સિદ્ધિનો પાર નથી. દેવાંગના જેવી અંગનાઓનો ભરથાર છું. અભય કુમાર અને મેઘકુમાર જેવા આદર્શ અને આજ્ઞાંકિત પૂત્રોનો પિતા છું. સ્નેહાળ સ્વજનો છે. પ્રેમાળ પરિજનો છે. શસ્ત્રસરંજામનો તોટો નથી. અશ્વ-રથ-ગજરાજો ગણ્યા ગણાતા નથી. સૈનિકો વફાદાર છે, શત્રુઓ તરફથી કોઈ જ ભય નથી. પાણી માંગતા બદામ પિસ્તા ભરપુર કઢાયા દૂધ હાજર થાય છે. બત્રીસ પકવાનોની છોળો ઉછળે છે. ભૌતિક સામગ્રીના સર્વોચ્ચ શિખરો સર કરી લીધા છે.

ભોગની કોઈ કમીના નથી. ભયનું કોઈ નામ નિશાન નથી.

પત્નિઓ સુશીલ છે. તેમના પ્રેમનો પાર નથી.

શરીર પણ પોલાદી છે. રોગ તો ગોત્યો જડતો નથી.

મામૂલી ખાંસી આવતા હજારોના શ્વાસ અધ્ધર થઈ જાય એવી લોકચાહના છે. મામુલી હાથ-પગ કે માથુ દુઃખતા વૈદ્યો હકીમો દોડી આવે છે.

પ્રજા પણ મને પિતાતુલ્ય માને છે. તેમના તરફથી દ્રોહ કે બળવાની કલ્પના સ્વપ્નામાં પણ શક્ય નથી.

તિજોરીઓ પણ હીરા-માણેકને મોતીઓથી છલોછલ છે. સોના ચાંદિનો કોઈ હિસાબ નથી.

આવા અબાધિત અને સુરક્ષિત એકછત્રીય સામ્રાજ્યનો ઉપભોક્તા 'અનાથ' કેવી રીતે હોઈ શકે ?...

'અનાથ' તો તે હોય જેને ખાવા ધાન નથી. પાણીના ટીપા માટે વલખા મારવા પડે છે. પહેરવા કપડા નથી. પાથરવા રજાઈ નથી. ઓઢવા સાલ નથી. રહેવા ઝુપડી નથી.

ન મળે કોઈ સ્વજન કે ન મળે પરિજન. ન કોઈ દેખણહાર ન કોઈ રાખણહાર... જે ધરતીની શય્યા અને આભનું ઓઢણું કરી જીવન વિતાવતો હોય,

''મારી પાસે શું છે ?'' એના કરતા એમ કહેવું ઉચિત છે કે ''મારી પાસે શું નથી ?'' છતા આપ મને 'અનાથ' કહો છો !

ભેદી વાણીના પોપડા ઉખેડી મારા મનની ભુમિને સ્વચ્છ કરવા કૃપા કરો.

બાહ્ય સામગ્રીના ડુંગરે ચઢી અંતરથી ગર્વિષ્ઠ બનેલા શ્રેણિકના શબ્દો મુનિ સાંભળતા જ રહ્યા.

સામગ્રીના કેફનું ઝેર ઉતારવા મુનિ બોલ્યા,

તારા બોલ ઉપરથી, તારા રસાલા ઉપરથી, તારા શરીરની કાંતિ ઉપરથી તારા બાહ્ય સામ્રાજ્યનો તાગ સહજ મેળવી શકાય તેમ છે. આ બધું તો મારી પાસે પણ હતું. મારૂ સ્થાન દુન્વયી સુખના શિખર ઉપર હતું.

**વત્સ દેશ કોશાંબીનો વાસી રાજપુત્ર હું છું વિલાસી,**
**એક દિન મહારોગે ઘેર્યો કેમે કરી પાછો ન ફેર્યો.**
**માતા પિતા મુજ બહુ મહિલા વહેવડાવે આંસુના વહેણા**
**બડા બડા વૈદ્યો તેડાવે પણ વેદના કોઈ ના શમાવે !**

વત્સ દેશ, કોશાંબી નગરીના નરેશનો હું રાજકુંવર, દોમદોમ સાહેબીમાં ઉછરેલ, રાજ-પાટ અને લખલુટ વૈભવનો આસામી, પ્રેમાળ પત્નિઓનો હૃદયવલ્લભ, દુઃખનું નામ નિશાન નહી.

એક દિવસ અચાનક શરીરમાં અસાધ્ય વ્યાધિ ઘૂસી ગયો. માથુ દુઃખે, પગ તૂટે, શરીરમાં લ્હાય લ્હાય બળે.

પીડાનો પાર નહી, વ્યથાની સીમા નહી, દેશ વિદેશોમાંથી મોટા મોટા વૈદ્યો અને હકીમો તેડાવ્યા, માંત્રિકો અને તાંત્રિકો ઉભરાવા લાગ્યા. મંત્રો ને ઔષધિઓના હજારો ઉપચારો શરૂ થયા. ભૂવા બાવાઓના પ્રયત્ન પણ થવા લાગ્યા, છતા જેમ જેમ દવા કરીએ તેમ તેમ રોગ વધે, જાણે પુન્ય પરવારી ગયુ લાગ્યું.

• માતા પોકે પોકે રડે છે. • પિતા સારૂ કરનારને આખુ રાજ આપવા તૈયાર છે. • પત્નિઓના હૈયાફાટ રૂદને સૌના હૈયા હચમચાવી નાંખ્યા છે. • કુલવૃધ્ધાઓ શાંતિ-પૌષ્ટિક કર્મ કરવા લાગી ગયા છે. • સગા ભાઈ બહેનો મારૂ દુઃખ જોઈ ત્રાસી ગયા છે. આંખેથી અશ્રુનો ધોધ વહેવડાવી રહ્યા છે. • સ્વજનો પરિજનો હૃદયના ભાવથી મારા સ્વાસ્થ્ય માટે પરમાત્માને પ્રાર્થના કરે છે.

હજારો નિકટના કુટુંબીઓ મારી શય્યાને વિંટળાઈને ઉભા છે. બધા જ મારી વેદના, મારી અસહાયદશા, જોઈ નિસાસા નાખી રહ્યા છે. છતા દુઃખમાંથી મને કોઈ છોડાવી શકતુ નથી. હે રાજન ! આ જ મારી મોટી **'અનાથતા'** છે !

સ્વજનો નિરૂપાય છે. વૈદ્યોએ હાથ ઉંચા કરી નાંખ્યા છે. દવા કોઈ કામ આવતી નથી. દવા અને દૂઆ ઊંચામાં ઊંચી છે છતા લેશમાત્ર

પીડા ઓછી થતી નથી. હજારો વચ્ચે હું એકલો છું. કુટુંબીઓ વચ્ચે હું અસહાય છું.

**દુઃખ જોનારા ઘણા છે દુઃખમાં ભાગ પડાવનાર કોઈ નથી.**

**દુઃખમાં રડનાર ઘણા છે. દુઃખમાં રક્ષણહાર કોઈ નથી.**

**દુઃખમાં સહાનુભૂતિ આપનાર ઘણા છે. દુઃખમા સહાય કરનાર કોઈ નથી.**

આજ મારી મોટી **''અનાથતા''** છે, અને...

ઉત્કટ પીડાના નિબિડ અંધકારમાં આશાનું એક કિરણ મને દેખાયું, તેનું નામ ધર્મ,

હવે ધર્મ સિવાય મારી રક્ષા કરવાની તાકાત દુનિયાની કોઈ શક્તિમાં નથી.

**ધર્મ જ પતિતોને પાવન કરે છે.**

**ધર્મ જ નિરાધારનો આધાર છે.**

**ધર્મ જ અશરણનું શરણ છે.**

**બધા સહાયકો નિષ્ફળ જતા 'ધર્મ' જ**

**સાચો સખા બની સહાય કરે છે.**

એકવાર જો રોગમુક્તિ થઈ જાય તો જીવનભર ધર્મના શરણે સમર્પિત થઈ જવાનો દૃઢ સંકલ્પ મેં મનોમન કરી લીધો.

**એવુ જાણી તવ શૂલ મે ધાર્યો ધર્મ અમૂલ,**

**રોગ જાય જો આજની રાત તો સંયમ લેવું પ્રભાત.**

'કાગનું બેસવુ અને ડાળનું પડવુ' કહો, માનસિક સંકલ્પનો અચિંત્ય પ્રભાવ કહો, કે ધર્મનો વણકલ્પ્યો ચમત્કાર કહો, સંકલ્પની બીજી મિનિટથી જ વેદનાની ભરતી ઓસરવા લાગી. કલાકે કલાકે વ્યથા ક્રમશઃ પ્રશાંત બનતા પ્રસન્નતા વધવા લાગી. શરીરની ગરમી અને મુખ ઉપરની ગ્લાની

ઘટતા પુનઃ Original ઔજસ તરવરવા લાગ્યુ. સવાર સુધીમાં સો ટકા રોગ ગાયબ. વેદના છુમંતર. પહેલાના જેવી સ્વસ્થતા આવી ગઈ. જાણે કશુ બન્યુ જ ન હોય.

સ્વજનો તો જોતા જ રહ્યા. દિવ્ય ચમત્કારના સાક્ષાત્ દર્શન કરી બધા અવાચક બની ગયા. વાયુવેગે વાત આખા નગરમાં પ્રસરી ગઈ. સર્વત્ર આનંદનું મોજુ ફરી વળ્યું. બધા તરહ તરહની વાતો કરવા લાગ્યા. કઈ જડીબુટ્ટીની તાકાત હતી તે તો મારૂ મન જ જાણતુ હતું.

ધર્મને કોલ આપ્યો છે હવે બેવફા ના બનાય, હવે દગો ના દેવાય.

માતા-પિતાને સત્યતાનુ ભાન કરાવી સંયમ માટે અનુમતિ માંગી.

ધર્મે જ મારી રક્ષા કરી છે તેના શરણે જવાની સહર્ષ અનુજ્ઞા આપો.

સંયમની વાત સાંભળી એકવાર તો સૌ કોઈ સ્તબ્ધ થઈ ગયા.

''રાજકુંવર કાંટાળા પંથે શી રીતે સફર કરી શકશે ? ગુલાબી કાયા કષ્ટોની વણઝાર કઈ રીતે સહન કરી શકશે ? બત્રીસ પકવાન આરોગનાર લુખા સુખા ભોજન કઈ રીતે પચાવી શકશે ?''

તમામ સ્વજનોના મને સમજાવવાના અને સંયમ માર્ગે જતો અટકાવવાના તનતોડ પ્રયત્નો કર્યા, છતા હું મારા નિર્ણયમાં નિશ્ચલ હતો. જે જુસ્સાથી કર્મો મારા ઉપર તૂટી પડ્યા હતા એવા જ જુસ્સાથી કર્મનો ખુડદો બોલાવવા હું તલપાપડ હતો.

જેણે નવજીવન બક્ષ્યું તે ધર્મમૈયાની આજીવન ચાકરી કરવા હું ઉત્સુક હતો. માતાની મમતા, પિતાનો પ્રેમ, સ્નેહીઓની લાગણીઓ, કુટુંબીઓનો સ્નેહ, પ્રજાની ચાહના, મિત્રોની મૈત્રી... આ બધા બંધનો એક ધડાકે તોડી મે દીક્ષા ગ્રહણ કરી લીધી.

**એમ ચિંતવતા વેદના નાઠી, આખરી બાંધી મે કાઠી**

**બીજે દિન સંયમ ભાર. લીધો ન લગાડી વાર.**

નામ અનાથી મુનિ પ્રસિદ્ધ થયું. હવે હું સનાથ થયો.

'ધર્મ' સ્વરૂપ પિતા મળ્યા. 'પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ' સ્વરૂપ માતા મળી. 'તપ ત્યાગ' મારા બંધુ થયા. 'સાધના' ભગિની બની. 'સ્વાધ્યાય' રૂપી સખા મળ્યો. 'ભક્તિ' રૂપી પરિચારિકા મળી. 'મહાવ્રતો' રૂપ સ્વજન મળ્યા, 'ભાવના' ના પરિજન મળ્યા. 'બ્રહ્મચર્ય' સ્વરૂપ વૈદ્ય મળ્યા. 'અનુષ્ઠાનો' સ્વરૂપ પ્રજા મળી.

આંતર સામ્રાજ્યના સાચા આત્મિય પરિવારથી હુ સમૃદ્ધ થયો. સનાથ થયો. હવે દુનિયાની કોઈ તાકાત મને દુઃખી કરી શકે એમ નથી. કોઈ તત્વ મને ચલિત કરી શકે એમ નથી. 'ધર્મ' રૂપી નાથ મળ્યા પછી હવે મારા રૂવાડામાં ય ભય નથી, ચિંતા નથી.

રાજન્ ! **'ધર્મ' જ સાચો નાથ છે.**

**ધર્મ જ મુક્તિનો સાથ છે.**

**અનાથ સનાથનો ચહેરો તુજને દાખ્યો કરી ચહેરો**

**જિનધર્મ વિના નરનાથ નથી કોઈ મુગતિનો સાથ.**

અનાથ-સનાથની હે રાજન ! ભેદરેખા તને મારા જીવનની આવી કહાની સાથે બતાડી,

નરનાથ ! બધા જ અનાથ છે કારણ...

**દુઃખના સમયે ઉગારનાર કોઈ નથી.**

**રોગના સમયે ઉદ્ધારનાર કોઈ નથી.**

**ઘડપણના સમયે રાખણહાર કોઈ નથી.**

**મોતના સમયે રક્ષણહાર કોઈ નથી.**

બોલ હવે રાજન્ ! તું અનાથ કે સનાથ ?

તેજસ્વી મુનિના ટકોરાબદ્ધ શબ્દટંકારોએ શ્રેણિકનું મિથ્યાભિમાન ઓગાળી નાખ્યુ. તેને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ. સામગ્રીઓની પોકળતા અને ધર્મની નક્કરતાનું ભાન થયું. મનોમન મુનિને નમી રહ્યા. મુનિ પણ

દુનિયાદારીથી અલિપ્ત બની, આત્મ સાધનામાં લીન બની, કર્મોના કચરાને નામશેષ કરી કેવળજ્ઞાન પામી ગયા. સમસ્ત વિશ્વના 'નાથ' બની ગયા.

ધન્ય એ મુનિવર ! ધન્ય એ નરવર !

અંતે-

**ન સાથી હૈ ન મંઝીલકા પતા હૈ**
**જીંદગી બસ રાસ્તા હી રાસ્તા હૈ**

* * * * *

# ભોગવાદનો ભોરિંગ

**માનવ જ્યાં ઉભો છે ત્યાંથી ઉચ્ચ ભુમિકા ઉપર લઈ જાય તે સંસ્કૃતિ અને નીચે લઈ જાય તે વિકૃતિ.** કિંપાકના ફળ સમી મોહક અને માદક વિકૃતિને આવકારતા અને હસતા હસતા આરોગતા અબુજ માનવને ખ્યાલ નથી કે આ વિકૃતિ જ તેના મોતનું કારણ બનશે.

વિકૃતિ એટલે પૂર્વપુરૂષોએ પ્રસ્થાપેલી આચાર મર્યાદાઓનું છડે ચોક લીલામ ! આજની ભાષામાં Slow Poision ની ઉપમા વિકૃતિને આપી શકાય, મારે તો જરૂર સાથે રિબાવે પણ જરૂર.

પોતાની જાતને Sophesticated અને modern બનાવવા મથતો માનવ પ્રાણવાહક મર્યાદાઓના અવમુલ્યન કરી રહ્યો છે. રહેણી-કરણી, બોલી-ચાલી, ખાણી-પીણી તમામ સ્તરે મર્યાદાવિહોણો બની રહ્યો છે.

વિકૃતિ-દોષો-દુષણો-બદીઓ-ન્યુસન્સો આ બધા મીઠી છુરી જેવા આત્મઘાતક તત્વો છે. વ્યક્તિ વિકૃત બને ત્યારે માત્ર પોતાની જાતને નુકશાન કરે છે પણ, સમાજ આખો જ્યારે વિકૃતિના ભરડામાં આવી જાય ત્યારે આશ્ચર્ય સર્જાય છે, વ્યક્તિગત મોત કરતા સામુદાયિક મોત કમકમાટી ઉપજાવે તેમ સામાજિક વિકૃતિ એ સામુદાયિક મોતનું જ પ્રતિક છે.

પશ્ચિમના ઝેરી ઝપાટામાં શાન-ભાન ભુલેલો આર્યસમાજ આજે હસતા હસતા વિકૃતિને અપનાવી મોતના જડબામાં ધકેલાઈ રહ્યો છે. વ્યક્તિગત પાપ જ્યારે સમાજમાં વ્યાપ્ત બને છે ત્યારે તેમાથી જાણે પાપ-દોષ-ભય જતા રહેતા હોય તેવું ભાસે છે.

સમાજના ડરથી બીડી-સીગારેટ-બીયર વિ. માદક દ્રવ્યો એકાંત ખૂણામાં જઈને સેવતા વ્યસની યુવાનો આજે નિર્ભય થઈ ગયા છે. કારણ, સમાજ આખો આ બદીનો ભોગ બન્યો છે. કોણ કોને કહે ? વ્યક્તિને સુધારતો અને સીધો રાખતો સમાજ જ્યારે સડી જાય ત્યારે જનની ડાકણ બને કે રક્ષક જ ભક્ષક બને તેવી સ્થિતિ સર્જાય છે.

બીજી તમામ સામાજિક બુરાઈઓ બાજુમાં રાખી લગ્નપ્રસંગની બદીઓ વિચારીએ તોય ફફડી જવાય છે.

• ફટાકડાઓ • રોશનીઓના ઝગમગાટ • અભક્ષ્ય ખાનપાન અને • દાંડીયારાસ આ ચાર મુખ્ય ન્યુસન્સ છે.

સંપત્તિના કેફમાં મદોન્મત બે/પાંચ ટકાનો શ્રીમંત સમાજ લગ્નાદિ પ્રસંગોમાં ખર્ચાળ ભપકાઓનો આશરો લે છે, ત્યારે તે પોતાની સંપતિનો અહંકાર વ્યક્ત કરે છે, અને મધ્યમ કે ગરીબ સમાજની ક્રુર મશ્કરી કરે છે. દેખાદેખીની દુનિયામાં મધ્યમ અને અશક્ત વર્ગને દેવુ કરીને પણ ખેંચાવું પડે છે. ધડાકા ભડાકા અને જલસાબાજી જાણે લગ્નની આવશ્યક વિધિ બની જાય છે. શ્રીમંત સમાજે સમજીને આ ન્યુસન્સમાંથી મુક્ત થવું જરૂરી જ નહીં, આવશ્યક છે.

ધાર્મિક પ્રસંગે સંપત્તિનો સદ્વ્યય થતા ગરીબો અને સાધર્મિકોની વાત કરતા સમાજને લગ્નાદિ પ્રસંગોના ભપકા અને ભવાડાઓ કેમ દેખાતા નહી હોય ? સંપત્તિનો દુર્વ્યય અને ગરીબોની ક્રુર ઠેકડી ઉડાવતા શ્રીમંત સમાજને લાલબત્તી ધરવાની ક્રાંતિ કરવાની કેમ કોઈને સુજતી નથી ?

- ❑ પ્રભુ ઋષભદેવે અસંખ્યકાળ પૂર્વે લગ્નની નિર્દોષ અને ધાર્મિકતાપૂર્ણ વિધિ બતાવી છે. જે વિધિ દ્વારા લગ્ન થતા યુગલ આખી જીંદગી સુખ શાંતિ અને પ્રસન્નતાથી રહી શકતો, છુટાછેડા-અણબનાવ કે મતભેદનો વિચાર જ ઉપસ્થિત થતો ન્હોતો.

આજે જમાનાની સાથે વિધિઓ પણ મોર્ડન બનતી જાય છે.

- ❑ કર્મોના ફટાકડા ફોડવા અસમર્થ એવા આપણે ફટાકડાનો આસરો લીધો.
- ❑ આત્મામાં દિવ્યજ્યોતિનો પ્રકાશ કરવા અસમર્થ એવા આપણે રોશનીઓના ઝગમગાટ કર્યા.
- ❑ અણાહારી પદની કલ્પના માત્રથી ધ્રુજી આપણે અભક્ષ્ય ભોજનના શરણે ગયા.

- ❑ અનાદિથી ખોવાયેલ આત્મતત્વની પ્રાપ્તિના આનંદમાં ઝુમવાને બદલે ગાંડિયાની જેમ દાંડીયારાસના સહારે ગયા.

ફટાકડા આનંદ વ્યક્ત કરવાનું સાધન કે પ્રતિક નથી... પણ લોલેલોલ ચાલે છે. આગળવાળાએ કર્યુ એટલે આપણે કરવાનું, એક કરે એના કરતા બીજો સવાયા ફોડે... જાણે લગ્નની આવશ્યક વિધિ ન હોય.

અસંખ્ય જીવોના સંહાર કે અબોલ પશુ પક્ષીઓના ભય-ફફડાટની કોઈને પડી નથી. ગરીબોની દુર્દશા ઉપર ઉભી થતી આનંદની છોળોનું પ્રતિબિંબ ફટાકડામાં દેખાય છે.

• સંપત્તિનો ધૂમાડો • શ્રીમંતાઈનું નગ્ન પ્રદર્શન • નિર્દોષ જીવોનો સામુહિક હત્યાકાંડ અને • વિકૃતિની પરંપરાનું સર્જન આ ચાર મોટા દોષો ફટાકડા ફોડનારને ભરખી જાય છે. જે પરંપરાએ લગ્નજીવન ખેદાન મેદાન કરી શકે છે.

**રાત્રિના સમયે રીસેપ્શનમાં કે લગ્નસમયે આઈસ્ક્રીમની ઉડાવાતી મિજબાની પણ મોટી બદી છે.**

બરફ અભક્ષ્ય છે. આઈસ્ક્રીમમાં ઈંડાનો રસ આવે જ છે. પંચેન્દ્રિય એવી મરઘીના ઈંડાના રસને હોંશે હોંશે આરોગનારને શાકાહારી શેં કહેવાય ? પંચેન્દ્રિયનો વધ એટલે નરકનું સીધું દ્વાર. આઈસ્ક્રીમ વગરના લગ્ન થઈ જ ના શકે એવી આવશ્યક વિધિ જાણે થઈ ગઈ. પણ ખ્યાલ રહે કે એક બાજુ અભક્ષ્ય આરોગવાની પરમાત્માની આજ્ઞાનો કચ્ચરઘાણ નીકળી જાય છે. તો બીજી બાજુ એક ડીસમાં કેટકેટલી મરઘીનો કચ્ચરઘાણ નીકળે છે. હાથના કર્યા હૈયે વાગવાના જ છે.

કેટલાક શ્રીમંત નબીરાઓ તો દારૂની છોળો અને જુગાર દ્વારા લગ્નની ઉજવણી કરતા હોય છે. પશ્ચિમી કલ્ચરથી રંગાએલા આ યુવાનો સમાજને અને સમાજ વ્યવસ્થાને સડાવી અંતે જડમૂળમાંથી સાફ કરી નાખવામાં હાથારૂપ બની જાય છે.

યુવાનીયાઓના ઉન્માદની સાથે વડીલોના આંખમીચામણા અને સરીયામ ઉપેક્ષા પણ એટલા જ જવાબદાર છે.

**ડિસ્કો ડાન્સ પણ લગ્નનું મોટું દુષણ છે.** નાટકો-જલસાપાર્ટીઓ-દાંડીયારાસો વિ. ના આયોજનો આઠ/દસ દિવસ પૂર્વે જ શરૂ થઈ જતા હોય છે.

''સૂર્યાસ્ત બાદ સ્ત્રી બહાર નીકળે નહીં.'' એ આર્યસત્યને જીવતુ ચાવી જઈને મોડી મોડી રાત્રે, કામોત્તેજક ઉદ્ભટવેશો પરિધાન કરી, સેંકડો પુરૂષોની હાજરીમાં, અંગ પ્રત્યંગોના દર્શન કરાવી આપણી મા-બેનો-દિકરીઓ ઉછળી ઉછળીને નાચે એ આર્યસમાજની બદી નહીં, કલંક કહેવાય.

ઘરના દિયર, જેઠ કે સસરા સામે જીવનભર મોઢું ઢાંકેલું રાખતી આર્યનારી આજે કેટલી હદે આઝાદ બની છે ? લાજ શરમ મૂકવાની પણ Limit હોય ને ? પુરૂષ સમાજ પણ કેટલો નિર્લજ્જ ! આંખો ફાડી ફાડીને જોયા કરે. રામે સિતાની સ્થિતિ વિશે પુછતા લક્ષ્મણે કહ્યું હતું કે-

**कंकण नाभिजानामि नाभिजानामि केयुरम् ।**

**नूपुरं त्वभिजानामि नित्यं पादाब्जवंदनात् ॥**

સીતાના કંકર-કેયુર કે કુંડલને મે કદાપિ આંખ ઉંચી કરીને જોયા નથી. હા ! તેમના ઝાંઝરને નિત્ય ચરણોમાં વંદન કરવાથી જાણું છું.

કેવો પવિત્રતમ જીવન વ્યવહાર ! દિયર હોવા છતા લક્ષ્મણે સીતા સામે કદાપિ જોયું નથી.

આ રામ સીતાના વારસદાર યુવક-યુવતીઓ બેફામ બને તે કેમ ચાલે ? કામવાસનાના દાવાનલમાં જીવનસત્વને સાફ કરી નાખે તે કેમ ક્ષમ્ય ગણાય ?

એક શ્રીમંત નબીરાના લગ્ન કેટકેટલા પુરૂષ-સ્ત્રીના માનસને ભ્રષ્ટ કરતા હશે તે તો ભગવાન જાણે ?

**લાઈટોના ઝગમગાટનું દુષણ પણ ઘણું જ ફાલ્યું ફૂલ્યું છે,** રાત્રીને

દિવસમાં ફેરવી નાખતા હેલોઝન બલ્બોની આસપાસ અસંખ્ય જીવજંતુઓના રાફડાઓ કિરણની ગરમીમાં હોમાઈ જતા હોય છે.

અમદાવાદનાના એક ઉપાશ્રયમાં ચાતુર્માસ હતા. બાજુના જ ગ્રાઉન્ડમાં નવરાત્રીમાં મોટા બલ્બો ઠોકેલા, મોટા બલ્બોના કિરણોથી આકર્ષાઈ અગણિત જંતુઓ તેની ગરમીમાં હોમાઈ જતા હતા.

સવારે ઉઠતા જોયું તો વિશાળકાય ઉપાશ્રયમાં મરેલા જીવજંતુઓના મડદાના થરની ચાદર તસુએ તસુ જગ્યામાં પથરાયેલી હતી. નીચે પગ મુકવા માટે એક સે.મી. જેટલી જગ્યા પણ બચી ન હતી...

**લગ્ન એકના, મોત અનેકના,**
**મજા એકને, સજા અનેકને.**

એક વાત ખાસ યાદ રહે કે લગ્નમાં વ્યવહારિકતા સાથે ધાર્મિકતા પણ ભરેલી છે. એક સિવાય અન્ય તમામ સ્ત્રીઓ સાથેના સંબંધો ઉપર ચોકડી મારવાનું આ એક વ્રત જ છે. આ વ્રતના પાલન માટે એટલે કે બંનેનું લગ્નજીવન સુખી-પ્રસન્ન બને અને જીવનભર પરસ્ત્રી કે પરપુરૂષનો વિચારસુદ્ધા ના આવે તે માટે લગ્ન સમયે પ્રબળ મંગળ કરવું જરૂરી છે. **લગ્ન સમયનું મુહૂર્ત જેમ જીવનભર સારી નરસી અસર કરે છે તેમ લગ્નસમયનું મંગળ - અમંગળ પણ જીવનપર્યંત સારા નરસા પરચા બતાવે છે.** આ કારણે જ લગ્નમાં સારા મુહુર્ત જોઈ જોરદાર મંગલવિધિ કરવામાં આવે છે. ગોળ-ધાણા દહીં જેવી મંગલ વસ્તુઓ દ્વારા વિધિ થાય છે. સારા શુકનો જોવાય છે.

ટુંકમાં જીવનભરની શાંતિ માટે લગ્નસમયે જોરદાર મંગળ જોઈએ, તમામ જીવોને સુખ-આનંદની અનુભૂતિ થવી જોઈએ.

અભક્ષ્યભક્ષણની હિંસા,
ડાન્સો દ્વારા થતી હિંસા,
આઈસ્ક્રીમની હિંસા,
લાઈટીંગની હિંસા દ્વારા અસંખ્ય જીવોની અસમાધિપૂર્ણ હત્યા થાય છે.

અંતિમસમયે આ જીવોના અંતરમાંથી નિકળતી 'હાય' મોટું અમંગળ છે. તેની ઘેરી અસર લગ્નજીવનમાં થાય છે. તે જીવોને અશાંતિ-ત્રાસ-પીડા-અસમાધિ આપી, અંતે રીબાવી રીબાવીને માર્યા, તેથી જ નવપરણિત યુગલ જીવનમાં અશાંતિ ત્રાસ વિ. નો ભોગ બને છે.

લગ્નજીવન ટકતા નથી, છ બાર મહિનામાં જ ક્લેશોની હોળી સળગે છે. ગાળાગાળી અને મારામારી સુધી બન્ને આવી જાય છે અને એક દિવસ બન્ને જણા ડાયવોર્સની કાતરથી કપાઈ કાયમ માટે વિભક્ત થઈ જાય છે. આનું કારણ છે લગ્ન સમયની જીવહિંસા દ્વારા ઉભુ થતું અમંગળ...

એટલે સુખી લગ્નજીવન માટે પણ અનર્થદંડાત્મક વ્યર્થ હિંસાઓથી પાછા હટવું જરૂરી છે.

કરોડો રૂપિયાના ધુમાડા કરીને પરણનારાઓ છ બાર મહિનામાં જ વિભક્ત થઈ જાય ત્યારે કંઈક અન્વેષણ કરવાની જરૂર જણાતી નથી ?

નેમનાથ કુમાર પરણવા જાય છે ત્યારે મહેમાનોને મીજબાની કરાવવા માટે પશુઓને પાંજરામાં પુરેલા હોય છે. તે જોઈને નેમિકુમારનું હૃદય દ્રવી જાય છે.

जइ मज्ज कारणा एए हम्मंति सुबहुं जीवा.

न मे एयं त निस्सेयं परलोगे भविस्सइ.

મારા લગ્ન નિમિતે આટલા જીવોનો સંહાર થતો હોય તે મારા પરલોકના હિત માટે નથી.

એક લગ્ન નિમિતે અનેકને મોતને ઘાટ ઉતારી દેવાના ?

કરૂણાનો ધોધ ઉછળી પડ્યો. નિર્દોષ અબોલ પશુઓને વાડમાંથી છોડી મુકવાનો આદેશ કરી દીધો. લગ્ન ન કરવાનો દૃઢ સંકલ્પ કરી જાન પાછી વાળી દીધી.

લગ્ન પૂર્વે જ આટલો જીવોનો સંહાર થતો હોય તો લગ્ન પછી થોડા સુખ ખાતર કેટલા જીવોનો સંહાર થશે ? આવુ સુખ મારે ના ખપે.

આ જીવન જીવોને મૃત્યુદાન કરવા માટે નથી અભયદાન કરવા માટે છે એમ વિચારી તેઓ દીક્ષિત બની ગયા...

લગ્ન કરવા ગયેલા નેમિકુમારનો આ પ્રસંગ આજના સમાજે નજર સામે રાખવા જેવો છે.

**લગ્ન કરવા એ જ પાપ છે અને લગ્નની પાછળ આવા હિંસક ધડાકા ભડાકા કરવા તે મહાપાપ છે.**

● પૃથ્વીચંદ્ર ગુણસાગરને લગ્નની ચોરીમાંજ કેવળજ્ઞાન થઈ ગયું.

● કૃષ્ણ વાસુદેવ ઉંમરલાયક થતી દિકરીઓને પુછતા કે તારે રાણી થવું છે કે દાસી ? રાણી થવાની ઈચ્છા વ્યક્ત કરતી તમામ પુત્રીઓને નેમનાથ પાસે મોકલી દીક્ષિત બનાવી દેતા.

● પેલા વજબાહુ નામના રાજકુમાર પરણીને ઘેર આવે છે રસ્તામાં સાધુના દર્શન થતા સાળાએ મેણુ માર્યુ કે ''સાધુ થવાની ભાવના થાય છે કે ?'' મેણુ લાગી ગયુ અને વજબાહુ ખરેખર સાધુ બની ગયા.

● સુપાર્શ્વનાથ ભગવાનના દિકરાની દીકરીને પરણવા આવેલા દેશો-દેશના ૯૫ રાજકુમારો સુપાર્શ્વનાથ ભગવાનની એક જ દેશના સાંભળી દીક્ષિત બની ગયા.

આ બધા દ્રષ્ટાંતો બતાવે છે કે લગ્ન સમયે પણ આ બધામાં કેવો વૈરાગ્ય ઝળહળતો હતો ?

લગ્ન તો પાપક્રિયા છે સંસારવર્ધક ક્રિયા છે તેમાં આનંદ હોય કે ખેદ ? ઉત્તમ સાધના દ્વારા આત્મહિત માટે મળેલા જીવનને રગદોળી નાખતા પ્રસંગે રંજ હોય કે રંજન ? લગ્નમાં તાગડધીન્નાવાદ કરવો એનું નામ ચોરી ઉપર શિનાજોરી.

**સમાજની આગલી હરોળની શ્રીમંત હસ્તીઓ જે જલસાવાદ શરૂ કરે તે પાછળવાળા માટે ઘેટાની જેમ અનુકરણીય બને છે,** નવી શરૂ કરેલી પ્રથામાં જે પાપની પરંપરા ચાલે છે તેનો દોષ આવા લીડરોના માથે

ચોંટે છે, દેખાદેખીનાં જમાનામાં શ્રીમંતોની પાછળ માંડમાંડ બે ટાંટીયા ભેગા કરતા વર્ગને પણ ખેચાવુ પડે છે. દેવું કરીને પણ દોલતનું પ્રદર્શન કરવું પડે છે આ ખૂબ જ શોચનીય છે.

સામાજિક નેતાઓની જવાબદારી મોટી છે. તેઓ સમાજને ખાડે પણ લઈ જાય અને સમાજનું ઉત્થાન પણ કરી શકે. તેમની જવાબદારી જેટલી ઉંચી છે એટલી જોખમદારી પણ વધુ છે.

સૌરાષ્ટ્રના સ્થાનકવાસી સમાજે સર્વાનુમતે ઠરાવ કર્યો કે "લગ્નસમયે દાંડીયારાસનું આયોજન કરવું નહી." શ્રી પાત્રીસગામ વિશાશ્રીમાળી ચરોતર પાખી પંચે પાલીતાણામાં આચાર્ય વિજય હેમચંદ્રસૂરિ મ.ના સાંનિધ્યમાં સર્વાનુમતે ઠરાવ પસાર કર્યો કે લગ્નાદિ પ્રસંગોમાં ડિસ્કો વિ. દાંડિયારાસ ગોઠવવા નહી અને ફટાકડાઓ ફોડવા નહી.

ધન્ય છે સમાજના આવા સંનિષ્ઠ નેતાઓને. તમામ સમાજ-જ્ઞાતિ વિ. માં Back to Nature ની આવી ક્રાંતિ થાય તો સંસ્કૃતિ સજીવન રહી શકશે, વ્યર્થ ભવાડા અને ભપકાઓના પાપો ઉપર લગામ આવી જતા સમાજ પણ સર્વક્ષેત્રે ઉન્નતિના શિખરો સર કરશે. વ્યક્તિગત જીવનના માધ્યમે સામાજીક જીવનમાં સુખ-શાંતિ અને પ્રસન્નતા સોળે કળાએ ખીલી ઉઠશે.

ચાલો ! આજે જ સમાજની રૂએ નક્કી કરીએ કે લગ્નાદિ પ્રસંગોમાં **ફટાકડા તો ન જ જોઈએ...**

**લાઈટોની ઝાકઝમાળ ન જ જોઈએ...**

**આઈસ્ક્રીમ જેવી અભક્ષ્ય વાનગી ન જ જોઈએ...**

**દાંડીયારાસ જેવા ન્યુસન્નસો ન જ જોઈએ...**

આ બધુ બંધ કરીશુ તો જ આપણે સમાજની સાચી સેવા કરી ગણાશે..

આ બધુ જાણ્યા પછી પણ જો કઠોર અને નઠોર બની આ બદીઓને અપનાવતા જ રહીશુ તો એટલુ જ કહેવું છે કે -

કર્મ સત્તા બળવાન છે, કોઈને છોડતી નથી. આપણા કરેલા આપણે જ ભોગવવા પડશે.

અંતે–

પર્વતો નદીઓ અને વૃક્ષની પૂજા થાય છે.
કામધેનુ ગાય અને ઝેરી નાગ પણ પૂજાય છે.
પત્થરો ને પ્રાણીઓ પૂજાય છે જે હાથથી
માનવીના એજ હાથથી જીવગણ રહેસાય છે.

* * * * *

# ક્રોધના બજારમાં જ ક્ષમાનો વેપાર થાય છે

શિબિરના આદ્યપિતામહ પૂ.ભુવનભાનુસૂરિશ્વરજી મહારાજા બાળશિબિરોમાં જીવનની કાયાપલટ કરતી Master Keys આપતા, તેમાંનું એક સોનેરી વાક્ય હજી મનમાં મમરાયા કરે છે. તે છે.

**"ક્રોધના બજારમાં જ ક્ષમાનો વેપાર થાય છે."** સામી વ્યક્તિ ક્રોધ કરે ત્યારે જ આપણી સમતાની કસોટી થાય છે. આપણી સમતાની ભૂમિકા નક્કી થાય છે.

કોઈ ગરમ થાય જ નહી. કે આપણને ગરમ કરવાનો પ્રયત્ન જ કરે નહી. કોઈ બોલનાર કે રોકટોક કરનાર હોય જ નહીં. બધુ ધાર્યું જ થતું હોય. પડતો બોલ ઝીલાતો હોય. બધા જીહજુરીયાઓ જ આજુબાજુ પથરાયેલા હોય તો કેટલી સમતાની મૂડી છે તે નક્કી થઈ શકે નહીં.

**ક્રોધ કરવામાં કાયરતા છે. ક્ષમા રાખવામાં શૂરવીરતા છે. પરિસ્થિતિને પચાવવાની ક્ષમતા ક્રોધીમાં હોતી નથી, તેથી જ અંદરના ઉકળાટને બકવાસ દ્વારા બહાર કાઢી નાખતો હોય છે.**

ક્ષમાવાન્ સ્થિતપ્રજ્ઞ હોય છે. આગનો જવાબ પાણીથી આપવામાં સક્ષમ હોય છે. ક્રોધની આગ સામે ક્ષમાનું અમોઘ કવચ ધારણ કરી પરિસ્થિતિને હલ કરે છે. ક્રોધીના અંતરમાં ઉકળાટ હોય છે. મનમાં આવેશ હોય છે. મોઢા ઉપર લાલઘુમતા હોય છે. શબ્દોમાં કર્કશતા હોય છે. શરીરમાં ધ્રુજારી હોય છે. વિવેકની વિદાય થયા પછી જ ક્રોધની એંટ્રી થતી હોઈ ભવિષ્યના પરિણામોનું શાન-ભાન ક્રોધીને હોતું નથી.

ક્રોધી ક્રોધ દ્વારા જ સામી વ્યક્તિને ચૂપ કરવા, પછાડવા અને ધાર્યું કરાવવા મથતો હોય છે. પણ ક્રોધ દ્વારા આજ સુધી કોઈ સફળ થયું નથી. કદાચિત્ તાત્કાલિક સફળતા દેખાતી હોય તો પણ તે સફળતા ક્ષણજીવી ભ્રામક હોય છે.

જ્યારે- ક્ષમાશીલ જીવ ક્રોધના કટુપરિણામોથી સુપરિચિત હોય છે.

તેના અંતરમાં સ્થિતપ્રજ્ઞતા હોય છે. તેના મોઢા ઉપર સૌમ્યતા હોય છે. તેના શરીર ઉપર લાલિત્ય હોય છે. તેના મનમાં સદાબહાર પ્રસન્નતા હોય છે.

ક્રોધની ભયંકરતા અને ક્ષમાની ભદ્રંકરતાની ભેદરેખા તેને સહજ આત્મસાત્ થઈ ગઈ હોય છે એટલે તે વિવેકને કામે લગાડે છે. પરિસ્થિતિનો તાગ પામી જાય છે, બાજી સંભાળી લે છે. મનની કમાન છટકવા દેતો નથી. સામી વ્યક્તિના ક્રોધની તેને કોઈ અસર થતી નથી. ''મૌનં સર્વાર્થસાધનમ્'' નું સૂત્ર તાત્કાલિક અમલમાં મૂકી હિંમતભરી હોંશિયારી બતાડે છે.

થોડા સમય પછી ક્રોધીને સ્વયં પોતાના ક્રોધ ઉપર ક્રોધ ચઢે, ક્રોધ કર્યાનો હૈયાબળાપો થાય, એવી ક્ષમતાના માલિક આ જીવનમાં બનવાનું છે. **ક્રોધ કરનાર કદી જીતતો નથી. ક્ષમા રાખનાર કદી હારતો નથી.**

યુદ્ધમાંથી ભાગી છૂટવાથી જીત મળતી નથી. યુદ્ધ ખેલવું પડે- ઘા ઝીલવા પડે. ઘાયલ થવું પડે. લોહી વહાવવું પડે, પછી તે યુદ્ધના મેદાનમાં જ જીતની વરમાળા મળે.

**સંઘર્ષના વાતાવરણમાંથી ભાગી છુટવું એ શાંતિનો રાજમાર્ગ નથી. સંઘર્ષની વચ્ચે જ શાંતિ ઉભી કરવાની સાધના કરવાની છે.**

ગુરૂદેવશ્રી કાયમ કહેતા–ક્રોધ કરશો નહી. ક્ષમા છોડશો નહી. ક્રોધને વારવાનો છે. ક્ષમાને વધારવાની છે.

**ક્રોધને મૌન દ્વારા સહેવામાં સમતાની ભૂમિકા ઊંચી થતી જાય છે.** જે ભવિષ્યમાં અગણિત વણકલ્પ્યા લાભો આપી ઉચ્ચ સ્થાને પહોંચાડે છે.

પાર્શ્વનાથ ભગવાન ઉપર કમઠે આગલા ભવોમાં ક્રોધની અગનવર્ષા વરસાવી. શીલા ફેંકી માથુ ફોડી નાખ્યું. તીરથી શરીર વિંધી નાખ્યું. સાપ થઈ ડંખ માર્યા. સિંહ થઈ કાચાને કાચા ફાડી નાંખ્યા... છતાં પાર્શ્વનાથના જીવની સમતા અવ્વલકોટીની હતી.

પ્રતિકાર કે સામનો ના કર્યો. સમતાની ભૂમિકા ઉંચી ઉંચી થતા ગતિઓ

પણ ઉંચી થતી ગઈ અને સમતા Extreme Level ઉપર પહોંચતા શિવગતિ મળી ગઈ.

ભગવાન મહાવીરે એક જ રાત્રીમાં સંગમના વીસ વીસ મરણાંત ઉપસર્ગો વેઠ્યા. ગોશાળાની તેજોલેશ્યા વેઠી.

આગ સામે પાણી બન્યા તો કેવળજ્ઞાનની ભેટ મળી. બાકી પરમાત્માની તાકાત કયા ઓછી હતી ?

નવ નવ ભવ સુધી અગ્નિશર્માએ ગુણશર્મા ઉપર અગનવર્ષાની ઝડીઓ વરસાવી, પણ સમતાના પ્રભાવે ગુણશર્મા કેવળજ્ઞાની બની ગયા.

**ક્રોધ ઉપર ક્ષમાની જીત નિશ્ચિત છે.** આ ક્ષમાગુણની ખીલાવટ ક્રોધના બજારમાં જ થાય છે. માટે 'ક્રોધ' ના સરાઉન્ડીંગમાં નથી જરૂર સામનો કરવાની કે નથી જરૂર ભાગી છુટવાની. ક્ષમા અને મૌન દ્વારા ઝઝુમવાની જ જરૂર છે.

અંતે -

> We need power only when we want to rule or to distroy, otherwise, love and friendship are enough to do your all jobs successfully.

* * * * *

# મંજીલ કરતા માર્ગ મજાનો

● દુનિયાના મોટાભાગના લોકોને **'ઉપેક્ષાપાત્ર'** કહી શકાય. કારણ કે જીવનનું કોઈ લક્ષ્ય તેમણે નક્કી કર્યું હોતુ નથી. અને કરવા માંગતા પણ નથી. તેઓ નથી ભુતકાળને યાદ કરતા કે નથી ભવિષ્યની ચિંતા કરતા, માત્ર વર્તમાનમાં જ ધ્યેયવિહોણુ જીવન પૂરૂ કરતા હોય છે.

શ્વાસોચ્છવાસની કિંમતી મુડીની કોઈ કિંમત નથી. જીવનની દુર્લભતાનું ભાન નથી, પરલોકની કોઈ પડી નથી. 'પડશે એવા દેવાશે' ની નીતિ જીવનમંત્ર બનાવી હોય છે.

લક્ષવિહીન-ગતિ-પ્રગતિવિહીન-ઉત્સાહવિહીન-સંકલ્પવિહીન દિવસો-મહિનાઓ અને વર્ષો પૂરા કરી દેનારો આજનો બહુજન સમાજ છે.

● કેટલાક જીવો **'શોકપાત્ર'** છે. જેમણે જીવનદિશા નક્કી કરી છે પણ ''અવળી'', આ બીજા પ્રકારના જીવોનું ભાવી પ્રથમ કરતા વધુ ખતરનાક હોય છે. છરીનો ઉપયોગ શાક સમારવાને બદલે પેટ ચીરવામાં થાય એવી દશા આ લોકોની હોય છે.

- કો'કે ભોગમાં જ જીવનની સાર્થકતા માની લીધી, રાત દિવસ જોયા વગર સ્ત્રીમાં આસક્ત બની જીવનને ધોઈ નાખવાના કામો કર્યા.

દશ સંતાનના પિતા સિત્તેર વર્ષની પાકટ વયના એક કાકાનો ભેટો થઈ ગયો, વાતવાતમાં બ્રહ્મચર્યની વાત નિકળી, મે પૂછ્યુ, હવે તો વ્રત-નિયમમાં આવી ગયા હશો ? કાકા કહે - એની વાત ન કરો, આ સિવાય જે કહેવું હોય તે કહો, સાંભળીને હું તો હેબતાઈ ગયો, આટલો સંસાર ભોગવવા છતા આ ઉંમરે પણ આવી ઉત્કટ કામલાલસા ! શાસ્ત્રકારોના વચનો સત્યાર્થ થતા જણાયા,

- કો'ક સત્તા પાછળ પાગલ છે, ઉત્તરોત્તર સત્તાના સિંહાસનો સર કરવા રાત-દિવસ ઉથલ પાથલો કરી કાવાદાવા કરી પોતાને હોશીયાર માની રહ્યા છે.

- કો'ક સત્કાર-સન્માન મેળવવાના બંધાણી બની ગયા છે,
- કો'ક શરીરને જ સર્વસ્વ માની બેઠા છે, આખો દિવસ તેની ટાપટીપ, તેની જ ચિંતા, શરીર જરા ય નબળુ ન પડે કે જરાય દુબળુ ન પડે તે માટે તનતોડ પ્રયત્નશીલ છે.
- કો'કને વળી ભોજનમાં જ આખી દુનિયાનો આનંદ મળી જાય છે, પેટને મ્યુનિસીપાલટીની ગટર સમજી ખા ખા કરવામાં સ્વર્ગીય સુખની અનુભૂતિ થતી હોય છે.

સાંસારીક એષણાઓને જ જીવનનું લક્ષ બનાવી બેઠેલાને ધર્મ સાથે કોઈ સ્નાનસુતક હોતુ નથી.

• કેટલાક જીવો '**દયાપાત્ર**' કહી શકાય. જેમણે જીવનના 'અનેક' લક્ષ્યો પર મીટ માંડી છે. સંસાર પણ જોઈએ અને મોક્ષ પણ, કર્મે શૂરા અને ધર્મે પણ, ધર્મ-કર્મની ધરી ઉપર રહી ઉભયને સમાન ન્યાય આપનારા જીવોની દશા ગંગા ગયે ગંગારામ અને જમના ગયે જમનારામ જેવી હોય છે.

• જ્યારે જેઓએ પોતાનું સ્થિરલક્ષ બાંધી રાખ્યું છે. તેઓ '**પ્રશંસાપાત્ર**' છે, મોક્ષ એ જ ધ્યેય છે, તે માટે ધર્મને જ પોતાનું જીવન સમર્પણ કરી દીધું છે. સંસારના વ્યવહારમાં પણ મોક્ષ અને ધર્મને જ કેંદ્રબિંદુમાં રાખનારા છે, સાંસારિક લોકૈષણાથી તેઓ નિરાળા છે.

તપાસી લો જાતને આપણો નંબર આ ચાર કેટેગરીમાંથી શેમાં લાગે છે ?

લક્ષના અભાવવાળા ઉપેક્ષાપાત્રવાળા જીવોમાં ?

અવળા લક્ષવાળા શોકપાત્રવાળા જીવોમાં ?

અનેક લક્ષવાળા દયાપાત્રવાળા જીવોમાં ? કે

સ્થિર એક લક્ષવાળા પ્રશંસાપાત્રવાળા જીવોમાં ?

પચ્ચીસહજારની હીરાજડીત ઘડીયાળ પણ જો સાચો સમય ના બતાવે તો તે ભલે કિંમતી કહેવાય, મુલ્યવાન તો નહી જ, દુર્લભ માનવભવ પણ

સાચો ઉદ્દેશ નિશ્ચિત કરી તે તરફ આગળ વધાય તો જ મુલ્યવાન કહી શકાય.

વરસાદનું મીઠું મધ જેવું પાણી કોઈપણ પ્રકારના ઉપયોગ વિના ખારા સાગરમાં ભળી જાય તેમાં તેની મહત્તા કેટલી ? કિંમતી જીવન પણ જો સાંસારિક મહત્વકાંક્ષાઓના ખારા સાગરમાં ઢસડાઈ જતું હોય તો તેની કિંમત પણ કેટલી ?

આપણે ધ્યેયને નહી લોકોને સામે રાખીને જીવીએ છીએ, આ આત્મઘાતી રસ્તો છે. Blind follow is sucide. આંધળુ અનુકરણ આપઘાતનો પર્યાય જ છે.

જીવનનો ઉદ્દેશ શું ? અને ઉદ્દેશ સુધી પહોંચવાના ઉપાય શું ? જોઈ લો, જીવન જીતવાની કેટલીક જડીબુટ્ટીઓ.

- અનંતભવોમાં જે કર્યું છે તે છોડવા માટે, અને જે નથી કર્યુ તે આત્મિક સાધના કરી લેવામાં જ જીવનની સાર્થકતા છે.
- સાધનાનો વેપાર કરવા માટે ઉપશમભાવની મૂડી જોઈએ.
- મળેલી સમય-શક્તિ અને સંપત્તિનો સુકૃતમાં સદ્વ્યય કરવાની આવડત જોઈએ. આ આવડતના કારણે નવરાશના સમયમાં પણ મફત ગામગપાટા કે પંચાતો ન કરતા નાની મોટી શક્ય સાધના દ્વારા પળેપળનો સદુપયોગ થઈ શકે.
- ધર્મ ધર્મનું ફળ આપે, કર્મ કર્મનું, બન્ને વચ્ચે નથી કોઈ સમાધાન કે નથી કોઈ Plus-minus.
- આ કર્મનો Time-bomb ફાટશે, તેના વિકરાળ પરિણામો ભોગવવાના આવશે ત્યારે છક્કા છૂટી જશે.
- કર્મના આ ઉદયકાળમાં રોદણા રોવાનો અર્થ નથી. રોદણા બીજું કંઈ નથી પણ આર્તધ્યાનનો જ એક પર્યાય છે.
- રોદણા-વિષાદ-ખેદ શા માટે ? મનને અશુભ વિકલ્પોમાં શા માટે

જવા દેવુ ? દેવ-ગુરૂ-ધર્મનો કિંમતિ ચરૂ આપણા હાથમાં હોય પછી હતાશા કે નિરાશા શાથી ?

- આત્મવિશ્વાસના જોરે હતાશાને ખંખેરી નાખવાની છે. કર્મોનો ખાત્મો બોલાવવાનો છે. આત્મવિશ્વાસ ઊભો કરવા માટે આત્માને જ પ્રશ્નો પુછવાના છે.
- રોગનું નિદાન ડોક્ટરો ગમે તે કરે પણ Spiritual doctors કહે છે - રોગનું કારણ છે અનિતિનું ધન...
- શારીરિક રોગવૃદ્ધિનો દર ઓછો કરવા માટેના ત્રણ અદ્‌ભૂત ઉપાયો ધર્મશાસ્ત્રમાં બતાડ્યા છે.

हितभुक् શરીરને હિતકારી હોય તે ખાવુ

मितभुक् પરિમિત માત્રામાં ખાવું.

ऋतभुक् ન્યાય નિતિના ધનથી મેળવેલું ખાવું.

આ ત્રણ શરતોના પાલક માંદા પડે એ વાતમાં કોઈ માલ નથી. સિવાય કે કોઈ નિકાચિત કર્મનો ઉદય થાય,

- અનિતિ શા માટે કરવી ? શું સાથે આવશે ? કશું જ નહી, માત્ર સારા નરસા સંસ્કારોની મુડી જ સતી સ્ત્રીની જેમ સાથે આવવાની છે.
- અંતકાલીન સમાધિનું અસાધારણ કારણ છે મનની સ્વસ્થતા, આ માનસિક સ્વસ્થતા તેને જ મળે જેમણે જીવનમાં સહિષ્ણુતાનો અભ્યાસ કર્યો હોય.
- વસ્તુ કોઈ સારી નથી કે ખરાબ નથી. વ્યક્તિ કોઈ મિત્ર નથી કે શત્રુ નથી. આપણી દૃષ્ટિ જ અવનવા રંગો ચિતરે છે, માટે જ વસ્તુ કે વ્યક્તિ નહી પણ આપણી દૃષ્ટિ જ વાસ્તવિક સુખદુઃખનું કારણ છે.
- ભુતકાળને ભૂલી જઈએ તો મોટા ભાગના દુઃખો સાફ થઈ જાય,

- દુઃખમાં મુંઝારો શા માટે ? સુખી થવાનો સરળ રસ્તો છે. જરૂરીયાતો ઘટાડતા જાવ, ઈચ્છાઓ ઓછી કરતા જાવ.

The fever our wants, the nearer we are to God ઈચ્છાઓના હ્રાસ દ્વારા જ પરમતત્ત્વની સમીપે પહોંચવાનું છે.

અંતે -

**જીંદગી સાવ નાની છે, તો ય ભલા મજાની છે,**

**જો આવડે જીવતા તો, નહી તો પરેશાની છે.**

* * * * *

# વીરનો પંથ વિરલાનો પંથ

કેટલાક આત્માઓ લઘુકર્મી હોય છે. નાનું નિમિત્ત મળતા વૈરાગ્યનો દિવડો ઝળહળી ઉઠે છે.

- કાકા લક્ષ્મણનું મોત જોઈ લવ-કુશને વૈરાગ્ય થઈ ગયો. ચારિત્રના પંથે નિકળી પડ્યા.
- એક ધોળો વાળ માથામાં ઉગેલો જાણી સોમચંદ્ર રાજાની આંખ ઉઘડી ગઈ.
- ''મારે માથે પણ રાજા'' આ વાત જાણી શાલીભદ્રનો આત્મા કલ્યાણમાર્ગે ચાલી નિકળ્યો.
- વૃદ્ધ કંચુકીની શરીરની કરચલીઓ જોઈ રાજા દશરથને સંસારની અસારતા સાક્ષાત્ થઈ ગઈ,
- હાથમાંથી વીંટી ખરી પડતા ઝાંખી પડેલી આંગળી જોઈ ભરત ચક્રવર્તીનો આત્મા જાગૃત થઈ ગયો.
- ભરતે સગા ભાઈ બાહુબલી ઉપર ચક્ર છોડ્યુ ત્યારે ભરતની સત્તા લંપટતા જોઈ બાહુબલીનુ મન સંસાર ઉપરથી ઉઠી ગયુ.
- તાજા પરણીને આવતા વજબાહુને સાધુના દર્શન થતા શાળાએ મેણુ માર્યુ, 'શું સાધુ થવાના ભાવ જાગે છે ? આ ટોણાએ વજબાહુની જીવનદિશા ફેરવી નાખી.
- ઠાઠડીમાં બાંધીને લઈ જવાતા મડદાને જોઈને ગૌતમ સાધનાની કેડીએ ચઢી ગયા.
- ભરત ચક્રવર્તીનું અરિસાભવનનુ નાટક ભજવતા ભજવતા અષાઢાભૂતિ વિ. પાચસો નટોને કેવળજ્ઞાન થઈ ગયુ.

આવા તો ઢગલાબંધ દ્રષ્ટાંતો હયાત છે.

આજે આપણા હૈયા કઠોર-નઠોર થતા જાય છે. હૃદયની સંવેદનશીલતા

બુટ્ટી થઈ જતી લાગે છે. લાગણીશૂન્ય અંતરમા ગમે તેવા પ્રસંગોની કોઈ જ અસર થતી નથી.

- ઘરનુ માણસ એક્સીડંટમાં છુંદાઈ જવા છતા આત્મા જાગતો નથી.
- હોસ્પીટલોમા કેન્સર જેવી અસાધ્યવ્યાધિઓથી ગ્રસ્ત દર્દીઓની ચિચિયારીઓની કોઈ અસર શુદ્ધા નથી.
- આખુને આખુ માથુ ધોળુ થઈ જવા છતા પરલોકની કોઈજ પડી નથી. શરીર આખુ કરચલીઓથી લચી પડવા છતા કુવાસનાઓ છુટતી નથી. સામુદાયિક મોત, હારાકીરીઓ, હત્યાકાંડો કે કુદરતી પ્રકોપના સમાચારો સાંભળ્યા પછી પણ એક રૂવાટો ફરકતો નથી, એજ બતાવે છે આપણી ભારેકર્મીતા.

સંસારનો વિચાર કરીએ તો એક બાજુ તે સ્વાર્થ, માયા, પ્રપંચ, કુટ, કપટ, વિશ્વાસઘાત અને બદમાશીથી ભરપૂર છે, તો બીજી બાજુ દુઃખથી પ્રચૂર છે. સંસારમાં પોતાની જાતને પૂર્ણ સુખી અને દુઃખમુક્ત કહી શકે એવો એક તો માઈનો લાલ બતાડો ?

ખાટલે જ મોટી ખોટ છે. રસ્તો જ ખોટો પકડાઈ ગયો છે.

મોહ અને અજ્ઞાનતાએ આપણને અંધ બનાવી દીધા છે.

થવુ છે સુખી, પણ જઈએ છીએ વધુ ને વધુ દુઃખી થવાના રસ્તે જ.

દુન્વયી ભૌતિક સામગ્રીઓ અને તેના ભોગવટામાં સુખ બુદ્ધિ ઉભી કરી ત્યાં જ મોટી થાપ ખાધી છે. સામગ્રીઓના ખડકલા ઉભા કરવા ગાંડાતુર બન્યા, મહામૂલી જીંદગી હોડમાં મુકી દીધી, એ જ મોટી મૂર્ખામી છે.

સંપત્તી અને સામગ્રીઓના ભોગવટામાં જ જો વાસ્તવિક સુખ હોત તો તીર્થંકર ભગવંતો કે ચક્રવર્તીઓ દોમદોમ સાહેબીને લાત મારી કાંટાળા પંથ ઉપર શા માટે જાત ? પરમાત્મા ચારિત્રનો ઉપદેશ શા માટે આપત ?

''મા પડિબંધં કુણહ,'' ''સમયં ગોયમ મા પમાયએ,'' ''કહીને એક મિનિટ પણ પ્રમાદ કરવા જેવો નથી. સંસારમાંથી છુટવામાં એક પળનો

પણ વિલંબ કરવા જેવો નથી.'' એવું શા માટે ઉપદેશત ?

મેઘકુમાર, જંબુકુમાર, અભયકુમાર, ઢંઢણકુમાર, ધન્ના, શાલીભદ્ર, ઉદયન જેવા રાજા અને રાજકુમારો જેઓ દોમદોમ સાહેબીમાં ઉછર્યા હતાં, છતા પ્રભુ મહાવીરે તેમની સમક્ષ સંસારની અસારતા અને સમૃદ્ધિની નશ્વરતા પ્રગટ કરીને બધાને દીક્ષિત કર્યા.

મહાત્માઓના સહવાસથી - પૂર્વના શુભ સંસ્કારોથી એટલુ તો દઢ સમજાઈ જવુ જોઈએ કે **''માનવભવ કિંમતિ છે. તેને ભોગ સુખના કચરામાં ફેંકી દેવાય નહી. ભોગાસક્ત બની આ ભવ વેડફી નાખવા માટે નથી, પણ યોગાસક્ત બની ઉચ્ચકોટીની આત્મસાધના કરવા માટે છે.''**

મીરાએ પણ કહ્યુ છે **''નહી એસૌ જનમ બાર બાર.''**

આજે જન્મ કઠણ બન્યો છે. મોત સરળ બન્યુ છે. મોત પછી શું ? અનંત ભાવીને સુધારવાની આ એક જ અમૂલ્ય તક છે.

માર્ગ કઠણ છે, કાંટાળો છે એ વાત સાચી પણ દેવ-ગુરૂની અસીમ કૃપા હોય ત્યાં કશુ જ કઠણ નથી, કશુ જ અશક્ય નથી.

જેને સમ્યગ્દર્શન થયુ છે એટલે જેની આંતર દ્રષ્ટિ દોષરહિત-નિર્મળ બની છે તે આત્મા અવિરતીના ઘોરાતીઘોર પાપોથી ત્રાસી ઉઠ્યો હોય છે.

આભરણો તેને ભારબોજ લાગે છે.

પરિગ્રહના ઢગલા સાપના ભારા લાગે છે.

વિષયસુખો હલાહલ ઝેર જેવા લાગે છે.

સ્ત્રી નાગણ જેવી લાગે છે.

કુટુંબ-કબીલો અતુટ બંધન લાગે છે.

મનોજ્ઞ ખાનપાન અને માનપાનમાં કટુતા ભાસે છે.

આખો સંસાર દાવાનલ લાગે છે.

સંસારની આગમાંથી છલાંગ મારી સંયમના સુરક્ષિત બાગમાં આવી જવા તે તડપતો હોય છે. પાણીમાંથી બહાર આવેલી માછલીની જેમ સંસારમાં

તરફડતો હોય છે. એક એક મિનિટ એક એક યુગ જેવી વીતતી હોય છે.

**''સસનેહી પ્યારા રે સંયમ કબહી મીલે''** નો અજપાજપ જાપ અને તે માટેના પ્રયત્નમાં તે તલ્લીન હોય છે. કારણ કે, આવા સમ્યગ્દષ્ટિ આત્માની દ્રષ્ટિનો ઉઘાડ થઈ ચુક્યો હોય છે.

સારાસાર-હિતાહિત-આલોક પરલોકની ભેદરેખાનું જ્ઞાન તેને થઈ ચુક્યુ હોય છે.

સંસારના સુખોની ભ્રામકતા અને સંયમના દિવ્યસુખોની વાસ્તવિકતાનો સાક્ષાત્કાર તેને થઈ ચુક્યો હોય છે. સંસારની સાધનાથી દુર્ગતિ અને સંયમની સાધનાથી સદ્‌ગતિનો નિશ્ચય તે પામી ચુક્યો હોય છે.

● નેમનાથ ભગવાનના ભાઈ ત્રણ ખંડના અધિપતિ કૃષ્ણ મહારાજ આવી સમ્યગ્દષ્ટિના સ્વામી હતા. તેથી જ ચારિત્રના કટ્ટર પક્ષપાતી હતા. ચારિત્ર ન લઈ શકવાનો તેમને બેહદ બળાપો હતો.

ઉંમરલાયક થતી દિકરીઓને પુછતા-કે બેટા ! રાણી થવુ છે કે દાસી ?

રાણી થવુ હોય તો નેમનાથ ભગવાનના ચરણોમાં ચારિત્ર ગ્રહણ કરી લો, અને દાસી થવું હોય તો કો'ક પુરૂષને પરણી જાવ,

- ❑ **ચારિત્ર એટલે આત્માના અપ્રતિમ સામ્રાજ્યનો ભોગવટો**
- ❑ **ચારિત્ર એટલે સાંસારિક પરાધીનતાનો ગુલામીઓમાંથી છુટકારો**
- ❑ **ચારિત્ર એટલે અમરતાના મહારાજ્યાભિષેકની સોનેરી ક્ષણ.**
- ❑ **અનંત જનમ-મરણમાંથી મુક્ત કરતી મહૌષધી આ ચારિત્ર છે.**
- ❑ **રૌદ્ર દુઃખોમાંથી છુટકારો અપાવતું મહારસાયણ આ ચારિત્ર છે.**
- ❑ **શાશ્વત સુખોના સ્વામી બનાવતી સંજીવની આ ચારિત્ર છે.**

પિતાના વાત્સલ્યસભર એકાંતે કલ્યાણકારી હિતોપદેશ સાંભળી તમામ પુત્રીઓએ પ્રવ્રજ્યાના પુનિત પંથને સ્વીકારી આત્મકલ્યાણ સાધી લીધુ.

કૃષ્ણ મહારાજાએ ઘોષણા કરી હતી કે ''જે કોઈને ચારિત્ર ગ્રહણ કરવું હોય તે એક મિનિટ પણ વિલંબ કરશો નહી, દીક્ષિત બનનારના

કુટુંબના ભરણપોષણની પાછળની તમામ જવાબદારીઓ કૃષ્ણ નિભાવી લેશે.'' કેવો ચારિત્ર પ્રેમ !

● થાવચ્ચાપુત્ર જ્યારે દીક્ષિત બનવા સજ્જ થયા ત્યારે કૃષ્ણ મહારાજાએ પરીક્ષા કરવા પુછ્યું- દીક્ષા શા માટે લે છે ? શું દુઃખ આવી પડ્યુ ? દેવોને શરમાવે એવી દોમદોમ સાહેબી છોડવાનો શો અર્થ ? વ્હાલસોયા માતા પિતાનો તો વિચાર કર. તું એકનો એક પુત્ર, આટઆટલી વૈભવ-સમૃદ્ધિ કોણ ભોગવશે ?

જીવનભર તને રક્ષાનો Call આપું છું. તારો વાળ વાંકો કોઈ કરી શકશે નહીં.

અપ્સરા સમાન રૂપસુંદરીઓ સાથે મોજ માણી જીવનને-શરીરને અને મળેલી યુવાનીને સાર્થક કર, દીક્ષા લઈ કષ્ટો વેઠી કાયાને કચડવાનો શો અર્થ ?

બધી વાતોનો થાવચ્ચાપુત્રએ ટુંકમાં છતા સણસણતો જવાબ આપી દીધો, કે તમારી બધી વાત માનવા હું તૈયાર છું જો તમે મને મોતના વિકરાળ મુખમાંથી છોડાવી શકતા હો... જરાના ઝેરીલા જડબામાંથી છોડાવી શકતા હો... અને રોગના રાક્ષસી પંજામાંથી છોડાવી શકતા હો...

કૃષ્ણનું માથું ઝુકી ગયું. રોગ જરા અને મૃત્યુના સકંજામાંથી છોડાવવાનું અસામર્થ્ય બતાડી થાવચ્ચાપુત્રને દીક્ષાની અનુમતિ આપી, એટલું જ નહી દીક્ષાનો મહામહોત્સવ પોતે કર્યો.

**કર્મો ભારે હોય, બુદ્ધિમાં બગાડો હોય, દ્રષ્ટિમાં દોષ હોય, તેના કારણે જ ચારિત્ર લેવાનું મન થતુ નથી, એટલું જ નહી, ચારિત્ર જીવન ઉપર અનુરાગ શુદ્ધા થતો નથી.**

એકવાત નિશ્ચિત છે કે **ભોગમાર્ગ અસત્ છે, ત્યાગમાર્ગ જ સત્ છે. સંસારનો માર્ગ અસત્ છે, સાધના માર્ગ જ સત્ છે. શરીર અસત્ છે, આત્મા જ સત્ છે.**

એટલે હારી થાકીને પણ આ ભવમાં નહી તો બીજા ભવમાં ચારિત્રપંથે આવવુ જ પડશે.

**અવળા રસ્તે જેટલા આગળ વધીશું, તો પાછા આવવામાં એટલી વધુ મુશ્કેલી પડશે, એટલું વધુ મોડું થશે, અવળા માર્ગે દોટ મુકતા જેટલી વહેલી આંખ ઉઘડી જાય એટલુ પસ્તાવાનું ઘટી જાય.**

**ભોગમાર્ગ એટલે દુર્ગતિઓની મંજીલે લઈ જનાર માર્ગ, અને ત્યાગમાર્ગ એટલે સદ્ગતિઓના શિખરે સ્થિર કરનાર માર્ગ,** આવો સરળ બોધ આત્મસાત્ થવામાં દેવ-ગુરૂની અસીમકૃપા જ કારણ છે.

આંખ ખુલશે અને ચારિત્રના ભાવ થશે, ત્યારે હાડકા ખખડી ગયા હશે તો ? શરીર લથડી ગયું હશે તો ? ઈન્દ્રિયો ક્ષીણ થઈ ગઈ હશે તો ? સ્મરણશક્તિ ગગડી ગઈ હશે તો ? મન પાંગળુ અને બુદ્ધિ ક્ષીણ થઈ ગઈ હશ તો ?

**મોડુ થાય તે પહેલા ચેતી જઈએ અને તક હાથમાંથી ચાલી જાય તે પહેલા તેને ઝડપી લઈ સાધી લઈએ, તો જ આત્મકલ્યાણ સુકર બને,**

અંતે - **કદાપિ ના મૂલી શકાય એવુ રતન ચારિત્ર છે.**

**જતન તેનુ જે કરે સાચો જવેરી તેજ છે.**

* * * * *

# તું તારૂ સંભાળ...

**परिहर परचिंता परिवारं चिन्तय निजमविकारम्**
**येन जनेन यथाभवितव्यं तद्भावता दुर्वारम्...**

શાંત સુધારસમાં ઉપાધ્યાયશ્રી વિનયવિજયજી મ. ફરમાવે છે કે પરચિંતાના પરિવારને છોડી દે. ચિંતાનો પરિવાર ખૂબ વિશાળ છે.

પર એટલે આત્મભિન્ન, જેની ચિંતા કરવાથી કોઈ જ આત્મિક લાભ થવાનો નથી, અને સાથે નુકસાનીનો કોઈ પાર નથી.

સમય બગડે, મન બગડે, સંસ્કાર બગડે, જીવન બગડે.

મન ચંચળ છે. લેવાદેવા વગરની ખાણખોદ કરવાનો તેનો સ્વભાવ છે. ઘાતક નિંદાકુથલી અને પારકી પંચાતમાં તેને સ્વર્ગીય આનંદની અનુભુતિ થાય છે, પણ એમાં આત્માનો છોડો નિકળે છે.

ત્યારે વિનયવિજયજી કહે છે આ મુફલીસ ચિંતાઓ છોડી તારા આત્માનાં અવિકારી સ્વરૂપનો વિચાર કર... તેના અગણિત ગુણવૈભવ અને આંતર સામ્રાજ્ય ઉપર એક નજર કર. બીજાની ચિંતા કર્યા કરવાથી કોઈ સુધરી જવાનું નથી, કોઈનું બગડવાનું ય નથી. ભવોમાં ભ્રમણ કરતા આપણે અનેકની ચિંતા કરી... અનેકની સંભાળ લીધી... વડીલ બનીને કુટુંબ સંભાળ્યું. શિક્ષક બનીને વિદ્યાર્થીઓ સંભાળ્યા. માતા બનીને દિકરાઓ સંભાળ્યા. મોભી બનીને સમાજ સંભાળ્યા. ગુરૂ બનીને શિષ્યો સંભાળ્યા. રાજા બનીને પ્રજા સંભાળી. પણ, અફસોસ એ વાતનો છે કે આપણી જાતને ક્યારેય ના સંભાળી, દુનિયાની જાળમાં એવા ફસાયા કે જાતને જ ભુલી ગયા.

ચિંતા એ આર્તધ્યાનનો જ એક પ્રકાર છે.

● દિગંબર પંથ સ્થાપક શિવભૂતિને રત્નકંબલની ચિંતા હતી. તેનું મમત્વ તોડવા ગુરૂએ કંબલ વાપરીને ફાડી નાખી. આ કારણે શિવભૂતિ અકળાઈ ગયા. એકદા જિનકલ્પીઓની વાત સાંભળતા ગુરૂની અનિચ્છા છતા જિનકલ્પી બનવા ગયા. કપડા ઉતારી નગ્ન બની ગયા. ઉન્માર્ગ સ્થાપી

અનેકોને ઉન્માર્ગના રવાડે ચઢાવનારા બન્યા. કંબલના રાગજનિત આવેશની આ આગ હતી. સ્વને છોડી પરમાં ગયાં તો મરી ગયા.

• ચેડા મહારાજાની દિકરી સુજ્યેષ્ઠા શ્રેણિકને પરણવા તલસે છે, પિતાની રજા ના મળતા ભાગવાનો ગુપ્ત પ્લાન ઘડાઈ ચુક્યો છે. સુરંગ માર્ગે જવાનો સંકેત થઈ ચુક્યો છે.

સુજ્યેષ્ઠા ત્યાં આવે છે ત્યારે અચાનક ભુલાએલો દાગીનાનો દાબડો યાદ આવે છે. ફરી પાછો દાબડો લેવા જાય છે. એ અરસામાં શ્રેણિક આવી જાય છે. બહેનને મુકવા આવેલી ચેલ્લણાને સુજ્યેષ્ઠા સમજી લઈ જાય છે... ખેલ ખલાસ.

સુજ્યેષ્ઠાના અરમાનો ધૂળ ભેગા થઈ ગયા. ભલે આ લૌકિક બીના છે. પણ સમજી શકાય કે દાગીનાના દાબડા ખાતર શ્રેણિક જેવા પતિને સુજ્યેષ્ઠાએ ગુમાવ્યા.

અધ્યાત્મિક જગતમાં પરની ચિંતા અને પારકી પંચાતોમાંથી જ ઉંચા ના આવીએ તો કેટલુ ગુમાવવાનું થાય ?

વૈરાગ્ય શતકમાં કહ્યું - દુખ્યા અને ભુખ્યા દિકરાઓની જેટલી ચિંતા કરી એના લાખમાં ભાગની ચિંતા પણ આત્માની ન કરી, જીવ ! તને શું કહીએ ?

આચારાંગસૂત્રમાં કહ્યું -

**अत्ताणमेव अभिनिगिज्झ, एवं दुक्खा विमुच्चसि**

**पुरिसा तुममेव तुमं मित्तं किं बहिया मित्तमिच्छसि ।**

**તારા આત્માનો નિગ્રહ કર, બહારની દુનિયામાં દોડતા તેને રોક, તો જ દુઃખમાંથી છુટકારો થશે. હે જીવ ! તુજ તારો મિત્ર છે. બહારના કોઈ મિત્રની તારે જરૂર નથી.**

આ બધી વાતો પરમાંથી ખસી સ્વમાં વસવાની પ્રેરણા આપે છે.

બહારનું ઘણું જોયું. ઘણુ સાંભળ્યું. આજ સુધી બાહ્યમાં જ ઘણું રમ્યા.

''મોંઘવારી વધી ગઈ, બજારમાં મંદી છે, છોકરો આઉટલાઈને છે. રાજકીય સ્થિરતા નથી. ભ્રષ્ટાચારે માઝા મુકી છે.'' વિ.વિ. ફોફલી ચિંતાઓના જાળામાંથી મન છુટતું નથી.

પરચિંતા યુક્ત જડદ્રષ્ટિ જ સઘળા દુઃખનું મૂળ છે, આત્માના અજ્ઞાનથી ઉભી થએલી આ માયાજાળ છે.

આ Vicious જાળમાંથી મુક્ત થવું હોય તો પૂજ્યપાદ તત્વવેત્તા આચાર્ય વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા એક સુવર્ણવાક્યની ભેટ આપે છે. **'તું તારૂ સંભાળ.'**

તારા નિર્વિકારી આત્મા સ્વરૂપ ઉપર દ્રષ્ટિપાત કર. પરની ચિંતા છોડ. થોડીક પળો એકાંતમાં જાત સાથે વાત કર.

વાતોના વડા છોડી આત્મા તરફ નિકટ જવાનો પ્રયત્ન કર...

આર્તધ્યાન જનિત અસમાધિમાંથી છુટકારો મેળવવાની તમન્ના હોય તો આ સૂત્રને હૃદયસ્થ કરવું જરૂરી છે.

ગુરૂદેવશ્રીના અંતરમાંથી ઉદ્ભવેલ અપ્રતિમ મહામંત્ર **''તું તારૂ સંભાળ''** નો નિત્યજાપ કરવો જ રહ્યો.

પ્રત્યેક ક્ષેત્રમાં પ્રત્યેક પળે જો આ મંત્ર અમલી બની જાય તો ઉછાળા મારતા રાગ-દ્વેષના મોજાઓ સહજ શાંત થઈ જશે.

જીવન પ્રસન્ન અને પ્રફુલ્લિત બની જશે.

અંતે-

**સતત ભટકું છું, પુછું ને શોધુ છું, ઘર જેનું વરસોથી**
**એનું ઠેકાણુ છે મારી બંધ મુઠ્ઠીમાં.**

* * * * *

## *Man is a Rational Animal*

દુનિયાના તમામ ધર્મોએ માનવભવના ભરપેટ વખાણ કર્યા છે. **'દુલ્લહં ખૂ માણુસં જમ્મં'**, મીરાએ પણ કહ્યું 'નહી એસૌ જનમ બાર બાર.''

જૈન સાસ્ત્રોમાં કહ્યું -

**''મણુઆ તુમમેવ સચ્ચં'' હે મનવા ! તું જ સાચો છે.**

મનુજ ખોળીઆની આટ આટલી પ્રશંસા કેમ ? કો'કદિ તો પલાઠીવાળીને વિચાર કરો,

દેવલોકમાં શું કમીના છે ? દોમદોમ સાહેબી છે. સમૃદ્ધિનો પાર નથી. રૂપરૂપના અંબાર જેવી અપ્સરાઓની ભોગલીલાઓ છે. રોગના નામોનિશાન વિનાનું શરીર છે. લીલીછમ વાડીઓ છે. નિર્મળ જળ યુક્ત વાવડીઓ છે. રત્નજડિત વિમાનો છે. ટંકારવ કરતા જુમ્મરો છે. અબજો વર્ષના આઉખા છે, નાટકને મોજ મજાની કોઈ કમીના નથી. ધારે એવા અને ધારે એટલા રૂપો બનાવવાની શક્તિ છે. હીરા-માણેક મોતીઓની છોળો ઉછળે છે. અમૃતના ભોજન છે.

દિવ્ય ભોગની દુનિયામાં નથી દુઃખ, નથી દર્દ, નથી રોગ, નથી શોક, નથી દરિદ્રતા કે નથી દ્વન્દ્વો.

પૂર્ણ એશ-આરામ, મોજ-મજા, જલસા-વિલાસો ધબકતા છે.

છતાં દેવભવના ક્યાંય કોઈપણ ધર્મશાસ્ત્રે વખાણ કર્યા નથી ! દેવલોક દુર્લભ છે એવુ પણ કહેવાયુ નથી.

સુખ-સમૃદ્ધિથી છલકતા દેવલોકના વખાણ નહી અને હાડમારી અને યાતનાઓથી છલકતા માનવભવના વખાણ કેમ કર્યા ? કારણ એક જ છે.

**દેવલોકમાં ભલે બધુ હોય પણ ત્યાં ચારિત્ર નથી. આત્મશુદ્ધિ કરવા માટેની સાધના ત્યાં નથી.**

એક નવકારશીનું નાનુ પચ્ચક્ખાણ ત્યાં નથી. ત્યાં સાધુ નથી કે સાધુના દર્શન નથી. ત્યાં નથી સુપાત્ર કે નથી સુપાત્રદાન.

જ્યારે તેની સામે માનવભવમાં તમામ દુઃખો અને પ્રતિકુળતાઓ વચ્ચે 'ચારિત્ર' છે. સંયમ દ્વારા શુદ્ધિ કરતા સાધકો છે, આત્મકલ્યાણની કેડી માનવભવમાં જ છે.

એક વાત જાણવા જેવી છે કે 'ધર્મ' ચારે ગતિમાં છે, પણ શાસન અને સાધના માત્ર મનુષ્યગતિમાં જ છે.

જાનવરો સમ્યગ્દર્શનના પ્રભાવે દેવલોકમાં જઈ શકે છે. દેવતાઓ સમ્યક્ત્વના પ્રભાવે પ્રભુભક્તિની મોજ માણી શકે છે. નારકીઓ પણ સમકિતના પ્રભાવે સમતાપૂર્વક વેદના સહન કરી શકે છે. સમ્યગ્દર્શનરૂપ ધર્મ ત્રણે ગતિમાં છે. પણ દેશવિરતિ કે સર્વવિરતિની સાધના ત્યાં નથી, એટલે શાસન ત્યાં નથી.

**જ્યાં ચારિત્ર નથી, ચારિત્રવાન્ નથી ત્યાં શાસન નથી,** તેથી જ પાંચમા આરાના છેડે અંતિમ સંયમધર દુઃપ્પસહસૂરિની વિદાય થતા જ મહાવીરના શાસનનો વિચ્છેદ થઈ જશે.

**એટલે જ્યાં ચારિત્ર ત્યાં શાસન, જ્યાં શાસન તે ભવ મહાન, માટે જ માનવભવ મહાન.** એટલે માનવભવની દુર્લભતા કે મહાનતા એકમાત્ર 'ચારિત્ર' ની મુડી ઉપર જ આધારિત છે.

એક માત્ર માનવ જ 'ચારિત્ર' પામી શકે, ચારિત્ર પાળી શકે, અને ચારિત્રના પ્રભાવે શુદ્ધ બની શકે છે. તેથી દોમદોમ સાહેબીમાં રાચતા દેવાત્માઓ પણ ચારિત્ર પામવાની ખેવનાથી માનવ ખોળીયાને ઝંખી રહ્યા છે.

હા, માનવભવ કિંમતી ખરો, પણ ચારિત્રની સાધના કરવી હોય તેના માટે, બાકી ખાઈ-પી-ને જલસા કરવાની વૃત્તિ ધરાવનારાઓ માટે માનવ કે જાનવરના ખોળીયામાં કોઈ ભેદ નથી.

પાંચ ઈન્દ્રિય, અલમસ્ત શરીર, શરીરની શક્તિ, સમયની તક, કુટુંબ-કબીલો, ભોગવૃત્તિ ખાન-પાન, આ બધુ જેમ માનવ પાસે છે તેમ જાનવર પાસે પણ છે.

પણ આ બધાની સાથે જાનવરો વિ.ની દુનિયામાં જે નથી તે માનવીય દુનિયામાં છે, તે છે **'સન્માર્ગ સાધવાની સદ્બુદ્ધિ.'**

આથી જ કોઈક અંગ્રેજ લેખકે ટાંક્યું છે કે "Man is a Rational Animal" માણસ બૌદ્ધિક પ્રાણી છે.

અલબત્ત માણસ જનાવર જ છે. પણ જાનવર કરતા જુદી તરી આવતી વિશેષતા માનવમાં એ છે કે તેની પાસે 'બુદ્ધિ' છે. જેના દ્વારા તે આત્મકલ્યાણની કેડી કંડારી શકે છે.

'બુદ્ધિ' બધા પાસે ઓછે વત્તે અંશે છે પણ તેની 'શુદ્ધિ' ની જરૂર છે.

અશુદ્ધ બુદ્ધિ અકાર્યો કરાવી પશુતા તરફ ઢસડી જાય છે. શુદ્ધ બુદ્ધિ સત્કાર્યો કરાવી દિવ્યતા તરફ લઈ જાય છે.

આપણી હાલત ઉંધી છે. ભોગમાં આનંદ ને ત્યાગમાં કંટાળો અનુભવાય છે. આત્મિક સાધના કરતા સાંસારિક સાધનામાં જીવનની સાર્થકતાના ધોરણો બાંધી દીધા છે. આ લોકના સુખની આસક્તિમાં પરલોકનો ભય જ દેખાતો નથી. આત્માને ભૂલી શરીરને કુટુંબની આળ પંપાળમાં જ જીવનનો મહામૂલો સમય વેડફાઈ જાય છે.

આ બધો છે બુદ્ધિનો બગાડો. આત્મા તરફ નજર કરીએ, કર્મબંધ અને કર્મના કાતિલ અંજામનો વિચાર કરીએ. સંસારની દુઃખમયતા અને ભૌગિક સુખની પોકળતા ઉપર દ્રષ્ટિપાત કરીએ, પરલોક અને અનંતભાવીના ચિંતનમાં ગરકાવ થઈએ તો આંતરદ્રષ્ટિનો ઉઘાડ થયા વિના રહેશે નહી.

**આ ભવ ચારિત્રધર્મની વિશુદ્ધ આરાધના કરી મુક્તિમંજીલ સર કરવા માટે જ છે. ચિંતામણી રત્નને ઉકરડામાં કે કાગડાને ઉડાડવામાં ફેંકી ના દેવાય, કિંમતિ જીવનક્ષણોને ભોગસુખના કાદવમાં ફેંકી ના જ દેવાય, ઉત્તમભવ ઉત્તમ સાધના માટે જ હોય !**

અંતે - Give me man who is not passion slave and I will wear him in my hearts care.

**હું મારા હૃદયમાં તેને સ્થાન આપવા માંગુ છું, જે ઈંદ્રિયોનો ગુલામ ના હોય, વાસનાના કાદવમાં ખદબદતો કીડો ના હોય.**

- (શેક્સપીયર)

* * * * *

# એમાં મારે શું ?

**કોઈપણ સાધનાનું ફળ છે કષાયોની ઉપશાંતિ, અંતરમાં આવેશના ઉછાળા ઓછા થવા, ગમે તેવા સંયોગોમાં મનનું બેલેન્સ ટકી રહેવું.**

સંઘર્ષ, જીવનમાં ઉકળાટ પેદા કરે છે. જીવનની મસ્તીને રફે દફે કરી નાખે છે. અશાંતિ, અજંપો, ઉદ્વેગ, હતાશા આ બધા પરિણામો છે સંઘર્ષના.

સંતો સમાધાનાત્મક અભિગમ અપનાવે છે. "Let Go' નો મંત્ર ડગલેને પગલે અમલી બનાવે છે. 'જે થાય તે સારા માટે' એવું માનનારા હોય છે. **'નિયતિને મંજુર હોય તે જ થાય છે.'** એવું સમજનારા હોય છે, એટલે તેમના મન વિકટ પ્રતિકુળતામાં પણ શાંત પ્રશાંત જ નહી બલ્કે પ્રસન્ન રહી શકે છે.

**જ્યાં સંઘર્ષ છે ત્યાં ઉકળાટ છે. જ્યાં સમાધાનવૃત્તિ છે ત્યાં પ્રસન્નતા છે.** એટલે સંઘર્ષની આગ ઠારવી જ રહી...

આપણે સંઘર્ષમાં પડી મનને કલુષિત ના કરવું. બીજાઓ સંઘર્ષ કરી જીવનના પ્રશાંત રસને ડહોળી નાખતા હોય તેની ઉપેક્ષા પણ ના કરવી. પ્રસન્નતાની કિંમતિ મુડી લુંટાઈ જાયે તે કેમ પાલવે ? પછી ભલેને તે આપણી હોય કે બીજાની.

**સંઘર્ષ કરનાર તો ગુનેગાર છે જ પણ સંઘર્ષની ઉપેક્ષા કરનાર પણ એટલો જ ગુનેગાર છે.**

કોઈ આગમાં બળીને ભડથુ થઈ જાય ને આપણે જોયા કરીએ તે સજ્જનતાનું કલંક છે.

આજે મનોવૃત્તિ છીંછરી-હલકી થતી જાય છે. બે જણના ક્લેશનું નાટક જોવામાં આપણને સ્વર્ગીય આનંદની અનુભૂતિ થાય છે.

''તેઓ ઝઘડીને પાયમાલ થઈ જાય.'' એવો હલકો વિચાર કરવામાં આપણને શરમ નથી આવતી.

ક્લેશને શાંત કરવાનું તો દૂર રહો ઉપરથી હવનમાં હાડકા નાખવામાં

જ દરેકને રસ છે. આ ક્ષુદ્ર પ્રવૃત્તિથી ક્ષણિક આનંદ મળી જાય પણ પરિણામ ગોજારૂ આવે છે. ક્લેશ કરનાર તો દુઃખી થાય જ છે પણ મુક પ્રેક્ષક બની જોયા કરનાર પણ કટુ પરિણામોનો ભોગ બની જાય છે. નિશિથ સૂત્રમાં દ્રષ્ટાંત દ્વારા આ વાત ઉપર સુંદર પ્રકાશ પાથર્યો છે.

તળાવના કિનારે એક વનખંડ છે. બે હાથીઓ તળાવમાં આળોટ્યા છે. કિનારા ઉપર બે સરડાઓ ઝપાજપી કરે છે. હાથીઓ જોયા કરે છે. પોતાનામાં જ મસ્ત છે. વનદેવતા પ્રગટ થઈ હાથીઓને સમજાવે છે કે આ બે સરડાઓને યુદ્ધ બંધ કરવા સમજાવો. સામસામા અથડાઈ બંને મરી જશે.

હાથી કહે- તે બે ઝઘડે એમા અમારે શું લેવા-દેવા ? મરશે તો એ મરશે, અમને શું નુકશાન ?

ક્લેશને શાંત કરવામાં અમને શું ફાયદો ? નાહકનો સમય બગાડવો, અમને તો મફતમાં તમાશો જોવાની મજા પડે છે.

હાથીઓની સ્વાર્થભરી ઉપેક્ષાવૃત્તિ જોઈ વનદેવતા ચાલી ગયા.

મારામારીને દોડાદોડી કરતા સરડાઓમાંનો એક સરડો ગુફા સમજી એક હાથીના કાનમાં ઘૂસી ગયો. બીજો તેના પગલે બીજા હાથીના કાનમાં ઘૂસી ગયો.

હાથીઓના કાનમાં ઉથલ પાથલ મચી ગઈ. બંનેએ મગજના બેલેન્સો ગુમાવ્યા, વિકરાળ સ્વરૂપી બની બંને સામસામે આવી ગયા. યુદ્ધ ઉગ્ર બન્યુ. તળાવનો ખોળો નિકળ્યો. પાળ તુટી. બહાર નિકળી વનખંડને ખેદાન મેદાન કરી મુક્યું. બંને પાયમાલ થઈ ગયા. અસંખ્ય જલચર-સ્થલચરોનો ખાત્મો બોલાઈ ગયો.

હાથી જેવી મનોવૃત્તિ આજે ઘર ઘર અને ઘટ ઘટમાં વ્યાપી ગઈ છે.

બે વ્યક્તિ વચ્ચેનાં સંઘર્ષો મીટાવી શાંતિ સ્થાપવાની જાણે કોઈને પડી જ નથી. આંખ મીંચામણા કરી અંદરથી આનંદિત થવાની વૃત્તિ ખૂબ ખતરનાક છે. બીજાની આગ ઠારવાના પ્રયત્ન નહી કરીએ તો આપણી આગમાં ઘાસલેટ

નાખનારા તૈયાર જ બેઠા છે એ સત્ય સમજી લેવા જેવું છે.

વૈશ્વિક સંઘર્ષ, રાષ્ટ્રીય સંઘર્ષ, રાજકીય સંઘર્ષ, સામાજિક સંઘર્ષ, કૌટુંબીક સંઘર્ષ, ધાર્મિક સંઘર્ષ અને વ્યક્તિગત સંઘર્ષો આજે ચરમસીમાએ પહોંચ્યા છે, તેનું કારણ આ જ છે કે બળતામાં ઘી હોમવામાં જ સૌને રસ છે. નિઃસ્વાર્થ હિતેચ્છુ એવા શાંતિના દૂતોનો આજે ભારે દુકાળ પડ્યો છે.

આ વાસ્તવિકતા જાણી આજે એટલુ તો નક્કી કરી લેવું જોઈએ કે..

**જાતે સંઘર્ષ કરવો નહી.**

**બીજાના સંઘર્ષોને વધારવા નહી.**

**અન્યના સંઘર્ષની ઉપેક્ષા કરવી નહી.**

આપણી શક્તિ-બુદ્ધિ-હોંશિયારી બધાને કામે લગાડી ક્લેશ ઉપશાંત થાય તે માટે અચુક પ્રયત્ન કરવો. બધા જ ધર્મો-તમામ સાધનાનો હાર્દ પણ આજ છે, કષાયોની ઉપશાંતિ.

આ વાત સમજીને અમલમાં મુકાઈ જાય તો સંઘમાં-સમાજમાં-દેશમાં-સર્વત્ર પ્રેમ અને પ્રસન્નતાનું મોજુ ફરી વળે.

અંતે -

**આંખડીમાં કો સમે અનુરાગ પેદા થાય છે.**
**અનુરાગમાંથી કો સમે ખટરાગ પેદા થાય છે.**
**રોજનો ખટરાગ વધતો જો કદિ અટકે નહિ**
**તો પછી એ ખટરાગમાંથી આગ પેદા થાય છે.**

* * * * *

# ધર્મી અને ધાર્મિકતા

ધર્મ તારણહાર છે. આત્માની શુદ્ધિ ધર્મથી જ છે. તો પુન્યની પુષ્ટિ પણ ધર્મથી જ છે.

જીવનના કોઈપણ ક્ષેત્રમાં સરસ રીતે સફળ થવું હોય તો **''ધમ્મં શરણં''** વિના છુટકારો જ નથી. આ વાત પાપીઓ અને નાસ્તિકોને પણ હવે સમજાઈ ગઈ છે.

Western Country માં પણ ધર્મનો વ્યાપ કુદકે ને ભુસકે વધતો ચાલ્યો છે. તેઓ પણ સમજી ગયા છે કે મનની શાંતિ તો ધર્મથી જ મળશે. ધનના ઢગલાથી નહી.

ધર્મવિહોણી સમૃદ્ધિ અકળામણ અને અપ્રસન્નતા પેદા કરે છે. નર્યો ભોગવાદ જીવનમાં કાં જડતા ઉભી કરે છે કાં શૂન્યતા...

મીઠા વગર ભોજન નિરસ લાગે છે. તેમ ધર્મ વગર જીવન નિરસ છે. જીવન માટે ધર્મ સબરસ છે. આ એક રસ ઉપર જ સંતોની જીવનકાયા અડીખમ ઉભી હોય છે. ધર્મ જીવનને સરસ બનાવે છે. હારી થાકીને પણ, ઈચ્છાએ અનિચ્છાએ પણ દરેકને એક દિવસ ધર્મના શરણે આવવું જ પડે છે. કારણ -

**ધર્મ એ નિત્ય પ્રકાશ રેલાવતો સૂર્ય છે.**
**ધર્મ એ નિત્ય શિતળતા પ્રસરાવતો ચંદ્ર છે.**
**ધર્મ એ નિત્ય ઉજાસ પાથરતો દિપક છે.**
**વણકલ્પી આફતોમાંથી ઉગારનાર એક માત્ર ધર્મ છે.**

જાડી ચામડીના રાજકારણીઓ ચુંટણી ટાંણે મંદિર મસ્જીદોમાં શા માટે દોડાદોડી કરે છે ? મહંતો અને મુલ્લાઓના ચરણમાં શા માટે આજીજીઓ કરે છે ?

વાસનાના કીડા ફિલ્મી નેતાઓ પણ વાતે વાતે પીર-દરગાહ કે સાઈબાબાના દર્શને શા માટે દોડી જાય છે ?

તમામ પ્રયત્ન કરી ચુકેલા Expert ડોક્ટરો અંતે કહે છે પરમાત્માને પ્રાર્થના કરો.

બેલેંસ ચુકી હવામાં ઝોલા ખાતા વિમાનના પ્રવાસીઓને પાયલોટ છેલ્લી સૂચના આપે છે. ''સૌ કોઈ પોત-પોતાના ઈષ્ટદેવને યાદ કરો.''

આ બધી વાતો ધર્મની સર્વવ્યાપી સર્વોપરિતાની સૂચક છે. આ વાત દરેકને સમજાઈ ગઈ છે. એટલે છેવટે ભયના માર્યા પણ ધર્મ કરતા બધા થઈ ગયા છે. ફોરેનમાં પણ Religious Culture નો ઝડપથી ઉદય થઈ રહ્યો છે.

ભારત દેશમાં પણ તમામ ધર્મોમાં ધાર્મિક અનુષ્ઠાનો-તપ-ત્યાગ શક્તિપૂજા ભક્તિપૂજા યજ્ઞ યાગાદિ, કલ્પના બહાર ખીલી ઉઠ્યા છે. કલિયુગને સતયુગ કહેવડાવે એટલી ધાર્મિક પ્રવૃત્તિઓ ઠેર ઠેર ધમધમી ઉઠી છે.

ત્યારે એક સવાલ થાય છે કે- ધર્મ તો ખૂબ વધ્યો પણ ધાર્મિકતા વધી ખરી ? ધર્મના કર્મ કરનારાઓનો પાર નથી, પણ ધર્મના મર્મ સમજનારા કેટલા ?

**ધર્મી બનવું ઘણુ સરળ છે,** મંદિરોમાં બે ચાર કલાક પૂજા-પાઠ-કિર્તન-અર્ચન-વિધિવિધાન કરી લો એટલે તમે ધાર્મિક બની જશો. **પણ ધાર્મિકતા આત્મસાત્ કરવી કઠીન છે.** જીવનની પળે પળ ધર્મમય બની જાય, કર્મસ્થાનોમાં પણ ધર્મ મોખરે રહે, જ્યાં જઈએ ત્યાં આપણા અસ્તિત્વ માત્રથી મંદિરોનું સૌંદર્ય ખડુ થઈ જાય, તે જ સાચી ધાર્મિકતા કહેવાય.

આપણે ધર્મી છીએ કારણ ધર્મસ્થાનોમાં આપણે ધાર્મિક ક્રિયાકાંડો કરીએ છીએ. આપણામાં ધાર્મિકતા દેખાતી નથી કારણ મંદિરમાંથી બહાર નિકળતાની સાથે જ આપણી વૃત્તિ-પ્રવૃત્તિઓનું શિર્ષાસન થઈ જાય છે.

મંદિરમાં દયાળુ બની જવાય છે, બહાર નિકળીને ક્રૂર. મંદિરમાં ભગવાન બની જવાય છે, બહાર નિકળીને શેતાન. મંદિરમાં નેતરની સોટી જેવા નમ્ર બની જવાય છે, બહાર નિકળીને તાડના ઝાડ જેવા અક્કડ, આ Dual Character ધાર્મિકતાનું ઘાતક છે.

કપડા બદલવા માત્રથી સ્વભાવ ના બદલાય.

બોટલ બદલવા માત્રથી અંદરના દારૂ ના બદલાય.

એક ધર્મસ્થાનની બાજુમાં હોજ હતો. તેમાં બિલાડીનું મડદુ પડેલું હતું. તેનાથી પાણી ગંધાઈ ગયેલ. નાક ફાટી જાય તેવી બદબુ આવે. મહંતે નોકરને આજ્ઞા કરી કે હોજનું પાણી ગંધાય છે માટે પાણી બદલી નાખો.

જુનુ પાણી કાઢી નવું ભરવામાં આવ્યું. કલાકમાં તે પાણી પણ મડદાથી વાસીત થતા ગંધાઈ ગયું.

ફરી પાણી બદલવાની આજ્ઞા થઈ. પાણી બદલવામાં આવ્યું. ફિર વોહી રફતાર.. ત્રણ ચાર વાર પાણી બદલવા છતા દુર્ગંધ એવી ને એવી જ. છેવટે મહંત આવ્યા. મડદુ જોયું. પરિસ્થિતિનો ખ્યાલ આવી ગયો મડદુ દૂર કરાવ્યું. દુર્ગંધ આપોઆપ ગાયબ.

દૃષ્ટાંત સચોટ છે. પાણી બદલવા માત્રથી દુર્ગંધ દૂર ના થાય. મડદુ દૂર કરવું પડે. આપણી હાલત આવી જ છે. અંદર દુર્દાંત વાસનાના મડદાઓ પડેલા છે. તેની બદબુનો ખ્યાલ આવતા થોડી ઘણી ધાર્મિક ક્રિયાઓ કરી લઈએ છીએ. એટલો સમય આ બદબુ શાંત રહે છે. પણ વાસનાનું મડદુ તો અકબંધ છે એટલે ધર્મસ્થાનોમાંથી બહાર આવતાની સાથે જ ફરી વાસનાની દુર્ગંધ જીવન-વ્યવહારમાં ફેલાઈ જાય છે.

આ ચક્ર ફરીને ફરી ચાલતું રહે છે. અંદરની કુવાસનાના મડદા દૂર થશે તો જ દોષોની દુર્ગંધ જશે.

**કુવાસનાના મડદા સલામત રાખી કરાતી ધર્મક્રિયાનું પરિણામ નક્કર હોતુ નથી.**

નળ ભલેને ફુલ સ્પીડમાં ખૂલ્લો હોય ડોલ જ કાણી હોય તો ?

**ધાર્મિકતા તો તેને જ કહેવાય જે જીવનની રગેરગમાં વણાએલી હોય.**

મંદિરમાં ભજન કરી ઘરે આવ્યા બાદ મા-બાપને ગાળો ભાંડતા હોય

કે ભોળા Customers ને શીશામાં ઉતારતા હોય તેનામાં ધાર્મિકતા કેમ માની શકાય ?

**સર્વ ક્ષેત્રે અને સર્વકાળે ઔચિત્યપૂર્ણ કર્તવ્ય પાલન હોય ત્યાંજ ધાર્મિકતા સંભવે છે.**

જીવન વ્યવહારમાં શિયાળ જેવી લુચ્ચાઈ આચરી ધર્મસ્થાનોમાં ધર્મી કહેવડાવવાની માયાવી વૃત્તિ છોડી દેવી જોઈએ.

**ધર્મી હોવું સારૂ છે. તેની સાથે ધાર્મિકતા હોવી અતિ જરૂરી છે.**

* * * * *

# સાધનાના બજારમાં ગુણોની મૂડી ઉપર વેપાર થાય છે

ત્રિષષ્ઠિશલાકા પુરૂષ ચરિત્ર ગ્રંથમાં કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ એક સુંદર પ્રસંગ ટાંક્યો છે.

છત્રીસ હજાર સાધ્વીજીના અગ્રણી ચંદનબાળાજી ગ્રામાનુગ્રામ વિચરી રહ્યા છે. પ્રભુવીરના પ્રથમ સાધ્વી હોઈ રાજા મહારાજાઓ-શ્રેષ્ઠી સામંતોનો વિશાળ અનુયાયી વર્ગ તેઓનો છે. એકવાર રસ્તામાં પસાર થતાં ચંદનબાળાએ એક બાળક જોયો. તેનુ નામ હતું શેવડુક. ગરીબ કુળમાં જન્મેલો, ભીખ માંગીને પેટીયુ રળે, ભિક્ષા કો'કદી ન મળે તો ભુખ્યો-તરસ્યો રસ્તા ઉપર સુઈ જાય. પેટ ઊંડુ ઉતરેલું હતું. ડાચું બેસી ગયું હતું. કપડામાં થીંગડા જ થીંગડા નજરે પડતા હતા. મુખ ઉપર દીનતા હતી. કોઈ કંઈક આપે એ અરમાનોની ઘટમાળમાં ઘેરાયેલો હતો. સદ્નસીબે સાધ્વી ચંદનાની નજર તેના ઉપર પડી. સાધ્વીની કરૂણાધારામાં પ્લાવિત થવાથી તેને પણ આનંદ થયો. સાધ્વીને થયું. ભલે દેખાવમાં દુર્ગત હોય, આત્મા ઊંચો લાગે છે. તેનું કપાળ મહાનતાનું સૂચક છે. સાધ્વીજીએ ભક્તશ્રેષ્ઠિઓને તેની ભક્તિ કરવાની ભલામણ કરી. શ્રદ્ધાસંપન્ન અને સમર્પિત હોય તે જ સાચો ભક્ત કહેવાય. 'ગુરુ બોલ્યા એટલે ભગવાન બોલ્યા.' એવું માનનાર જ સાચો શ્રાવક કહેવાય. ગુરુના વચનમાં યુક્ત-અયુક્તનો વિચાર કરનાર સાચો શિષ્ય નથી. ગુરુ આર્ષદ્રષ્ટા હોય છે. અનેક એંગલો, અનેક લાભાલાભોને નજર સમક્ષ રાખી વસ્તુતત્વનું પ્રતિપાદન કરનારા હોય છે.

ગુરુના વચનને પડતો ઝીલવો પડે. ગુરુના વચન પાછળ વિચારો કરનાર મૂર્ખ જ નહીં દયાપાત્ર પણ છે.

શ્રદ્ધાસંપન્ન ભક્તોએ સાધ્વીજીના વચનને શિરોમાન્ય કર્યા. એમ ના વિચાર્યું- ''આ ભિખારીની ભક્તિ ! તે ય અમારા જેવા કરોડોપતિ શ્રીમંતોએ કરવાની ! સાધ્વી આ દુર્ગતમાં એવું તો વળી શું જોયુ ? આવાની ભક્તિથી શું વળવાનું છે ? સાધ્વીએ વિચારીને કહેવું જોઈએ ?''

શંકાશીલ હોય તે ભક્ત નહીં. ચંદનાની આજ્ઞા હતી એટલે શ્રાવકોએ કોઈ વિચારસુદ્ધા કર્યો નહીં. તેઓ ભિખારીને ઘરે લઈ ગયા. ખવડાવી પીવડાવી હુષ્ટ પુષ્ટ બનાવ્યો. વસ્ત્ર અલંકાર પહેરાવી દેખાવડો બનાવ્યો. શેવડુકના જીવનમાં જાણે ચમત્કાર સર્જાયો. તે આનંદ વિભોર બની ગયો. એક સાધ્વીજીની અમીદ્રષ્ટિનો કેવો ગજબનો પ્રભાવ ! ગઈકાલ સુધી લોકો કૂતરાની જેમ ધુત્કારતા હતા. હડદૂત કરતા હતા. કરગરવા છતાં સામું જોવા તૈયાર ન હતા. અને આજે શાહી સન્માન મળે છે. પાણી માંગતા દૂધ મળે છે. શ્રીમંત શ્રેષ્ઠિઓ સગા દીકરાની જેમ સાર સંભાળ રાખવા લાગ્યા છે.

શ્રાવકોની ભક્તિએ શેવડુકના અંદર-બહારના દેદાર ફેરવી નાખ્યા. પડી ગયેલા મોઢા ઉપર તેજ ઉભરાઈ આવ્યું. દુબળી કાયા પઠ્ઠા જેવી થઈ ગઈ. અંદરની દીનતા પણ ગઈ. આનંદના ફુવારાં છૂટવા લાગ્યા. ધર્મ પ્રત્યે સદ્ભાવ જાગ્યો. અધ્યવસાય વિશુદ્ધ થવા લાગ્યા. પરમોપકારીણી ચંદનાને ધર્મમાતા બનાવી. તેને થયું. ‘‘આજ દિન સુધી મારી સામે કોઈએ જોયું નથી. કોઈએ સ્નેહ કે સહાનુભૂતિ બતાવી નથી. હાથ ઝાલી કોઈએ પાઈભર સહાય કરી નથી. આ કેવી કરૂણામૂર્તિ માતા ! વાત્સલ્યપૂર્ણ દ્રષ્ટિની કેવી અજબ કમાલ ! તેમના એક ઈશારે આ શેઠીયાઓની પણ મારા પ્રત્યે કેવી ઉમદા ભક્તિ ! બાકી આ અભાગીયાનો તો વળી કોણ ભાવ પૂછે ? જનમ જનમ ચામડાં ચીરીને એમના ચરણે ધરી દઉં, તો પણ તેમના આ નિઃસ્વાર્થ ઉપકારનો બદલો વળી શકે એમ નથી. ધન્ય ધર્મમાતા સાધ્વીજીને, ધન્ય જૈન ધર્મને, ધન્ય પરમ આજ્ઞાંકિત શ્રાવકોને.’’ શેવડુકની ભદ્રિકતા જોઈ સાધ્વી ચંદનાએ તેને દીક્ષિત બનવા સૂચન કર્યું.

અનુયાયીવર્ગને ચંદનાએ કહ્યું, ‘‘કાદવમાંથી કમળ થાય છે. ઉકરડામાંથી પણ રત્નો મળે છે. એમ દુષ્કુળમાં પણ ઉત્તમ આત્માઓ અવતાર પામી શકે છે. સાધનાને કુળ સાથે સંબંધ નથી. મહાનતાને ધનિકતા સાથે સંબંધ નથી. દરિદ્ર પણ અધ્યાત્મિક સિદ્ધિના ઉચ્ચ શિખરો સર કરી શકે છે. બહારથી આ દરિદ્ર ભલે દેખાતો હોય, તેનું આત્મતત્વ અમૂલ્ય છે. ગુણાત્મક

વ્યક્તિત્વનો પારો ઘણો ઉંચો છે. તેનું કપાળ, તેનો સ્વભાવ, તેની ભદ્રિકતા, તેની સરળતા, તેની જીજ્ઞાસા, તેનો સમર્પણભાવ આ બધું તેના આત્મિક ઉત્થાનના પાયા સ્વરૂપ છે. ''દરિદ્રને મુંડી નાખ્યો, ભિખારીને ભિક્ષુક બનાવ્યો.'' આવો કુવિકલ્પ ના કરતા. સાધનાના ક્ષેત્રમાં બાહ્ય સમૃદ્ધિ, બહારના રૂપ રંગ, કુળ-ગોત્ર કે નાતજાતનો ભેદભાવ જોવાતો નથી. ગુણ અને સ્વભાવ આ બે તત્વ સાધના જીવનના માપદંડ છે. વળી કોને દીક્ષિત કરવા અને કોને ન કરવા ? એ પરીક્ષા ગીતાર્થ ગુરુજનોએ કરવાની હોય છે. અનધિકારી શ્રાવકવર્ગે નહીં. દીર્ઘદ્રષ્ટિ ગુરુ પાસે છે. આંતર રત્નોની કિંમત કરવાની સુઝબુઝ ગુરુ પાસે છે. કોઈપણ ક્ષેત્રમાં તળિયે બેઠેલા આત્માને સિદ્ધિના શિખરે પહોંચાડવાની અકળ કળા ગુરુને હસ્તગત છે. શ્રાવકવર્ગે અનધિકાર ચેષ્ટા કે વિચાર કરવા ઉચિત નથી. 'ગુરુ જે કહે તે સારા માટે, ગુરુ જે કરે તે સારા માટે.' આવી મજબૂત શ્રદ્ધા જેની પાસે હોય, તે જ સાચો અનુયાયી છે. ગઈકાલનો ભિખારી આવતી કાલે લખલૂટ લબ્ધિ-સિદ્ધિઓનો આસામી બની શકે છે.'' આવી અનુપમ હિતશિક્ષા સાથે શેવડુકને દીક્ષિત બનાવ્યો.

મહાવીરનો વેશ મળતા જ માનનીય બન્યા, પૂજનીય બન્યા, વંદનીય બન્યા. ગઈકાલે જે લોકો હડધૂત કરતા હતા. તેઓ આજે ચરણમાં પડવા લાગ્યા. કોટ્યાધિપતિ શ્રેષ્ઠિઓ પગચંપી કરવા લાગ્યા. શેવડુક મુનિના અચરજનો પાર ન રહ્યો. શું આ સાધ્વીજીની અપરંપાપ કરૂણા ! શું પ્રભુ મહાવીરના વેશમાત્રનો પ્રભાવ ! તદ્દન અભણ, બેકાર અને અનાથ એવા મારા જેવા ક્ષુદ્ર જીવને શાહી સન્માન મળે, આવા ખાનપાન અને માનપાન મળે, આ પ્રભાવ મારા મોંઢાનો નહીં, મહાવીરના વેશનો જ છે. ગુરુની અમીદ્રષ્ટિનો જ છે. ગુરુના અંતરના આશિષ મળી જાય, તો રસ્તે રઝળતો રંક પણ પૂજ્ય બની જાય, એ સત્ય હકીકત છે.

દીક્ષિત બન્યા પછી હર્ષિત બનેલા મુનિ સાધ્વી ચંદનાને વાંદવા જાય છે. સાધુના આચારથી અનભિજ્ઞ શેવડુક મુનિ સાધ્વી ચંદનાને સાષ્ટાંગ પ્રણામ કરવા જાય છે. ત્યાં ચંદનાજી તેમને વચ્ચે જ અટકાવી, મધુર સ્વરે કહે છે,

''મુનિવર ! હવે તમે જગત્‌વંદ્ય બન્યા છો. મોટા રાજાઓ, ચક્રવર્તીઓ, દેવતાઓ અને ઈંદ્રને પૂજ્ય બન્યા છો. હવે તો અમારે તમને વંદન કરવાના હોય. ધર્મમાં પુરૂષની પ્રધાનતા છે. સો વર્ષ પૂર્વે દીક્ષિત થયેલી સાધ્વી પણ આજના દીક્ષિત સાધુને વંદન કરે એવો જૈનાચાર છે. હવે આજથી તમે અમારા ગુરુના સ્થાને છો. સદા વંદનીય છો.''

શેવડુક મુનિ તો સાંભળતા જ રહ્યા. જેના અચિંત્ય પ્રભાવે દુર્ગતમાંથી દિવ્ય બન્યો. ઝીરોમાંથી હીરો બન્યો. ભિખારીમાંથી વિશ્વવંદ્ય બન્યો. એ ધર્મમાતા, પરોપકારીણી ગુરુમાતા, મને વંદન કરે ! ના ના... એ શક્ય જ નથી. આટલા ઋણનો બદલો વાળવા હું અસમર્થ છું. તો તેમનું વંદન લઈ નવું ઋણ ક્યાં ચઢાવું ? ચંદનાજી કહે, આમા ઋણ ચઢતું નથી. સાધુપણાનો આચાર જ છે. આમા તમારે સંકોચ રાખવાનો ન હોય.

જૈન ધર્મની મહાનતા, સાધુ વેશનો પ્રભાવ, શ્રાવક વર્ગની ભક્તિ, સાધ્વીજીની કરૂણા દ્રષ્ટિ આ બધું જાણી-માણી શેવડુક મુનિ ગળગળા થઈ ગયા. જૈન ધર્મ પ્રત્યે જબ્બર બહુમાનભાવ ઊભો થયો. સાધુપણાની વિશુદ્ધ આરાધના કરી આત્મકલ્યાણ સાધી લીધું.

આ કથાનક પ્રકાશ પાથરે છે. બાહ્ય રૂપરંગ, તન, ધન આ બધો તો કર્મોનો ઉપહાર છે. તેને મહત્વ આપવામાં બુદ્ધિમતા નથી. સાચો દ્રષ્ટાં ભીતરી તત્વની ખોજ કરે છે. હજારો શ્રેષ્ઠિ સામંતોમાંથી ચંદનાની નજર એક ભિખારી ઉપર ગઈ. આ અમીદ્રષ્ટિના પ્રભાવે તેનું આત્મતત્વ ઝળહળી ઉઠ્યું. તળેટીથી શિખરે પહોંચી ગયો. આ એક સૂચક પ્રસંગ છે. ગુરુની અમીદ્રષ્ટિ શું કામ કરે છે ? કર્મના પ્રભાવને તોડી આત્માનું કેવું ઉત્થાન કરે છે ? એ જાણવા મળે છે.

બાહ્ય પર્સનાલીટી જોવાની નથી. સ્ટેટસ કે શ્રીમંતાઈ જોવાની નથી. ઉમદા ગુણો જ સાચી આત્મિક પર્સનાલીટી છે.

રૂપ કે રૂપિયા ઉપર માપદંડ બાંધનારને રોવાનો વખત આવે છે. ગુણ અને સ્વભાવ ઉપર માપદંડ બાંધનાર કદાપી નિષ્ફળ જતા નથી. સાધનાના

બજારમાં રૂપિયાની નહીં, ગુણોની મૂડી જરૂરી છે. શ્રદ્ધા અને સમર્પણની કળા જરૂરી છે.

પ્રસંગ વાંચી આપણે ભાવના ભાવીએ કે.. હું પણ એક ભિખારી છું, કંગાળ છું, કારણ કે ગુણોનો અંશ મારી પાસે નથી. હું પણ અનાથ છું, કારણ કે ઉગ્રવાદી કર્મોના સકંજામાંથી મને છોડાવનાર કોઈ નથી. હું પણ સર્વને માટે દયાપાત્ર છું, કારણ કે દોષોના ખડકલાએ બધી રીતે મને પાયમાલ કરી નાખ્યો છે. ગુણોની શૂન્યતા, દોષોનો બફર સ્ટોક, અને કર્મોની જોહુકમીથી મારા હાલહવાલ થઈ ગયા છે. સંસારના બજારમાં ભિખારીની જેમ ભટકી રહ્યો છું. જરૂર છે કોક પરમસંતની કૃપાદ્રષ્ટિની....

અંતે–

**ગંગામે સ્નાન કરને સે પાપ દૂર હોતા હૈ.**

**વૃક્ષકી શીતલ છાયામે તાપ દૂર હોતા હૈ.**

**ચાંદકે સૌમ્ય પ્રકાશમે સંતાપ દૂર હોતા હૈ.**

**જબ કી સંતકે સમાગમમેં પાપ, તાપ, સંતાપ તીનો દૂર હોતે હૈં.**

* * * * *

# વ્યસની-સ્વર્ગનો શહેનશાહ નથી
# એ તો ગુલામીની ગટરનો કીડો ?

કલ્પસૂત્ર નામના ગ્રંથમાં આ અવસર્પિણીમાં થયેલા દશ અચ્છેરાનું વર્ણન કરાયેલું છે. તેમાના એકનો વિચાર કરીએ.

વિરક નામનો ગરીબ માણસ છે. વનમાલા નામની તેની અત્યંત રૂપવાન પત્ની છે. સંબંધો, રૂપ કે રૂપિયાને આધીન નથી. પૂર્વના ઋણાનુબંધને આધીન છે.

વિરક કંગાળ અને કદરૂપો, વનમાલા જાણે અપ્સરા જોઈ લો. વનમાલાને જોનારા સૌ કોઈ ડોલી જતા. બોલી ઉઠતા, ''વિરકને કેટલા ભવના પુણ્ય ઉદયમાં આવ્યા હશે કે આવી રંભા મળી ગઈ !' રાજા-મહારાજાને દુર્લભ આવી વનમાલાનો સંયોગ આવા રાંકને થયો. એ કર્મ અને કુદરતની રાજરમત જ કહેવાયને ! વનમાલા રૂપાળી છે, સાથે સમજુ છે. નથી તેને રૂપનું ઘમંડ કે નથી આવો કંગાળ પતિ મળ્યાનો અફસોસ. કર્માધીન સંયોગોને સહજતાથી વધાવી, મજેથી દિવસો વીતાવે છે. સ્ત્રીના પ્રાણ સમા શીલને સાચવવામાં પણ તે સાવધ છે. વાસનાભૂખ્યા વરૂઓનો શિકાર ન થઈ જાય, તે માટે બહારની અવર જવર પણ જરૂર પૂરતી જ રાખી છે પણ, સંયોગો કોને સ્વાધીન છે ? કાળને કોણે પીછાણ્યું છે ?

રાજમાર્ગે જતી વનમાલા એકદા અટારીએ ગોખમાં બેઠેલા રાજાના કેમેરામાં ઝડપાઈ ગઈ. મનમાં વસી ગઈ. અંતરમાં ઠસી ગઈ. રાજસૈનિકો દ્વારા વનમાલાને રાજા સમક્ષ લાવવામાં આવી. રાજા તો રૂપને જોઈને કામવાસનાથી સળગી ઉઠ્યો. શું આ અપ્સરા છે ? રંભા છે ? કે સાક્ષાત્ રતિ છે ? શું આ દૈવી શરીર છે કે માનવીય ?

વિધાતાએ બધી જ લવણીમાં જાણે એક જ સ્ત્રીમાં ના ભરી દીધી હોય. પણ... વિધાતાની વિચિત્રતા તો જુઓ, આવી અપ્સરાને મારા રાજના એક ભિખારીના હવાલે કરી દીધી. મોતીની માળા કાગડાના કંઠમાં શોભે

કે હંસના કંઠમાં ? વિધાતાની વિચિત્રતાનો આ એક પુરાવો છે, આવી રૂપાંગના તો રાજદરબારે જ શોભે. વળી, આવી રૂપ છલકતી અંગના મને ના મળે તો આ રાજવૈભવ વ્યર્થ છે, જીવન પણ વ્યર્થ છે. રાજાને ગમે તે રાણી. વનમાલાને સમજાવી જનાનખાનામાં સ્થાન આપી દીધું. વનમાલાને સંયોગો સામે ઝુકવું પડ્યું. કમને પણ લાચારીવશ રાજાને તાબે થવું પડ્યું. રાજાને કોણ સમજાવે ? રાજાના ભરડામાંથી છોડાવે પણ કોણ ? રાજાએ રૂપને અનુરૂપ તેને અગ્રીમ પટ્ટરાણી બનાવી. તેની સાથે યથેચ્છ વિલાસ ભોગવતો રાજા દિવસો વિતાવે છે.

પોતાની પાપવૃત્તિને નહીં ઓળખનાર માણસ ક્યારે પણ પાપ પ્રવૃત્તિને ઘટાડી શકતો નથી. પાપ પ્રવૃત્તિઓને તોડવા પળે પળ પાપવૃત્તિ (પાપ વિચારો) ઉપર બાજનજર રાખવી જ પડે. રાજા આ બાબતમાં થાપ ખાઈ ગયો. રક્ષ્યા ગણાતી રૈયતને ભોગ્યા બનાવી ફરજ ચુકી ગયો. સત્તા અને પ્રતિષ્ઠાનું જોર હોઈ, રાજા સામે બોલી પણ કોણ શકે ? સિંહને કોણ કહે કે તારૂં મોંઢું ગંધાય છે ? એક ઈઝરાયેલી કહેવત છે, **પ્રતિષ્ઠા એટલે પોતાની બધીજ નબળાઈઓ ઢાંકી દેવા વપરાતો નકાબ.**

આ બાજુ વિરકને જાણ થઈ કે વનમાલાને રાજાએ પડાવી લીધી છે. તેને સખત આઘાત લાગ્યો. દુઃખોના વિરાટ દરિયા વચ્ચે વનમાલા તેના માટે સુખના એક બેટ સમાન હતી. વનમાલાના વિરહમાં વિરક ઝુરી ઝુરીને અડધો થઈ ગયો. વનમાલા વનમાલા કરતો રાજમાર્ગ ઉપર અર્ધનગ્ન અવસ્થામાં ભટકી રહ્યો છે. કુતુહલવશ છોકરાઓનું ટોળું તેની પાછળ પાછળ ફરી આનંદ લુંટી રહ્યું છે. વિરકની દશા જોઈ વટેમાર્ગુઓના અંતરમાં દયા-કરૂણાના ઝરાઓ ફૂટી રહ્યા છે. મનોમન કોઈ રાજાને ગાળો ભાંડે છે. કોઈ વનમાલાને દોષિત ગણે છે. કોઈ વિરકની દયામણી દશા પર રડી રહ્યા છે.

ગોખે ક્રીડા કરવા બેઠેલા રાજા-રાણીએ રાજમાર્ગેથી પસાર થતાં આ ગાંડ્યાને જોયો. ચાલવામાં સ્થિરતા નથી. કપડાંના ઠેકાણાં નથી. વનમાલા

વનમાલાનું સતત ઉચ્ચારણ મોંઢામાં છે. પાછળ છોકરાઓ મશ્કરી કરી રહ્યા છે. વટેમાર્ગુઓ ઘડી બે ઘડી નાટક જોઈ રહ્યા છે. કોઈ હસે છે કોઈ દયા ખાય છે. જોનારાઓમાં તરહ તરહનો ગણગણાટ ચાલુ છે.

વનમાલા આ દ્રશ્ય જોઈ ચોંકી ગઈ. ''આ તો બીજું કોઈ નહીં, મારા સ્વામીનાથ, હાય હાય ! મારા વિરહમાં તેમની આવી અવદશા થઈ ગઈ ?'' હું કેવી પાપીણી ! રાજાના મોહવશમાં જકડાઈ મેં મારા વલ્લભનો લેશમાત્ર વિચાર ન કર્યો. મને મારા પાપનો ડર ના લાગ્યો. પતિને આવા હેરાન કરી હું કયાં ભવે છુટીશ ?'' રાજાને સઘળી બીના કહી. રાજાને પણ વિરકની દુર્દશા જોઈ પોતાના અકાર્ય પર ઘણો ફીટકાર છુટ્યો. બન્ને જણાએ બાજી સુધારી લેવાનો નિર્ધાર કર્યો. વિરક પાસે ક્ષમા માંગવાનો વિચાર કર્યો, પણ... ન જાણ્યું જાનકીનાથે.. સવારે શું થવાનું છે...

ક્ષમા માંગવા માટે પગ ઉપાડે છે. ત્યાં જ રાજા-રાણી ઉપર વીજળી ત્રાટકે છે. બન્નેનું ઘટનાસ્થળે જ મૃત્યુ થાય છે. અંતઃકાળે બન્નેના ભાવ શુદ્ધ હોઈ, હરિવર્ષક્ષેત્રમાં યુગલ તરીકે જન્મે છે. લખલુટ વૈભવના ભોક્તા બને છે.

**સાચો પશ્ચાતાપ પાપોની ગંજીઓને બાળીને ખાખ કરી નાખે છે. પાપનો એકરાર નહીં કરનારાઓને પાપના દારૂણ પરિણામો ભોગવવા પડે છે. બે જ રસ્તા છે. કાં એકરાર કરો કાં ભોગવો.**

અકૃત્ય કરવા છતા રાજા-રાણી સદ્‌ગતિ પામ્યા, કારણ ? બળાપો, એકરાર, પશ્ચાતાપ...

આ બાજુ વિરકને ખબર પડી કે, ''મારા દુશ્મન રાજા-રાણી વિદ્યુત્પાતથી પંચમગતિ પામ્યા છે.' તેના આનંદનો પાર ના રહ્યો. મારા દ્રોહી પાપીઓને કુદરતે યોગ્ય સમયે યોગ્ય સજા કરી છે. ખૂબ જ સારૂં થયું. વિરકના નાટ્યજીવનનો જાણે એક મહત્વનો પાર્ટ પૂર્ણ થયો. તેને પરમ શાંતિ થઈ ગઈ. કારણ જતાં ગાંડપણ ચાલી ગયું. સંસારનો વિશ્વાસઘાત અનુભવ્યા પછી તેનું મન વિરક્ત થઈ ગયું. સંસાર છોડી સંન્યાસી બન્યો. ઘોર તપ

કર્યો, મરીને વ્યંતર થયો. અવધિજ્ઞાનથી જોયું કે, 'મારા પૂર્વભવના વૈરીઓ તો હરિવર્ષ ક્ષેત્રમાં જલસા કરે છે. ત્યાંથી મરીને પાછા દેવલોકમાં જશે. (હરિવર્ષક્ષેત્રમાં યુગલિકપણાનો જ વ્યવહાર હોય છે. યુગલિક મરીને નિયમા દેવલોકમાં જાય છે.) ત્યાં પણ દિવ્ય ભોગના ભોક્તા બનશે. આ તો ચાલે જ નહીં. આ તો મારા વૈરી... તેમને તો નરકમાં જ ધકેલવા પડશે.' એમ વિચારી દિવ્ય શક્તિથી હરિવર્ષક્ષેત્રમાં તે વ્યંતર બંનેને ભરતક્ષેત્રમાં લાવ્યો. હવે વ્યંતર વિચારે છે કે આમને નરકમાં ધકેલવા શું કરવું ? મનોમંથન કરતાં રસ્તો મળી ગયો. રાજેશ્વરી-નરકેશ્વરી, નરકમાં ધકેલવા માટે પહેલા તો રાજપાટ ઉપર બિરાજમાન કરવા પડે. જેટલું સ્થાન ઉંચુ એટલા પાપ વધારે, એટલી નરકગતિ સરળ. કિં કિં ન રાજા પકરોતિ પાપં ? દુનિયાનું એવું કયું પાપ છે જે રાજાને ન કરવું પડે ? એટલે વ્યંતરે બંનેને મોટા રાજ્ય ઉપર સ્થાપિત કર્યા, પણ આ તો જુદી જ માટીના માથા હતા. હરિવર્ષક્ષેત્રના પ્રભાવે જ ન હતો તેમને ક્લેશ, ન કંકાશ, ન ભોગલાલસા, ન સત્તાની ભૂખ, ન કોઈ આટીઘુંટી. આવા પુણ્યાત્મા તો રાજા બનીને પણ સ્વર્ગે જઈ શકે... તો તો મારી યોજના ઊંધી વળી જાય. અહીં પણ રાજભોગ મળે ને પરલોકે દિવ્યભોગ. હું મૂર્ખમાં ખપું. શીરાને સ્થાને થુલી થઈ જાય. એમ વિચારી વ્યંતરે તેમને વ્યસનમાં ચકચૂર બનાવ્યા. મદિરામાં મસ્તાન, પરસ્ત્રીમાં આસક્ત, જુગારનો કીડો, માંસભક્ષણનો શોખીન... સાતે વ્યસનના કીચડમાં એવા ખૂંપી ગયા કે કોઈકાળે બહાર ના આવી શકે. નીકળવા જાય તેમ વધુ ખૂંપે. માંસ, મદિરા અને મદિરાક્ષીઓમાં એવા મશ્ગુલ બન્યા, કે દિનરાત ભૂલ્યા, રાજકાજ ભુલ્યા, આલોક પરલોક ભુલ્યા, સ્વજન પરિજન ભુલ્યા, જીવન-મરણ ભુલ્યા, ધર્મ-અધર્મ ભુલ્યા. જેમ જેમ રાજારાણી વ્યસનસંગી બને છે. ભોગાસક્ત બને છે. તેમ તેમ વ્યંતર આનંદ પામે છે. કેમકે તે જાણે છે. **''જેટલા તાગડધીન્ના વધારે તેટલી નરક નજીક.''** ખરેખર, વ્યંતરનો દાવપેચ સફળ થયો. મરીને રાજારાણી બન્ને નરકના અતિથિ બની ગયા. વ્યંતરને વેર વાળ્યાનો આત્મસંતોષ થયો. હાશ થઈ. નિરાંતનો દમ ખેંચી દેવલોકમાં રવાના થઈ ગયો.

આ કથા માર્મિક બોધ આપે છે. આપણે શ્રીમંતોને, ભોગાસક્તોને, વ્યસનીઓને, વૈભવવિલાસના ભોક્તાઓને મહાનતાની નજરે જોઈએ છીએ. પણ યાદ રહે.. નરકાદિ દુર્ગતિઓના આ બધા પ્રથમ હરોળના અતિથિઓ છે. તેમને નરકાદિમાં વગર મહેનતે સીધેસીધું એડમીશન મળી જવાનું છે. કોઈ વિઘ્ન નહીં, કોઈ વિલંબ નહીં.

''વિલાસી હોવું, વ્યસની હોવું, માંસ મદિરાભક્ષી હોવું.'' નરકના પાસપોર્ટ માટે આ બધી Most wanted લાયકાત છે. આથી જ ઈસુને કહેવું પડ્યું કે, It is easy for camel to pass through the hole of needle, but it is very difficult for rich man to reach heaven. **સોયના કાણામાંથી ઊંટ હજી પસાર થઈ શકે પણ શ્રીમંત માણસ કોઈ કાળે સ્વર્ગમાં ના જઈ શકે.** હવે આપણે જ નક્કી કરવાનું છે કે આવા શ્રીમંતો-વિલાસીઓ-વ્યસનીઓ, તાગડધીન્નાવાદીઓ પુણ્યપાત્ર છે કે દયાપાત્ર ? નરકમાં છોતરા કાઢી નાંખે એવી યાતના આપતી આ ભોગભુતાવળ આદરણીય છે કે અનાદરણીય ?

છેલ્લે...

**હરતરફ હરજગહ બેસુમાર આદમી**
**ફિરભી તન્હાઈઓકા શિકાર આદમી**
**હરતરફ ભાગતે દૌડતે રાસ્તે**
**હરતરફ આદમી કા શિકાર આદમી.**

* * * * *

# જૈન દર્શનનો બુદ્ધિવાદ

જૈન દર્શન મુજબ બુદ્ધિ મતિજ્ઞાનનો એક પ્રકાર છે. બુદ્ધિના ચાર ભેદ છે. (૧) ઔત્પાતિકી (૨) વૈનયિકિ (૩) કાર્મિકી (૪) પારિણામિકી

**(૧) ઔત્પાતિકી** : ચોક્કસ અવસરે સચોટ નિર્ણય તાત્કાલિક લઈ લેવો અને સફળતા મેળવવી એ ઔત્પાતિકી બુદ્ધિનું કાર્ય છે. સમયને અનુરૂપ જ્ઞાન શક્તિનો ઉઘાડ સહજ અને સ્ફૂટ રીતે થઈ જાય. તે વખતે વિચારવાનું ના હોય.

• શ્રેણિક મહારાજાના પિતા પ્રસન્નજીતે રાજયોગ્ય પુત્ર કોણ ? એ પરિક્ષા કરવા શ્રેણિક વિ. પુત્રોને જમવાની થાળી આપી. બધા ભાઈઓ જમવા બેઠા. પિતાએ રાક્ષસી કુતરા તેમના પર છોડ્યા. બધા ભાઈઓ ઊભી પૂંછડીએ ભાગ્યા. શ્રેણિકે ક્વીક ડીસીઝન લઈ કીમિયો અજમાવ્યો. એક થાળી કુતરા તરફ ફેંકી. કુતરાઓ પૂંછડી પટપટાવતા થાળી ઉપર તુટી પડ્યા. શ્રેણિકે મજેથી થાળી પૂરી કરી દીધી. કુતરાઓને ખાવા સાથે નિસ્બત હતો. કરડવા સાથે નહીં.

• બીજા એક પ્રસંગમાં પિતા કહે- આ કરંડીયામાં લાડવા છે. ઢાંકણુ સીલપેક છે તેને તોડ્યા વગર લાડવા ખાઈ બતાવો. બીજા ભાઈઓ માથું ખંજવાળવા લાગ્યા. પિતાને ગાંડામાં ખપાવવા લાગ્યા. શ્રેણિકને થયું, પિતાજી આવું કાર્ય કરાવે તેની પાછળ રહસ્ય હશે જ. તરત બુદ્ધિ સુઝી. ટોપલાને જોરથી હલાવી લાડવાનો પાવડર કરી દીધો. કરંડીયાના કાણામાંથી પાવડર ઝરવા લાગ્યો. થોડા સમયમાં સીલપેક ટોપલી ખાલી.

• સુભાષ બોઝની આઈ.સી.એસ.ની પરીક્ષા લેતા પરીક્ષકે પુછ્યું... (વાતો કરતા કરતા) પંખાના કેટલા આંટા ફર્યા ? બોઝે એકજ ધડાકે પૂર્ણ વિશ્વાસ સાથે કહ્યું, '૧૦૦૮' પરીક્ષક કહે, શું ખાતરી ? બોઝ કહે, તમે જાતે જ ગણી જુઓ.

• અન્ય એક પ્રયોગમાં પરીક્ષક કહે, નાની વીંટીમાંથી સુભાષ બોઝ

પસાર થઈ બતાવે. એક પળનાય વિલંબ વિના બોઝે કાગળની કાપલીમાં પોતાનું નામ લખી કાપલીને વીંટીમાંથી પસાર કરી દીધી.

• ત્રીજા એક પ્રયોગમાં પરીક્ષક બોઝ સાથે મકાનના દાદરા ઉતરી ગયા. પછી પૂછ્યું, 'બોઝ ! કેટલા દાદરા તમે ઉતર્યા ?' બોઝ કહે, તમે ઉતર્યા એટલા. પરીક્ષક પ્રભાવિત થયો. પરીક્ષામાં પાસ કરી દીધો.

જૈન દર્શન આને ઔત્પાતિકી બુદ્ધિ કહે છે. **સડન રાઈટ અને પ્રોપર વિચારની સ્ફૂરણા થવી તે ઔત્પાતિકી બુદ્ધિ.** આ બુદ્ધિનું કારણ છે તેવા પ્રકારના કર્મનો ક્ષયોપશમ.

માતા અપંગ કે અશક્ત હોય પણ જો તેને ખબર પડે કે દિકરો ગેલેરીમાં ઉપર ચઢ્યો છે. પડવાની તૈયારીમાં છે. તો તે સમયે તેનામાં કલ્પી ના શકાય એવી બુદ્ધિ-શક્તિનો પ્રાદુર્ભાવ થાય છે. ઝટ દોડી છોકરાને પડતો બચાવી લે છે. પછી તેને પણ આશ્ચર્ય થાય છે કે આટલી બુદ્ધિ કે શક્તિ મારામાં આવી ક્યાંથી ?

• કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રસૂરિ મ.ને આવતા જોઈ ઈર્ષ્યાળુ બ્રાહ્મણોમાંથી એક બ્રાહ્મણ બોલી ઉઠ્યો, 'આગતો હેમગોપાલો દણ્ડકમ્બલમુદ્વહન્' અર્થાત્ દાંડો અને કંબલ ધારણ કરી હેમચંદ્ર નામનો ગોવાળીયો આવ્યો.

હેમચંદ્રસૂરિએ શ્લોકાર્ધ સાંભળ્યો. લેશ માત્ર આવેશ વગર ઠાવકાઈથી એક જ ક્ષણમાં લોહી થીજવી નાખે એવો વળતો ઘા તેમણે કર્યો કે, 'ષડ્દર્શન પશુપ્રાયાંશ્ચારયન્ જૈન વાટકે...' અર્થાત્ હેમચંદ્ર તમે કહ્યો તેવો ગોવાળીયો ખરો, પણ તે શું કામ કરે છે ? જૈન દર્શન રૂપી વાડામાં છ દર્શનના પશુઓને ચારો ચરાવે છે. ક્વીક આન્સર, તેય ફીટ બંધબેસતો, અવસરોચિત, દ્વેષબુદ્ધિ વિનાનો, અને સામાની બોલતી બંધ કરી દે એવો... બ્રાહ્મણો કલિકાલસર્વજ્ઞની બુદ્ધિ જોઈ ફીદા થઈ ગયા.

• સં. ૧૧૮૧ માં વાદિદેવસૂરિએ દિગંબરાચાર્ય કુમુદચંદ્રને વાદમાં સજ્જડ પરાજય આપ્યો હતો. તેમાં ૩૬ વર્ષીય ઓજસ્વી આચાર્ય હેમચંદ્રસૂરિ મ.નો મોટો સાથ હતો. કુમુદચંદ્ર સામેના વાદમાં હેમચંદ્રસૂરિ ગુરુજીને કહે,

'ગુરુજી ! આપ રહેવા દો, આ વાદીને તો હું જ આપની કૃપાથી પરાસ્ત કરી દઈશ.' આ સાંભળી દિગંબરાચાર્યનો મગજનો પારો આસમાને ચઢ્યો. તેઓ આવેશમાં બોલી ઉઠ્યા. આ ઉગીને ઊભો થતો બાળક શું મારી સાથે વાદ કરવાનો ? તુરંત હેમચંદ્રાચાર્યએ તમતમતું રોકડું પરખાવી દીધું કે 'બાળક તો તમે છો, મેં તો કપડાં પહેર્યા છે.' કાપો તો લોહી ના નીકળે એવી દિગંબરાચાર્યની દશા થઈ. આ બધા ઔત્પાતિક બુદ્ધિના સેમ્પલ છે.

**(૨) વૈનયિકી :** ગુરુના-વડીલોના વિનય કરતા જે બુદ્ધિનું સર્જન થાય તે વૈનયિકી. ગુરુ પ્રત્યે જેને અંતરંગ પ્રેમ છે. ગુરુને-વડીલને સર્વપૂજ્યતમ માને છે. અપૂર્વ બહુમાનભાવથી તેમની સેવા ભક્તિ કરે છે. સેવાના બદલામાં મેવા મેળવી લેવાની કોઈ કામના નથી. સેવા માટે જ સેવા કરે છે. ગુરુને ભગવાન માની આરાધે છે. આવા શિષ્યોના ભક્તિભાવથી ગુરુનું અંતઃકરણ સહજ શિષ્યો તરફ ઢળે છે. કૃપાદ્રષ્ટિ વરસાવે છે. પોતાની પાસે જે છે તે બધું આવા સમર્પિત શિષ્યોને આપવા ગુરુ થનગને છે. ગુરુની કૃપાથી બાઘા જેવા દેખાતા શિષ્યો પણ વિદ્વાન અને અજેય બની જતા હોય છે. સમર્પણની તાકાત છે. સૌ કોઈને સહજપણે આકર્ષી લે. સેવા વિના મળેલી વિદ્યાને મીઠા વિનાની રસોઈ કે ગળપણ વિનાની મીઠાઈ કહી શકાય. સેવા-ભક્તિથી જ્ઞાનમાં અપૂર્વ Charm દિવ્યતા આવે છે. ભક્તિસાધિત જ્ઞાન એકાંતે તારક અને ચિરસ્થાયી હોય છે. ભક્તિ-વિનય વિહોણા જ્ઞાનમાં વિકૃતિઓના કીડા ખદબદવાની પૂર્ણ શક્યતા છે. ભક્તિ અને વિનયથી મેળવેલ જ્ઞાન નક્કર હોય છે. સહજ હોય છે.

- આચાર્ય વિજય જયઘોષસૂરિ મહારાજા જેઓ આજના કાળે સમગ્ર જૈન સમાજને માન્ય શ્રેષ્ઠ જ્ઞાની-ગીતાર્થ આચાર્ય છે.

૪૫ આગમો તેમના હૃદય-કોમ્પ્યુટરમાં ફીડ છે. અડધી રાતે ગમે તેવા વિદ્વાનો ગમે તેવા જટીલ પ્રશ્નો પુછે તેને શાસ્ત્રાધારિત સંપૂર્ણ સંતોષકારક જવાબ મળી જાય એવી અદ્‌ભુત જ્ઞાન ગરિમાના સ્વામિ છે. પણ આ જ્ઞાન આવ્યું ક્યાંથી ? કહેવું પડશે કે, ગુરુના વિનયમાંથી.

તેર વર્ષની ઉંમરે સમજણ વગર પિતાની સાથે દીક્ષિત બન્યા. બુદ્ધિ ઘણી મંદ, ગોખવાનો પ્રયત્ન કરે પણ આવડે જ નહીં. સંસ્કૃતની બુક તો સાત વાર કરી, પણ જીવનમાં ચમત્કાર સર્જાયો. ગુરુ પ્રેમસૂરીશ્વરજી મ.ની અમીદ્રષ્ટિ પડી. તેમની મન મુકીને સેવા ભક્તિ કરી. બુદ્ધિ ધારદાર તીક્ષ્ણ બનતી ગઈ. ટુંક સમયમાં નાની ઉંમરમાં છેદગ્રંથ સહિત ૪૫ આગમનો તલસ્પર્શી અભ્યાસ કર્યો. પ્રેમસૂરિ મહારાજે આજથી ચાલીસ વર્ષ પૂર્વે તેમને પ્રમાણપત્ર આપ્યું કે ''ભાનુવિજય પછી જયઘોષને ગચ્છ સોંપવો અને શાસ્ત્રીય બાબતમાં જ્યાં પણ કોઈને શંકા પડે, મતભેદ પડે તો જયઘોષ વિજયને પુછવું. તેમનો નિર્ણય બધાએ માન્ય કરવો.' ક્યારેક તો પ્રેમસૂરિ મ. અને ભાનુવિજયજી પણ શાસ્ત્રપાઠોના રેફરન્સ માટે તેમને પુછતા.

• મારા ગુરુદેવશ્રી હેમચંદ્રસૂરિ પાસે જયઘોષ વિજયજી માટે એક પ્રસંગ સાંભળેલ.

આગમ દિવાકર પુણ્ય વિજયજી મહારાજને એકદા ક્યાંક શંકા પડી. શાસ્ત્રપાઠ ઘણા ગોતવા છતાં મળ્યા નહીં. તેમને ખ્યાલ હતો કે પ્રેમસૂરિ મ.ના સાધુઓ ઘણા વિદ્વાન્ છે. કર્મગ્રંથ-કર્મપ્રકૃતિ ઉપર ઘણું જ ઊંડુ ખેડાણ કર્યું છે. ત્યારે પ્રેમસૂરિ મ. ભાનુ વિજયજી મ. બધા અમદાવાદ ઉસ્માનપુરા હતા. આગમ દિવાકરજી અહીં આવ્યા. પ્રેમસૂરિ મ. સાથે મૈત્રીમિલન થયું. નવકારશી વાપરી. આગમ દિવાકરજી કહે, કર્મગ્રંથ બાબત અમુક શંકા છે. શાસ્ત્ર પાઠ સંદર્ભપાઠ મળતા નથી. પ્રેમસૂરિ મહારાજે જયઘોષવિજયને મળવા જણાવ્યું. ત્યાં ગયા, વાત કરી. જયઘોષ વિજયજી ટેબલમાંથી 'પ્રજ્ઞાપના ઉપાંગ' નામનો ગ્રંથ કાઢ્યો. અનાયાસે જે પાઠની જરૂર હતી તે જ પાનું નીકળ્યું. પુણ્યવિજયજી મ. તો જોતા જ રહ્યા. કોઈપણ જાતના વિલંબ વિના-વિચાર વિના એકક્ષણમાં મળેલા પાઠને જોઈ પુન્યવિજયજીને આશ્ચર્ય સહ આનંદ થયો. ખરૂં આશ્ચર્ય તો એ વાતનું હતું કે તે ગ્રંથનું સંપાદન ખુદ પુણ્યવિજયજીએ જ કર્યું હતું. જયઘોષ વિજયજી પાસે આટલી તીક્ષ્ણ મેધા ક્યાંથી આવી ? જવાબ છે ગુરુના વિનયથી. ગુરુની નિઃસ્વાર્થ ભક્તિથી.

● શાસ્ત્રમાં એક વાત આવે છે કે એક માજીનો દીકરો પરદેશ ગયેલો. વર્ષોના વહાણા વીતવા છતાં ન કોઈ પત્તો, ન કોઈ સમાચાર. માતાની મુંઝવણ વધતી જતી હતી. શંકા-કુશંકાની વિચારધારા મનને ઉદાસ બનાવતી હતી. માતા એકવાર પાણી ભરવા ગઈ. પાછા વળતાં હાથ ધ્રુજવા લાગ્યા. પાણી ભરેલો ઘડો હાથમાંથી છટકી ગયો. ફૂટી ગયો. ઉદાસીન ગમગીન બનીને માજી ઘડાના ઠીકરાને જોયા કરે છે. એવામાં બાજુમાંથી બે સાધુ પસાર થાય છે. માજીને ઉદાસીનતાનું કારણ પુછે છે. માજી કહે, એક તો દિકરાનું દુઃખ છે, બીજું ઘડો ફૂટ્યો. મહારાજ ! તમે તો જ્ઞાની છો, મારો દિકરો આવશે કે નહીં ? આવશે તો ક્યારે આવશે ? એક સાધુ કહે, માજી ! દિકરાને હવે ભૂલી જાવ, એ તો યમસદન પહોંચી ગયો. દિકરાને યાદ કર્યો ને ઘડો ફૂટ્યો. આ અપશુકન જ દિકરાના મોતના સૂચક છે. આ સાંભળી માજી તો મુર્છિત થઈ ગયા. ભાનમાં આવતા રોકકળ કરવા લાગ્યા. બીજા સાધુ કહે, માતાજી ! રડો નહીં, જાવ તમારો દિકરો ઘરે આવી ગયો છે. તમારા આગમનની રાહ જુએ છે. માજી તો સાંભળીને આભા જ બની ગયા. એમને એમકે સાધુ મને શાંત પાડવા ભ્રામક આશ્વાસન આપે છે.

બે ય સાધુ છે. એક જ ગુરુના શિષ્ય છે. સરખા જ્ઞાની છે. સહઅધ્યાયી છે, છતાં એક કહે, દિકરો મરી ગયો. બીજો કહે, દિકરો આવી ગયો. સાધુને સાથે લઈ મા દ્વિધાપૂર્ણ મનસ્થિતિ સાથે ઘરે ગઈ. ઘરે ખરેખર દિકરો આવી ગયો હતો. તેને જોઈ માજીની આંખો ફૂલી ગઈ. હર્ષાશ્રુઓની અવિરત ધારા વહેતી ગઈ. મા-દિકરાનું વર્ષો બાદ સુભગ મિલન થયું. માજીએ બીજા સાધુને પુછ્યું, તમને કેવી રીતે ખબર પડી કે દિકરો આવી ગયો ? સાધુ કહે, મને કોઈ વિશિષ્ટ જ્ઞાન નથી, પણ ઘડો ફૂટવાથી પાણી પાણીમાં ભળી ગયું, માટી માટીમાં મળી ગઈ એટલે મેં અનુમાન કર્યું કે, દિકરા અને માનું પણ મિલન થઈ જશે.'

જોઈ બુદ્ધિની કમાલ ! ગુરુએ બંનેને એક સરખી રીતે અભ્યાસ કરાવેલ છતાં પહેલા સાધુએ અવિનયથી, ઓછા આદર-બહુમાનથી વિદ્યાગ્રહણ કરેલ,

જ્યારે બીજા સાધુએ પૂર્ણ વિનયથી-આદરથી વિદ્યા ગ્રહણ કરેલ. આ જ કારણે જ્ઞાનમાં આટલો તફાવત પડ્યો. આ વૈનયિકી બુદ્ધિ.

• શાસ્ત્ર ગ્રંથોના સંશોધન સંપાદનક્ષેત્રે જેમનું નામ-સ્થાન ઊંચુ ગણાય છે, તે જંબુવિજયજી મહારાજને શંખેશ્વરમાં ગેટ ઉપર ડ્યુટી ભરતા ગુરખાને બે હાથ જોડી પ્રણામ કરતાં મેં જોયા.

આશ્ચર્યચકિત થઈ મે પૂજ્યશ્રીને પુછ્યું, આપ સમર્થ વિદ્વાન થઈ આ બે બદામના ગુરખાને નમસ્કાર કરો છો ? જંબુવિજયજી કહે, એ ગુરખો નથી, મારો ગુરુ છે. નેપાળી ભાષા હું એની પાસે શીખું છું. જોઈ, આંતરરાષ્ટ્રીય વિખ્યાત વિદ્વાન્ જૈન સાધુની નમ્રતા ! કેટલો અપૂર્વ વિનયભાવ !

કર્મના ક્ષયોપશમ માત્ર ચોપડા ફેંદવાથી કે ગોખણપટ્ટી કરવાથી થતા નથી. અભ્યાસની સાથે વિનય અને ભક્તિ મહત્વના જ નહીં આવશ્યક તત્વ છે. વિનય-ભક્તિ વિનાનું જ્ઞાન વિકૃત બની અહિતકર પણ બની શકે.

• દ્રોણાચાર્યે એકલવ્યને કોઈ વિદ્યા શીખવી ન હતી, બલ્કે તે વિદ્યાધર ના બને એવી ઈચ્છા હતી. છતાં એકલવ્ય શ્રેષ્ઠ ધનુર્ધર બની ગયા. કયુ તત્વ કામ કરી ગયુ ? કહેવું જ પડશે, ગુરુ પ્રત્યેનો ઉછળતો હૈયાનો બહુમાન ભાવ ! આ ભાવે જ અદ્વિતિય કળાનું સર્જન કર્યું.

**(૩) કાર્મિકી :** કામ કરતાં કરતાં જેમાં Mastery આવે તે કાર્મિકી બુદ્ધિ. બુદ્ધિ એકરૂપે હોવા છતાં હેતુભેદે તેનો સ્વરૂપભેદ સહજ થઈ જાય છે. દુનિયાની બધી જ વ્યક્તિ બધી જ રીતે હોંશિયાર હોતી નથી. બધી જ જાતની બુદ્ધિ એક જ વ્યક્તિમાં હોવી જરૂરી નથી. અભણ નાવિક કોલેજના પ્રોફેસરની જેમ ધાડધાડ અંગ્રેજી ફાડી શકતો નથી. તો એ પ્રોફેસર મધદરિયે તોફાનમાં સપડાતા તરી શકતો પણ નથી. દરેક વ્યક્તિ પોતપોતાના ક્ષેત્રમાં વિદ્વાન છે. મહાન છે, બીજા કરતાં ચઢિયાતી છે. કાર્મિકી બુદ્ધિનું કારણ છે. પ્રેક્ટીસ, સતત અભ્યાસ. થીઓરીટીકલ જ્ઞાનનું અહીં કામ નથી. પ્રેક્ટીકલ વર્ક જરૂરી છે. હીરાઓ ડીવાઈડ કરતાં એસોટર્સ પાસે આગવી કળાસૂઝ હોય છે. બેંક મેનેજર ધડાધડ નોટો ગણવામાં એક્સપર્ટ હોય છે. કાપડીઓ

તાકા ખોલવા સંકેલવામાં માહિર હોય છે. કુંભારો ઘડા બનાવવામાં કે સોનીઓ ઘરેણાના ઘાટ ઘડવાના સમ્રાટ છે. સુડી વચ્ચે સોપારીના ટુકડા કરનાર પાસે પણ ડીવાઈન આર્ટ છે. પાવરલુમ્સના કારખાનાઓમાં માખણ જેવા કોમળ સુતરના તાંતણા સાથે ઝડપથી કામ કરનારાઓની કળા અદ્‌ભુત હોય છે.

કાચ ઉપર ચાલનારા, દોરડા ઉપર નૃત્ય કરનારા, બાંબુના ટેરવે પચાસ ફૂટ ઉપર નાચનારા, જીભ ઉપર ભડભડતા અંગારાઓ મુકનારા, છોકરાને છોકરી બનાવનાર અને માણસના તલવારથી બે ટુકડા કરી ફરી સજીવન કરનાર જાદુગરો, લાકડી, તલવાર કે ભાલાઓ દ્વારા યુદ્ધ ખેલનારા, દેખતા માણસો પણ ના કરી શકે એવા કાર્યો ચપળતાથી કરનારા અંધજનો, આ બધાની કાર્યકર્મઠતા દાદ માંગી લે એવી હોય છે. આ કાર્મિકી બુદ્ધિના સેમ્પલ પીસીસ છે. કાર્ય કરતા-કરતા ચપળતા હોંશિયારી Day by day વધતી જાય. બુદ્ધિ, ઉંમર-સેવા ભક્તિ જેવા નિમિત્ત તત્વો કાર્મિકી બુદ્ધિમાં ગૌણભાગ ભજવે છે. મુખ્ય નિમિત્ત છે કાર્યશીલતા, ક્રિયાનું સાતત્ય, અખંડ ક્રિયાભ્યાસ.

ડોક્ટર કરતાં કંપાઉન્ડર ઈંજેક્શન આપવામાં કે લોહી લેવાની નસ પકડવામાં વધું એક્સપર્ટ હોય છે. કારણ, ડોક્ટર પાસે પદ છે. કંપાઉંડર પાસે પ્રેકટીસ છે. ડોકટર પાસે ડીગ્રી છે. કંપાઉંડર પાસે દક્ષતા છે. ડોકટર પાસે બુદ્ધિ છે. કંપાઉન્ડર પાસે કળા છે.

એક પ્રસંગ બનેલો, મારા ગુરુદેવશ્રી હેમચંદ્રસૂરિ મ.ને ફાલ્સીફારમ થયો. એમ.ડી. ડોક્ટર બોલાવાયા. બાટલા ચઢાવવાના હતા. નસમાં ઈંજેક્શન આપવા ડોક્ટરે નહીં નહી તો બંને હાથમાં થઈને બાર તેર ગોદા પાડી દીધા, પણ નસ હાથમાં ન આવી તે ન જ આવી. (કારણ ડો. એમ.ડી. હતા !) બાજુમાં ઉભેલા કંપાઉંડરે એક જ પ્રયત્ને નસ પકડી બાટલો ચઢાવી દીધો. (કારણ તે બી.સી. હતો !) આ છે કાર્મિકી બુદ્ધિ ! પુરૂષો રોટલી વણવા બેસે તો શું થાય ?... ભારતનો નકશો ? કે બીજું કાંઈ ?

કુંભારને મૂર્તિ ઘડાવવા અને શિલ્પીને માટલા ઘડાવવા બેસાડીએ તો

શું થાય ? ડ્રાઈવરને ઢોરો ચરાવવાનું અને ગોવાળીયાને ગાડી ચલાવવાનું કહેવામાં આવે તો ?... જેનું કામ જે કરે, કામ કરતાં બુદ્ધિ ખીલે તે કાર્મિકી બુદ્ધિ.

**(૪) પારિણામિકી :** ઉંમરની પરિપક્વતા થતાં જે જ્ઞાન લાધે, જે સમજણ આવે તે પારિણામિકી બુદ્ધિ. આ બુદ્ધિનો મુખ્ય નાયક છે ઉંમર. ઘણીવાર ઘણું ઘણું કહેવા છતાં, અરે, સાચી વસ્તુ સમજવા છતાં જે બોધ, ન થાય તે બોધ, વયનો પરિપાક થતાં સહજ થઈ જાય છે. છોકરો મોટો થતાં રમકડાં કે ચોકલેટ સહજતાથી છોડી દે છે.

ચડ્ડી પહેર્યા વગર બહાર જતાં સંકોચાય છે. છોકરીઓ સાથે રમતાં રમતાં શરમ અનુભવે છે. વય પાકટ થતાં બુદ્ધિ અને સમજણ પણ પ્રૌઢ અને પાકટ બને છે. અમુક પ્રકારનું જીદ્દીપણું-સ્વચ્છંદતા કે ઉદ્ધતાઈ ઉંમર વધતા શાંત પડી જાય છે.

આમ બુદ્ધિના ચાર ભેદ થયા.

ઔત્પાતિક બુદ્ધિનું પ્રધાન કારણ છે. જ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ. વૈનિયિકિ બુદ્ધિનું પ્રધાન કારણ છે વિનય-ભક્તિ. કાર્મિકી બુદ્ધિનું પ્રધાન કારણ છે અભ્યાસ-પ્રેકટીસ. પારિણામિકી બુદ્ધિનું પ્રધાન કારણ છે...ઉંમર.

અંતે- **કેટલી ભૂલ પડે છે... હવે નહીં પડે... કેમ ?**

**ભૂલ કાઢવાની કોઈને તક આપું તો ને !**

* * * * *

# બુદ્ધિ આશીર્વાદરૂપ કે અભિશાપરૂપ ક્યારે બને ?

માનવસમાજનું સર્વે કરતા ખ્યાલ આવશે કે મોટા ભાગના માનવો દુઃખી અને વ્યથિત છે... એક સમસ્યા હલ થાય ત્યાં બીજી અનેક મુશ્કેલીઓ કતારબદ્ધ તૈયાર જ ઉભી હોય છે... ઊભી થતી એકથી એક સમસ્યાઓને હલ કરવામાં માનવ વિહ્વળ બની જાય છે...

માનવ દુઃખી કેમ છે ? કારણ કે તેની પાસે બુદ્ધિ છે, અને તે બુદ્ધિ કચરાઓથી ખરડાયેલી છે.. માટે તે દુર્બુદ્ધિમાં રૂપાંતરિત થઈ જાય છે. બુદ્ધિ જો શુદ્ધ હોય તો તેને સદ્‌બુદ્ધિ કહેવાય... અને અશુદ્ધ હોય તેને દુર્બુદ્ધિ કહેવાય. **Man is rational animal.**

માનવ અને પશુની ભેદરેખા આ જ છે કે માનવ બૌદ્ધિક છે.. માનવ પાસે જે બુદ્ધિની મૂડી છે, તે પશુ પાસે નથી...તેનાજ કારણે તેને પશુ કરતા ચઢિયાતો માનવામાં આવે છે.

આ બુદ્ધિના બળે માનવ જ આત્મોત્ક્રાંતિ કરી શકે છે. અને આ બુદ્ધિની ગેરહાજરીના કારણે જ પશુને જાનવર કહેવામાં આવે છે... પણ આજે વૈપરીત્ય ભાસી રહ્યું છે. જે બુદ્ધિ દ્વારા આત્મોત્થાનની શક્યતા છે, તે બુદ્ધિ દ્વારા જ માનવનું વણકલ્પ્યું અધઃપતન થઈ રહ્યું છે. જે બુદ્ધિ દ્વારા સુખ-શાંતિના શિખરો સર કરી શકાય છે, તેના દ્વારા જ માનવ આજે અગાધ દુઃખની ખાઈમાં ધકેલાઈ રહ્યો છે....ને તેથી જ બુદ્ધિના બેતાજ બાદશાહો કરતા જાનવર વધારે સુખી હોય તેમ લાગે છે.. બુદ્ધિશાળી માણસ કરતા બુદ્ધિહીન વધુ સુખી અને સ્વસ્થ હોય તેવું સ્પષ્ટ જણાય છે. તેનું કારણ છે, આપણી બુદ્ધિમાં દુષ્ટતા ઘુસી ગઈ છે જેથી તે દુર્બુદ્ધિ બની છે. બુદ્ધિહીનતા કરતા દુર્બુદ્ધિ લાખગણી ખતરનાક છે.

ગરોળીની જેમ કોકની સંપત્તિ ઉપર તરાપ મારવામાં જ આપણી બુદ્ધિ રમતી હોય છે. કરોળીયાની જેમ કોકને ફસાવવામાં અને શીશામાં ઉતારવામાં જ આપણને રસ છે. શિયાળની જેમ કો'કને ઉલ્લુ બનાવવામાં જ આપણને

આનંદ આવે છે. કોયલની જેમ બીજા પાસે યેનકેન પ્રકારેણ કામ કઢાવી લેવામાં આપણે ચાલાક છીએ.. ઉંદરની જેમ પહેલા હળવી ફૂંક મારી પછી કરડવામાં આપણે ચબરાક છીએ. સિંહની જેમ બીજાને ફાડી ખાવામાં અને હાથીની જેમ બીજાને ચગદી નાખવામાં આપણે હોંશિયાર છીએ. બીજાને દુઃખી જોઈને આનંદી અને બીજાને આનંદી જોઈને દુઃખી થઈએ છીએ. આવી ભયંકર બુદ્ધિના કારણે જ આપણે સ્વયં દુઃખી છીએ.

બીજાને દુઃખી કરવાની, ચુસાય એટલા ચુસી લેવાની, અને છેતરાય એટલા છેતરી લેવાની કળા તો અભિશાપ સ્વરૂપ છે. આવી આપણી મનઃસ્થિતિ હોવા છતાં દર દિવાળીમાં ચોપડામાં લખીએ છીએ કે ‘‘અભયકુમારની બુદ્ધિ હોજો’’ મને લાગે છે કે આ બાબતમાં આપણી સમજફેર થતી લાગે છે. આ માંગણી પાછળની આપણી આંતરભાવના એ જ છે કે મને ધારદાર બુદ્ધિ મળે, જેના દ્વારા સામી વ્યક્તિને ગંધ સુદ્ધા ન આવે તે રીતે એને છેતરી શકું. સાચાનું ખોટું અને ખોટાનું સાચું કરૂં છતાં આબાદ બચી જાઉં !... કો’કને સાણસામાં ઉતારવામાં અણધારી સફળતા મળે. સ્વાર્થ સાધવાની હથોટી બેસી જાય... બીજાનું થવાનું હોય તે થાય પણ મારું કામ થાય... ધંધા ગમે તેવા હોય પણ નોટોનો વરસાદ વરસે... સામી વ્યક્તિના ગમે તેવા પ્રશ્નો હોય, તાત્કાલિક જડબાતોડ જવાબ આપી ચુપ કરી દઉં. ટુંકમાં, ગમે તેવા ખોટા કામોમાં પણ સફળતા મળે, પણ આપણને ખ્યાલ નથી... અભયકુમાર કોણ છે ? અને તેની બુદ્ધિ કેવી હતી ?

અભયકુમાર જેટલો હોંશિયાર હતો તેટલો જ સરળ હતો. તેની બુદ્ધિ જેટલી ધારદાર હતી તેટલી જ કોમળ હતી. તેની બુદ્ધિમાં તીક્ષ્ણતા હતી પણ બીજાને છોલવા માટે નહીં. તેની બુદ્ધિમાં ચાતુર્ય હતું પણ બીજાને ઠગવા માટે નહીં. ચારે પ્રકારની બુદ્ધિ જેટલી વિશાળ હતી તેટલી જ અગાધ હતી. સ્વાર્થની દુર્ગંધથી ગંધાતી ન હતી. બીજાનું હિત થાય અને આત્માનો ઉદ્ધાર થાય એ જ તેની બુદ્ધિનું લક્ષ હતું. ટુંકમાં, માયા-પ્રપંચ-છળ-કપટ અને સ્વાર્થની ખરડાયેલ બુદ્ધિ ન હતી, માટે જ કહી શકાય કે અભયકુમાર સદ્બુદ્ધિનો સ્વામિ હતો. અભયે પોતાની બુદ્ધિનો ઉપયોગ કોઈને ઠગવામાં

કર્યો હોય એવો એક પણ કિસ્સો મળતો નથી. બુદ્ધિમાં સત્યતાની સુવાસ હતી માટે જ જ્યારે લાખ પ્રયત્ન કરવા છતાં રોહિણીયો ચોર, ચોર તરીકે પુરવાર ન થયો. ત્યારે સરળતાથી અને સહજતાથી તેને છોડી મુક્યો.

તેની બુદ્ધિ આત્મમંથનમાં સદા લીન હતી. માટે જ જ્યારે શ્રેણિક મહારાજાએ મગધના સામ્રાજ્યની તેને ઓફર કરી ત્યારે હર્ષિત ન થયો. અને શ્રેણિકને કહ્યું, ‘‘ઉભા રહો... રાજ્યની ધુરા લેતા પૂર્વે પ્રભુ મહાવીરની સંમતિ લેતો આવું... પ્રભુ પાસે જઈ સીધો પ્રશ્ન કર્યો... હે પ્રભુ ! છેલ્લા રાજર્ષિ કોણ ?... તેના પ્રશ્નમાં પણ પ્રકૃષ્ટ પ્રજ્ઞાના પાંડિત્યનું પ્રતિબિંબ પડતું હતું. ગર્ભિતાર્થ એ હતો કે હું રાજા બન્યા પછી ઋષિ બની શકીશ કે નહીં ? પ્રભુએ કહ્યું, છેલ્લા રાજર્ષિ તો ઉદયન થઈ ગયા. જો આ રહ્યા તે મહામુનિ, હમણાં જ તેને દીક્ષા આપી આવ્યો, અને અભયને ફાળ પડી... ધર્મસંકટ ઉભું થયું. હવે જો રાજ્યનો સ્વીકાર કરું, એક દિવસ માટે કે એક સેંકડ માટે ભલેને હોય, તો પછી આ જીવનમાં, આ ભવમાં ચારિત્ર પ્રાપ્તિ અશક્ય બની જાય. એક બાજુ રાજપાટ છે તો બીજી બાજુ સંયમનો તીવ્ર રાગ છે. એક બાજુ દોમદોમ સાહેબી છે. તો બીજી બાજુ કષ્ટોની વણજાર છે. એક બાજુ ફુલની શય્યા છે. તો બીજી બાજુ કાંટાળો પંથ છે. એક બાજુ બત્રીસ પકવાનો છે, તો બીજી બાજુ ધરા શય્યા અને આભનું છત્ર છે. પણ અભયકુમારની બુદ્ધિ શુદ્ધ હતી.. ભોગપ્રધાન નહીં પણ ત્યાગ પ્રધાન હતી... માત્ર વર્તમાનકાળને જ નહીં અનંત ભવિષ્યને જોનારી હતી, માટે જ પિતા પાસે જઈ કહ્યું.. પિતાજી ! આપનું રાજ્ય આપને મુબારક હો ! રાજેશ્વરી તે નરકેશ્વરી.. નરકેસરી નરકેશ્વરી.. રાજ કરો અને નરકે જાવ ! ... આવો સળગતો તાજ મારે ન ખપે...બીજા ઘણા પુત્રરત્નો છે. ઠીક લાગે તેને રાજ આપી શકો છો. મેં તો વીરના ચરણમાં જીવન સમર્પિત કરવાનો પાક્કો નિર્ધાર કરી લીધો છે ! કેવી સદ્બુદ્ધિ ! કેવો વૈરાગ્ય !!

શ્રેણિક : પણ, થોડો સમય રાજ કર.. પ્રજાનું પાલન કર... પછી

ચારિત્ર ક્યાં નથી લેવાતું ? અભય : પણ, પ્રભુનું સ્પષ્ટ ફરમાન છે. હવે રાજા બનીને ઋષિ થવું શક્ય નથી.. હું તો આ ચાલ્યો... આશીર્વાદ આપો કે મારો સાધનાનો માર્ગ નિષ્કંટક બને... અને ટુંકી સાધના દ્વારા ચૌદલોકનો શાશ્વત સમ્રાટ બની જાઉં... શ્રેણિક તો જોતા જ રહ્યા... અભયને સમજાવવાનો હવે અર્થ ન હતો, શ્રેણિકના સામ્રાજ્યના બદલે આત્માનું અનંત સામ્રાજ્ય પામવાના આશીર્વાદ લઈ અભયકુમાર પળનોય વિલંબ કર્યા વિના ચાલી નીકળ્યા... ઘોર સાધના કરી સવાર્થસિદ્ધ વિમાન સર કરી લીધું.

અભયકુમારની બુદ્ધિ માંગનારાઓ હવે ચેતી જજો... પુણ્યોદય જાગી જાય... પ્રાર્થના સફળ થઈ જાય. અને અભયકુમાર જેવી બુદ્ધિ મળી જાય તો... જીવન સદાચારમય થઈ જશે. મન પવિત્ર થઈ જશે. હૈયુ પરોપકારથી છલકાશે. સ્વના ભોગે પણ પરનું હિત કરવાની ભાવના ઉછળશે. કાળજામાં કરૂણાનો ધોધ વહેશે. સંસારની ભોગ સામગ્રી ભેગી કરવાની તૃષ્ણાનો ક્ષય થશે. ચારિત્રની ભાવના થશે, ઘોર સાધનામય જીવન વિતાવવાના અરમાનો અચુક થશે, જો દિવાળીની પ્રાર્થના સાચે જ ફળી જાય તો...

અંતે–

**अपने आपसे ग्लानी है आत्महत्याकी निशानी ।**

**अपने पापसे ग्लानी है आत्मकल्याणकी निशानी ॥**

* * * * *

# માં તુજ ખાતર ફના થઈ જાશું

ચીનને ભયંકર દુકાળના વાદળોએ ઘેરી લીધું હતું. ખાવાને અન્ન ન હતું. પીવાને પાણી ન હતું. પહેરણનો ટુકડો પણ નહોતો. કેટલાય મરતા હતા. કેટલાય મરવાની રાહ જોતા જીવતા હતા. તે પણ જીવતા જાગતા હાડપિંજરાઓ... દાતાઓ દાનશાળા ખોલીને બેઠા હતા.. પણ દશ માઈલ દૂર... વૈશાખને જેઠના ધુમ તાપ... એક યુવાન બાળક અને માતા ત્યાં વસતા હતા. બેય ભુખ્યા અને તરસ્યા... કોણ કોને સહાય કરે ? ખોરાક ક્યાંથી લાવે ? પણ છોકરાને અપરંપાર ભક્તિ વસી હતી માતા પર, માટે તે ખાતર કષ્ટ સહેવા તો શું પણ જાન કુરબાન કરવા પણ તૈયાર હતો... માતાને જોઈ તેનું મન નાચી ઉઠતું. તેના ઉપકારો તેના અંતરમાં ઉપસી આવતા, પણ માતાની આ દીનક્ષીણ અવસ્થા જોઈ તે વ્યથિત થયો હતો. માતાએ ઘણી ના ના કહેવા છતાંય તે ઉપડ્યો દશ માઈલ દૂર... દાનશાળામાં અન્ન લેવા... પણ... લેનાર તે એકલો થોડો હતો ? છેડો ન દેખાય તેવી લાંબી લાઈન હતી.. તો તો વારો આવવાની વાત જ ક્યાં ? પણ મા પ્રત્યેની માયાએ તેની ધીરજ અડોલ રાખી, ઊભો રહ્યો.. ભૂખ લાગી છે. તરસ લાગી છે. ઉપર તપે છે. નીચે તપે છે. લાઈન લાંબી છે, પણ ઉભો છે. વારો આવ્યો, વાટકો ભાત લઈ પાછો વળ્યો. શ્રમ તો સીમા વગરનો છે, પણ માના દર્શન થતાં જ થાક દૂર થઈ ગયો.. આવીને પગમાં પડ્યો.. આંખોમાંથી અશ્રુનો ધોધ વહી જાય છે. લે મા ખાઈ લે આ ભાત, અને ભૂખ દૂર કર, પણ બેટા ! તું ય ભુખ્યો છે. તને મુકીને હું કેમ ખાઉં ? કેટલો થાકીને આવ્યો છે ? લે તું ખાઈ લે... પણ મા ! હું તો ત્યાં ખાઈને આવ્યો છું. ના ના, તું ખોટું બોલે છે. ના સાચે જ કહું છું.. બસ તારી સોગંદ પેટ ભરેલું જ છે, તું ખા... તને જોઈ મારું પેટ વધારે ભરાશે.

અપાર ભક્તિ આગળ જૂઠ શું વિસાતમાં ? માતા પુત્રને નિહાળતી જ રહી. પુત્ર કોળીઓ કોળીઓ માના મોઢામાં મુકતો ગયો. અખૂટ આનંદ

અનુભવતો ગયો, પણ શરીર ઘણા દિવસનું ભુખ્યું. શ્રમ સીમા વગરનો, તાપ શોષી નાખે તેવો, તરસ શેકી નાખે તેવી. છોકરો તાવમાં તપવા લાગ્યો. અને એકાએક માને જોતા જોતા પ્રાણ પંખેરૂં ઉડી ગયું...

ઘણો બોધપાઠ આપી જાય છે આ બાળકની વ્યથા ભરેલી સત્ય કથા. ઘણો જ ઉપકાર આપણા ઉપર તેમનો છે, કેવો બદલો વાળવો તે આપણા હાથની વાત છે.. લાખો રૂપિયા ચરણે ધરી દેવા માત્રથી, મોજ શોખના સાધનોથી કે સારૂં ખવડાવવા પીવડાવવાથી, બદલો વળતો નથી. વળે તો યત્કિંચિત્ બદલો વળે તેમના ઉપકારનું વારંવાર સ્મરણ કરવાથી અને તેમનો પડતો બોલ ઝીલવાથી કંઈક ઋણમુક્તિ થાય છે.

સંકટમાં આવી પડતા જો કોઈ એક ટાઈમ ભોજન આપી દે તો જીંદગીભર તેનો ઉપકાર યાદ રહે છે. નવ નવ મહિના પેટમાં રાખનાર... પેટે પાટા બાંધી મોટા કરનાર... પોતે દુઃખ વેઠી સુખી કરનાર... વાત્સલ્યનો વરસાદ વરસાવનાર... પુત્રનું સદા હિત ચિંતવનાર... સદા દુઃખ મુક્ત રાખનાર... ખવડાવનાર... પીવડાવનાર...ભણવામાં ગણવામાં... બધી અનુકૂળતા કરી આપનાર... ટુંકમાં જાત વેચી જીવન આપનારના ઉપકાર અગણિત હોય છે. તેને સદા સામે રાખી તેમની ઈચ્છા-અનુકુળતા મુજબ જીવનપ્રવૃત્તિ કરવી. પોતાની ઈચ્છા કે પ્રવૃત્તિ કદી આગળ કરવી નહીં તે જ સુપુત્રની પ્રથમ ફરજ છે. તેજ તેમના ઉપકારનો શ્રેષ્ઠ બદલો છે.

અંતે-

**આમ ક્યાં પીડા બીજાની કોઈને સમજાય છે**
**હોય હૈયે લાગણી તો વેદના સમજાય છે.**

* * * * *

# જ્યા સીતાનુ સૌંદર્ય છે ત્યાં જ રાવણનો ભય છે

રવિંદ્રનાથ ટાગોરે એક બાળકાવ્યમાં અદ્‌ભુત વાત કરી છે. કથાની મૌલિકતા ચિંતનીય છે.

એક બાળક છે. નામ રાજન્, નાનપણમાં માતા તેને રામાયણની વાતો કરે છે. દૂધની સાથે શૂરવીરતા અને પવિત્રતાના ધાવણ પીને આ બાળક આઠ-દસ વર્ષનો થાય છે. માતાના સંસ્કાર અને ધર્મકથા શ્રવણના પ્રભાવે રાજનને પણ રામ જેવા બનવાનું મન થાય છે. ઘરમાં પ્રસ્તાવ મુકે છે કે ''મારે રામ બનવું છે.'' ઘરવાળા : રામ બનવા માટે સંન્યાસ લેવો પડે, જંગલોમાં ભટકવું પડે, કાંટાળી કેડીઓ ખુંદવી પડે. રાજવૈભવોને તિલાંજલી આપવી પડે. રાજન્ : બધું જ કરવા તૈયાર છું. જો રામ બનાતું હોય તો. ઘરવાળા : તું હજી નાનો છે. મોટો થઈને સાહસ કરજે. જંગલમાં એકલા અટુલા ભટકવાનું તારૂં કામ નહીં. વાઘ, સિંહ અને વરૂઓ તને ફાડી ખાય તો ? જંગલી પશુઓ તારી રેવડી દાણાદાણ કરી નાખશે. ત્યાં તારી રક્ષા કોણ કરશે ? કોણ બચાવશે ? રાજન્ : રામ જેમ જીવ્યા તેમ હું જીવીશ, સાધક આત્માઓ બાધક તત્વોથી ડરતા નથી. રાજન્‌ની અડગતા અને કૃતનિશ્ચયીપણું જાણી ઘરવાળા બધા થાકી ગયા. તેને સમજાવવાના પ્રયત્નો વ્યર્થ ગયા. છેલ્લે તેના મામા એક ઔર પ્રયત્ન કરે છે. રાજન્ ! તને ખ્યાલ છે જંગલોમાં રાક્ષસો હોય, રાક્ષસીઓ હોય. જોતાં જ ડરી જવાય એવા વિકરાળ તેમના રૂપ હોય. ચાર ફૂટની બહાર નીકળેલી કરવત જેવી જીભ, પડછંદ કાયા, રૌદ્ર સ્વરૂપ, હાથ પગના ભાલા છાપ નખો વગેરે જોઈને જ હાર્ટ બેસી જાય એવા રાક્ષસો જંગલમાં ફરતા હોય. રામને પણ રાવણ જેવા ખૂંખાર રાક્ષસો અને શૂર્પનખા જેવી ડાકણોનો ઉપદ્રવ આવ્યો હતો. તો તારી શું વિસાત ?

રાજને ઠાવકાઈથી કહ્યું, મામાજી ! મારી પાસે સીતા જ ક્યાં છે ? સીતા હોય તેને રાવણ જેવા રાક્ષસનો અને શૂર્પનખા જેવી ડાકણોનો ભય હોય છે. મારી પાસે સીતા જ નથી, મને ભય કોનો ? રાક્ષસો મારી

પાસે કયા કારણોથી આવવાના ? મામાજી જવાબ સાંભળીને થીજી ગયા. રાજનના તર્ક સામે કોઈ દલીલ ન હતી. રાજને ખરેખર સંન્યાસ ગ્રહણ કરી રામ બનવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો.

પ્રસંગ મજેના બે બોધ આપે છે. (૧) બાળકના ભાવિનું સર્જન માતાના સંસ્કારને આભારી છે. માતાની આંતર ભાવનાને આભારી છે. માતા શરીરથી પિંડને જન્મ આપે છે. પોતાની ભાવનાઓથી વ્યક્તિત્વને જન્મ આપે છે. શુક્ર શોણિતના સંયોગથી બાળકનું શરીર ઘડાય છે. સંસ્કાર અને ભાવનાના સંયોગથી બાળકનું ભાવિ ઘડાય છે. રામની વાતો સાંભળી ઉછરતો બાળક રામ બને છે. જીજીબાઈ માતાની શૂરવીરતા ભરી વાતો સાંભળતો બાળક શિવાજી બને છે. મદાલસા જેવી માતાના મુખે સાધનાની વાતો સાંભળતા બાળકો પરમસાધક બને છે. ખાસ યાદ રહે, બાળકના ઉચ્ચ ભાવિની ઈમારતનો પાયો માતાની સંસ્કૃત ભાવના છે. બાળકની સહજ યોગ્યતાનું ઘડામણ માતાની ભાવનાના ટાંકણાથી જ થાય છે. બાળક નાનો હોય ત્યારે આજની મોર્ડન માતાઓ નેતા-અભિનેતાઓની, સલમાન કે શાહરૂખખાનની, માધુરી કે મેડોનાની, સચીન કે અઝહરની ડંફાસો મારતી હોય છે. પાર્લરો-ક્લબો કે હીલસ્ટેશનોની મજા માણતી હોય છે, અથવા તેના શમણાં સેવતી હોય છે. મોઢામાંથી વલ્ગર પિક્ચરોના કામુક ગીતોનો ગંદવાડો જ બહાર આવતો હોય છે. આ સંસ્કૃતિમાં ઉછરેલો બાળક પછી ભ્રષ્ટાચારી, વ્યભિચારી, દાદો, ગુંડો, બદમાશ, ઉડાઉ, દેવાળીઓ ના નીકળે તો જ આશ્ચર્ય કહેવાય. દોષ દીકરાનો નહીં માતાપિતાનો જ છે.

ઉક્ત પ્રસંગ ઉપરથી બીજો માર્મિક બોધ મળે છે. જ્યાં સીતા છે ત્યાં રાક્ષસો છે. જ્યાં સીતા નથી ત્યાં રાક્ષસોનો કોઈ ભય નથી. અર્થાત્ સંસારના અનંત પરિભ્રમણનું કેંદ્રબિંદુ સ્ત્રી જ છે. બધાજ દુઃખોનું કારણ સ્ત્રી છે. બધાજ કર્મોનું કારણ સ્ત્રી છે. બધાજ પાપોનું કારણ સ્ત્રી છે. બધાજ દોષોનું કારણ સ્ત્રી છે. એક સ્ત્રીને પરણવાની ભૂલ કરી એટલે ઉકળાટ, અશાંતિ, અજંપો, અપ્રસન્નતાના રાક્ષસો તુટી પડ્યા જ સમજો.

સીતા વિનાના સંતો મહંતોને નથી કોઈ હાયહોય, નથી કોઈ હૈયાહોળી, નથી કોઈ ટેન્શન, નથી કોઈ માથાફોડ, મસ્તીથી જીવે છે. ગણિતના દાખલામાં શરૂઆતમાં થએલી એક ભૂલનું પરિણામ જાણો છો ? પાછળ બધે ભૂલ જ ભૂલ...

સ્ત્રીની પાછળ પડવાની એક ગંભીર ભૂલનું પરિણામ છે પાછળ દુઃખ જ દુઃખ, ટેન્શન જ ટેન્શન... ઉકળાટ જ ઉકળાટ.

મનસુખલાલ ઝવેરીનો શેર આ વાતની ખાત્રી પુરે છે.

**જીંદગી ન્હોતી ખબર કે માત્ર તું તો છે ગણિત**

**એક પગલું ખોટું ને ખોટો જ આખો દાખલો.**

જીવનમાં સ્ત્રી તત્વનું અસ્તિત્વ એટલે દુઃખ જ દુઃખ, સ્ત્રી તત્વની બાદબાકી એટલે સુખ જ સુખ. સંસારી અને સંન્યસ્ત જીવનની ભેદરેખા નિહાળતા આ તત્વ સ્પષ્ટ સમજાઈ જાય છે. દીક્ષિત બનવા ઈચ્છતા ધન્ના અણગારે સ્વજન સમક્ષ આ જ વાત કરી હતી કે...

**નારી નરકની દિવડી દુર્ગતિની દાતારો રે...**

**વીરે વખાણી વખાણમાં મેં આજ સુણ્યો અધિકારો રે...**

નારી નરકની દિવડી છે. દુર્ગતિ પ્રદાતા છે. તેને પરણી હું જનમ જનમ બરબાદ કરી નાંખુ ? આ દલીલ સામે સ્વજનો ઝુકી ગયા, ધન્નાને દીક્ષાની અનુમતિ આપી દીધી. તમામ રાગદ્વેષ, ક્લેશ-સંકલેશ, ઉથલપાથલો, અંતતોગત્વા સ્ત્રીને જ આભારી છે. આનો અર્થ એવો નથી સ્ત્રી માત્ર ખરાબ છે. તીર્થંકરોની જન્મદાત્રી પણ સ્ત્રી જ છે. આચાર્યો સંતો મહંતો પેદા કરનારી સ્ત્રી જ છે. સૈનિકો અને દેશ માટે પ્રાણ ન્યોછાવર કરનારા શૂરવીરોની જનેતા સ્ત્રી જ છે. એટલે સ્ત્રી નહીં પણ સ્ત્રી પ્રત્યેની આપણી આસક્તિ ખતરનાક છે. આપણી વિકૃતદ્રષ્ટિ દુઃખ દાયક છે. વિજાતીય પ્રત્યેની આકર્ષણવૃત્તિ જ આપણી આપદાનું મૂળ છે.

આ આકર્ષણવૃત્તિ વિકૃતદ્રષ્ટિ કે આસક્તિ જ સીતાનું વરવું સ્વરૂપ

છે. એ જ્યાં છે ત્યાં વિકરાળ મનોવ્યથા અને આફતોના રાક્ષસો તૂટી પડવાના જ. કંચનકામિનીના ત્યાગીઓને આવી વ્યથાનો ભોગ બનવું પડતું નથી.

અંતે–

**क्या कामका उजाला महेलो व महेफिलोमे**
**अंधेरा जब भरा है अपने ही दिलोमे ॥**

* * * * *

## સાચી ભાવનાની શક્તિ કલ્પના બહારની છે

રાક્ષસી કતલખાનાઓ કે વિરાટ પાપ યોજનાઓ પોતાનો પંજો ફેલાવે છે ત્યારે સજ્જનોના અંતરાત્મા હલબલી જતાં હોય છે. આવા હિંસક પ્રોજેક્ટો અટકે તેવી તીવ્ર ભાવના હોવા છતાં કોઈ સફળ ઉપાય નજર સામે આવતો નથી, ત્યારે ઉદાસીનતાનો આશરો લેવો પડે છે. ક્યારેક એમ પણ થઈ જાય કે આટલા વિરાટ કાર્ય સામે આપણે એકલા કરી પણ શું શકીએ ? આભ ફાટ્યું હોય ત્યાં થીગડું કેમ દેવાય ? આ ઉદાસીનતા અનુચિત છે. જૈન શાસન પ્રભાવક છે. મંત્ર તંત્રની શક્તિઓ અચિંત્ય છે. તપ-જપના પરિણામો વર્ણનાતીત છે. જરૂર છે. માત્ર શ્રદ્ધા અને સમર્પણભાવની. ભાવના તીવ્ર જોઈએ, શ્રદ્ધા અડગ જોઈએ, સમર્પણભાવ સાહજિક જોઈએ. ખૂણામાં બેઠેલા એક આત્માની આંતરિક સૂક્ષ્મ તાકાતથી પણ શું ન થઈ શકે ? જોઈ લો શ્રદ્ધાને જીવતી કરી દે તેવો જીવંત દાખલો !

લાલ બહાદુર શાસ્ત્રી જ્યારે વડાપ્રધાન હતા ત્યારે દેવનાર કતલખાનાની યોજના ઘડાઈ હતી. પં. ધીરજલાલ ટોકશી શાહ કે જેઓને પંન્યાસ ભાનુવિજયજી (પાછળથી આચાર્ય વિજય ભુવનભાનુસૂરીશ્વરજી) પ્રત્યે અથાગ શ્રદ્ધા અને પૂર્ણ બહુમાનભાવ હતો. તેઓ વિદ્વાન હોવાની સાથે વિશેષ કરીને મંત્ર શાસ્ત્રોના સારા જાણકાર હતા. જિનશાસન પ્રત્યે અવિહડ રાગ હતો. નમુત્થુણં, ઉવસગ્ગહરં વગેરે પ્રભાવક સૂત્રો ઉપર મંત્રશાસ્ત્ર આધારિત તેમનું ચિંતન અમૂલ્ય હતું. તેમને મનમાં થયું કે એક કતલખાનું એટલે અગણિત નિર્દોષ જીવોની નિર્મમ હત્યા, એક કતલખાનું એટલે અસ્ખલિત વહેતી લોહીની નદીઓ, એક કતલખાનું એટલે મૃતાસ્થિઓનો હિમાલય, કોઈપણ ભોગે હિન્દુસ્તાનની પાયમાલી સ્વરૂપ આ અકાર્ય અટકાવવું જોઈએ.

તેમણે આસ્થેય એવા પંન્યાસજી ભાનુવિજયજીને વાત કરી. તેઓશ્રી પણ આ વાતથી વ્યથિત હતા જ પણ મૂંગી વ્યથા કે લુખ્ખા પ્રવચનોથી શું વળે ? લાકડાની તલવારથી પણ એકવાર લડી લેવાનો બંનેએ મક્કમ નિર્ધાર કર્યો.

ભાનુવિજયજી મહારાજ કહે તમે વડાપ્રધાન શાસ્ત્રીજીને મળો. અંતરની આગથી તેમને દઝાડો. તેઓ સજ્જન છે. સમજુ છે, તુક્કો લાગી જાય, વાત ગળે ઉતરી જાય, તો કામ થઈ જાય.

સામાન્ય વ્યક્તિ પ્રાઈમ મિનિસ્ટર સુધી કેવી રીતે પહોંચી શકે ? છતાં ગુરુવચન પર શ્રદ્ધા રાખી પં. ધીરજભાઈ દિલ્હી ગયા. દિલ્હીમાં વડાપ્રધાન શાસ્ત્રીજીના મકાનની બહાર ગેટ પાસે બેસી સવાર-સાંજ ગીતાનું પુસ્તક વાંચતા. નિયત ક્રમ મુજબ સવાર સાંજ બંગલામાં વોકિંગ કરતા શાસ્ત્રીજીની નજર એકવાર તેમના ઉપર ગઈ. તેમણે તેમને બોલાવ્યા. આગમનનું કારણ પૂછ્યું. ઓળખાણ પીછાણ થઈ, પરિચય થયો. શાસ્ત્રીજી વોકીંગના સમયે ફ્રી હોય તે સમયે કતલખાના વિશે થોડી ઘણી વાતચીત થઈ. શાસ્ત્રીજી કહે ફરીથી મળજો, વિચારીશું.

એ પછી પં. ધીરજભાઈના વિશેષ પ્રયત્નોથી શાસ્ત્રીજીને મળવાની તારીખ નક્કી થઈ. આશા, અરમાન, હર્ષ અને આનંદ સાથે તેઓ પાછા ફર્યા, જૈનાચાર્ય શ્રી પ્રેમસૂરિજી મહારાજ, પંન્યાસ ભાનુવિજયજી વગેરે મુનિસમુદાય પાટણમાં હતો. તેમની પાસે પુલકિત હૈયે પહોંચી ગયા. હરખઘેલા થઈ વાત કરી. પૂ. ગુરુદેવના આનંદનો પાર ન રહ્યો. આ તો રમતનો પ્રથમ રાઉન્ડ પૂરો થયો હતો. બીજો રાઉન્ડ બાકી હતો. કલાકો સુધી વિચાર વિમર્શ કર્યા, ચર્ચાઓ કરી, ટુંક સમયમાં વડાપ્રધાન શાસ્ત્રીજી પાસે સફળ રજૂઆત થાય એવા ક્રીમ પોઈન્ટ્સ જુદા તારવ્યા. ક્રોસ મુદ્દાઓ, મજબુત તર્કો, જડબાતોડ દલીલો, વિગતો, સંભવિત નુકશાનીની રૂપરેખા વગેરેનો ડીપ સ્ટડી કરી એક માસ્ટર ફાઈલ તૈયાર કરી.

લાખો-કરોડો નહીં પણ અસંખ્ય મૂક પશુઓના જીવન મરણનો સવાલ હતો. મહામુશ્કેલીએ વડાપ્રધાનનો સમય મળ્યો હતો. એટલે પ્રયત્નમાં કોઈ કચાશ ન રહી જાય તેની પૂર્ણ તકેદારી રાખવામાં આવી. સાથે સાથે પં. ધીરૂભાઈએ ચુનંદા સાધુઓને વડાપ્રધાનની મુલાકાતના સમય દરમ્યાન ચોક્કસ મંત્રનો વિધિપૂર્વક જાપ કરાવવા વિનંતી કરી. બધી તૈયારી થઈ ગઈ. પૂ.આ.શ્રી

પ્રેમસૂરિજી મહારાજ તથા પૂ. પંન્યાસજી ભાનુવિજયજી અંતરના આશિષ મેળવી તેઓ દિલ્હી પહોંચ્યા.

આ બાજુ ગુરુદેવશ્રીની આજ્ઞાથી કેટલાંક તેમના આજ્ઞાંકિત અને પવિત્ર શિષ્યરત્નો આયંબિલ તપ કરીને ઢંઢેરવાડાના શામળા પાર્શ્વનાથ પ્રભુની સન્મુખ જાપમાં લીન બની ગયા. જાપનો મંત્ર હતો નમુત્થુણં સૂત્રમાં આવતું પદ 'નમો જિણાણં જિઅભયાણં' તેનો અર્થ છે : 'જેમણે તમામ ભયોને જીતી લીધા છે એવા જિનેશ્વર ભગવંતોને નમસ્કાર થાઓ.' પશુઓને ભયમુક્ત કરવા છે, જીવનદાન કરવાનું છે, એટલે નિર્ભય વ્યક્તિઓના શરણ સ્વીકાર ગર્ભિત મંત્ર જ અસરકારક અને સાર્થક પુરવાર થઈ શકે.

વિધિશુદ્ધિ, વસ્ત્રશુદ્ધિ, સ્થાનશુદ્ધિ, શબ્દશુદ્ધિ, મંત્રશુદ્ધિ, આસનશુદ્ધિ, ભાવશુદ્ધિ, આશયશુદ્ધિ આ બધી પરિપૂર્ણ શુદ્ધિપૂર્વક જાપસાધના શરૂ થઈ. લગભગ બધા સાધુઓએ આયંબિલ કર્યા. સંઘમાં પણ વિશાળ સંખ્યામાં આયંબિલ થયા. ભાવ સૌનો એક જ હતો કે કોઈપણ ભોગે દેવનારનું કતલખાનું ચાલું ન જ થવું જોઈએ. અગણિત જીવોને મોતના પંજામાંથી બચાવવા જ જોઈએ.

નિયત દિવસે પં. ધીરજલાલ ટોકરશી શાહ અને વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીની મુલાકાત થઈ. પૂજ્ય ગુરુદેવશ્રીના આશિષનું બળ હતું. સાધકોના જાપનું બળ હતું. આયંબિલ તપનું બળ હતું. મંત્રોની સાધનાનું બળ હતું. સાથે સહુ કોઈની નિઃસ્વાર્થ શુભ ભાવનાનું બળ હતું. પશુઓના પુણ્યનું બળ હતું. બળના આટલા બધા પરિબળો સાથે ચર્ચા શરૂ થઈ.

હજારો વર્ષોથી આર્યસંસ્કૃતિના રંગે રંગાયેલા ભારતવર્ષમાં આવા હિંસક પ્રોજેક્ટોની જરૂર શું છે ? • રોજના હજારો પશુઓની બેરહમ કતલ થતી રહેશે તો ભારતનું પશુધન સાફ થઈ જશે. હિન્દુસ્તાનની સમૃદ્ધિ પશુધન આધારિત છે. પશુઓના નાશથી દેશ વિનાશના આરે આવી જશે. • કતલ થતાં પશુઓની ચિચિયારીઓ, તેમના અંતરમાંથી નીકળતા અભિશાપો, ભારતને બરબાદીના ખપ્પરમાં નહીં ઉતારી દે ? • કતલ બાદ થતી આવક

કરતાં જીવંત પશુઓની આવક અનેકગણી ચઢી જાય છે. • ચોખ્ખા દૂધના અભાવે પ્રજા સત્વહીન બની જશે. પશુરક્ષા એજ દેશની સાચી રક્ષા છે. આવા મહત્ત્વના મુદ્દાઓની વડાપ્રધાન શ્રી શાસ્ત્રીજી સાથે પં. ધીરજભાઈએ વિશદ ચર્ચા કરી. શાસ્ત્રીજી વિચાર કરતા થઈ ગયા. વાત મગજમાં સજ્જડ બેસી ગઈ અને તરતજ તેમણે કહી દીધું કે –'તમે ચિંતા ન કરશો. હું જીવું છું ત્યાં સુધી દેવનારનું કતલખાનું શરૂ નહીં જ થાય.' શાસ્ત્રીજીનો આ મક્કમ નિર્ણય જાણીને પં. ધીરજલાલભાઈના આનંદની અવધિ ન રહી. તેઓ તુરંત જ શાસ્ત્રીજીનો આભાર માની પાટણ પૂ. ગુરુદેવશ્રી પાસે આવ્યા. તેમનો અને વડાપ્રધાન શાસ્ત્રીજી વચ્ચેનો વાર્તાલાપ અને શાસ્ત્રીજીનો નિર્ણય કહી સંભળાવ્યો. પૂ. ગુરુદેવશ્રીને, અન્ય સાધુ ભગવંતોને અને સકળ સંઘને આ ઘટનાથી ખૂબ જ આનંદ થયો. અગણિત જીવોને અભયદાન આપવા દ્વારા જિનશાસનનું એક અદ્‌ભૂત કાર્ય થયાનો સૌને આત્મસંતોષ થયો.

ખરેખર, વડાપ્રધાન શાસ્ત્રીજી જીવંત હતા. ત્યાં સુધી દેવનાર કતલખાનું ખુલી શક્યું જ નહીં. ગણનાતીત જીવો મોતના ખપ્પરમાંથી ઉગરી ગયા.

એ પછી વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીનું અચાનક અવસાન થયું. શાસ્ત્રીજીના મૃત્યુ બાદ ઈન્દિરા ગાંધીના શાસનમાં દેવનાર કતલખાનાને મંજુરી મળી ગઈ, એ ખરેખર આપણા દેશનું દુર્ભાગ્ય ગણી શકાય. આજના અત્યંત કપરા કાળમાં તમામ સ્તરે નિષ્ક્રિયતા અને નિઃસત્વતા છવાઈ ગઈ છે ત્યારે ઉપરોક્ત પ્રસંગ સૌ કોઈને પ્રેરણા આપી જાય છે.

ભાવનાની શક્તિ અણુબોમ્બ કરતા વધુ પ્રચંડ છે. એક સામાન્ય માણસની સાચા હૃદયની ભાવનાનો પડઘો વડાપ્રધાન જેવાનાં હૃદય પણ હલબલાવી શકે છે અને અણધારી સિદ્ધિ અપાવી શકે છે, જરૂર છે નિર્મળ ભાવનાની, આજનું વિજ્ઞાન પણ કહે છે કે **કદ જેમ સૂક્ષ્મ થતું જાય તેમ શક્તિ વિરાટ બનતી જાય છે.** અણુબોમ્બ જેમ જેમ નાનો થતો જાય છે, તેમ તેમ તેની શક્તિ વધતી જાય છે. શરૂઆતમાં કોમ્પ્યુટરની સાઈઝ જાયન્ટ હતી, પરંતુ આજે એજ કોમ્પ્યુટર બ્રિફકેસમાં સમાઈ જાય છે, અને તેના

કરતાં અનેકગણી કાર્યક્ષમતા ધરાવતા હોય છે. જડ પરમાણુની જો આ તાકત હોય તો ચૈતન્ય તત્વની શક્તિની શું વાત કરવી ? ભાવના જેમ જેમ નિર્મળ અને ઉત્કૃષ્ટ બનતી જાય તેમ તેમ તેનો પાવર પ્રચંડ બનતો જાય છે. દુઃખની વાત તો એ છે કે શાસ્ત્રીજીના એજ ભારત વર્ષમાં આજે દેવનાર સહિત હજારો નહી લાખો નાના મોટા કતલખાનાઓ બેરોકટોક ચાલી રહ્યા છે.

અહિંસાપ્રધાન દેશમાં એક દિવસમાં લાખો પશુઓની નિર્દય હત્યાઓ થઈ રહી છે. કોઈના પેટનું પાણી હલતું નથી. આપણે આમાં શું કરીએ ? આ નપુંસક વિચારધારાથી સત્વહીનતાનો વ્યાપ વધતો જાય છે. પૂ. ભાનુવિજયજી જેવા સમર્થ ગુરુદેવો, શાસ્ત્રીજી જેવા સમજુ અને દયાળુ પ્રાઈમ મિનિસ્ટરો અને મંત્ર વિશારદ, કરૂણાહ્દયી પં. ધીરજલાલ જેવા સુશ્રાવકોની ખોટ આજે સાલી રહી છે. ચારિત્ર સંપન્ન ગુરુવર્યો, ભાવના સંપન્ન શ્રાવકો અને નિષ્ઠાવાન, પ્રામાણિક અને દીર્ઘદ્રષ્ટા રાજપુરૂષોનો ત્રિવેણી સમાગમ થાય તો ફરી સુવર્ણ યુગની શરૂઆત થઈ જાય. કલિયુગમાં સત્‌યુગનો પગપેસારો થઈ જાય. બાકી, આ કામ આપણું નથી, આપણી શક્તિની બહારની વાત છે વગેરે વગેરે નિર્માલ્યના વિચારોથી કંઈ દાળ ગળે નહીં. કમસે કમ રોજ સવારે, બપોરે અને સાંજે શુદ્ધ હૃદયથી એટલી ભાવના ભાવીએ કે ''વિશ્વભરમાં થતી નિર્દોષ પશુઓની નિર્મમ હત્યા બંધ થઈ જાય.'' સામુદાયિક ભાવનાનો આ વંટોળ એક દિવસ રાજપુરૂષોની દુર્બુદ્ધિના વાદળોને અચુક હટાવશે, તેઓને સદ્‌બુદ્ધિ પ્રાપ્ત થશે, અને અહિંસક રાષ્ટ્રનો ઉદય થતા વાર નહીં લાગે.

અંતે –

**तुम नोटो के खेल खेलते हो ।**
**हम कफन बांधकर जीते है ।**
**तुम ग्लोबलकी बाते करते हो ।**
**हम लाशोके ढेर गीनते है ।**

* * * * *

# ઈર્ષ્યાની ઉધઈઓ ગુણોના સૌંદર્યને ફોલી ખાય છે

યાકિની મહત્તરાના ધર્મપુત્ર હરિભદ્ર નામના આચાર્યએ શિષ્યબોધિની નામની ટીકા રચેલી છે.

દશવૈકાલિકની ટીકા કરીને જે પુણ્ય તેમણે ઉપાર્જન કર્યું તેના વડે લોક માત્સર્યદુઃખના વિરહથી ગુણાનુરાગી બનો.

ચૌદસો ચુમાલીશ ગ્રંથના રચયિતા પ્રખર વિદ્વાન બહુશ્રુત આચાર્ય ભગવંત શ્રી હરિભદ્રસૂરિ મહારાજે દશવૈકાલિકની ટીકાના અંતે બે શ્લોકમાં જણાવેલ હકીકત ખરેખર આપણને વિચારતી કરી દે છે. મલયગિરિ મહારાજ વગેરેએ પણ પોતાની ટીકાના અંતે ટીકાની રચના દ્વારા જે પુણ્ય ઉપાર્જન થયું છે, તેનાથી સકલ લોક સંસારથી મુક્ત બની મોક્ષને પામે, એવી ભાવના વ્યક્ત કરી છે.

અહીં શ્રુતનિધિ આચાર્ય ભગવંત દશવૈકાલિક સૂત્રની રચેલી ટીકાથી ઉત્પન્ન થયેલા પુણ્યથી લોક મત્સરરહિત બની, ગુણાનુરાગી બને, તેવી ભાવના પ્રગટ કરે છે. મત્સર-દોષના નાશને અને ગુણાનુરાગને પૂજ્યશ્રીએ આટલું બધું મહત્વ કેમ આપ્યું હશે ? ખૂબ વિચારતા એમ સમજાયછે કે તેઓશ્રીએ આપણને એક સુંદર સમજણ આપી છે. આ જગત અનેક દોષોથી પીડાય છે, પણ સૌ દોષમાં મત્સર દોષ ખૂબ ભંયકર છે. તેના મુખ્ય કારણ છે - (૧) ‘મત્સરદોષ’ સંસારમાં અત્યંત વ્યાપ્ત છે. (૨) ‘મત્સરદોષ’ હજારો દોષોનું મૂળ છે. (૩) ‘મત્સરદોષ’ સર્વ ગુણોના નાશમાં કારણભૂત છે. (૪) આખા જગતમાં ભયંકર ખાનાખરાબી આ દોષના કારણે થઈ છે. મત્સર એટલે ઈર્ષ્યા, બીજાની આબાદી સહન ન થવી તે મત્સર.

આદિકાળથી ઘરમાં, કુટુંબમાં, સમાજમાં, સંસ્થાઓમાં, રાજકરણમાં આગળ વધીને ધાર્મિકક્ષેત્રમાં પણ આ દોષ ચોતરફ ખૂબ જ ફેલાએલો છે. એક જ પિતાના પુત્રોને છુટા કેમ પડવું પડે છે ? એકથી બીજાની ઉન્નતિ-આબાદી જોઈ શકાતી નથી. તે જ મુખ્ય કારણ છે ને ? ઘરની જેમ

જ્ઞાતિઓમાં, સમાજમાં, સંસ્થાઓમાં પણ ભાગલા પડે છે. તેમાં પણ બહુ ઊંડાણથી તપાસીશું તો ઈર્ષ્યાની મુખ્યતા મોટા ભાગે દેખાશે. રાજકારણમાં અનેક પક્ષોની રચના-પક્ષોના ભાગલા વગેરે આ કારણે જ પડે છે ને ? ધાર્મિક ક્ષેત્રોમાં પણ આ દોષ વ્યાપ્ત છે. તેના કારણે જ ધાર્મિકક્ષેત્રે પણ ચોથા આરાનું આપણે દર્શન કરી શકતા નથી.

સિંહગુફાવાસી મુનિ અને ગોષ્ઠામહિલ જેવાઓ પણ આ દોષની પક્કડમાં આવી ગયા. ચાર મહિનાના ઉપવાસ સાથે અપ્રમાદપણે કાઉસ્સગમાં રહીને સિંહની ગુફામાં ચાતુર્માસ પૂર્ણ કરીને પાછા ફરેલા મુનિની ગુરુએ ''દુષ્કર'' કહીને ઉપબૃંહણા કરી, આવકાર આપ્યો, કોશા વેશ્યાને ત્યાં ચાતુર્માસ કરીને આવેલા સ્થૂલભદ્રસ્વામીને ગુરુએ ''દુષ્કર-દુષ્કર'' કહીને વિશેષ આવકાર આપ્યો. ગુરુની ઉપબૃંહણા અને આવકારથી આનંદિત થયેલ સિંહગુફામાં ચાતુર્માસ કરી આવેલ મુનિને એવું શું થયું કે આનંદ દુઃખમાં ફેરવાઈ ગયો ? સ્થૂલભદ્ર મુનિને ગુરુ તરફથી મળેલ વધુ માનના કારણે સિંહગુફાવાસી મુનિ સુખમાંથી દુઃખમાં ધકેલાઈ ગયા. ગુરુભાઈનું વધુ બહુમાન સહન ન થવાથી દુઃખી થઈને ગુરુની અનુજ્ઞા નહીં છતાં કોશા વેશ્યાને ત્યાં ચોમાસું કરવા ગયા. પટકાયા, ચારિત્રથી ભ્રષ્ટ થવા તૈયાર થયા. સદ્‌ભાગ્યે શ્રાવિકા બનેલ કોશાએ જ તેમને ઉપદેશ આપી બચાવી લીધા.

આ પ્રસંગ બતાવે છે કે ઉગ્ર ચારિત્રનું પાલન કરવુ સહેલું છે, ચાર ચાર મહિનાના ચોવિહાર ઉપવાસના તપ સહેલા છે, પણ માત્સર્યરહિત થવું કઠણ છે. અર્થાત્ બીજાની આબાદીને જીરવવી કઠણ છે.

ઈર્ષ્યાળુઓ સ્વયં દુઃખી થાય છે, અને બીજા અનેકને દુઃખી કરે છે.

● સસરા શ્રેણિકરાજા તરફથી દિયર-દેરાણીને મળેલા દિવ્યવસ્ત્ર, કુંડલ અને સેચનક નામનો હાથી સહન નહીં કરી શકતી કોણિક-પત્ની પદ્માવતીએ કેટલો ભયંકર અનર્થ ફેલાવ્યો ? પદ્માવતીની ઈર્ષ્યા છેવટે કોણિક અને ચેડારાજા વચ્ચેના (દોહિત્ર અને નાના) ભયંકર યુદ્ધમાં પરિણમી, જેમાં એક

કરોડ એંસી લાખ માણસનો સંહાર થયો, એટલું જ નહીં, આમાંથી માત્ર બે વ્યક્તિ સિવાયના બધા જ નરક કે તિર્યંચગતિભાગી બન્યા...

ઈર્ષ્યા ઓછાવત્તા પ્રમાણમાં સર્વત્ર ફેલાયેલી છે. ઈર્ષ્યાથી ઘર સંસાર સળગે છે. ગૃહસ્થોના જીવન કડવા ઝેર જેવા થાય છે. પરસ્પર ભાઈઓની ઈર્ષ્યા, સાસુ-વહુ, દેરાણી-જેઠાણીની ઈર્ષ્યાએ કરોડો કુટુંબોને પાયમાલ કર્યા છે. ટ્રસ્ટીઓની કે કાર્યકરોની પરસ્પરની ઈર્ષ્યાએ અનેક સંસ્થાઓને બરબાદ કરી નાખી છે. વ્યાપાર ક્ષેત્રે એક જ પેઢીમાં કામ કરતા નોકરોની પરસ્પરની ઈર્ષ્યાએ પેઢીઓને પાયમાલ કરી નાખી છે. વ્યાપારીઓની એકબીજાની ઈર્ષ્યાએ કેટલાયની પેઢીઓ ખલાસ કરી નાખી છે. ભારત દેશની રાજકીયક્ષેત્રે થયેલી બરબાદીમાં આ દોષે ખૂબ મહત્વનો ભાગ ભજવ્યો છે. દરેકને સર્વોપરી સિંહાસન જોઈએ છે, નીચેનું સ્થાન ખપતું નથી. દરેકને પ્રધાનમંત્રી કે મુખ્યમંત્રી બનવું છે, બીજા પ્રધાનમંત્રી કે મુખ્યમંત્રી બને તે માન્ય નથી, પરિણામે આ ઈર્ષ્યાળુ પોતાને સ્વાભાવિક મળતી સમૃદ્ધિને કે સ્થાનને ભોગવી શકતો નથી.

ઈર્ષ્યા મનુષ્યને અંધ બનાવે છે, વિવેકથી ભ્રષ્ટ કરે છે. હકીકતમાં, ઉચ્ચ સ્થાનો પણ ઉચ્ચસ્થાને રહેલાઓને ભ્રષ્ટ કરવાથી નથી મળતા, પરંતુ ઉચ્ચસ્થાને રહેલાના બહુમાન કરવાથી મળે છે. આ વિવેકને ઈર્ષ્યા ભુલાવી દે છે, પરિણામે અનેક સ્થાનોમાં બીજા કે ત્રીજા સ્થાનમાં રહેલાઓ પ્રથમ સ્થાને રહેલાને ત્યાંથી ભ્રષ્ટ કરવાનો પ્રબળ પુરૂષાર્થ કરે છે, તેને ભ્રષ્ટ કરે છે, પણ એને એ દેખાતું નથી કે પોતે પણ બીજા કે ત્રીજા સ્થાનથી નીચે પડીને છેક તળીયે પહોંચી જવાનો છે.

જેના પ્રત્યે ઈર્ષ્યા છે, તેને ખતમ કરવા ક્યારેક ઈર્ષ્યાળુઓ સમસ્ત સમાજ કે રાષ્ટ્રનો દ્રોહ થાય તેવા પગલા લેતા પણ ખચકાતા નથી. રાષ્ટ્રદ્રોહીઓની ઉત્પતિ પણ મોટે ભાગે આ દોષમાંથી જ થયેલી હોય છે. ભાઈ સાથેની લડાઈમાં ભાઈને ખતમ કરવા ત્રીજાની સહાય લેનારને ખબર નથી કે ભાઈને ખતમ કર્યા પછી આગંતુક તને પણ ખતમ કરીને બધું જ હડપ કરી જવાનો છે.

ધાર્મિક જગતમાં પણ ઈર્ષ્યાએ ભારે ખળભળાટ ઉભો કર્યો છે.

તીર્થંકર પદ સુધી પહોંચનાર મલ્લિનાથ પ્રભુને પૂર્વ ભવની ઈર્ષ્યાના કારણે સ્ત્રીપણાની પ્રાપ્તિ થઈ. તીર્થંકર નામગોત્રના બંધ વખતે અધ્યવસાયની વિશુદ્ધિ કેટલી જોરદાર હશે ? આમ છતાં આ વિશુદ્ધિ સાથે અંદર રહેલા ઈર્ષ્યાદોષે દેવાધિદેવના આત્માને પણ અનંતકાળમાં ક્યારેક થતા સ્ત્રી તીર્થંકરના અચ્છેરામાં મુકી દીધા.

ઋષભદેવની સુપુત્રીઓ બ્રાહ્મી અને સુંદરી પાસે પૂર્વ ભવની અનુત્તર દેવલોક સુધી પહોંચાડનારી સાધના હોવા છતાં અતિ સૂક્ષ્મ પ્રમાણમાં રહેલી ઈર્ષ્યાએ ચરમશરીરીપણાની સાથે સ્ત્રીત્વનો સિક્કો મારી દીધો.

● એક જ ગુરુના શિષ્યો તરીકે રહેલ મુનિઓ ગુરુભાઈઓ કહેવાય છે. સંસારમાં સગાભાઈ કરતા અધિક સ્નેહ તેઓમાં હોવો જોઈએ, એ સ્વાભાવિક છે. પરંતુ જ્યાં જ્યાં આ દોષે પ્રવેશ કર્યો ત્યાં ત્યાં સાધનાનું વાતાવરણ કેટલું બધુ દોષિત કરી નાખ્યું. ઈર્ષ્યાળુ પોતે પોતાના ભાવોને તો કલુષિત કરે જ છે, પણ સાથે જેના પ્રત્યે ઈર્ષ્યા હોય છે તેની સાધનામાં પણ અનેક પ્રકારના અવરોધો ઉભા કરીને તેની સાધનાને પણ કલુષિત કરે છે. સામી વ્યક્તિ અત્યંત પરિણત, ગંભીર અને સહનશીલ હોય અને કદાચ અવરોધોને ગણકાર્યા વિના પોતાના સત્ત્વથી આરાધનામાં આગળ વધતી જાય એ જુદી વાત, પણ મધ્યમકક્ષાના જીવો તો આ અવરોધોના કારણે પોતાના ઉલ્લાસને ટકાવી શકતા નથી, અને તેઓની આરાધનાનું જોમ મંદ પડી જાય છે. આજે આવા ખોટા અવરોધોથી આરાધનામાં મંદ પડી જનારા હજારો ઉદાહરણો નજરમાં આવે છે. ઈર્ષ્યાળુ પણ બીજાની સાધનાના ઉત્સાહને મંદ પાડવાના કારણે ઘોર કર્મો બાંધે છે. ઈર્ષ્યાળુ સ્વયં પોતાના અધ્યવસાયને કલુષિત કરે છે એટલુ જ નહીં, પરંતુ ગુણીજનો પ્રત્યેની ઈર્ષ્યાના કારણે પોતાના ગુણોનો પણ ઘાત કરે છે. ઈર્ષ્યા અગ્નિ છે, તેમાં પુણ્ય અને સદ્ગુણો બન્ને વસ્તુઓ બળી જાય છે. પૂર્વના પુણ્યનો જથ્થો કદાચ મોટો હોય તો તાત્કાલિક પુણ્યહીનતા નજરે ન દેખાય, પણ છેલ્લે તો

ઈર્ષ્યાળુનો પુણ્યનો મહેલ સંપૂર્ણ ભસ્મીભૂત થયા વગર રહેતો નથી, અને સદ્ગુણો પણ ખતમ થયા વગર રહેતા નથી. બહુ ઉચ્ચકોટિના વૈરાગ્યધારી સાધકો પણ ઈર્ષ્યાના કારણે અત્યંત હલકી કક્ષાએ ઉતરી જતા આજે પણ પ્રત્યક્ષ દેખાય છે.

દાનવીરની ઈર્ષ્યા કરનાર કૃપણ બને છે. સંપત્તિવાનની ઈર્ષ્યા કરનાર દરિદ્રી બને છે. રૂપવાનની ઈર્ષ્યા કરનાર કદ્રૂપો બને છે. શીલવાનની ઈર્ષ્યા કરનાર શીલભ્રષ્ટ બને છે. તપસ્વીની ઈર્ષ્યા કરનાર તપરહિત બને છે. ઉત્તમ ભાવવાળાની ઈર્ષ્યા કરનાર અધમ ભાવોને (અધ્યવસાયોને) પામે છે. સારા આરોગ્યવાળાની ઈર્ષ્યા કરનાર રોગી બને છે. સંયમીની ઈર્ષ્યા કરનાર અસંયમી બને છે. ટુંકમાં, ઈર્ષ્યાળુ જે જે ગુણોને ધારણ કરનારની કે જે જે પ્રકારના પુણ્યને ધારણ કરનારની ઈર્ષ્યા કરે છે, તે તે ગુણો અને પુણ્યનો પોતાના જીવનમાં નાશ કરીને પ્રતિપક્ષી દોષો તથા પાપોદયોને પ્રાપ્ત કરે છે. દેશના-રાષ્ટ્રના ભાગલાઓ ઈર્ષ્યાથી પડે છે. સમાજના ભાગલાઓ ઈર્ષ્યાથી પડે છે. સંસ્થાઓમાં ભાગલાઓ ઈર્ષ્યાથી પડે છે. સંઘના ભાગલા પણ ઈર્ષ્યાથી પડે છે.

વર્તમાન દેશની પરિસ્થિતિમાં જેમ આ દોષ કારણ છે તેમ વર્તમાન સંઘની પરિસ્થિતિના કારણોમાં પણ ઈર્ષ્યાની મુખ્યતા જણાય છે. સંઘમાં ભંગાણ પડતા પક્ષો પડે છે. દરેક પક્ષ સ્વપક્ષના દોષને છાવરે છે. બીજાના દોષને ઉઘાડા પાડે છે. ''રાગી ન પશ્યતિ દોષં, દ્વેષી ન પશ્યતિ ગુણં'' આ કહેવતને અનુસાર પોતાના પક્ષમાં દોષ દેખાતા નથી, બીજાના પક્ષમાં રહેલા ગુણ દેખાતા નથી. પોતાના પક્ષમાં ગુણો જ દેખાય છે, બીજાના પક્ષમાં દોષો જ દેખાય છે. દોષ જોવાની દ્રષ્ટિ પ્રબળ બને છે, અને આ રીતે બીજાના દોષદર્શનથી પોતાના ગુણો નબળા પડે છે, દોષો પ્રબળ બને છે. શું આ દોષદર્શનદ્રષ્ટિથી જ પક્ષોમાં વહેંચાયેલો આપણો સંઘ નબળો પડી ગયો હોય એમ લાગતું નથી ? વર્તમાનમાં સંયમના ધોરણો નીચે આવી જવાની પાછળ આ પણ એક મહત્ત્વનું કારણ નથી જણાતું ? શ્રુતસાગર

શ્રી હરિભદ્રસૂરિ મહારાજાની ભાવના આપણા સંઘને ઉન્નત અને આબાદ બનાવવાની છે, તેથી જ સર્વનાશને નોંતરતા માત્સર્યના દુઃખથી રહિત અને સર્વોન્નતિના પ્રબળ કારણભૂત ગુણાનુરાગ યુક્ત જગત બને એવી ભાવના પ્રગટ કરવા દ્વારા તેઓ આપણને આ સર્વનાશક દોષથી છુટવા અને સર્વોન્નતિકારક ગુણાનુરાગને પ્રગટ કરવા ઉપદેશ આપી રહ્યા છે. તેઓશ્રીએ ''માત્સર્યદોષ'' ને બદલે ''માત્સર્યદુઃખ'' શબ્દ વાપર્યો છે, જે બતાવે છે તે માત્સર્યદોષ સ્વયં તાત્કાલિક દુઃખરૂપે અનુભવાય છે. વિષયરાગાદિદોષો પરિણામ કટુ હોવા છતાં આપાતરમ્ય છે, જ્યારે માત્સર્યદોષ આપાતકટુ અને વિપાકકટુ બન્ને રીતે કટુ છે. અર્થાત્ ઈર્ષ્યાથી માણસ તાત્કાલિક દુઃખ અનુભવે છે અને પરિણામે પણ દુઃખ જ અનુભવે છે.

ઈર્ષ્યાની આટલી ભયંકરતા સમજ્યા પછી આપણે હવે ઈર્ષ્યાને દૂર કરવાના ઉપાયો વિચારીએ. હરિભદ્રસૂરિ મહારાજાએ ''ઈર્ષ્યાના વિરહથી લોક ગુણાનુરાગી બને'' એવી ભાવના ભાવી છે. એનો અર્થ એમ થાય છે કે માત્સર્યદોષ ગુણાનુરાગનો પ્રતિબંધક છે. જ્યાં સુધી માત્સર્યદોષ આત્મામાં હોય છે, ત્યાં સુધી સાચો ગુણાનુરાગ પ્રગટ થતો નથી. ગુણાનુરાગ વિના આત્મામાં જ સત્તારૂપે હોવા છતાં ગુણો પ્રગટ થતાં નથી. **ગુણાનુરાગ એ ગુણો પ્રગટ કરવાનો શ્રેષ્ઠ ઉપાય છે.** ગુણાનુમોદન એ ગુણબીજનું આત્મામાં વાવેતર છે, માટે જ પંચસૂત્રનું પ્રથમ સૂત્ર, જેમાં ચતુઃશરણ સ્વીકાર, દુષ્કૃતગર્હા સાથે સુકૃતાનુમોદના આવે છે, તે પાપપ્રતિઘાત અને ગુણબીજાધાન સૂત્ર તરીકે ઓળખાય છે.

માત્સર્યદોષવિરહથી જેમ ગુણાનુરાગ પ્રગટ થાય છે, તેમ ગુણાનુરાગથી માત્સર્યદોષવિરહ થાય છે. આ બન્ને વસ્તુ પરસ્પર કાર્ય-કારણરૂપે છે. તેથી માત્સર્યદોષ નિવારણનો સૌ પ્રથમ ઉપાય ગુણાનુરાગ છે. આપણે જ્યાં જ્યાં ગુણ દેખાય ત્યાં ત્યાં અનુરાગ પ્રગટ કરવાનો છે. ગુણના અને ગુણીજનના અનુરાગી બનવાનું છે, દોષનો તિરસ્કાર કરવાનો છે, પણ દોષિતનો તિરસ્કાર કે દ્વેષ કરવાનો નથી.

આમ ઈર્ષ્યાના નિવારણ માટે ગુણાનુરાગી બનવાનું છે. આખું જગત અનેકવિધ દોષોથી ભરેલું છે. નિકૃષ્ટ કોટિના જીવોથી માંડીને છેક ઉપર સુધીના છદ્મસ્થજીવો પર મોહરાજાએ પોતાની જાળ બિછાવી છે. નિકૃષ્ટજીવોને મોટા દોષોથી પીડ્યા છે, તો ઉપરની કક્ષાના જીવો ઉપર પણ કોઈને કોઈ પ્રકારની પક્કડ રાખી છે. કોઈને ક્રોધમાં, કોઈકને માનમાં, કોઈકને માયામાં, કોઈને લોભમાં, કોઈને રાગમાં, કોઈને દ્વેષમાં, કોઈને વાસનામાં, કોઈને કદાગ્રહમાં, કોઈને હાસ્યાદિ દોષોમાં, કોઈને જાત્યાદિ મદમાં, કોઈને કૃપણતામાં, કોઈને સત્તાના મદમાં, કોઈને ઈંદ્રિયસુખના રાગમાં, કોઈને સ્નેહરાગમાં તો કોઈને દ્રષ્ટિરાગમાં, આમ અનેક રીતે જગતના જીવોને મોહરાજાએ પકડમાં લીધા છે.

ચંડકોશિયાને ક્રોધમાં જકડ્યો, બાહુબલિને માનમાં જકડ્યા, કંડરીકને રસનેન્દ્રિયની આસક્તિમાં જકડ્યા, મમ્મણને કૃપણતામાં જકડ્યા, કામગજેન્દ્રને વાસનામાં જકડ્યા, ઈલાચિપુત્રને રાગમાં જકડ્યા, જમાલિને કદાગ્રહમાં જકડ્યા.

આમ મોહરાજાએ પોતાના ક્રોધ-માન-માયા-લોભ-રાગ-દ્વેષ-વાસના-કૃપણતા-વિકથા-પ્રમાદ-ઈંદ્રિયના સુખોની અભિલાષા વગેરે અનેક સુભટો દ્વારા સંસારી જીવોને જકડી રાખ્યા છે. આ પરિસ્થિતિમાં આખું જગત (વીતરાગ સિવાય) દોષોથી ભરપુર છે, તેની વચ્ચે કોઈક વિરલ પુણ્યાત્માને ગુણો પ્રગટ થયા છે, ત્યારે તેની અનુમોદના કર્યા વગર કે તેના ગુણ પ્રત્યે અનુરાગ પ્રગટ કર્યા વિના કેમ રહી શકીએ ?

**થોડલો પણ ગુણ પરતણો સાંભળી હર્ષ મન આણ રે,**
**દોષ લવ પણ નિજ દેખતાં, નિર્ગુણ નિજ આતમા જાણ રે...**
**ચેતન જ્ઞાન અજવાળીએ...**

ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજાની આ પંક્તિઓ આપણને ગુણાનુરાગ પ્રગટ કરવાનો ઉપદેશ આપે છે. દોષસુલભ અને ગુણદુર્લભ એવા જગતમાં ગુણના દર્શન જ્યારે અતિ દોહ્યલા છે. ત્યારે ગુણના દર્શન માત્રથી બહુમાન

ઉભુ કર્યા વિના કેમ રહેવાય ? ગુણો ક્ષયોપશમભાવથી પ્રગટ થાય છે, અર્થાત્ ગુણ એ આત્માનું સ્વરૂપ છે, દોષ ઔદયિકભાવથી પ્રગટ થાય છે, એ આત્માની વિકૃતાવસ્થા છે. એટલે ક્ષયોપશમભાવના ગુણના દર્શન એ આત્માના સ્વરૂપના અંશનું દર્શન છે. પરમાત્મા અનંતગુણથી ભરેલા છે. સર્વગુણસંપન્નતા એ જ પરમાત્મતત્વ છે, એટલે અલ્પગુણસંપન્નતા પણ પરમાત્મતત્વનો અંશ છે, તેથી ગુણનો દ્વેષ એ પરમાત્મતત્વના અંશ પરનો દ્વેષ છે, એટલે ખૂબ સૂક્ષ્મદૃષ્ટિથી આપણે વિચારીશું તો જણાશે કે ગુણ પરનો દ્વેષ, એ પરમાત્મતત્વ પરનો જ દ્વેષ છે.

ગુણીજન એ નિકટના કાળમાં પરમ ઉચ્ચસ્થાને પહોંચનાર છે, અર્થાત્ બે ચાર ભવમાં મુક્તિએ પહોંચનાર ભવ્ય જીવ છે, એના પરનો દ્વેષ એ પરંપરાએ મુક્તિ પરનો પણ આંશિક દ્વેષ થઈ જશે, માટે પણ ગુણદ્વેષસ્વરૂપ માત્સર્યને આત્મામાંથી દૂર કરવો જરૂરી છે.

ગુરુકૂળવાસ એ હોસ્પીટલ છે. ગુરુ ડોક્ટર છે. આપણે બધા દરદીઓ છીએ. દરદીઓમાં પરસ્પર સહાનુભૂતિ હોય કે ધિક્કારની લાગણી ? જે જે જીવોને જેટલા જેટલા અંશે ગુણો પ્રગટ થાય છે, તેટલા તેટલા અંશે આરોગ્ય પ્રગટ થયું છે. બીજા દરદીના આરોગ્યના સુધારાથી આપણને આનંદ થાય કે દ્વેષ ?

ગુણીજન પરના માત્સર્યભાવને છોડીને આપણે ગુણાનુરાગ પ્રગટ કરવો જ રહ્યો, તો જ આપણું શ્રેય છે, તો જ આપણું કલ્યાણ છે. ગુણાનુવાદ કુલકમાં તો ત્યાં સુધી જણાવેલ છે કે તીર્થંકર સુધીના બધા જ લાભો અર્થાત્ અરિહંતપદ, સિદ્ધપદ, આચાર્યપદ, ઉપાધ્યાય પદ, સાધુપદ, શ્રાવકપદ, સમ્યક્ત્વાદિ આત્મિક રિદ્ધિઓ તથા ઈંદ્ર-ચક્રવર્તીરાજાદિ બાહ્ય સંપત્તિઓ આ બધાનું કારણ ''ગુણાનુરાગ'' છે. આગળ જતા મહાપુરુષો આપણને ત્યાં સુધી ચેતવે છે કે **ગુણ પ્રાપ્તિ સહેલી છે, ગુણાનુરાગ કઠિન છે. ગુણાનુરાગ વગરની ગુણ સમૃદ્ધિ થોડાજ કાળમાં ક્ષીણ થઈ જાય છે.**

આ બધી વાતો વિચારીને ગુણીજન પ્રત્યેની ઈર્ષ્યાને છોડીને ગુણાનુરાગ પ્રગટ કરી આપણે મહાન ગુણસમૃદ્ધિને સંપાદન કરી શીઘ્ર અનંતગુણસ્વરૂપ સિદ્ધાવસ્થાને પ્રાપ્ત કરીએ એજ મંગળ કામના.

અંતે-

**ગુણથી ભરેલા ગુણીજન દેખી હૈયુ મારુ નૃત્ય કરે**
**તે સંતોના ચરણ કમલમાં મુજ જીવનનું અર્ઘ્ય રહે.**

* * * * *